



2023-10 -Sant Shri Bhabharam Maharaj Subodh (1261)




realpatidar.com
॥ सनातन सत्पंथ ॥
तीर्थधाम प्रेरणापीठ
સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ
સંત શ્રી ભાભારામ મહારાજ સુબોધ
શ્રી નિષ્કલંકી નારાયણ તીર્થધામ - પ્રેરણાપીઠ
realpatidar.com


બ્રહ્મ આશિષ
સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ


આશીર્વાદ
પ.પૂ. બ્રહ્મલીન આદ્ય જગદ્‌ગુરુ સત્પંથાચાર્ય
શ્રી કરસનદાસજી મહારાજ
પ.પૂ. જગદ્‌ગુરુ સત્પંથાચાર્ય
શ્રી જ્ઞાનેશ્વરદેવાચાર્યજી મહારાજ



realpatidar.com
।। सनातन सत्पंथ ।।
तीर्थधाम-प्रेरणापीठ
।। ॐ श्री निष्कलंकी नारायणाय प्रसन्नोस्तु ।।
हनिष्यति कलेरन्ते म्लेच्छो तुरंगवाहनः।
धर्मसंस्थापनार्थाय तस्मैकल्क्यात्मने नमः।।
पंचरत्न गीता-१०
ભાવાર્થ : ધર્મની થયેલી હાનિ પછી ધર્મની પુનઃ સ્થાપના માટે કલિયુગને અંતે અશ્વારૂઢ
થઈને જે અવતાર ધારણ કરશે તે શ્રી નિષ્કલંકી (કલ્કિ) ભગવાનને હું નમસ્કાર કરું છું.
realpatidar.com

॥ ૐ શ્રી નિષ્કલંકી નારાયણાય નમઃ ॥

સંત શ્રી ભાભારામ મહારાજ સુબોધ

● પ્રકાશક ●

સત્પંથ પ્રકાશન સમિતિ

શ્રી સત્પંથ તીર્થધામ - પ્રેરણાપીઠ

તા. દસક્રોઈ, જિ. અમદાવાદ-૩૮૨૪૨૫

પ્રકાશક : **શ્રી સત્‌પંથ પ્રકાશન સમિતિ**
શ્રી સત્‌પંથ તીર્થધામ - પ્રેરણાપીઠ.
તા. દસક્રોઈ, જી. અમદાવાદ - ૩૮૨૪૨૫

સંત શ્રી ભાભારામ મહારાજ સુબોધ

પ્રથમ આવૃત્તિ : સંવત ૨૦૫૨, જુલાઈ-૧૯૯૬, પ્રત : ૧૦૦૦

બીજી આવૃત્તિ : સંવત ૨૦૫૭, ડીસેમ્બર-૨૦૦૦, પ્રત : ૧૦૦૦

ત્રીજી આવૃત્તિ : સંવત - ૨૦૬૮, માર્ચ-૨૦૧૨, પ્રત : ૧૫૦૦

ચોથી આવૃત્તિ : સંવત - ૨૦૭૯, ઓક્ટોબર-૨૦૨૩, પ્રત : ૧૦૦૦

મૂલ્ય :

મુદ્રક : મયુર પ્રિન્ટીંગ પ્રેસ, બારેજા.

અનુક્રમણિકા

• નિવેદન •

સુજ્ઞ વાચકો ! આ પુસ્તક લખવાનું જે કાર્ય સત્પંથ પ્રકાશન સમિતિએ હાથમાં લીધું, તે કાર્ય અતિશય મહત્ત્વનું હોઈ તેમ જ અમારા લક્ષ્ય પ્રમાણે લખાણમાં નાની-મોટી ભૂલ રહી ગઈ હશે, તેથી સર્વે નીતિવાન સુજ્ઞ વાચકો લેખમાંની ભૂલો વિશે ક્ષમા યાચના કરશો તેમજ ભૂલો સુધારીને વાંચન કરી મહાપુન્ય કાર્યમાં સહભાગી થશો. વિશેષમાં આ પુસ્તકના પઠન પછી કોઈ સૂચનો હોય તે આપશો તો બીજી પ્રતમાં ભૂલ થવા નહિ પામે. આ પુસ્તક સત્પંથ ધર્મના પુસ્તકોના આધારે અને ધર્મની અંદર ચાલતી કથા-સાહિત્યોના આધારે તૈયાર કરેલ છે. તેમાં પણ હાથે લખેલ પ્રથમનાં સાહિત્યો અને પાછળથી છપાવેલ સાહિત્યોમાં વર્ણવેલા જે તે વિષયોને આધારિત છે. સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજના જીવન જ્યોતના ઉદ્દેશો, વિલક્ષણતાઓ, જ્ઞાન, ઉપદેશ, અથર્વવેદ ઉપાસના વગેરે વિષયોને ઉજાગર કરવા માટે અમારી બુદ્ધિની શક્તિનો અંત સુધી શુદ્ધ ચિત્તે સદા ઉપયોગ કર્યો છે. ધર્મપ્રેમી ભાઈ- બહેનો !! આ પુસ્તક "સંત શ્રી ભાભારામ મહારાજ સુબોધ" આપના જીવનને જરૂર હિતકારી થશે. આ લઘુ પુસ્તક બુદ્ધિના અંત સુધી વિચારોથી લખી તમારા સુધી અર્પણ કરીએ છીએ. જેથી તમને જરૂર જ્ઞાન-ધ્યાનથી ઈશ્વર સ્વરૂપનાં દર્શન થશે અને ભવસાગરની ભવાટવીમાંથી સંસાર રૂપી અંધકારમાંથી મુક્ત થઈને પ્રભુ પદને પામશો. એ જ શુભેચ્છા સાથે.

પ્રકાશક :

સત્પંથ પ્રકાશન સમિતિ,

શ્રી સત્પંથ તીર્થધામ-પ્રેરણાપીઠ.

તા. દસક્રોઈ, જી. કર્ણાવતી-૩૮૨૪૨૫

• • •

• પ્રસ્તાવના •

સ્વધર્મ હિત ઇચ્છુકો ! અસાર સંસારમાં અનેક પ્રકારનાં વિઘ્નો મનુષ્યને અનાયાસે આવી પડે છે. ત્યારે મનુષ્ય ઘણી મૂંઝવણમાં આવી જાય છે. માટે મનુષ્યએ સત્ય શોધવાથી પોતાના જીવનનો માર્ગ સરળ બને તે જરૂરી છે, પરંતુ તેમ ન થતાં ઊલટો તે અજ્ઞાન અંધકારને કારણે તે પ્રપંચ રચી મોહજાળમાં ફસાયેલો રહે છે. ઈશ્વર સાક્ષાત્ મળે તો પણ પ્રભુને માયાના પડદાથી ઓળખતો નથી અને પોતાના પ્રારબ્ધ પ્રમાણે સંસારની મોહજાળમાં વધારેને વધારે બંધાતો જાય છે. જેથી કરી કેટલીય વખત ચોર્યાશીની ચાર ખાણીમાં વારંવાર ભટક્યા કરે છે. પોતાની ભૂલો ભોગવ્યા છતાં મનુષ્ય પોતાનું અજ્ઞાનપણું છોડતો નથી. જેમ ખેડૂત પોતાની ખેતી વધારે છે તેમ તે અનેક તીર્થોમાં યાત્રાઓ કરતો ફરે છે. એક દેવનો આદર કરે છે અને બીજા દેવનો અનાદર કરે છે.

આજકાલ તો જેમની પાસે વિશેષ ઠાઠ વૈભવ હોય એવા ગુરુ પર શ્રદ્ધા રાખી તેમની પાસેથી ગુરુ દીક્ષા લે છે અને સાચા સાધુ-સંતોનો તો ભાવ પણ પૂછતો નથી. વળી અનેક ધર્મોમાં વિશેષ પ્રેમ રાખે છે, તેથી તેનાથી એક નિષ્ઠાથી ભક્તિ કરી સ્વસ્થ રહી શકાતું નથી અને અનેક તીર્થ યાત્રાઓમાં રખડતો ફરે છે. પોતાના હૃદય મંદિરમાં પરમાત્મા બિરાજમાન હોવા છતાં તેમને કદી ધ્યાનથી જોતો પણ નથી. ધર્મ તે ધર્મ જ છે. તેમાં કદી ખોટું હોય જ નહિ.

આ કલિયુગમાં ધર્મના નામે અનેક પંથો નીકળી પડ્યા છે. મતવાદીઓ પોતાની મતિ ચલાવવા વેદ રહિત અજ્ઞાનીઓને અવળે માર્ગે લઈ જાય છે. ધર્મ તો માત્ર સનાતન એક જ છે. તેના રચનારા બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને આદ્યશક્તિ એ ચતુર્મૂર્તિ છે. વેદ ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ છે. જેમાં ભગવાનના નવ અવતારની લીલા પછી ઉપાસના માટે દસમો અવતાર શ્રી નિષ્કલંકી નારાયણ છે અને તે સાથે અથર્વવેદના મંત્રોથી કર્મકાંડમાં દેવ પૂજા, વારિયજ્ઞ દ્વારા થાય છે. જ્ઞાનમાર્ગમાં ઈશ્વર દર્શન અને ઈશ્વર દર્શનથી વેદની સંજ્ઞા મહાવાક્ય **'અયમાત્મા બ્રહ્મ'** અથર્વવેદ શક્તિ વડે પ્રેરાઈને જ્ઞાનેંદ્રિયો પોતાના વિષયને ગ્રહણ કરે છે, તે પ્રજ્ઞાન કહેવાય છે. એ પ્રજ્ઞાન બ્રહ્મ રૂપ ચિંતન છે.

પરિપૂર્ણ પરમાત્મા આ શરીરમાં રહેલો છે. જે બુદ્ધિમાં પ્રતિબિંબિત બનીને સ્ફૂરે છે. તેથી પૂર્ણતાની તરફ વળાય, એકત્વ અનુભવાય તો જ સાચા સુખનો આનંદ આત્મામાં

થાય. તે સર્વે સત્યોના ચિંતન પછી ચિત્ત શુદ્ધિ થાય છે. તેના માટે પોતાના પ્રયાસથી સદ્‌ગુરુ અને પરમાત્માની કૃપાથી જીવનનું તત્ત્વ સમજાય છે. એ આધ્યાત્મિક વિધાન સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સ્વમુખે સંત શ્રી ભાભારામ મહારાજ, સંત શ્રી નાયાજી મહારાજ, સંત સાધ્વી શ્રી કીકીબાઈ, સંત શ્રી ચંદનવીર મહારાજ, સંત શ્રી શાણાજી મહારાજ વગેરે સંતો પ્રત્યે અતિશય કૃપા લાવી વિવિધ પ્રકારના આત્મતત્ત્વો ઓળખવા માટે અનેક ઋષિ-મુનિઓ સંતજનોના ઉદ્‌ગારો આપેલ છે. સાથે સાથે સંત શ્રી ભાભારામ મહારાજ જીવન ચરિત્ર, સંત શ્રી નાયાજી મહારાજ જીવન વૃત્તાંત ઉપરાંત પોતાના જીવનની યાત્રામાં કેટલાય ભક્તોનાં દારિદ્ર દૂર કરેલ છે.

હે સજ્જનો ! પરમાત્માની લીલા નિહાળતાં તેનો કોઈ પાર પામી શકાતો નથી, તેમ તે અજન્મા અલૌકિક પરમાત્મા ક્યારેય જન્મ-મરણ ધારણ કરતા નથી. પણ તેમનાં માતા-પિતા, જન્મ સ્થળ વગેરેના સંકલ્પો શાસ્ત્રો પુરાણોમાં બતાવ્યા છે. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને અલૌકિક વાણીનો સંદેશો જ્યારે થયેલ છે, તેમાં પણ વર્ણવેલ છે કે "ત્રિવેણી તીર્થમાં ખેલજો." એ જ સંદેશો સંત શ્રી ભાભારામ મહારાજને તેમજ બધા જ સેવકોને પણ એ જ સંદેશો સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે આપ્યો છે :

"સદ્‌ગુરુ કહે રે તીર્થ ત્રિવેણીમાં નાહીયે,
અને જપીએ અજપા જાપ રે"
જો પાંચે ઈંદ્રિય પવિત્ર કીજીએ તો,
જાય જન્મો જન્મનાં પાપ રે." (અમૃતવાણી)

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ભારત ભૂમિમાં અનેકાનેક સ્થળોમાં ધર્મ પ્રચાર કરતા કરતા શ્રાવણ વદી અમાસના દિવસે સાબરમતી નદીના તીરે આવેલ ગીરમઠા ગામમાં આવ્યા. ત્યારે નદીનો લાંબો પ્રવાહ અને અનેક પહાડો-જંગલમાંથી આવતી હોવાથી બારે માસ ભરચક વહેતી. તેમાંથી પોતાની ઈશ્વરી શક્તિથી રથને પાર કરી જંગલ પસાર કરી ગીરમઠા ગામે આવ્યા હતા. આ પ્રદેશમાં કેટલાંય ચોમાસાં વીતી ગયાં છતાંય મેઘરાજા વરસ્યા નહોતા. તે વખતે તેમને વરસાદ વરસાવ્યો. પટેલના દીકરાને જીવતદાન આપ્યું. ગીરમઠા ગામમાંથી પટેલો, વણિકો, રજપૂતો રથગાડી સાથે મહાજંગલમાં પ્રવેશ કરે છે. આ જંગલમાં રહેતા ભયંકર સિંહથી બધા ભયભીત થાય છે. પણ કલિયુગના ચોથા સ્થળની સ્થાપના માટે સદ્‌ગુરુજી બાણ છોડી કેશર સિંહને

આપેલું વરદાન પૂરું કરી "કુંવારિકા" સ્થળ દર્શાવ્યું છે તે જે પવિત્ર સ્થળની સ્થાપના માટે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ અને ગીરમઠાનો જનસમૂહ ત્યાં આવી પહોંચ્યા હતા.

સતયુગમાં મણિકર્ણિકામાં નરસિંહ ભગવાને ચરણ પખાળી ગંગા જાહેર કરી, ત્રેતાયુગમાં શ્રી રામચંદ્ર ભગવાને સરયુ નદીમાં ચરણ પખાળી ગંગા જાહેર કરી, દ્વાપરયુગમાં શ્રીકૃષ્ણ ભગવાને યમુનામાં ચરણ પખાળી ગંગા જાહેર કરી અને આજ ચોથા કલિયુગમાં સાબરમતી નદીને યુગધર્મને અનુસરી સદ્‌ગુરુ શ્રી મહારાજે વિષ્ણુ કળાએ ગંગા જાહેર કરેલ છે. કુંવારિકા ધરતી ઈશ્વરી શક્તિથી રક્ષાયેલી છે. સાબરમતીને જાહેર ગંગા પ્રગટ કરી જેનું જળ પીધે હૃદય શુદ્ધિ થાય છે અને ચાલતી નાડી (નસ) પર કૂવો ખોદી તેનાં આજે પણ જાહેર દર્શન થાય છે. જે **'ગંગવા કૂવા'** તરીકે ઓળખાય છે.

ઉપરાંત સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ જયારે ફરતા ફરતા ગુજરાતમાં આવ્યા ત્યારે ચાર સેવકના મેળાપ થયા છે. તેમને પણ ધર્મ પ્રચારનો અધિકાર આપેલ. કાનમ પ્રાંતમાં કુકસ ગામે સંત શ્રી નાયાજી મહારાજનું સ્મૃતિ મંદિર અખંડ જયોતિ સાથે છે અને તેઓ ત્યાં પૂજાય છે. ખેડા જિલ્લામાં દેવા ગામે સંત શ્રી ભાભારામ મહારાજના સ્મૃતિ મંદિરે અખંડ જયોતિ પૂજાય છે. ઋણ ગામે સતી સાધ્વી કીકીબાઈના સ્મૃતિ મંદિરે અખંડ જયોત પૂજાય છે. આ કુંવારિકા ધામના પ્રથમ ગાદીપતિ સંત શ્રી શાણાજી મહારાજ આચાર્યશ્રી બન્યા ત્યારથી અખંડ જયોત લગભગ ૫૦૦ વરસ ઉપરાંતથી પૂજાય છે. આજે આ સત્‌પંથ સંપ્રદાયની ધર્મ ગાદીના નેજા હેઠળ, ચારે ગાદીના દીપ અખંડ જળહળે છે.

આ ગ્રંથમાં વર્ણવેલ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે અપાર વિલક્ષણતાઓ દર્શાવેલ તેવી જ વિલક્ષણતાઓ આજે પણ ચાલુ છે. પોતાને કામમાં સફળતા મળશે કે કેમ ? પોતાનો સંકલ્પ પૂરો થશે કે કેમ ? તે માટે અત્રે પગમાં લોખંડની બેડીઓ પહેરાવવામાં આવે છે. જો બેડી ખોલી જાય તો કામમાં સફળતા મળશે. સંકલ્પ પૂરો થશે તેમ માનવામાં આવે છે. હજારો લાખો ભાવિક ભક્તજનો રડતા આવે છે ને હસતા જાય છે.

"મૂકં કરોતિ વાચાલમ્, પંગુ લંઘયંતે ગિરિમ્ ।

યત્ત કૃપા તમહં વન્દે, પરમાનંદમ્ માધવમ્" ॥

એવી રીતે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની અસીમ કૃપાથી સત્‌પંથ ધર્મનો જાહેર પ્રકાશનો આનંદ મન બુદ્ધિની સીમાથી પર ફાલ્યો ફૂલ્યો છે.

હે ધર્મ પ્રેમી સજ્જનો !! જ્યારે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ગીરમઠા ગામથી આવી કુંવારિકાના સ્થળની સ્થાપના કરી ત્યારે આ સ્થળે મહાજંગલ હતું. ત્યાં ઝાડી કપાવી તીર્થમંદિર બનાવી અથર્વવેદના આધારે સત્‌પંથ ધર્મની જ્યોત પ્રગટાવી શુભ સ્થળની સ્થાપના કરી આચાર્ય શ્રી શાણાજી મહારાજને આ સત્‌પંથ પ્રેરણાપીઠના પ્રથમ ગાદીપતિ તરીકે નિમણૂંક કરેલ. અનાદિ કાળથી ચાલતા આવેલા સત્‌પંથ ધર્મના આધારે ધ્રુવ, પ્રહલાદ, હરિશ્ચંદ્ર, પાંડવો અને કલિયુગમાં થયેલ અવતાર રામદેવજી, સંત ઉગમશી, સેલરશી, લાખા લોયણ, નીરલબાઈ, કુંભારાણા, સતી રૂપાંદે-માલદે, ગંગાસતી, જેસલ-તોરલ અનેકાનેક સંતો મહાધર્મી થયા છે. અત્યારે પણ આ પ્રેરણાપીઠમાં મહાધર્મની જાગતી જ્યોતના જ્ઞાનદીપથી પ્રેરણા મળે છે. આ મહાધર્મ સનાતન સત્‌પંથ જગતની રચના સાથે આદ્ય સદ્‌ગુરુ શ્રી બ્રહ્માજીએ મનુષ્યની ઉન્નતિ માટે આપેલ છે. જુઓ ભગવત્ જ્ઞાનવર ગીતા અધ્યાય-૩, શ્લોક ૯-૧૦-૧૧-૧૨ વગેરેમાં.

હે સજ્જનો !! સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ અલૌકિક મહાન શક્તિશાળી હતા. તે આજે પણ તેમનું હોવાપણું ભાવિકજનો અનુભવે છે. આજના સમયમાં ઘણા અનુયાયીની આ ગુરુ શિષ્ય સંવાદ રૂપી ગ્રંથ "સંત શ્રી ભાભારામ મહારાજ સુબોધ"ની માગ હતી, જેથી સદ્‌ગુરુ કૃપાએ જે પ્રભુએ પ્રેરણા આપી તે પ્રમાણે આ ગ્રંથ લખી પ્રભુના ચરણમાં સમર્પણ કરીએ છીએ. ભૂલચૂક સુધારી વાચજો. વાચક બંધુઓ પ્રેમ ભાવ અને જ્ઞાન દૃષ્ટિથી વાંચશો એવી અમને આશા છે. પ્રભુ આપને પોતાના સ્વરૂપનાં દર્શન આપશે અને અજ્ઞાન જડ નાસવાન સંસારના જન્મમરણના ફેરાથી છોડાવશે એ જ શુભેચ્છા સાથે આ ગ્રંથનો પ્રારંભ કર્યો છે !!

: પ્રકાશક :

સત્‌પંથ પ્રકાશન સમિતિ,

શ્રી સત્‌પંથ પ્રેરણાપીઠ પીરાણા,

તા. દસક્રોઈ, જિ. કર્ણાવતી-૩૮૨૪૨૫

❖ ❖ ❖

॥ ગુરુ વંદના ॥

ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણું, ગુરુર્દેવો મહેશ્વર... ।
ગુરુર્સાક્ષાત્ પરબ્રહ્મ, તસ્મૈ શ્રી ગુરુર્વે નમઃ ॥

ધ્યાન મૂલમ ગુરુમૂર્તિ, પૂજા મૂલમ્ ગુરુપદમ્ ।
મંત્રમ્ મૂલમ્ ગુરુવાક્ય, મોક્ષ મૂલમ્ ગુરુકૃપાય ॥

પદવંદન કરું ગુરુદેવનું, જે સકળ ગુણ ચતુર સુજાણ,
પૂરણ બ્રહ્મ દૃષ્ટે કરી, અચળ પુરુષ પુરાણ.
પૂજન કરું ગુરુપદનું, જેથી ચૌદ લોક પૂજાય,
શેષ બ્રહ્મા શક્તિ મળી, ગુણ ગુરુજીના ગાય.
કૃપા હોય જો ગુરુદેવની, તો ટળે ચોર્યાશીના તાપ,
જન્મ મરણની આપદા, છુટે આપો આપ.

● ● ●

॥ ગીતા સંદેશ ॥

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥
પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય, સમ્ભવામિ યુગે યુગે ॥

● ● ●

॥ નારાયણ વંદના ॥

નારાયણં નિરાકારં, નરવીરં નરોત્તમ્ ।
નૃસિહં નાગનાથં ચ, તં વંદે નરકાંતમ્ ॥

• • •

॥ શ્રી નારાયણ સ્તવન ॥

ૐ તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું,
સિદ્ધ બુદ્ધ તું, સ્કંધ વિનાયક સવિતા પાવક તું,
બ્રહ્મ મજદ્ તું, યહ્વ શક્તિ તું, પરમ પિતા પ્રભુ તું,
રુદ્ર વિષ્ણુ તું, રામકૃષ્ણ તું, પરમ તત્ત્વ તું,
વાસુદેવ તું, વિશ્વરૂપ તું, ચિદાનંદ હરિ તું,
અદ્વિતીય તું, અકાલ નિર્ભય, આત્મલિંગ શિવ તું,
ૐ... તત્સત્ શ્રી નારાયણ તું, પુરુષોત્તમ ગુરુ તું.

• • •

॥ શ્રી વિષ્ણુ સ્તુતિ ॥

शान्ताकारं भुजंगशयनं, पद्मनाभं सुरेशम् ।
विश्वाधारं गगनसदश्यं, मेघवर्णम् शुभांगम् ।
लक्ष्मीकान्तं कमलनयनं, योगिभिर्ध्यानगम्यम् ।
वंदे विष्णु भवभयहरं, सर्व लोकैक नाथम् ।

• • •

• સંત શ્રી ભાભારામ મહારાજ જીવન ચરિત્ર •

સત્‌પંથ ધર્મના પ્રવર્તક સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના સદ્‌ભક્તો અનુસાર ત્રીજા ભક્ત સંત શ્રી ભાભારામ મહારાજ છે. તેમની જીવનલીલા વિષે થોડું અવલોકન (વર્ણન) કરીએ.

ગુજરાતના ચરોતર પરગણાના એટલે કે હાલના ખેડા જીલ્લામાંના 'વસો' ગામે, પાટીદાર જ્ઞાતિમાં કેશવદાસ નામના કુળવાન ગૃહસ્થ રહેતા હતા. તેઓ ધર્મનિષ્ઠ રાજપુરુષ હતા. કાશી ક્ષેત્રથી નિયમિત રીતે સાંઢણી દ્વારા ગંગાજળ લાવી તેઓ સ્નાન કરતા હતા. તેમના આંગણામાં સદૈવ સદાવ્રત અને આતિથ્ય સત્કાર થતાં હતાં. કેશવદાસ તાલુકા (પરગાણા) પ્રમુખ હોવાથી જમીન મહેસૂલ વસૂલ કરી અમદાવાદના વિધર્મી રાજાના દરબારમાં જતા હોવાથી વિધર્મી રાજાના દરબારમાં તેમનું ઘણું જ માન અને પ્રતિષ્ઠા હતી.

કેશવદાસને વિમળાદેવી નામનાં પતિવ્રતા શીલવાન ધર્મપત્ની હતાં. તે બંને જણાંએ અનેક તીર્થ યાત્રાઓ પણ કરી હતી. કેટલાક દિવસ કાશી ક્ષેત્રમાં રહી ભાવથી સાધુ-સંતોની સેવા પણ કરી હતી. કેશવદાસ અને વિમળાદેવી હંસ-હંસણી જેવી જુગલજોડી હતી. જીવીબેન નામથી તેમને એક કન્યા રત્ન હતું. ત્યારપછી તેમને કોઈ સંતાન ન થયું. ઘરમાં ઘણા નોકર ચાકર હતા, પરંતુ અતિથિ-સંત-અભ્યાગતોનું તેઓ પોતે જાતે જ આતિથ્ય સત્કાર કરતાં હતાં.

વિમળાદેવી એક દિવસે બહુ બીમાર પડયાં અને અનંતની ચિરનિદ્રામાં પોઢી

ગયાં. જોગાનુજોગ તે જ સમયે અચાનક એક મહાપુરુષનું આગમન થયું. તેઓએ બહારથી જ જોરથી 'ગંગામૈયા' એવી બૂમ પાડી, ઘરમાં તે વખતે સૌ આકુળ વ્યાકુળ થઈ ગયાં. સર્વે શોકસાગરમાં ડૂબી ગયાં હતાં. એક સેવકે રડતાં રડતાં મહાપુરુષને કહ્યું: 'મહારાજ, જે ગંગામૈયાને આપ બોલાવી રહ્યા છો તે હવે ક્યારેય ઊઠી શકશે નહીં. તેઓ તો મૃત્યુ શય્યા પર છે.

સેવકના શબ્દ સાંભળી મહાપુરુષ ઘરની અંદર આવ્યા અને વિમળાદેવી પાસે જઈ પોતાના કમંડલનું જળ વિમળાદેવી પર છાંટી બોલ્યા: 'ગંગામૈયા, અહીંથી ક્યાંય જવું નથી. અહીંથી જતી રહીશ તો અતિથિ-અભ્યાગતનો સત્કાર કોણ કરશે ? માતા ! સંતોનો સત્કાર કરવા તને અહીં જ રહેવું પડશે. ઊઠ, ઊભી થા !' એમ કહી તેઓએ હજી વધુ જોર જોરથી તેણીના મુખ પર જળ છાંટયું. ત્યાં આશ્ચર્ય થયું, વિમળાદેવી ઊંઘમાંથી ઝબકીને જાગીને ઊઠીને બેસી ગયાં હોય તે રીતે તેમને આંખો ખોલી અને સંતના ચરણે નમી પડયાં. સંત પુરુષે તેણીના શિર પર વરદ્ હસ્ત મૂક્યો અને **'मैया तुम्हारा जय जयकार हो !'** એવો શુભાશીર્વાદ આપી તરત બહાર નીકળી ગયા. કેશવદાસ ત્વરાથી તેમની પાછળ દોડયા પરંતુ સંત પુરુષ ક્યાં અદશ્ય થઈ ગયા તે સમજ જ ન પડી. કેશવદાસ નારાયણ મહાપ્રભુજીની કૃપા સમજી ભાવવિભોર બની ગયા. વિમળાદેવીના પુનર્જીવનથી આનંદિત થઈ ગયા.

કેશવદાસ ધર્મ પરાયણ હોવાથી તેમણે સાધુ-સંતો તેમજ અભ્યાગતોની સેવા તેમજ સદાવ્રત ચાલુ જ રાખ્યાં હતાં. એક સમય કુંભ મેળાના સમયે હરિદ્વાર જઈ ત્યાંના સંત પુરુષોની ઘણી સેવા કરી. તેમાંથી એક મહાપુરુષે તેમની સેવા જોઈ આશીર્વાદ આપ્યો હતો.

'બેટા ! કેશવદાસ તારા ઘેર એક યોગી પુરુષ અવતાર ધારણ કરશે અને તારું કુળ ઉજ્જવલ કરશે. તે મહાન પ્રભાવી મહાત્મા, લોક કલ્યાણ માટે અવનિ તલ પર અવતરશે ! તારું જીવન પણ ધન્ય બનશે ! તારું કલ્યાણ થાવ !' એવા આશીર્વાદ આપ્યા. તે સાંભળી કેશવદાસનું હૃદય ભરાઈ આવ્યું. તેઓએ મહાત્મા પુરુષના ચરણે દંડવત્ પ્રણામ કરી ચરણ રજ શિર પર ચઢાવી આશીર્વાદ લીધા અને ત્યાં થોડા દિવસ હરિદ્વાર રોકાણ કરી પછી વસો આવવા પ્રયાણ કર્યું.

થોડા સમય પછી વિમળાદેવી ગર્ભવતી બન્યાં. તેનું તમામ ચિત્ત ઈશ્વર ભજન પ્રત્યે અને સંત મહાત્માઓની સેવામાં જ લાગી રહેલું હતું. સમય આવ્યે મહાપુરુષના વચન સત્ય થયાં. વિ.સ. ૧૫૦૫ (ઈ.સ. ૧૪૪૯)માં માતા વિમળાદેવીના કૂખે એક સુંદર તેજસ્વી બાળકનો જન્મ થયો. અંશાવતારી યોગી પુરુષે આ પૃથ્વી પર અવતાર ધારણ કર્યો. આકાશમાં મંગળ વાદ્યો વાગ્યાં, ચંદન અને પુષ્પની વૃષ્ટિ થઈ. સર્વત્ર આનંદ આનંદ પ્રસરી ગયો. કેશવદાસના આંગણે શુભ ચોઘડીયાં વાગવા લાગ્યાં. દીપોત્સવી જેવો આનંદોત્સવ ઉજવાઈ રહ્યો. કેશવદાસે યાચકોને સંતુષ્ટ કર્યા, ચારણ, ભાટ, બ્રાહ્મણ વગેરેને અપાર દક્ષિણા આપી. કુળપુરોહિતને બોલાવી નામાભિધાન થયું. 'ભાભારામ' આ પવિત્ર નામ બાળકનું રાખવામાં આવ્યું.

હર્ષથી ભરેલા અંતઃકરણથી માતાપિતા બાળ ભાભારામનું લાલનપાલન કરવા લાગ્યાં. બાળલીલાએ ભાભારામ બધાને આનંદ આપતા. બાળપણથી જ દેવધર્મ અને મંદિર પ્રત્યેનું ભાભારામનું વર્તન જોઈ કેશવદાસજી સમજી ગયા કે મહાપુરુષના કૃપાશીર્વાદ મુજબ આપણો આ બાળક અંશાવતારી યોગી જ હોવો જોઈએ. પાંચ વર્ષની ઉંમરે ભાભારામને વિદ્યાભ્યાસ માટે નિશાળમાં મોકલવામાં આવ્યો. પૂર્વભવે સુસંસ્કારી રહેલા તે પ્રગટ આત્માને જાગૃત કરવાની જરૂર જ રહી નહીં. લૌકિક દૃષ્ટિએ શાળાનું શિક્ષણ પૂર્ણ કરી તેઓએ તમામ વિદ્યામાં પ્રાવિણ્ય પ્રાપ્ત કર્યું.

તરુણ અવસ્થામાં પદાર્પણ થતાંની સાથે જ ભાભારામનો પેટલાદના પેથાભાઈ પટેલની સુંદર કન્યા રોહિણી સાથે વિવાહ થયો. સ્વર્ગ સમાન સુંદર સંસારમાં આનંદ માણતાં તે પ્રેમી યુગલને એક રૂપાળા પુત્ર રત્નની પ્રાપ્તિ થઈ. રોહિણી માતા બની. પુત્રનું નામ શંકર એવું રાખવામાં આવ્યું.

આખું કુટુંબ આનંદ વિભોરમાં સમય પસાર કરતું હતું ત્યારે એકાએક અઘટિત ઘટના બની. કેશવદાસ બીમાર થયા અને થોડા દિવસોમાં જ તેમને સ્વર્ગમાંથી તેડું આવ્યું. ભાભારામ પિતાની પાસે જ બેઠા હતા, તેમનું મુખ જોઈ પિતાને પરમ સંતોષ થયો. એકોતેર પેઢીઓનો ઉદ્ધાર કરનારા કુલદીપક અંશાવતારી પુત્રનાં દર્શન થતાંની સાથે જ કેશવદાસના હૃદયની વ્યથા દૂર થઈ ગઈ અને હર્ષ ભર્યા અંતઃકરણે તેઓ કાળપુરુષને

આધીન થયા. સ્વામીના સ્વર્ગારોહણ પછી સતી વિમળાદેવીએ પણ થોડા દિવસમાં પતિની પાછળ સ્વર્ગ તરફ પ્રયાણ કર્યુ.

પતિના નિધન પછી સતી આ લોકમાં રહી શકે નહીં, એમ પોતાના પતિ પછી થોડા દિવસમાં જ તેને પણ જગતમાંથી પ્રયાણ કર્યુ. સતી વિમળાદેવી આ પ્રકારે પોતાના સ્વામી સાથે મહાપ્રયાણ કર્યુ. સંત ભાભારામને આ દુ:ખમય વિયોગ અસહ્ય થયો. સર્વ પ્રકારના સાંસારીક ભોગોથી તેઓ વિરક્ત બન્યા. સંસારમાંથી તેમનું મન ઊઠી ગયું. હવે તો તેઓ આ અસાર સંસારથી દૂર જવાની ઈચ્છા કરતા હતા. તેઓએ પોતાની અઢળક સંપત્તિનો સન્માર્ગે સદ્દુપયોગ શરૂ કર્યો. સમાજની સેવા માટે તેઓએ અનેક તળાવ, કૂવાઓ બંધાવ્યાં. ગરીબો માટે મફત ઔષધોપચાર કેન્દ્રો શરૂ કર્યાં. તેઓ પોતે સંસ્કારી હોવાથી સમાજનાં નાનામાં નાનાં કુમળાં બાળકોને સારા પ્રકારના સંસ્કાર મળે તે માટે પાઠશાળાઓ શરૂ કરી. તેના આચાર્યની જવાબદારી પોતે વહન કરી. અનેકાનેક તીર્થક્ષેત્રોમાં ધર્મશાળાઓ બંધાવી યાત્રિકોની સેવા કરી. એવાં કેટલાંય લોકોપયોગી કાર્યો કરી પોતાની સંપત્તિનો તેઓએ સદ્દુપયોગ શરૂ કર્યો. તેની સાથે જ પોતાના જીવનનો પણ સદ્દુપયોગ કરવા લાગ્યા. કાશી, હરિદ્વાર, બદ્રીનાથ, કેદારનાથ વગેરે અનેક ક્ષેત્રોમાં જઈ અન્નદાન, વસ્ત્રદાન, દ્રવ્યદાન કરી સત્પુરુષોની સેવા કરતાં કરતાં તેમના સત્સંગમાં પરોવાઈ જવા લાગ્યા.

તેનું મન વૈરાગ્યના વિચારથી અસ્વસ્થ બની ગયું. જગતનો અસત્ વ્યવહાર જોઈ અને સ્વાર્થી વ્યવહાર જાણી વિરક્ત સંત ભાભારામનું મન અતિશય ઉદાસ બની ગયું. તેનો યોગભ્રષ્ટ યોગીનો જ અવતાર હોવાથી અધૂરો રહેલો યોગ પૂરો કરવા માટે ઘણો સંઘર્ષ શરૂ કર્યો. માર્ગમાં જે અમુક સાંસારિક બંધનો હતાં તે દૂર કરવા પ્રયત્ન કરવા લાગ્યા તેમજ દૈવયોગે તે એની મેળે જ દૂર થવા લાગ્યાં. સ્વર્ગ ભૂમિ સમાન કાશીપુરીથી ઘેર એટલે કે વસોમાં આવતા હતા ત્યારે તેમનું મન ભગવાન સદાશિવના વિયોગથી તડપતું હતું.

જેના હૃદયમાં કાશી વસેલું હોય છે, તેને વસો કેમ ગમે. તેનું મન ઘરબાર કે સંસારમાં ચોટે નહીં. પોતાના પતિની એવી દશા જોઈ રોહિણી જાણી ગઈ કે હવે સમય થવા આવ્યો છે તેથી પોતાના સ્વામીને આ મૃગજળ જેવા સંસારમાંથી મુક્ત કરવા.

અર્ધાંગના રોહિણી સંત ભાભારામ પાસે આવી અને વિનયથી બોલ્યાં: 'સ્વામીનાથ ! તમે મારાથી હમણાં હમણાં મોઢું કેમ વિમુખ કર્યું છે ? મારો કોઈ અપરાધ છે ? મારાથી દૂર રહેવાનો પ્રયત્ન કેમ કરો છો ?'

સંત ભાભારામ બોલ્યાઃ 'રોહિણી ! તું સમજે છે તેવું કંઈ નથી પણ મારું મન હવે આ અસાર સંસારમાં રહેવા માગતું નથી. મારા હૃદયની આ વ્યથા કેવી રીતે દર્શાવવી એ જ મને સમજાતું નથી !'

પોતાના સ્વામીની આ દશા જાણી રોહિણી તેમના પગ પકડીને બોલ્યાં: 'પ્રાણનાથ ! તમે સદૈવ મારા જ થઈને રહો. મને કેવળ તમારી જ અભિલાષા છે. આ રોહિણીને આપના ચરણમાં સ્થાન આપો. સ્વામી ! હવે હું અહીંથી આપની વિદાય લઈ રહી છું, મને આજ્ઞા આપો. એક સમયની આ પદ્મરેખા અપ્સરા આ જન્મે રોહિણી રૂપે આવી અને પૂર્વ સંકેત અનુસાર આપને આવી મળી હતી. હે પ્રાણેશ્વર ! મારો સમય પૂરો થયો છે. તેથી આ લોકમાં મારાથી હવે રહેવાય તેમ નથી, તેથી હસ્તામુખે મને અહીંથી જવા માટે વિદાય આપો. જતાં જતાં મારી એક વિનંતી સાંભળો. સ્વામી ! હું જાણું છું કે આપ યોગી છો અને યોગી જ રહેશો. પરભવના સમયમાં આ યોગ સાધનામાં ચોવીસ વર્ષ વ્યર્થ ગયાં. તમારી તપશ્ચર્યા વ્યર્થ ગઈ હતી. નાથ ! આ પરાભૂત થયેલી બાજી જીતવા માટે હવે ક્યારે કટિબદ્ધ બનશો ? આ સમયે જ જાગૃત થઈ યોગી બની આ જગતને પાવન કરો.' એવું બોલી પોતાના પ્રાણપતિની ગોદમાં મસ્તક મૂકી જાણે સ્વર્ગીય સ્વપ્નમાં લીન બની ગઈ હોય એવા અલૌકિક આનંદ સાગરમાં ડૂબકી લેતી હોય એવા ભાવથી તેણી ચિરવિશ્રાંતિમાં પોઢી ગઈ. મધુર મંદ હાસ્ય કરતી કોઈ એક હંસિણી ધીમેથી પાંખો ફડફડાવી ઊડી જાય તે પ્રમાણે રોહિણીદેવીનો પ્રાણ જગત રૂપી માનસરોવરમાંથી ઊડી ગયો.

રોહિણીએ અત્યંત આનંદથી પોતાના સ્વામીની ગોદમાં ચિરવિશ્રાંતિ મેળવી. ધનુષ્યમાંથી બાણ છુટે તે પ્રમાણે તે પ્રેમ દિવાનીએ અંતિમ પ્રયાણ કર્યું. સંત ભાભારામના હૃદયને મોટો અસહ્ય આઘાત લાગ્યો. પ્રાણ પ્યારી અર્ધાંગનાનો વિયોગ તેને અસહ્ય થયો. 'રોહિણી ! તારી અકળ ગતિ આ ભાભારામ ક્યારેય ઓળખી શક્યા નહીં. સ્વર્ગલોકમાંથી તું આવી, માયા લગાડી ક્ષણમાં નીકળી ગઈ. એવો અસહ્ય વિયોગ આ ભાભારામ સહન

કરી શકશે નહીં. આ પ્રકારે શોકમગ્ન સંત ભાભારામે રોહિણીના પાર્થિવ દેહના અંતિમ સંસ્કાર પૂરા કર્યા.

હવે તેમના હૃદયને શાંતિ ક્યાંથી મળે ! તીર્થયાત્રામાં જવા માટે જ્યારે તેઓ વિચાર કરવા લાગ્યા ત્યારે તેમનો પુત્ર શંકરદાસ સાશ્રુનયને સામે આવ્યો. ભાભારામે શંકરને કહ્યું: 'બાળ શંકર, રડ નહીં. શાંત રહે. ઈશ્વર તને સદૈવ સુખમાં રાખે. મને પરમ પાવન એવા વૈરાગ્ય માર્ગે જવા માટે તું રજા આપ. પ્રભુ ભક્તિથી મને જીવન સફળ કરવા દે.' એમ કહી અપાર પ્રેમથી તેના શિર પર હાથ ફેરવી આશીર્વાદ આપ્યો. તે થોડો શાંત થાય કે ન થાય એટલામાં તેની બહેન જીવીબેન રડતી રડતી આવી. સંત ભાભારામે જીવીબેનને પણ સમજાવી. ભાભારામે પોતાની સંપત્તિનો અમુક ભાગ પોતાના દીકરા માટે રાખી બાકીનો ભાગ પોતાની બહેનના બે છોકરાઓ પ્રેમજી અને હીરજીને વહેંચી આપ્યો અને પોતે મુક્ત થયા.

સંસારની મૃગજળ જેવી માયા ત્યાગી, સંત ભાભારામ મહારાજ ગૃહ ત્યાગ કરી દેવા ગામમાં આવ્યા, ત્યાં પણ સ્થિર થઈ શક્યા નહીં, ત્યાંથી વનખંડીમાં આવ્યા. તેને ચંપકવન પણ કહેવાતું હતું. ત્યાં એક તળાવના કિનારે સુંદર એવી વનરાઈમાં સંત ભાભારામ મહારાજે પોતાની યોગ સાધના શરૂ કરી.

હરિ સ્મરણ કરતાં કરતાં સંત શ્રી ભાભારામ મહારાજ એકાગ્ર થઈ હરિમય બની જતા. રાત દિવસ તેઓ ધ્યાન મગ્ન રહેવા લાગ્યા. આહાર નિદ્રાનો ત્યાગ કરી સુરતા શ્રી હરિના ધ્યાનમાં લાગી જતી. એમ કહે છે કે સંત શ્રી ભાભારામે બાર વર્ષ પર્યંત લીલાં પાંદડાઓ ખાઈ અને પછીનાં બાર વર્ષ સૂકાં પાંદડાં ખાઈ નિર્વાહ કર્યો હતો.

વિરક્ત દશામાં ધ્યાનમગ્ન બનેલા યોગીની દેખભાળ કોણ રાખે ! તેઓ પોતે પરમાત્માના ધ્યાનમાં મગ્ન હતા, તે જ ભક્ત વત્સલ ભગવાન તેમની સંભાળ રાખી શકે. એક દિવસ ઘટીત ઘટના ઘટી. સંત શ્રી ભાભારામ મહારાજની પૂર્વભવની જીવભાવની એક બહેન નટપુર નડીયાદથી દૈવ યોગે સંત શ્રી ભાભારામ મહારાજ ચંપકવનમાં જ્યાં તપ કરતા હતા ત્યાં નજીકથી જતી હતી ત્યારે સંત શ્રી ભાભારામ મહારાજે યોગબળથી તેણીને ઓળખી લીધી. સંત શ્રી ભાભારામ મહારાજે તેણીને કોઈ પણ પ્રકારનું અંતર ન રાખતાં પોતાની સાથે રાખી હતી. આ કીકીબાઈ ખરેખર મહાસાધ્વી વિદુષી અને સદ્ભક્ત હતી. સંત સેવાથી આગળ જતાં વંદનીય બની હતી.

અલિંદ્રા ગામ કીકીબાઈનું જન્મ સ્થળ હતું. તેમનાં લગ્ન નટપુર નડીયાદના માંડણ પટેલ સાથે થયાં હતાં. કાળક્રમે તેણીને બે પુત્રો થયા પરંતુ કમનસીબે પતિના નિધનથી વૈધવ્યનું દુઃખ તેના શિર પર આવી પડ્યું. ઉપરાંત તે સમયે મહા ભયંકર દુષ્કાળ પડયો અને તેના દુઃખમાં વધારો થયો. દુષ્કાળના દુઃખના દિવસોમાં તેને કોઈ મદદ કરવા તૈયાર નહોતું. સગાં-પરિવાર પણ દૂર થઈ ગયાં. હવે કરવું શું ? સંસારથી એટલે કે ઘરબારથી તેનું મન ઊઠી ગયું. બંને છોકરાઓને બળદગાડીમાં બેસાડી ગાડી પોતે હાંકી નટપુર નડીયાદને રામરામ કર્યા. ક્યાં જવું એ અનિશ્ચિત હતું. રસ્તે જતાં ચંપકવનની નજીક આવી પહોંચ્યાં.

ઉનાળાના દિવસો હતા. ભરબપોરે સૂર્યની પ્રખર ગરમીથી બંને દીકરા અને તે પોતે ઘણાં જ આકુળ વ્યાકુળ થતાં હતાં, પાણીની તરસથી મોઢાં સૂકાઈ ગયાં હતાં. દીકરા પાણી પાણી કરતા હતા. ત્યારે નજીક એક કૂવો દેખાયો. પાણી કાઢવા માટે તેની પાસેના ઘડાને દોરી બાંધી પાણી ખેંચવા લાગ્યાં. અર્ધો ભાગ ખેંચ્યો એટલામાં દોરી તૂટી ગઈ. ઘડો કૂવામાં પડી ગયો. કીકીબાઈ બેબાકળાં બની ગયાં. હવે પાણી કેવી રીતે કાઢવું એ વિચારથી આજુબાજુ જોવા લાગ્યાં. અચાનક એક વિશાળ વૃક્ષ નીચે નાની પર્ણકુટી દેખાઈ અને એ કુટીરમાં એક તપસ્વી મહાત્મા બેઠેલા જોયા. તરત જ તેમની પાસે જઈ દીનતાથી પ્રણામ કરી કીકીબાઈએ પોતાની મુશ્કેલી કહીઃ 'મહારાજ ! ઘણી તરસ લાગી છે. પાણી કાઢવા ગઈ પણ દોરી તૂટી ગઈ અને ઘડો કૂવામાં પડી ગયો. મારી પાસે અન્ય કોઈ સાધન નથી. દીકરાઓ તરસથી આકુળ વ્યાકુળ થાય છે. આપની પાસે કૂવામાંથી પાણી કાઢવા કોઈ સાધન હોય તો આપવા વિનંતી કરું છું.'

સંત શ્રી ભાભારામ મહારાજે પોતાની પાસેનું શીતળ જળ તેણીને આપ્યું. તે યોગે કીકીબાઈ અને બંને દીકરાઓ પાણી પીને તૃપ્ત થયાં.

કીકીબાઈએ વિનયથી સંત ચરણે નમસ્કાર કર્યા અને બંને બાળકોને સંત ચરણે નમન કરાવ્યું. સંત શ્રી ભાભારામ મહારાજે કીકીબાઈ તરફ નિરખીને જોયું અને અત્યંત હર્ષપામી અંતઃકરણથી બોલ્યા : કીકીબાઈ, હું તારી જ રાહ જોતો હતો. આખરે મારી બહેન મને આવી મળી. હવે તને અહીંથી ક્યાંય જવાનું નથી, કારણ કે આ સ્થળે તારું ઋણ છે. પૂર્વજન્મના આ ઋણ સંબંધને તું ક્યારેય તોડી શકીશ નહીં. તેથી આગળ ક્યાંય ન જતાં શાંતિથી અહીં જ રહે.'

મહાપુરુષની આ દિવ્ય વાણીથી કીકીબાઈ વિચારમગ્ન બની એકદમ વિચારમાં પડી ગઈ. આખરે ધીમા અવાજે બોલીઃ 'મહારાજ ! પૂર્વભવનો સંબંધ એટલે શું ? આપણી સાથે મારો પૂર્વજન્મનો શું સંબંધ હતો ? આ તો મને કંઈ સમજાતું નથી. કૃપા કરી પૂર્વજન્મની ૠણાનુબંધની કથા મને સમજાવીને કહો.'

કીકીબાઈના શબ્દો સાંભળી સંત શ્રી ભાભારામ મહારાજ થોડા સ્વસ્થ થયા. ધીમેથી તેઓએ પૂર્વ જન્મની કથા કહેવાની શરૂઆત કરી.

સંત શ્રી ભાભારામ મહારાજના ત્રણ જન્મોની કથા મળે છે. તેમનો પ્રથમ જન્મ ઉજ્જૈન શહેરમાં દિનકરરાય નામના બ્રાહ્મણના ઘેર થયો હતો. તેમનું નામ હરિરાય હતું. તેઓ ભગવાન સદાશિવના અનન્ય ભક્ત હતા. મહાકાળેશ્વરને પ્રસન્ન કરવા તેઓએ ઘણી સેવા કરી હતી. સેવા કરતાં કરતાં બાર વર્ષ પૂરાં થયાં. છેલ્લે એક રાત્રે સ્વપ્નમાં શિવજીએ દર્શન આપી કહ્યું: 'હે બ્રાહ્મણ ! તારી ભક્તિ જોઈ હું પ્રસન્ન થયો છું, પરંતુ હું તને આ જન્મમાં નહીં મળી શકું પરંતુ પછીના જન્મે હું તને અવશ્ય મળીશ.' હરિરાયની આંખો ખૂલી ગઈ અને સ્વપ્નનો વિચાર કરવા લાગ્યા. જ્યારે આ જન્મે ઈશ્વર મળશે નહીં તો જીવતા રહીને શું કરું ? દઢ નિશ્ચયથી હરિરાયે અન્નજળનો ત્યાગ કર્યો. મહાકાળેશ્વરના મંદિરમાં જઈ શાંત ચિત્તે, એકાગ્ર મને ધ્યાનમગ્ન બન્યા. અન્ન જળના ત્યાગના લીધે શરીર દુર્બળ હાડપિંજર જેવું થઈ ગયું. તે સમયે તેની બહેન ત્યાં આવી. હરિરાયની આવી દશા જોઈ તેને ઘણું જ દુઃખ થયું અને રડવા લાગી. પછી બહેન ઘેર જઈ સાકર નાખેલું દૂધ લાવી અને ભાઈને પીવાનો ઘણો આગ્રહ કર્યો. પ્રથમ ભાઈએ તેનો ઈન્કાર કર્યો, પરંતુ બહેનની આંખમાં અશ્રુ જોઈ દૂધ પી ગયા અને ફરીથી કંઈ પણ ન લાવવાની વાત કરી. બહેનની અપાર માયા પ્રેમ જોઈ તેમનું હૃદય દ્રવી ગયું. તેઓ બોલ્યાઃ

બહેની મારી નિરખી તમારું મુખ, દિલના દુઃખ ગયા રે લોલ,
ભવોભવ રહે સંગાથ, આ ભવ ભેળા થયા રે લોલ.
વીરા મારા લીધો યોગીનો વેશ, જીવને તારવા રે લોલ,
કરી બહેનીને યાદ, ભવજળ ઉગારવાને રે લોલ.

એ જ આ સંત શ્રી ભાભારામની બહેન, આ જન્મે કીકીબાઈ રૂપે આવી મળી. કીકીબાઈ ખરેખર ધન્ય બની ગઈ અને તેણીનું જીવન મંગલમય બની ગયું. તેણીએ

બળદગાડું ત્યાં જ છોડયું અને બંને બાળકો સાથે સંતની કુટીર પાસે જ નિવાસ સ્થાન બનાવ્યું. સંત શ્રી ભાભારામ મહારાજના ધ્યાન સાધના કાળમાં તેણીએ અપાર પરિશ્રમ કરી સંતની સેવા કરી. સમય સંજોગે સંત શ્રી ભાભારામ મહારાજની કીર્તિની સુગંધ ચારેબાજુએ પ્રસરવા લાગી. અનેક પીડાયેલા જીવાત્માઓ પોતાના ભૌતિક સુખની અભિલાષાએ સંત ચરણે દર્શન માટે આવવા લાગ્યા. તે સર્વનો દુઃખ ભાર ઓછો કરવા બંને બંધુ-ભગિની દિવસ રાત પ્રયત્ન કરતાં રહ્યાં. પરદુઃખ જોઈ તેમનાં હૃદય ગદ્ગદીત થઈ જતાં. લોકોનાં દુઃખ દૂર કરવા બંને ભાઈ-બહેન સદાય તત્પર રહેતાં.

સંત શ્રી ભાભારામ મહારાજ એક સમયે ધ્યાનમગ્ન અવસ્થામાં હતા ત્યારે કેટલાક યોગી લોકો રસ્તા પરથી જતા હતા. આશ્રમની નજીકમાં જ વિશ્રાંતિ માટે થોડા સમય માટે રોકાયા હતા. ધ્યાન મગ્ન સંત શ્રી ભાભારામ મહારાજને જોઈ તેમાંના એક યોગી બીજાને કહેવા લાગ્યા, ‘અરે આ તો આપણા ઈંદ્રકીલ પર્વત પરના તપેશ્વર યોગી ! પોતાનો ચોવીસ વર્ષનો તપશ્ચર્યાનો અધૂરો રહેલો યોગ પૂરો કરવા માટે અહીં આવ્યા છે.’ એવું કહી તે યોગી અડબંગનાથે પોતાના સર્વ સાથી યોગી જાન્હવીદાસ, યોગી સતાનંદજી, યોગી રસીકનાથ વગેરે સર્વ યોગી સંઘને ભાભારામના પરભવનું વૃતાંત કહી સંત શ્રી ભાભારામ મહારાજને યોગનિદ્રામાંથી જગાડયા. સંત શ્રી ભાભારામ મહારાજને સર્વ સિદ્ધ પુરુષ યોગીનાં દર્શનથી ઘણો જ આનંદ થયો. અત્યંત આનંદથી તેઓ સૌને મળ્યા અને ઘણી જ્ઞાનચર્ચાઓ કરી.

સંત શ્રી ભાભારામ મહારાજે જીજ્ઞાસાથી પોતાના પૂર્વ જન્મની હકીકત પૂછયા બાદ યોગી અડબંગનાથે પૂર્વ જન્મની સર્વ વાત કરતાં કહ્યું : ‘ભાભારામ ! તારા એક જ કેમ પણ ત્રણ જન્મોની હું તને સ્મૃતિ કરી આપું છું. તેમાંથી પ્રથમ જન્મ તારો ઉજ્જૈન શહેરમાં દિનકરરાય બ્રાહ્મણના ઘરે હરિરાય નામથી થયો. બાળપણથી જ ભગવાન સદાશિવના દર્શનનો અનુરાગ થયો. ભગવાન મહાબળેશ્વરના મંદિરમાં જઈ ઘણી તપશ્ચર્યા ધ્યાન ધારણા કરી પણ ભગવાને સ્વપ્નમાં આશીર્વાદ આપ્યો કે એના પછીના જન્મે તને મારું દર્શન થશે. ભગવંતના વિરહથી વ્યથાપૂર્વક ઝૂરતાં ઝૂરતાં અંતે તે દેહ ત્યાગ કર્યો. તે સમયે આ તારી બહેને તારી સાધના કાળમાં અપાર પરિશ્રમ કરી તારી સેવા કરી હતી અને વારંવાર તારી યોગ સાધનામાં વિક્ષેપ ન પડે તે માટે તને સદૈવ જાગૃત રાખ્યો હતો. તેણીએ ધૈર્ય આપી તને ઘણો સમજાવ્યો હતો પણ અન્નજળનો ત્યાગ કરી

તે તારો દેહ છોડી દીધો, તે આ સાધ્વી કીકીબાઈ પણ યોગભ્રષ્ટ થઈ પોતાનું ઋણ પૂર્ણ કરવા અહીં ત્રીજા જન્મમાં તારી પાસે આવી છે. તારો બીજો જન્મ ભગવાન સદાશિવના વિરહથી ઝૂરતાં ઝૂરતાં શરીર ત્યાગ કરવાથી મોક્ષધામ એવા કાશીપુરીમાં પંડિત અનંતાનંદના ઘેર પુત્ર કરુણાનંદના નામથી થયો. ભગવાન સદાશિવના દર્શનની અભિલાષાથી તે જ્યોતિર્લિંગ કાશી વિશ્વેશ્વરની પૂજા શરૂ કરી. અનન્ય પ્રેમભાવથી ભગવાનની આરાધના કરી. આખરે કૃપાળુ ભગવાને દર્શન આપી તેને કહ્યું: 'બ્રાહ્મણ ! હું તારા પર પ્રસન્ન છું. તને જે માગવાનું હોય તે માગી લે.' તે કહ્યું: 'પ્રભુ ! હું બીજું શું માગું ? ફક્ત આપના દર્શનની અભિલાષા હતી. મારો આ મૌલિક મનોરથ આજે સિદ્ધ થયો. ભગવાન હું એકાગ્રતાથી તમારું ધ્યાન કરી શકું એટલો મારો મનોરથ પૂર્ણ કરો.' આ યાચના તે ભગવંતને કરી હોવાથી ભગવાન શંકરે આ તારો મનોરથ પૂર્ણ થવા માટે કહ્યું: 'કરુણાનંદ ! તારી અભિલાષા પૂર્ણ થશે. ઉત્તરાખંડમાં જઈ એકાગ્રતાથી ધ્યાનમગ્ન બન. તું યોગી બનીશ અને સદૈવ મારો અનુરાગી રહીશ.' એવા શુભાશીર્વાદ આપી ભગવાન અંતર્ધાન થઈ ગયા.

ભગવંતના સંકેત મુજબ ઈંદ્રકીલ પર્વત પર જઈ તેં તપશ્ચર્યા શરૂ કરી. સમયનું ભાન ન રહ્યું. દિવસ રાત એક સરખો ધ્યાન યોગ તે શરૂ કર્યો. આહાર નિદ્રાનું નિયંત્રણ કર્યું, યોગી પુરુષ પ્રમાણે ચોવીસ વર્ષ પર્યંત તપશ્ચર્યા કરી. તારી યોગ સાધનાથી ભગવાન શંકર ભોળાનાથનો તને દર્શન આપવાનો સમય નજીક આવ્યો પરંતુ તે જ સમયે એક આકસ્મિક ઘટના ઘટી. સ્વર્ગલોકથી પદ્મરેખા નામની અપ્સરા ઈંદ્રકીલ પર્વત પર ઉતરી આવી. કર્મ ધર્મ સંજોગે ફરતાં ફરતાં તું જ્યાં તપ કરતો હતો ત્યાં જ આવી. એ સમયે તેણીએ તારી તરફ જોયું અને તે વિહ્વળ બની. તને યોગમાંથી જગાડવા અને પ્રસન્ન કરવા તેણીએ બહુ પ્રયત્ન કર્યા. હાવભાવ, નૃત્ય ઝંકાર, રાગ-તાન, આલાપ, ગાયન સર્વ પ્રકાર કરી જોયા. આખરે તાલબદ્ધ નૃત્ય અને નુપૂરના ઝંકારથી તારી યોગતંદ્રા તૂટી. અચાનક આંખો ખૂલી ગઈ. જીવનમાં સ્ત્રીને પાપ દષ્ટિથી જેણે જોયું ન હતું તે યોગી પુરુષ તે અપ્સરાની મોહિની મૂર્તિ જોતાં જ મોહાંધ બન્યો અને કંઈપણ વિચાર કર્યા વગર તે એ મન મોહિનીને બાહુપાશમાં જકડી લીધી. અપ્સરાને તે જ જોઈતું હતું. તેણીનો મનોરથ પૂર્ણ થયો. તે યોગીના હૃદયમાં સમાઈ ગઈ.

વેરી વિષય વાસનાના કીચડમાં ડૂબવાથી પરમાનંદ પ્રભુની પ્રાપ્તિ માટે કરેલી તપશ્ચર્યા વ્યર્થ બની ગઈ. ઘડીભરના ક્ષુદ્ર વિષયાનંદમાં ચોવીસ વર્ષની તપશ્ચર્યા વેડફાઈ ગઈ. નશાબાજ માણસ નશો ઉતર્યા પછી જે રીતે પશ્ચાત્તાપ કરે છે, તેવી રીતે સ્વસ્થ થયા બાદ તારા હૃદયમાં પણ અત્યંત સંતાપ થવા લાગ્યો; 'યોગી તે ભોગી બની આ શું કર્યુ ? ચોવીસ વરસની તપશ્ચર્યા પર પાણી ફરી ગયું. આ શું વિપરીત સૂઝયું ?' પોતાના કર્મ પર ચિડાઈ માથું કૂટી પશ્ચાતાપ કરવા લાગ્યો, નયનોથી અપાર અશ્રુધારા વહેવા લાગી.

યોગીને પ્રાપ્ત કરી આનંદસાગરમાં ડૂબેલી પદ્મરેખા નજીકમાં જ શાંત બેઠી હતી. યોગીનો દુઃખદ સંતાપ જોઈ તેણીના હૃદયમાંથી પણ ઘડીભરનો આનંદ વિલાઈ ગયો, કારણ યોગીનો યોગ ભ્રષ્ટ કરવાના ઉદ્દેશથી તે આવી નહતી. અનાયાસે તેના પર તેણીની દૃષ્ટિ પડી. યોગીનું દિવ્ય તેજપ્રભા જોઈ તેણીના સ્ત્રી હૃદયમાં પણ કામનાનો ઊભરો આવ્યો એટલે પ્રાપ્ત કરવા નૈસર્ગિક અભિલાષા જાગૃત કરવાનો તેણીએ પ્રયત્ન કર્યો. તેમાં તે સફળ બની, પરંતુ મહાપુરુષના આત્મ કલ્પાંતથી તેણીનું હૃદય ભરાઈ આવ્યું, પરંતુ હવે શું કરવું ? અચાનક અલ્પ વાસના જાગૃત થઈ. કોને શું ખબર કે પાછળથી પશ્ચાતાપ થશે !

'બ્રાહ્મણ ! તેં આ શું કર્યુ ? કાશીથી હિમગિરિમાં આવ્યા ! યોગભ્રષ્ટ થયો ! જો આવી જ રીતે જીવન જીવવું હતું તો સંસારમાં રહી કાળ નિર્ગમન કર્યુ હોત તો શું ખોટું હતું. બ્રાહ્મણ ! તે પોતાનું અમૂલ્ય જીવન વ્યર્થ વિતાવ્યું !' આ પ્રકારે પોતાના કર્મને દોષ આપી રુદન અને વિલાપ કરતાં કરતાં તું પશ્ચાત્તાપ કરી રહ્યો હતો, તે જ વખતે યોગી પુરુષના આ કલ્પાંતના વલોપાતથી જાગૃત થઈ હું ત્વરીત તારી પાસે આવ્યો. તારી પીઠ પર હાથ ફેરવી તને ધીરજ આપી કહ્યું: 'યોગી પુરુષ ! ગભરાઈને રડવાનું છોડી દે. યોગ ભ્રષ્ટ થયો તો શું થયું. જ્યાંથી ભૂલો પડ્યો છે ત્યાંથી ફરી માપી લે ! જાગૃત થા ! તું યોગી છે, ફરી યોગી જ બનીશ, તારી ક્યારેય અધોગતિ નહીં થાય.' મારું આ આશ્વાસન સાંભળી તારા હૃદયનો સંતાપ ઓછો થયો.

તને પાછો ધ્યાન મગ્ન થવા માટે સ્વસ્થ થયેલો જોઈ અપ્સરા વંદન કરી બોલી: 'યોગીરાજ ! હું જાણી જોઈને આપનું તપોભંગ કરવા માટે આવી ન હતી પરંતુ આપનું

દિવ્ય સ્વરૂપ જોઈ મારા હૃદયમાં કામ જાગૃત થયો અને આપને પ્રાપ્ત કરવાની દૃઢ અભિલાષા જાગૃત થઈ અને આખરે તમે મને પ્રાપ્ત થયા પણ હવે આપ ધ્યાન મગ્ન થાવ છો તો મારું શું થશે ? આપણું ફરીથી મિલન ક્યારે થશે ?'

તું બોલ્યો; 'દેવી, એક વાર ભ્રષ્ટ થયો પણ હવે આ દેહ તને ફરીથી પ્રાપ્ત થનાર નથી. તારો પ્રબળ અનુરાગ હશે તો પછીના જન્મે તે પૂર્ણ થશે, ભગવાનનો એક વાર હું પથ ભૂલી ગયો પરંતુ હવે હું ભૂલીશ નહીં, મને ક્ષમા કરો. એવું કહી તું ધ્યાન મગ્ન થઈ ગયો.

પછી હરિ સ્મરણ કરતાં કરતાં તે દેહ ત્યાગ કર્યો. એ જ કરુણાનંદ યોગી આ જન્મે કણબી કુળમાં જન્મી ભાભારામ આ નામે અવતર્યા. ભાભારામ આ તારો ત્રીજો જન્મ છે. પદ્મરેખા તે જ તારી રોહિણી હતી. ભગવાન શ્રીકૃષ્ણના વચન પ્રમાણે તું યોગી જ રહેલો છે. ઇંદ્રકીલ પર્વત પર ચોવીસ વર્ષની બાજી જે તું હારી ગયો હતો, તે તપશ્ચર્યા કરી તે પરમાનંદ પ્રભુને પ્રાપ્ત કરી પરિપૂર્ણ કરી છે. અત્યાર સુધી તું આ બધું ભૂલી ગયો હતો પણ હવે તને તારા તમામ અવતારોનું યથાર્થ દર્શન થયું છે. હવે તારા પરમ મિત્ર સંત શ્રી નાયાજી મહારાજ તારી પાસે આવી યોગ સાધના વિષે ચર્ચા કરશે. અમે જઈએ છીએ. એવું બોલી સંત શ્રી ભાભારામને પ્રણામ કરી યોગી અડબંગનાથ તથા અન્ય યોગીઓએ આગળ જવા પ્રયાણ કર્યું.

સંત બીજ પલટે નહીં, જો જુગ જાય અનંત,
ઊંચ નીચ ઘર અવતરે, પણ આખિર સંત કો હી સંત.

: સંત શ્રી નાયાજી મહારાજનો સંત શ્રી ભાભારામ મહારાજને ઉપદેશ :

તીર્થાટન માટે નીકળેલા સંત શ્રી નાયાજી મહારાજ પાવન પર્યટન કરતા કરતા ચંપકવનમાં આવ્યા. સંત શ્રી ભાભારામ મહારાજના સ્થાને આવી યોગી પુરુષનું દર્શન કર્યું. બંને યોગીઓ એકબીજાને મળ્યા, સંત શ્રી નાયાજી મહારાજે સંત શ્રી ભાભારામ મહારાજની યશોગાથાનું વર્ણન કર્યું:-

ધન્ય ચરોતરકી ભૂમિ, ધન્ય ભોમ વસો ગામ,
ધન્ય જો કુલમે ઉપને, યોગી સંત ભાભારામ.

સંત શ્રી ભાભારામ મહારાજે પ્રતિ જવાબ આપ્યો :-

'નાયાજી મહારાજ ! આપ પણ યોગી પુરુષ છો. કેવી રીતે આપનો ઉદ્ધાર થયો અને આપને પૂર્વજન્મનું સ્મરણ કેવી રીતે થયું, એ કથા મને સંભળાવો. આપનું પાવન ચરિત્ર સાંભળવાની મને બહુ ઈચ્છા છે. સંત શ્રી ભાભારામ મહારાજની જિજ્ઞાસા જાણી સંત શ્રી નાયાજી મહારાજ બોલ્યાઃ

'ભાભારામ ! હું તો એક અધમમાં અધમ લૂંટારો હતો. કોળી કુળમાં જન્મી લૂંટફાટનો ધંધો કરવા લાગ્યો. કર્મ ધર્મના સંયોગથી અનુગ્રહના દિવસો નજીક આવ્યા અને સદ્‌ગુરુશ્રીનું આગમન થયું. તે મહાપુરુષે મને લૂંટફાટનો ચોરીનો ધંધો છોડવાની સમજ આપી. મારા મૂળ સ્વરૂપનું ભાન કરવા માટે મારા પૂર્વ જન્મનો વૃત્તાંત કહ્યો.

સંત શ્રી ભાભારામ મહારાજ બોલ્યાઃ 'મહારાજ ! એ સદ્‌ગુરુ કોણ ? તેમનું નામ શું ?'

સંત શ્રી નાયાજી મહારાજ બોલ્યાઃ 'ભાભારામ ! મારા સદ્‌ગુરુની ગતિનું વર્ણન મારાથી યથાર્થથી થઈ શકશે નહીં. મારા જેવા અગણિત પાપીઓનો પણ અપાર કરુણાથી તેમને ઉદ્ધાર કર્યો છે. મને પણ જાગૃત કરી સત્માર્ગે લાવ્યા. તે મહાપુરુષનું નામ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ છે. તેઓએ મને નરાધમમાંથી નરોત્તમ બનાવ્યો. મારા પરમ પ્રેમાળ સદ્‌ગુરુએ મારા પહેલાંના ત્રણ જન્મોનું દર્શન કરાવી ભગવંતના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવ્યું અને મને ધન્ય કર્યો. ત્યાંથી જ હું જાગૃત બની સદ્‌ગુરુની કૃપાથી પ્રાપ્ત થયેલા આ દિવ્ય જ્ઞાનનો પ્રકાશ સર્વત્ર પ્રસરાવી લોકોમાં ધર્મ જાગૃતિ કરાવતો ફરી રહ્યો છું.'

સંત શ્રી ભાભારામ મહારાજ બોલ્યાઃ 'નાયાજી, મને આપનો પરમ પાવન પૂર્વ જન્મનો વૃત્તાંત સાંભળવો છે. કેવા પ્રકારે સદ્‌ગુરુએ કહ્યો તે મને પહેલાં કહો.'

સંત શ્રી નાયાજી મહારાજ બોલ્યાઃ 'સાંભળો યોગીરાજ ! મારવાડમાં 'જાયલ રિયાસત' માં દેવાનંદ સ્વામીનું પુરાતન સ્થાન છે. તે મહાપુરુષે જ્યારે મહાપ્રયાણની તૈયારી કરી ત્યારે વ્યાકુળ બનેલા લોકોને આશ્વાસન આપી કહ્યું. હવે તો હું તમારી દૃષ્ટિ બહાર જઈ રહ્યો છું પરંતુ સોળમી પેઢીમાં અવતાર ધારણ કરી હું પુનઃ આ સ્થળે આવીશ. મૂલસ્થાન શહેરમાં એક વણિક ગૃહસ્થ સંતાન પ્રાપ્તિ માટે સંતોની સેવા કરતા હતા ત્યારે એક મહાપુરુષે તેને આશીર્વાદ આપ્યોઃ 'બેટા, તારો મનોરથ પૂર્ણ થશે. તને એક પુત્ર થશે પણ તે સાધુનો લાલ હોવાથી તે વૈરાગ્યના રસ્તે નીકળી જશે.

મહાપુરુષના આશીર્વાદ પ્રમાણે તે વણિક ગૃહસ્થને ત્યાં પુત્ર અવતર્યો. તેનું નામ સોહંનાથ રાખ્યું. બાર વર્ષનો થયા બાદ એક મહાપુરુષનું ત્યાં આગમન થયું. તેમની સાથે સોહંનાથ પણ ઉત્તરાખંડ હિમાલયમાં નર નારાયણ પર્વત પર જઈ ધ્યાન મગ્ન થઈ બેઠો. કેટલાંક વર્ષે ધ્યાન મુક્ત થયા બાદ યોગીરાજ સોહંનાથ પોતાના સ્થાન પરથી ઊઠી ગિરીકંદરામાંથી નીચે ઊતર્યા. માનવ કલ્યાણ માટે વિરાટ માર્ગે વિચરણ કરવા લાગ્યા. તે સોહંનાથનું મારવાડમાં આગમન થયું.

મારો પ્રથમ જન્મ મરુ ભૂમિ મારવાડમાં રાઠોડ કુળમાં થયો હતો, તે સમયે મારું નામ ઝુઝારસિંહ હતું. સત્સંગ અને સંત સેવામાં અનન્ય પ્રેમ રહેતો. એક દિવસ સોહંનાથ ગુરુદેવનું અચાનક અમારા ઘેર આગમન થયું. મારું ભાગ્ય જાગૃત થયું, મેં તે મહાપુરુષનું સ્વાગત સત્કાર કરી પ્રેમથી સેવા કરી. તેમનાં ચરણ ધોઈ ચરણામૃત લીધું. મારા ઘરનાં બધાં જ લોકો તે દિવસે પાવન બન્યાં. પ્રસન્ન બની યોગીરાજે મને મનોવાંછિત વરદાન માગવા જણાવ્યું. મેં કહ્યું: 'મહારાજ ! કેવળ એક જ વર હું માગું છું. મને આવાગમનમાંથી મુક્ત કરો. આ જન્મ મરણ બહુ દુ:ખદાયક છે તેથી લક્ષચોર્યાસીના ફેરામાંથી છોડાવો.'

મારી આ યાચના શ્રવણ કરતાંની સાથે જ સંત અવાક્ થઈ ગયા. અમુક સમય પર્યંત ધ્યાન મગ્ન બની બોલ્યા: 'રાઠોડ ! તે જે યાચના કરી તે આ જન્મે સિદ્ધ થઈ શકશે નહીં, કારણ કે તું જે વચન આપી આવેલો છે તે પૂર્ણ કરવાનો સમય નજીક આવી ગયો છે. તે બંધનમાંથી તું છુટી શકીશ નહીં.

ઝુઝારસિંહ ! તું ગત જન્મે બ્રહ્માનંદ સ્વામી નામનો યોગી પુરુષ હતો. મહાન તપસ્વી થયો હતો. હિમાલયની ગિરિ કંદરામાં મહાન કઠણ તપશ્ચર્યા કરી હતી. કેટલાક વર્ષો પછી તપશ્ચર્યા પૂર્ણ કરી નીચે ઉતરી પાવન માર્ગથી પ્રયાણ કર્યુ. તે સમયે એક તરુણીએ તારી પ્રેમથી મનોભાવે સેવા કરી. પ્રસન્ન બની તે તેણીને મનોવાંછિત વરદાન માગવા જણાવ્યું. તે બોલી: 'મહારાજ ! આપ મારા પર પ્રસન્ન થયા છો તો મારા સ્વામી બનો. પતિ રૂપે આપની સેવા કરવી એ જ એક માત્ર મારી ઈચ્છા આપ પૂરી કરો.' યુવતીની ઈચ્છા સાંભળી તું સ્તબ્ધ બની ગયો. તેણીએ તને ધર્મસંકટમાં મૂક્યો, વચન તો આપેલ હતું. તે પૂરું કરવું કર્તવ્ય હતું. તે તેણીને કહ્યું: 'દેવી ! આ જન્મે મેં યોગીનો દેહ ધારણ કરેલો છે. હું યોગ ભ્રષ્ટ થઈ શકું નહીં. પરંતુ આગલા જન્મે હું તને જરૂર મળીશ અને તારી યાચના પૂરી કરીશ. એવું તેણીને આશ્વાસન અને વચન આપ્યું. અત્યંત હર્ષ પામીને તે યુવતી ત્યાંથી નીકળી ગઈ. પછી તને પ્રાપ્ત કરી લેવા તેણીએ તપશ્ચર્યા શરૂ કરી. શેષ જીવન હરિ સ્મરણમાં વિતાવવા લાગી.

એ ભાગ્યવાન યુવતીને આપેલ વચન પૂર્ણ કરવા માટે તે આ જન્મે અહીં અવતાર ધારણ કર્યો છે. તે યુવતી થોડા દિવસોમાં જ તને આવી મળશે. તે રૂપવતીના પ્રેમમાં તું ભાન ભૂલી સંસારમાં પૂર્ણ બદ્ધ બનીશ તેથી આવાગમનના ફેરામાંથી મુક્ત થઈ

શકીશ નહીં. પરંતુ પછી તારો જન્મ ગુજરાતમાં થશે. ત્યાં એક મહાપુરુષના દર્શનથી તું ખરેખર પાવન બનીશ. તે સંત પુરુષ તારા પર અનુગ્રહ કરશે અને સત્યનું સુદર્શન કરાવશે ત્યારે તને યોગી સ્વરૂપનું ભાન થશે અને તું મુક્ત બની જઈશ. બેટા ! ઝુઝારસિંહ ! આ પ્રકારે તારો અનુગ્રહનો સમય હજી દૂર છે.

આ પ્રકારે વૃતાંત કહી યોગી નીકળી ગયા. સમયના પ્રવાહમાં તેમણે કહેલું બધું સત્ય બન્યું. તે દેવાંગના ભટ્ટી વંશમાં રંભાદેવી નામથી જન્મી, વચન પ્રમાણે ઝુઝારસિંહના સંસારમાં આવી. કાળનું નિર્ગમન થતાં રંભાદેવીના પ્રેમ સાગરમાં ડૂબેલા ઝુઝારસિંહ મુગ્ધ બની પરવશ બન્યા.

એક સમયે રણશિંગુ સાંભળી સર્વ રાજપૂતો યુદ્ધ પર જવાની તૈયારી કરવા લાગ્યા. ઝુઝારસિંહે પણ રંભાદેવીને મળી યુદ્ધ પર જવાનું પ્રયાણ કર્યું. તેણીએ પ્રેમથી પૂજન કરી પોતાના સ્વામીને યુદ્ધ પર જવા રજા આપી. તેમાં રાઠોડ વીરગતિ પામ્યો અને આગલા જન્મે ગુજરાતમાં કોળી કુળમાં આવી લૂંટારો બની ગયો. તેનું નામ નાયાજી લૂંટારો. એ જ લૂંટારાને સદ્‌ગુરુ શ્રી મહારાજ આવી મળ્યા અને તેઓએ આ નાયાને નરમાંથી નરોત્તમ બનાવ્યો.

હે ભાભારામ ! એવી છે મારી અવતાર કથા. સદ્‌ગુરુ શ્રી મહારાજે મને મારા દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવી ત્રણ અવતારોનું ભાન કરાવ્યું અને મને યુગધર્મનું જ્ઞાન થયું. તે યોગે હું જાગૃત બન્યો. ભાભારામ ! તમે પોતે યોગી છો તેથી જ મને યથાર્થતાથી ઓળખ્યો. સદ્‌ગુરુ શ્રી મહારાજના અનુગ્રહથી લૂંટારુમાંથી સંત બન્યો અને હવે માનવ કલ્યાણ માટે વિરાટ પંથથી પાવન પર્યટન કરી રહ્યો છું. ભવાટવીમાં ભૂલેલા અજ્ઞાની જીવાત્માઓને જગાવી ફરી સદ્‌માર્ગ પર લાવવાનો પ્રયત્ન કરું છું. ભાભારામ ! આપણા જેવા યોગી પુરુષના સમાગમથી હૃદયમાં અવર્ણનીય આનંદ થઈ રહ્યો છે. સાચું કહું તો આપણે બંને ગુરુબંધુ આ જન્મે તો મળ્યા છીએ અને પૂર્વ જન્મે પણ મળ્યા હતા. હવે આ જન્મે તો આપણે એકબીજા વગર ક્યારેય રહી શકીશું નહીં. આપણે બંનેને સદ્‌ગુરુ શ્રી મહારાજે અનુગ્રહથી સોંપેલ લોક જાગૃતિનું કાર્ય પૂર્ણ કરી એક જ સમયે આ દુનિયાથી પ્રયાણ કરવાનું છે.

સંત શ્રી નાયાજી મહારાજે સંત શ્રી ભાભારામ મહારાજ તથા સંત સાધ્વી શ્રી કીકીબાઈ સાથે ઘણા સમય પર્યંત સત્સંગ કર્યો. સંત શ્રી નાયાજી મહારાજ કહેઃ હે ભાભારામ મહારાજ, તમે આજે જે નિત્ય કર્મ કરો છો તે ઠીક છે પણ "આજે કલિયુગમાં અથર્વવેદ પ્રધાન પદે છે. શ્રી વિષ્ણુ નારાયણના દસમા અવતાર શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનું આગમન થવાનું છે તે ધર્મ-શાસ્ત્રો બતાવે છે." અથર્વવેદનાં મહાવાક્ય જ ફળ સ્વરૂપ છે. આપ જે જે ક્રિયા કર્મ આચરો છો તે અને જે સ્વરૂપનું ધ્યાન કરો છો, તે વેળા વૃત્તાંત ધર્મ-શાસ્ત્રો અનુસારે આચરેલું જ પૂર્ણ ફળ સ્વરૂપ છે અને આજ કલિયુગમાં શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનનો અવતાર છે. શ્રી વિષ્ણુ પરમાત્માના 'નવ' સ્વરૂપ ત્રણ યુગમાં થઈ ગયા છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ તમે કહો છો તે તો ઠીક પણ હાલમાં પંડિત વર્ગ તથા કેટલાક બ્રાહ્મણોનું કહેવું એવું છે કે, વિષ્ણુ પરમાત્માનો અવતાર તે તો શ્રીકૃષ્ણ અવતાર છે, તેથી તેના જ સ્વરૂપની આરાધના વગેરે કરવાની છે, સામવેદી આજ્ઞા પાળવાની છે, તેમજ હાલ સર્વ ઠેકાણે શ્રીકૃષ્ણ પરમાત્માની પથ્થરની મૂર્તિ લોકોએ બનાવરાવી મંદિરમાં પધરાવી તેની જ આરાધના પૂજા વગેરે કરે છે તે કેમ ?

સંત શ્રી નાયાજી મહારાજ કહે : હે ભાભારામ ! યુગની તથા અવતાર પાત્રના વર્ષોની અવધ ધર્મ-શાસ્ત્રો તથા મહાત્માજનોએ નિર્માણ કરી મૂકેલી છે તે જ પ્રમાણે થતું જાય છે અને થશે જ. તેથી તેના ઉપર જ દઢતાથી વિચાર રાખવાનો છે. કહ્યું છે એ આધારે કદાપી એક દિવસે તારા, મેરુ, રવિમંડળ, પૃથ્વી, અરે આખુંએ બ્રહ્માંડ નાશ થશે, પણ સત્ય પુરુષની વાણી અને સત્‌ધર્મ અચળ રહેશે. તેથી જ વિચાર કરો કે, જે પ્રમાણ આગળનાં બંધાયેલાં છે અને તે જ પ્રમાણે હજુ સુધી થયા કરે છે. તેમાં લેશ માત્ર પણ બદલાવ આવતો નથી, તો આગળ હવેથી બદલાવ કેમ આવશે, પણ જે દઢ વિશ્વાસવાળા જીવો હશે અને જેને તેનું જ્ઞાન પણ હશે તેઓ તો બિલકુલ પણ વિચલિત થવાના નથી જ પણ અન્યોને પણ ચલિત નહિ જ દે.

જુઓ કે પ્રથમ કર્તાયુગનું પ્રમાણ તેનાં વર્ષ ૧૭,૨૮,૦૦૦ (સત્તર લાખ અઠ્ઠાવીસ હજાર) વર્ષ છે. તેમાં વિષ્ણુ પરમાત્માના અવતાર પાત્ર (૪) ચાર. દરેક અવતારની મર્યાદા ૪,૩૨,૦૦૦ (ચાર લાખ બત્રીસ હજાર) વર્ષ. તે જ પ્રમાણે બીજા ત્રેતાયુગનું પ્રમાણ તેના વર્ષ ૧૨,૯૬,૦૦૦ (બાર લાખ છન્નુહજાર) વર્ષ. તેમાં અવતાર પાત્ર

ત્રણ થયા. તો તે જ પ્રમાણમાં દરેક અવતાર પાત્રના ભાગનાં વર્ષ ૪,૩૨,૦૦૦ (ચાર લાખ બત્રીસ હજાર) પરિપૂર્ણ થઈ રહે છે. તેવી જ રીતે ત્રીજા દ્વાપરયુગનું પ્રમાણ, તેનાં ૮,૬૪,૦૦૦ (આઠ લાખ ચોસઠ હજાર) વર્ષ તેમાં અવતાર પાત્ર બે છે, તો તેથી જ દરેક અવતારે ૪,૩૨,૦૦૦ (ચાર લાખ બત્રીસ હજાર) વર્ષ પરિપૂર્ણ થઈ રહે છે. હવે રહ્યો ફક્ત કલિયુગ એકલો જ. તેનાં વરસ પણ ૪,૩૨,૦૦૦ (ચાર લાખ બત્રીસ હજાર) અને તેમાં અવતાર પાત્ર એક જ છે. જેમ કર્તાયુગમાં વિષ્ણુ નારાયણના અવતાર ચાર મુખ્ય થયા. શ્રી મત્સ્ય, શ્રી કૂર્મ, શ્રી વરાહ, શ્રી નરસિંહ. બીજા ત્રેતાયુગમાં ત્રણ અવતાર થયા તેમાં શ્રી વામન, શ્રી પરશુરામ, શ્રી રામચંદ્ર તેમજ ત્રીજા દ્વાપરયુગમાં બે અવતાર થયા શ્રી કૃષ્ણ અને શ્રી બૌદ્ધ ભગવાન. હવે કલિયુગ ચોથો છે, તેમાં એક અવતાર પાત્ર શ્રી નિષ્કલંકી-કલ્કિ નારાયણ એક જ છે. તો આજે "શ્રી નિષ્કલંકી નારાયણ પરમાત્માની ભક્તિ કરવી. આજે કલિયુગમાં અથર્વવેદના મહાવાક્યનું સ્મરણ કરવું એ જ વેદનો આદેશ છે." જેમ શ્રી વિષ્ણુ નારાયણ પરમાત્મા યુગેયુગે ચરિત્ર કરતા આવ્યા છે અને યુગોયુગોથી ભગવાનના અવતાર પાત્રોને પૂજી વેદોની મહા દિવ્યવાણીઓ દ્વારા પ્રહલાદ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર જેવા અનેક જીવોના ઉદ્ધાર થયા છે. તેમ આજ કલિયુગમાં ભગવાન શ્રી નિષ્કલંકી-કલ્કિ નારાયણનું આગમન કલિયુગને અંતે ધર્મની સ્થાપના માટે અધર્મના નાશને માટે થશે જ.

યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ભારત ।
અભ્યુત્થાનમધર્મસ્ય તદાત્માનં સૃજામ્યહમ્ ॥
પરિત્રાણાય સાધૂનાં, વિનાશાય ચ દુષ્કૃતામ્ ।
ધર્મસંસ્થાપનાર્થાય સમ્ભવામિ યુગે યુગે ॥

(ગીતા : અધ્યાય-૪, મંત્ર-૭, ૮)

ભાવાર્થ :- હે ભારત ! જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થાય છે, ત્યારે ત્યારે હું મારા રૂપને પ્રગટ કરું છું એટલે કે સાકાર રૂપે લોકો સમક્ષ પ્રગટ થાઉં છું.

સાધુ પુરુષોનો ઉદ્ધાર કરવા માટે, પાપકર્મ કરનારાઓનો વિનાશ કરવા માટે અને ધર્મની સમ્યક્ રીતે સ્થાપના કરવા માટે હું યુગે યુગે પ્રગટ થાઉં છું.

ધર્મશાસ્ત્રોમાં પણ જે સગુણ ઉપાસના કહેલી છે તે ઉપાસના કેવળ પરમાત્માને સાકાર સ્વરૂપ ભગવાન શ્રી વિષ્ણુનું શંખ, ચક્ર, ગદા, પદ્મ સહિતનું ચિત્તવન કરવું અને ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણના આસનનું અથવા પ્રતિમાનું પૂજન કરવું.

મૂર્તિ પૂજન વિશે શ્રીમદ્ ભાગવત્‌માં માતા દેવહૂતિને ભગવાન કપિલદેવે કરેલો ઉપદેશઃ

"ભક્તિયોગના ભેદકાળનું બળ અને ઘોર સંસારનું વર્ણન." ભાગવત દ્વિતીય સ્કંધ, અધ્યાય - ૨૯.

શ્રી કપિલ ભગવાન બોલ્યા; 'હે માતા ! જુદા જુદા માર્ગોને લીધે ભક્તિયોગ અનેક પ્રકારનો જણાય છે. કેમ કે મનુષ્યોના સ્વભાવનાં રૂપ જુદા જુદા પ્રકારનાં હોય છે. (ફળ સંકલ્પના ભેદથી ભક્તિમાં પણ ભેદ પડે છે.) જે હિંસા, દંભ કે મત્સર ભાવનો મનમાં સંકલ્પ કરી ક્રોધાતુર કે ભેદ દૃષ્ટિવાળો થઈ મારી ભક્તિ કરે છે તે **તામસ ભક્તિ** છે. જે મનમાં વિષયો, યશ અથવા ઐશ્વર્યનો સંકલ્પ કરી ભેદ દૃષ્ટિપૂર્વક મને પૂજે છે તે **રાજસભક્તિ** છે અને જે પાપના નાશને માટે ભગવાનની પ્રીતિથી કે 'મારે યજ્ઞ કરવો, એ મારી ફરજ છે.' એમ માની અભેદ દૃષ્ટિ રાખી યજ્ઞાદિ કરે છે તે **સાત્ત્વિક ભક્તિ** છે, તેને સગુણ ભક્તિ કહી છે.

પછી નિર્ગુણ ભક્તિ વિષે કહું છું. નિર્ગુણ ભક્તિ માત્ર એક જ પ્રકારની છે. જેમ ગંગાના જળની સમુદ્રમાં અસ્ખલિત ગતિ થાય છે, તેમ મારા ગુણો માત્ર સાંભળતાં જ ભક્તના હૃદયાકાશમાં રહેલા મારે વિષે મનની અસ્ખલિત ગતિ થાય છે. આવી ભક્તિ એ **નિર્ગુણ ભક્તિયોગ**નું લક્ષણ છે. પુરુષોત્તમ ભગવાન વિષેની આ ભક્તિ કોઈ પણ ફળ સંકલ્પ અને ભેદ દર્શનથી રહિત હોય છે. ભગવાન કહે છે; "આ નિર્ગુણ ભક્તિમાં સ્થિર રહેલા ભક્તોને હું મારી સાથે એક જ લોકમાં નિવાસ, મારા જેવું ઐશ્વર્ય, મારી સમીપ જ રહેવાનું, મારા જેવું રૂપ તથા મારું સાયુજ્ય આપવા તૈયાર થાઉં છું. છતાં તેઓ મારી સેવા વિના બીજું કંઈ પણ લેતા નથી. આને જ આત્યંતિક એટલે અવિનાશી **નિર્ગુણ ભક્તિયોગ** કહે છે કે જેથી જીવ ત્રણ ગુણોના કાર્ય રૂપ આ સંસાર ત્યજી બ્રહ્મભાવ પામે છે."

"નિષ્કામ ભાવથી શ્રદ્ધાપૂર્વક પોતાના સ્વધર્મનું પાલન કરવું, નિત્ય હિંસા રહિત ઉત્તમ આચાર પાળવો, મારા નિવાસ સ્થાનમાં પ્રતિમાનાં દર્શન-સ્પર્શ-સત્કાર-સ્તુતિ તથા

વંદન કરવાં, પ્રાણીમાત્રમાં મારી ભાવના કરવી, ધૈર્ય અને વૈરાગ્ય રાખવો, મોટા પુરુષોને બહુમાન આપવું, ગરીબ (મનુષ્યો) પ્રાણીઓ ઉપર દયા કરવી, પોતાના સમાન મનુષ્યોની સાથે મિત્રતા રાખવી, યમ નિયમ જાળવવા, આધ્યાત્મિક શાસ્ત્રો સાંભળવાં, મારા નિયમોનું કીર્તન કરવું, સરળતા રાખવી, શ્રેષ્ઠ મનુષ્યોનો સંગ કરવો અને અહંકાર તજવો આ સર્વ ગુણો દ્વારા ભગવત્ ધર્મ આચરનાર ભક્તનું ચિત્ત અત્યંત શુદ્ધ થાય છે અને એ રીતે શુદ્ધ થયેલું ચિત્ત માત્ર મારા ગુણો સાંભળતાં અનાયાસે જ મને પામે છે."

"જેમ પવન જેનું જવા આવવાનું સાધન છે, એવી રીતે ગંધ પોતાનાં સ્થાન - પુષ્પાદિમાંથી પોતાની મેળે જ ઘ્રાણેંદ્રિય તરફ આવે છે, તેમ યોગમાં આસક્તિ થઈ વિકાર રહિત થયેલું મન પોતાની મેળે જ પરમાત્માને પામે છે. હું સર્વ પ્રાણીઓમાં સદા સત્ય સ્વરૂપ રહેલો તેમનો આત્મા છું. એથી જેઓ પ્રાણીઓમાં મારી અવજ્ઞા કરીને કેવળ મૂર્તિમાં જ મારી પૂજા કરે છે, તેમની એ પૂજા કેવળ દેખાવ રૂપ અને મારી મશ્કરી સમાન છે."

"હું સર્વનો આત્મા અને સર્વનો ઈશ્વર સર્વ પ્રાણીઓમાં પ્રત્યક્ષ રહેલો છું. છતાં જેઓ (પ્રાણીઓનું હિત કરવા રૂપે પ્રાણીઓની સેવા ઉપકાર કરવા રૂપે) મારા એ પ્રગટ સ્વરૂપની પૂજા કરવાનું છોડીને મૂઢતાથી કેવળ મૂર્તિને ભજે છે. તેઓ અગ્નિમાં નહીં પણ ભસ્મમાં જ હોમ કરી રહ્યા છે."

"જેમ હું તેમનામાં આત્મા રૂપે રહેલો છું, તેમ જ હું બીજાં પ્રાણીઓમાં પણ તેમના આત્મા રૂપ રહેલો છું. છતાં જે અભિમાની લોકો તેમનામાં અને બીજાં પ્રાણીઓનાં શરીરોમાં મને જુદો જુદો જોઈને તે પ્રાણીઓનો દ્વેષ કરે છે અને તેમની સાથે વેર બાંધે છે અને એમાં તેમનો પોતાનો જ દ્વેષ અને દ્રોહ થતો હોય છે, આવા લોકોનું મન કદી શાંતિ પ્રાપ્ત કરી શકતું નથી."

હે નિષ્પાપ માતા ! "જે મનુષ્ય અન્ય પ્રાણીઓનો તિરસ્કાર કરે છે, તેમનું અહિત કરે છે. તે મનુષ્યએ અનેક નાનાં મોટાં દ્રવ્યોથી તથા જુદી જુદી ક્રિયાઓવાળી વિધિઓથી મારી કરેલી મૂર્તિ પૂજાથી હું સંતુષ્ટ થતો નથી."

માટે હે સંત ભાભારામ ! વેદમાં પણ જે સગુણ ઉપાસના કહેલી છે. તે રીતે શ્રી ભગવાન વિષ્ણુ આદિ નારાયણનું ભજન કીર્તન, સ્મરણ, ધ્યાન વગેરે કરવું. જેને દશે અવતારમાં અનેક નામ રૂપ કર્મથી ચરિત્ર કર્યાં છે.

જેમના આદેશથી ચારે વેદની રચના થઈ છે તે નિષ્કલંકી કે જેમને કોઈ જાતનું કલંક નથી તેવા પરબ્રહ્મ નારાયણ નિરંજન નિરાકાર તે પરમાત્મા કહે છે-

"મારા ભક્તો કેરા કારણે, અવતાર લીધા દસ,
હું નિરંજન નિરાકાર છું, મારા ભક્તે કીધા વસ.
અર્જુન સુણો ગીતા સાર, પાંડવો માનજો નિરધાર."

હે સંત ભાભારામ ! એ જ પરમ મુક્તિ આપનાર ભક્તિ ઉપાસના છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે સંત શિરોમણી પ્રિય મિત્ર ! હવે હરિ અંશ વિશેની સાચી હકીકત સમજાવો.

સંત શ્રી નાયાજી મહારાજ કહેઃ હે રાજન ! જેમ પુત્ર સુપાત્ર હોય તો તેના પિતા પોતાનો પુત્ર જાણી સર્વ સંપત્તિનો વારસો આપી પોતાનો વંશ માને છે, જેમ પતિવ્રતા સ્ત્રી પતિના ધર્મનું પતન ન થવા દે તેવી સુપાત્ર પત્ની પતિની સર્વસ્વ સંપત્તિનો અધિકાર પામે છે. તેમ સદ્‌ગુરુ પોતાના સુલક્ષણા શિષ્યને કર્મ ઉપાસના અને ધ્યાન સહિત ગુરુ વચનને આધીન રહેનારા શિષ્યને પોતાનો સમજીને પોતાની પાસે જે આધ્યાત્મિક સંપત્તિ છે તેનો વારસદાર બનાવે છે અને પોતે કેવળ બ્રહ્મ મૂર્તિ આશીર્વાદ રૂપ દર્શન લાભ આપે છે. તેમજ હે સજ્જન ! જે ભક્તો, જ્ઞાની આત્માઓ પરમાત્માની આજ્ઞાનું જ પાલન કરે છે તેવા જ્ઞાની પુરુષો ઈશ્વરના અંશ છે. જે વિશ્વની અંદરમાં અનેક સ્થળોમાં અજ્ઞાની સંસારી લોકોને પરમાત્માના સ્વરૂપનાં દર્શન કરાવે છે. પરમાત્માની આજ્ઞાનું પાલન કરાવે છે. તેવા ધ્રુવ, પ્રહલાદ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર તેમજ મીરાંબાઈ, નરસિંહ મહેતા, એકનાથ, તુકારામ વગેરે ભક્તો હરિ અંશના પરિવાર છે.

"સ્વામીજીએ જીવ ઓધાર્યા નવ્વાણું કરોડ ઝાંખા, છપ્પન કરોડ મેઘા, બત્રીસ કરોડ કિન્નર, તેત્રીસ કરોડ દેવતા, તે ઘટપાટને સેવતા, અંશ એકને જુદા પરિવાર. બ્રહ્મા પરિવાર, વિષ્ણુ પરિવાર, શિવ પરિવાર. હરિ અંશનો પરિવાર પ્રહલાદ, હરિશ્ચંદ્ર, યુધિષ્ઠિર, કમળાકુંવર વગેરે" હે સજ્જન ! આ હરિ અંશનો મહિમા છે. માટે હે ભક્ત ભાભારામ ! તમારા પૂર્વના હરિચરણના સેવેલા અધૂરા યોગથી મળેલા અવતારથી આપણી આજે જ્ઞાનગોષ્ટિનો તમને સમાગમ મળ્યો છે અને ભક્તિના માર્ગમાં જ્યારે આપ સત્યને

માર્ગે જાવ છો ત્યારે સત્યના માર્ગે સદ્‌ગુરુ શ્રી મહારાજ તમને ભક્તિના માર્ગમાં મળશે અને તમારો અધૂરો યોગ જરૂર પૂરો થશે. તેમનાથી લક્ષચોર્યાશી અથવા જન્મ-મરણના ફેરામાંથી મુક્તિ મળશે. તેનું સમાધાન તમને થશે, તે જ સત્ય પ્રત્યક્ષ પ્રમાણ સમજવું અને ખરો હરિ અંશ તે પરથી સમજી લેવો.

વિશેષમાં સદ્‌ગુરુ શ્રી મહારાજના સાનિધ્યમાં ચાલશો ત્યારે તમને પ્રત્યક્ષ પ્રમાણથી વેદ ધર્મનું જ્ઞાન સમજાવશે. ઉપાસના-પૂજન-અર્ચન કરવા સારું દઢતા રાખવાની, મનને સ્થિર રાખવાનું, આસ્થા બેસાડવાનું સદ્‌ગુરુ શ્રી મહારાજ પાસે સમાધાન થશે. સમાધાનનાં સાચાં પ્રમાણ સદ્‌ગુરુ પાસે છે. માટે ભૂલેચૂકે પણ દુનિયાના અજ્ઞાની માયાના બંધનમાં ફસાયેલા કપટી પુરુષ પાસે જવું નહિ.

વેદોએ જે નિષેધ કહ્યાં છે તેવાં કર્મો કદી કરવાં નહિ અને વેદોની આજ્ઞાનું પાલન કરવું. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય, અપરિગ્રહ, સમાનભાવ, ક્ષમા, નિષ્કપટ તેવા વેદ માર્ગનું પ્રેમથી આચરણ કરવું.

वेदोऽखिलो धर्म मूलम् । એટલે વેદ એ અખિલ ધર્મનું મૂળ છે. ગુરુ મહિમા અનંત અપાર છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે સંત શિરોમણી ! આપના સંત-સમાગમથી મને ખૂબ આનંદ મળ્યો છે. પૂજ્ય ગુરુવરની સમક્ષ મારા જેવા નાના સેવકને માટે, મારા જીવનના ઉદ્ધાર માટે, સદ્‌ગુરુ દર્શન માટે તમે વિનંતી કરો છો તે માટે આપને ધન્ય છે ! આ નાના અપરાધી સેવકને તો સદ્‌ગુરુ સમક્ષ જતાં સંકોચ થાય છે, પણ પરમાત્માની અસીમ કૃપાથી આ સંત સમાગમ થયો છે તો ભક્તિ માર્ગમાં આગળ જઈ સદ્‌ગુરુ મહારાજનાં દર્શન કરાવો. મારા મનમાં તીવ્ર ઉત્કંઠા થઈ છે. સદ્‌ગુરુ મહારાજનાં દર્શન જ અજ્ઞાન, અંધકાર, જડ સંસારમાંથી છુટવાનો સત્ય માર્ગ જ્ઞાન પ્રકાશ છે.

સંત શ્રી નાયાજી મહારાજ કહેઃ હે રાજન ! તમે બહુ જ પવિત્ર વિચારો અને સારી પંક્તિમાં છો, આપ જરા પણ નિરાશ થતા નહિ. સદ્‌ગુરુ મહારાજ દયાળુ છે, કૃપાળુ છે, મહાન છે, શાંત નિર્મળ, નિર્લેશ, અક્રોધ, પ્રેમાળ, ધીરજવાન છે. મારું જીવન દરેક કર્મ દોષ યુક્ત હતું. મારું ખાવું-પીવું, હરવું-ફરવું, ધંધો-રોજગાર તમામ પાપમય હતું. હું કોળી જાતિમાં અવતરેલો અને વળી મારા પરિવાર સર્વનો ધંધો જ

ચોરી-લૂંટ છેતરપીંડીનો જ હતો. તેથી મારાથી અનેક હિંસા-અધમ પાપ કર્મ થઈ ગયાં હતાં, કેટલીય હત્યાઓ અને પાપ કર્મ થયાં જેની ગણના નથી. જેટલાં વેદથી નિષેધ કર્મ છે તે તમામ મારા વહેવારના આચરણમાં હતાં. મારા જેવો કોઈ પણ અધમ પાપી ખોટાં કર્મ કરનારો નહિ હોય...!

તરણ-તારણ, જગત પાવન, નોધારાના આધાર, દીનાનાથ, દયાળુ, પતિતપાવન, દાતાર, કૃપાનાથ, અંતર્યામી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પોતે રથ લઈને પધાર્યા તેમને પણ માર્ગમાં અટકાવીને હું લૂંટવા ગયો, તેમને મેં ઘણાં કઠોર વચનો કહ્યાં, મેં એમનો અતિ તિરસ્કાર કર્યો, તો પણ તેઓ શાંત રહ્યા અને બ્રહ્મ સ્વરૂપ મુખમાંથી જરાપણ કટું વાણી ઓચર્યા નહિ. કપડાં, લત્તાં, માલ, બળદ-ગાડી તમામ પડાવી લેવાનો મેં વિચાર કર્યો. એટલું જ નહિ પણ તેમને મારવાનો વિચાર નક્કી કરી તીર ચડાવી મારવા ધાર્યું. છેવટે તીર કમાનથી જોડી ખાસ મારવા સારું જ તાણ્યું.

પણ દયાળુ દેવતા જરા પણ ક્રોધ ન કરતાં મને પાપ કરતાં એવી ચતુરાઈથી અટકાવી સમજાવ્યો કે પ્રથમ મારા હાથ પગ અટકાવી દીધા ! તીર પણ છુટવા ન પામ્યું. જ્યારે મારા હાથ પગ અદૃશ્ય શક્તિથી બંધાઈ ગયા તે વખતે મને ભય લાગ્યો કે આ મારું શરીર જે અટકી ગયું છે તે જીવન પર્યંત આવી દશામાં રહેશે તો મારી હાલત શું થશે ! મારી કેવી ગતિ થશે ! તે વખતે હું હાથપગ જરાએ હલાવી શકતો નહોતો. હે સંત ભાભારામ ! તે વખતે મારા મનની કેવી ગતિ થઈ હશે. મારું શરીર થરથર ધ્રૂજવા લાગ્યું. જ્યારે માણસને ઓચિંતો ભય આવી પડે છે, તે વખતે તમામ વૃત્તિઓ દબાઈ જાય છે. શરીર શૂન બની જાય છે. જ્યારે વૃત્તિઓનું દબાણ હોય ત્યારે જ સદ્‌વિચાર આવવાનો સંકલ્પ થાય છે. ત્યારે મને એવો વિચાર આવ્યો કે ઘડી પહેલાં કાંઈ પણ સંકલ્પ થયો ન હતો, ત્યારે આ મહાત્માને લૂંટવા જતાં મારી આ દશા થઈ. માટે હું એમના શરણમાં જાઉં અને એમની માફી માગું ! જેથી હું પાછો મારી સારી હાલતમાં આવી જાઉં. એમ ધારી તેમની આગળ અનેક પ્રકારે કાલાવાલા કરી વિનવવા લાગ્યો અને મનમાં મેં એવી રીતે નક્કી ધારણા કરી લીધી, કે જો હું મારી મૂળ હાલતમાં પાછો આવી જાઉં તો આ સમર્થ પુરુષનું શરણ કદીએ મૂકું નહિ. આવા મારા મનના વિચારો પણ બહાર આવવા લાગ્યા.

જ્યારે મારા શુદ્ધ વિચાર અંતર્યામીએ જાણી લીધા ! મારી મનોવૃત્તિ ઠેકાણે આવેલી જાણી, ત્યારે જ તેમને મારા પર દયા કરી. જેથી મારા હાથ પગનાં જે ગુપ્ત બંધન હતાં તે છુટી ગયાં. હું હાલવા-ચાલવા લાગ્યો. મને બીક એવી લાગતી હતી કે હવે પછી પણ કોણ જાણે શું થશે ! પણ એ દયાળુએ મારા ઉપર જરા પણ ક્રોધ ન કરતાં મારા ઉપર એટલો બધો ઉપકાર કર્યો કે તેનું હું અત્યારે જરા પણ વર્ણન કરી શકતો નથી. મારામાં એટલી બુદ્ધિ પણ નથી કે જે હું તેના ઉપકારનું વર્ણન કરી શકું. તો તેના આવા અથાગ ઉપકારનો બદલો વાળવાની મારામાં શક્તિ તો ક્યાંથી હોય ! તેવો મને અલભ્ય લાભ આપ્યો. પછી તેમને મારા પૂર્વ જન્મની વિતક કથા કહી સંભળાવી અને એમના આશીર્વાદથી મને એટલું બધું બ્રહ્મજ્ઞાન મળ્યું છે કે હું એકી સાથે સંસારની ત્રણે કાળની ખબર જાણી શકું છું, એવો મને સદ્‌ગુરુ શ્રી મહારાજે કૃતાર્થ કર્યો છે.

એવા દયાળુ મહાપુરુષ આગળ જતાં તમે જરા પણ સંકોચ કરશો નહિ. તમે મારા જીવનની હકીકત જાણી. હું કેવી રીતનો પશુ જેવો માણસ હતો ! જુઓ કેવી પંક્તિમાં મને લાવી મૂક્યો છે. અત્યંત નીચ કર્મો કર્યા છતાં પણ કેવો ઉપકાર એમણે કર્યો છે. જ્યારે તમે તો સારી નીતિથી સુધરેલા છો અને ભક્તિમય જીવન ગાળો છો. સદ્‌ગુરુ મહારાજ તમને ઓળખી ગયા છે માટે તમારોને મારો આ યોગ બન્યો છે. એવા દયાળુ આગળ જતાં જરા પણ મનમાં સંશય ન આણશો, જેના આગળ જવાનું છે અને જવાથી મોટો લાભ થવાનો છે, ત્યાં ગયા વગર ચાલવાનું નથી. આગળ-પાછળ, વહેલા-મોડા, પણ છેવટે જવાનું થશે થશે અને થશે જ ! તો હમણાં જ રાજીખુશીથી સદ્‌ગુરુ મહારાજને ચરણે જઈએ. જેથી આપણને અનેરો લાભ થાય. આવો અમૂલ્ય અવસર ફરી મળવો મુશ્કેલ છે. મને જરૂરથી તમારા માટે જ મોકલ્યો છે. તેથી તમે રૂબરૂ આવો અને સદ્‌ગુરુ મહારાજના વચનામૃતથી સંસારના અજ્ઞાન અંધકારનો નાશ કરી પરમાત્માના જ્ઞાન સ્વરૂપનો આનંદ માણો !

સંત ભાભારામ કહેઃ હે સજ્જન સંત ! મને સદ્‌ગુરુ મહારાજનાં દર્શનની ખૂબ તાલાવેલી લાગી છે, પણ એ મહાપુરુષના દર્શને જવામાં શું વિવેક કરવો તે મને શીખવાડજો. કારણ કે હું ઘણો જ અજ્ઞાની છું. હે સજ્જન સંત ! હવે તો મને પૂર્વ જન્મ યાદ થતાં વિયોગનો સંતાપ વધતો જાય છે. મારું મન તો એમ કહે છે કે હવે તો સદ્‌ગુરુશ્રી મહારાજથી અળગા ન રહીએ. તેમના નિત્ય ચરણામૃતનો, નિત્ય પૂજાનો

આનંદ માણીએ. આ ઘરબાર સંસારમાં મને ગમતું નથી ! સદ્‌ગુરુદેવની મૂર્તિ મનમાં રમ્યા જ કરે છે. તેમની અસીમ કૃપાથી તેમની દયાની દૃષ્ટિ મારા આત્માને જગાડે છે. પૂર્વજન્મનો ચિતાર આગળ આગળ ફરે છે (દેખાય છે). અહો વહાલા સદ્‌ગુરુજીની દયા પ્રેમ અપાર છે જેનો કોઈ પાર નથી. ખરેખર જેવો સંગ તેવો રંગ, જેવો આહાર તેવો વહેવાર. સદ્‌ગુરુજીના સ્મરણે મને ઘણું જ્ઞાન આવ્યું છે. હું તો સંસારની માયામાં અજ્ઞાનતાથી ભૂલો પડેલો હતો. ખરેખર સદ્‌ગુરુદેવ કેટલા દયાળુ છે. મારા મોહ માયાનાં બંધનથી મને છોડાવે છે, સૂતેલાને જગાડે છે. ચાલો જલદી ચાલો ! હે સંત નાયાજી મહારાજ ! તમે આજે પધાર્યા ન હોત તો હું કયે માર્ગે ચાલતો ક્યાં પહોંચ્યો હોત ! આપને ધન્યવાદ છે. આપે ઘણી દયા કરી મને આનંદમય બનાવ્યો.

હે મહારાજ ! સંત મહાત્મા નિષ્કુળાનંદ મને એમ સમજાવતા હતા કે સ્વામી શ્રી વિષ્ણુ નારાયણ તેનો અંશાવતાર શ્રીકૃષ્ણ અવતાર છે. તેની જ ઉપાસના કરવી ફળદાયક છે. તેની ઉપાસના કરો. પણ જ્યારે વેદાંતમાં સગુણ ઉપાસનાનું વિવેચન આવતું ત્યારે હું પૂછતોઃ "મહારાજ, વિષ્ણુ સાક્ષાત્ પૃથ્વી ઉપર વસી રહ્યા છે અને ઘટોઘટ બોલે છે, તે સકળ વ્યાપક છે, સર્વ વ્યાપક છે તો તેનું જ રૂપ લેખાય તો વિરાટ રૂપ સર્વનું એક થઈ શકે છે જે અલૌકિક નિરાકાર છે, તો સાક્ષાત્કાર કેમ થાય ? અને કેવળ રૂપનાં દર્શન કેમ થાય ? માટે મારા મનનું સમાધાન થવું જોઈએ !!

"ત્યારે સ્વામીજી તેનો ઉત્તર આવી રીતે દેતા. હરિ જે સગુણ રૂપે અવતાર લેતા આવે છે તે શ્રી મત્સ્ય, શ્રી કૂર્મ, શ્રી વરાહ, શ્રી નરસિંહ, શ્રી વામન, શ્રી પરશુરામ, શ્રી રામ, શ્રી કૃષ્ણ, શ્રી બૌદ્ધ એવા રૂપની જે ઉપાસના તે સગુણ ઉપાસના છે.

મને ફરી શંકા થતીને પૂછતોઃ વારું મહારાજ ! વિષ્ણુ ભગવાન જ્યારે પ્રગટ મનુષ્ય દેહમાં હોય ત્યારે સગુણ ઉપાસના થઈ શકે પણ જ્યારે પ્રગટ ના હોય તો સગુણ ઉપાસના કેવી રીતે થઈ શકે ?

ત્યારે મહારાજ ઉત્તર આપતાઃ ભગવાનની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરી મંદિરમાં પધરાવી તેની ઉપાસના તે જ સગુણ ઉપાસના છે.

પછી મેં પ્રશ્ન કર્યો કેઃ મહારાજ ! આજે શ્રીકૃષ્ણ પરમાત્માની પ્રતિમા કેમ પૂજાય છે ? તેનું શું કારણ છે ? તે સમજાવો.

સ્વામીજી કહેતા કે: જ્યારે વિષ્ણુ ભગવાન નર દેહમાં જ્યારે જ્યારે પ્રગટ આવતા ત્યારે ત્યારે તેમની પૂજા થતી અને ત્યારપછી ભગવાન જ્યારે બીજો અવતાર લેતા ત્યારે તે પ્રતિમાનું ઉથાપન કરી દરિયામાં પધરાવવામાં આવતી, એટલે તેનું ઉથાપન થતું અને પછી અવતાર થવાથી તે પ્રતિમાનો અનાદર થતો. આવી વાત કરતા. પણ આજે તમારા મેળાપથી તમારા સમાગમથી મને ખૂબ આનંદ થયો છે. બંનેને એ પણ વાત જાણવા મળી કે ભગવાનના અનેક રૂપ ગુણ અને કર્મની લીલા વેદ શાસ્ત્રમાં વર્ણવેલ છે અને તેમ દરેક અવતારોની મૂર્તિઓ, મંદિરો, પ્રાર્થનાઓ, નામ કીર્તન આપણી આગળ દર્શન રૂપ છે. જેમ ભગવાન પરશુરામની હયાતીમાં પરમાત્મા રામચંદ્રજી સ્વરૂપે જગતમાં પૂજાયા અને પરશુરામજીનો જ્ઞાન દીપ શ્રી રામચંદ્રજીમાં પ્રગટ થયો, તેમ આજે શ્રી હરિના નવ અવતાર પૂર્ણ થતાં શ્રી નારાયણ હવે શ્રી નિષ્કલંકી છે. જે પાપના વિનાશ માટે ધર્મની સ્થાપના માટે પ્રગટ થશે તે શ્રી નિષ્કલંકી નારાયણ પરમાત્માને વારંવાર વંદન.

સંત શ્રી નાયાજી મહારાજ કહે: હે મારા ગુણવંતા શિરોમણી મિત્ર, તમને ધન્ય છે. તમારા પ્રેમને અને પૂર્વ સંચિતને કે જેથી તમને આવો સત્ય બ્રહ્મ રંગ લાગી રહ્યો છે.

હે ગુણવાદી ભાભારામ ! મારી વાત પર સચોટ વિશ્વાસ અને શ્રદ્ધાથી રંગાઈ ગયા છો માટે આપને ધન્યવાદ છે. પરંપરાથી આપના કુલગુરુથી તેમજ ગુરુકુળથી ચાલતો આવેલો મહા ધર્મ જેમાં તમારા વડીલોએ પણ કીર્તિ અને આબરૂ વધારેલ છે અને ગુરુ મહિમા ગાયેલ છે. તેઓ વેદ આધારે રહેલાં વેદ વચનમાં દૃઢ શ્રદ્ધા રાખી હતી તેથી જ આજ તેમના યશ ગવાય છે. તેવી જ રીતે વર્તમાનમાં ચાલતા વેદ વારાને માન આપશો તો તમારી પણ આબરૂ અને કીર્તિ વધશે. જેમ વડીલો વેદ અનુસારે વર્તી ગયા તેમ હમણાં આપણે વર્તીએ તો તેથી પણ વિશેષ પ્રતિષ્ઠા આપણે મેળવી શકીએ.

હે મિત્ર ! કોઈ અજ્ઞાની માણસને પણ સંત સમાગમ થાય અને તે અધર્મથી છુટે અને પછી તે જો ધર્મને માર્ગે ચાલે તો કર્મના અનેક દોષોથી મુક્ત બને છે તેમજ અનેક સંકટો અને સંસારના અંધકારથી મુક્ત થાય છે. આત્માના જ્ઞાનથી પોતાનામાં કલિયુગનો નાશ થાય છે અને સત્‌યુગ પ્રાપ્ત થાય છે. હે સજ્જન સંત ! ઈશ્વરથી

વિમુખ જીવ ક્યારેય સુખ પ્રાપ્ત કરી શકતો નથી અને તેને ભવાટવીમાં ભટકવાનું ચાલુ જ રહે છે. માટે વેદો-શાસ્ત્રો વિમુખ કોઈ અજ્ઞાની માણસનો ઉપદેશ લેવો નહીં, વેદોની-શાસ્ત્રોની જ આજ્ઞાનું પાલન કરવું.

સંત શ્રી ભાભારામ કહેઃ "હે સંત ! મને મહાસંત નિષ્કુળાનંદ તેઓએ જે કૃપા જ્ઞાન બતાવેલ તેની શું વિશેષતા છે તે સમજાવો."

સંત શ્રી નાયાજી મહારાજ કહેઃ હે સંત ભાભારામ ! ભક્ત એ શબ્દ તે મહામૂલ્ય વાત છે. એનો અર્થ સંત અને સાધુ એવો થાય છે પણ સંત દેખાવના નથી હોતા. સંત તો ભક્તિનું આચરણ કરે છે કરાવે છે. સંત નિર્મોહી અને ત્યાગી હોય છે. સંત ત્રીસ લક્ષણવાળા હોય છે. કાયિક, વાચિક, માનસિક તપ વડે અંતઃકરણની પવિત્રતાથી જ્ઞાન પામીને ઈશ્વરની જે સમીપ રહે છે તેઓ જ પ્રભુના ખરા ભક્તો છે. જેઓ દરરોજ નહાવું, ધોવું, તીર્થ, યાત્રા, દાન, પુન્ય વગેરે નિત્ય કર્મ ભલે કરતા હોય પણ અંતઃકરણ જ્યાં સુધી ઉજળાં ન હોય ત્યાં સુધી સાચું જ્ઞાન-ભક્તિ ઉદય થતાં નથી અને તે સાચા ભક્ત પણ કહેવાતા નથી.

ભક્તિમાં પૂર્ણ પ્રેમ હોય, વૈરાગ્ય થયો હોય તો જ જ્ઞાનનો ઉદય થાય. જ્ઞાન વગર ભક્તિ આંધળી છે. ભક્તિ વગરનું જ્ઞાન માત્ર વાણી વિલાસ અને અજ્ઞાનીનાં દિલ હરવાવાળું છે. **"લીખના પઢના ચાતુરી, એ બાતાં સબ સહેલ, કામ દહન મન વસ કરના, ગગન ચડના મુશ્કિલ."**. હું પરમાત્માનો અંશી જીવ છું, હું જ બ્રહ્મ છું, ઈશ્વર સત્ય છે, જગત મિથ્યા છે, સંસાર સપનું છે, તે તો મિથ્યા કલ્પના છે એટલું જાણે તે સંત છે. તે જ પૂર્ણ જ્ઞાની છે.

આ કલિયુગમાં નામ સ્મરણનો મહિમા મોટો છે. માટે શ્રી નિષ્કલંકી-કલ્કિ નારાયણના નામનું સ્મરણ કીર્તન ભક્તિ કરવી તેથી વિશેષ બીજું કાંઈ નથી. એમાં કોઈ પણ કષ્ટ પડતું નથી. મનુષ્ય સાચી શ્રદ્ધા અને વિશ્વાસથી ભક્તિમાં રંગાય છે ત્યારે અંતરમાં ભક્તિની અદ્‌ભુત ધૂન લાગે છે અને શુદ્ધ સ્વરૂપનું પૂર્ણ જ્ઞાન થાય છે. પરમાત્મા શ્રી વિષ્ણુ સ્વરૂપ શ્રી નિષ્કલંકી નારાયણનું સ્મરણ કરતાં કરતાં પ્રભુના સગુણ સ્વરૂપ પર પ્રથમ પ્રીતિ જોડાય છે. જેથી તેને સગુણ સ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે અને તેવી ભક્તિવાળો જીવાત્મા નિર્ગુણ પરમાત્માને પામે છે. વર્તમાનમાં પરમાત્મા નામ સ્મરણ એ જ મોક્ષનો

માર્ગ છે. નામ સ્મરણથી તેમજ પરમ પ્રેમ લક્ષણા ભક્તિથી ભક્ત પરમાત્માનાં નિરાકારમાંથી સાકાર સ્વરૂપનાં દર્શનની પ્રાપ્તિ કરી શકે છે.

ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કેઃ "નિર્ગુણ બ્રહ્મની ઉપાસના કરનાર દેહધારી પુરુષોને ઉપાસનાનું કષ્ટ થાય છે અને અવ્યક્ત ગતિ મહા પ્રયાસથી પ્રાપ્ત થાય છે." માટે શ્રી નિષ્કલંકી નારાયણનું સ્મરણ કરવાથી તેમનાં દર્શનની અભિલાષા થાય છે, એ જ સાચી પ્રેમ ભક્તિ છે. પ્રભુ તો કેવળ પ્રેમને જ વશ છે અને એ જ સાચો વૈરાગ્ય છે. એ પ્રમાણે પરમાત્મા ઉપર પૂર્ણ પ્રીતિ થવાથી આ સંસારની મિથ્યા એવી માયાયિક વસ્તુઓ પર આપોઆપ વૈરાગ્ય થાય છે. જ્યારે સંસારથી વિસ્મૃત થવાય છે, ત્યારે આપોઆપ સંસાર ભૂલાય છે. આ મનુષ્ય દેહ વારે વારે મળતો નથી અને જ્યારે મળ્યો છે ત્યારે આત્મજ્ઞાનની પ્રાપ્તિ કરી સંસારના મોહબંધનથી છુટી જવું જોઈએ.

ભક્તિ અને જ્ઞાન પામવા આ મનુષ્ય દેહ મળ્યો છે તે સાચી વાત છે. કારણ કે મનુષ્ય એ તત્ત્વજ્ઞાનનો ખજાનો છે. મનુષ્ય ચિંતામણિનું સ્વરૂપ છે. મનુષ્ય જે ચિત્તવે તે થઈ શકે છે, માટે મનુષ્ય રત્ન ખજાનાને આપણે માણીએ અને જીવનને ધન્ય બનાવીએ. સંસારની પ્રવૃત્તિમાં અનેક પ્રકારે સંસારના વૈભવ સુખને કારણે જીવાત્માએ અજ્ઞાન અંધકારમાં રહેતાં પ્રપંચ, છળ, કપટ કરતાં કેટલાય આવા અમૂલ્ય જન્મો ગુમાવ્યા છે, પરંતુ પ્રભુની અસીમ કૃપા થાય ત્યારે તેને સંત દર્શન પ્રાપ્ત થાય છે. સંતોના સમાગમથી જીવ જાગૃત થાય છે. એટલે તો કહેવાયું છે કે : **"પાપે પીડાતા પ્રાણીયોના પાપને પરિવારવા, સૌને સ્વધર્મની જાણ કરવા, સંતનો અવતાર છે."** હે જીવ ! તું જાગ્રત થા ! તારા સ્વરૂપને તું ઓળખ. હે સજ્જન ! જ્યાં સુધી યુવા અવસ્થા છે ત્યાં સુધી હરિ ગુણ ગાઈ લે. તારું શુભ થાય તેવું કાંઈક કમાઈ લે. કમાણીનો હિસાબ એક દિવસ પરમાત્માના દરબારમાં દેવો જ પડશે. માટે ભક્તિના માર્ગને અનુસરીને સદ્‌ગુરુ મહારાજના જ્ઞાનામૃત થકી પરમાત્માનાં દર્શનની પ્રાપ્તિ કરી લ્યો.

કારણ કે આ દેહ ક્ષણભંગુર છે. તેનો ક્યારે નાશ થાય તેની કોઈને ખબર નથી. માટે **"કાલ કર સો આજ કર, આજ કર સો અબ, પાંચ તત્ત્વ કા પૂતલા, પડ જાયેગા ધબ."** પાણી પહેલાં પાળ બાંધવી એ જરૂરી છે. જે માણસ યુવાનીમાં સંસારની માયામાં અંધ બને છે પછી ઘડપણમાં તેનાથી ભક્તિ થઈ શકતી નથી. અશક્ત થયા પછી તેનું જીવન સાધુ જેવું જ છે પણ તેનો કોઈ અર્થ સરતો નથી અને સંતાપ વધતો જાય છે. તેથી ગમે

તેટલા સાધુપણાનો કે સજ્જનપણાનો ડોળ કરે તો પણ તેની મનોવૃત્તિઓ ભટકતી રહે છે. ગમે તેવો ઉપરનો વેશ કર્યો હોય તો પણ તે નકામો છે. મૂળથી જ સારી વૃત્તિ તથા શુદ્ધ વર્તણૂંક રાખવામાં આવે તો જ જ્ઞાન માર્ગને પામે છે. અનુભવ થાય તો જ મનોવૃત્તિ શુદ્ધ રહે છે અને પાછલી અવસ્થા સુધરે છે. યુવાનીમાં કરેલી ભક્તિથી સદાચારણીય થઈ ઈશ્વરનું ભજન કરવું કે જેથી વૃદ્ધાવસ્થામાં પસ્તાવું પડે નહિ.

શુદ્ધ ચિત્તની ભક્તિ મોક્ષના સાધન તરીકે ગણાય છે. તેમજ તે મોક્ષ રૂપ પણ છે. માટે ભક્તિ અને જ્ઞાન તે એક બીજાનાં પૂરક છે અને એક જ છે તેમ જાણવું. ભક્તિ વગર જ્ઞાન ઉદય થતું નથી. જ્ઞાન વગર ભક્તિ પણ નકામી છે. સર્વ જીવોમાં પ્રેમભાવ થવો, સમભાવ દૃષ્ટિ રાખવી અને સંસારના વિષયોમાં બંધન ન થવું. તેમજ ઈશ્વર પ્રાપ્તિમાં જે પ્રેમલક્ષણા ભક્તિ છે તે જ સાચી ભક્તિ ઉપાસના કહેવાય છે. આધ્યાત્મિક ઉન્નતિ માટે ભક્તિ, ક્રિયા, ઉપાસના એ મનુષ્યનું જરૂરનું કર્તવ્ય છે, જ્યારે વહેવાર પ્રત્યે પ્રેમ એ દુઃખ આપનાર છે. એમાં જે સુખ જેવું દેખાય છે તે માત્ર ભાસ છે. ભક્તિ અથવા ઉપાસના સર્વ સુખ મેળવવાનું સહેલામાં સહેલું સાધન છે. પરંતુ તેનું શુદ્ધ મનથી શ્રદ્ધાપૂર્વક આચરણ કરવું જોઈએ. વહેવારમાં માતૃભક્તિ, પિતૃભક્તિ, ગુરુ ભક્તિ, સ્વદેશ ભક્તિ કરવાની પણ જરૂર છે. સાથે સાથે વેદમાં કહેલા નિત્ય નૈમિત્તિક કર્મોનું પણ નિષ્ઠાપણે અનુષ્ઠાન કરવાથી ચિત્તની શુદ્ધિ થાય છે. ઈત્યાદિ સાધનો વડે અંતઃકરણની શુદ્ધિ દ્વારા જ્ઞાન થાય છે અને જ્ઞાનથી મોક્ષ મળે છે. માટે જ્ઞાની મહાત્માઓનો આશરો લેવો અને ભગવાનને ઓળખી આત્માનો ઉદ્ધાર કરવો એ જ મનુષ્ય જન્મને માટે હિતાવહ છે.

પારકો છતાં જે ઔષધોની જેમ આપણું હિત કરનાર હોય તેને જ પોતાનો જાણવો અને જે પોતાનો છતાં અહિત કરનાર હોય તેને રોગ સમાન જાણવો. શરીરના રોગી અંગને તો કાપી નાખવું જોઈએ, જેથી શરીરના બીજા અંગમાં રોગ ફેલાતો અટકે. માટે જો પોતાનાં જ હોય અને શત્રુ તુલ્ય હોય, જેવા કે ભક્તિ માર્ગને અવરોધ કરતાં હોય, જે દુરીજન હોય તેને રોગોની સમાન ગણી ઝટ તજવાનો ઉપાય કરવો. જેમના દર્શન માત્રથી ભવાટવી રૂપી દુઃખ રોગનો સમૂળગો નાશ થાય તેવા મહાપુરુષને શરણે જવું જોઈએ.

આ મનુષ્ય દેહ જે ધારેલું પરિણામ આપનાર છે. તે ક્ષણભંગુર પણ છે અને ફરી મળવો દુર્લભ પણ છે. ડાહ્યા માણસોએ ધર્મ વિષયો સંબંધી વિચાર યુવા અવસ્થામાં જ કરવો જોઈએ. જેમ સુખ-દુઃખ સર્વ પ્રાણીઓને ઇચ્છા ઉપરાંત આવી પડે છે. તેમ આ દેહ ધર્યાના કારણથી જ સર્વે અવસ્થામાં સંસારના સર્વે પદાર્થોથી મળતું સુખ મેળવવામાં જ મનુષ્ય પોતાના આયુષ્યનો ઉપયોગ કરે તો પરમેશ્વરના પદને શી રીતે પામે ? માણસનું આયુષ્ય ઘણામાં ઘણું સો વર્ષનું હોય છે. તેમાં અડધું ઊંઘવામાં જાય છે અને બાકીના આયુષ્યમાંથી બાલ્યાવસ્થા તો ભણતર ગણતર શીખવામાં જાય છે અને યુવાવસ્થા કામ, ભોગ વગેરે પ્રવૃત્તિમાં જાય છે. વૃદ્ધાવસ્થામાં સપડાયેલો માણસ ચિંતામાં જીવન ગાળે છે. બાકીનું પાછલું જીવન શરીરમાં વૃદ્ધાવસ્થા આવતાં શક્તિહીન બને છે અને સંસારના દરેક પ્રકારના મોહબંધન વિષય વાસના અતિ સંતાપે છે. એટલે ખાવાપીવાના તથા ભોગ ભોગવવાના અનેક પદાર્થો એ સર્વેની મોહજાળમાં ઇંદ્રિયોને વશ રહેનાર જીવ ફસાયા વિના કેમ રહે ? માટે આ સંસારના વિષયો રાક્ષસો જેવા છે. તેના ઉપરથી આસક્તિ ઉઠાવી આદિ દેવ જે પરમાત્મા નારાયણ નિરંજનને શરણે થાવ. તેમ ન ધારશો કે ભગવાનને પ્રસન્ન કરવામાં મનુષ્યને બહુ શ્રમ પડે છે. પરમાત્મા સર્વ પ્રાણીમાત્રના પદાર્થોના અંતઃકરણમાં રહેલો છે. વૃક્ષ જેવા સ્થાવર પદાર્થોથી માંડી અને છેક બ્રહ્મદેવ પર્યંત ઈશ્વર વ્યાપી રહેલો છે. માટે માણસે અસુર સ્વભાવને તજીને પ્રાણીઓ વિષે દયાભાવ તથા મિત્રભાવ રાખવો, સદાચરણથી ચાલવું. કારણ કે તેમ કરવાથી ઈશ્વર પ્રસન્ન થાય છે. જેને ઈશ્વર પ્રસન્ન થાય છે તેને કોઈ પણ વસ્તુ દુર્લભ નથી. પરમેશ્વરની સાચી ભક્તિનો મહિમા આટલો બધો ફળદાયક છે તો પછી આપણે ઈશ્વર ભક્તિ છોડીને શા માટે સંસારના ક્ષણિક પદાર્થોમાં લુબ્ધ થવું જોઈએ ?

પરમેશ્વર એક છે, પરમેશ્વર નિત્ય છે, પરમેશ્વર જ્ઞાન સ્વરૂપ છે અને આનંદમય છે. જન્મ, સ્થિતિ, વૃદ્ધિ, રૂપાંતર, ક્ષીણતા, નાશ જે જોવામાં આવે છે તે સર્વ પરમેશ્વરને લાગુ પડતાં નથી. જેમ કે આત્મા નિત્ય છે ત્યારે સ્થૂળ દેહ મળ મૂત્રાદિકના કારણથી અપવિત્ર છે. આત્મા એક છે ત્યારે સ્થૂળ દેહો અનેક છે. આત્મા માત્ર પદાર્થ અને માત્ર પ્રાણીને જાણનાર ચેતન છે ત્યારે દેહ જ્ઞાન રહિત જડ છે. આત્મા દેહ આધાર છે ત્યારે સ્થૂળ દેહ આ વિકારને આધિન છે. આત્મા પોતે પ્રકાશ રૂપ છે ત્યારે સ્થૂળ દેહ આત્માના પ્રકાશથી ભાસે છે. આત્મા પરમ કારણ રૂપ છે ત્યારે સ્થૂળ દેહ કાર્ય રૂપ છે. આત્મા સર્વ વ્યાપક

છે ત્યારે સ્થૂળ દેહ સંગ વાળો છે. આત્માને આવરણ થઈ શકતું નથી ત્યારે સ્થૂળ દેહનું આવરણ વસ્ત્રાદિકથી થઈ શકે છે. આ બાર લક્ષણથી બુદ્ધિમાન મનુષ્યોએ દેહાદી વિષે 'હું' ને 'મારું' એવી બુદ્ધિનો ત્યાગ કરવો જોઈએ. જાગૃત, સ્વપ્ન, સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ બુદ્ધિની છે અને જેની સત્તાને લીધે અનુભવ થઈ શકે છે તે અંતકરણનો નિયંતા સાક્ષી આત્મા સર્વથી શ્રેષ્ઠ છે. માટે હે રાજન ! જે બુદ્ધિ પોતાનામાં રહેલા ગુણ કર્મોના કારણથી આ સંસારને જણાવે છે તે બુદ્ધિને પરમેશ્વરમાં લય કરવી જોઈએ.

બ્રહ્મજ્ઞાન આપનાર મહાત્માની સેવાથી, પરમેશ્વરના ગુણ કીર્તનથી તથા ધ્યાનથી, પરમેશ્વર સર્વ પ્રાણી પદાર્થમાં રહેલો છે એવી ભાવનાથી અને ઇંદ્રિય સંયમથી આત્માના સ્વરૂપનું જ્ઞાન થાય છે. પરમેશ્વર જે અંતઃકરણમાં આત્મા સ્વરૂપે પ્રગટ થાય છે અને પ્રાણીમાત્રનો મિત્ર છે તેની ઉપાસના કરવામાં ભારે શ્રમ પડતો નથી. ધન, સ્ત્રી, પુત્રાદિક, સંપત્તિ, પશુઓ, ઘર, પૃથ્વી, હાથી, ઘોડા અને ભંડાર એ સર્વ વૈભવ જે ક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળાં છે. તે મનુષ્યનું કેટલું હિત કરી શકે એમ છે તે કાંઈ સમજાવું પડે તેમ નથી. તે જ પ્રમાણે યજ્ઞાદિથી મેળવેલાં સ્વર્ગાદિ પણ નાશવંત છે. માટે તેમના વિષે પણ આસક્તિ ધરવી ઉચિત નથી. માત્ર પરમેશ્વર કે જેનામાં એક પણ દોષ જોવામાં કે સાંભળવામાં આવતો નથી, તેની શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરી આત્માનો સાક્ષાત્કાર કરવો એ જ મોક્ષ રૂપ પરમ પુરુષાર્થ છે. પછી તે પુરુષ બ્રાહ્મણ હોય, દેવ હોય, ઋષિ હોય, સદાચારી હોય, શાસ્ત્રીય જ્ઞાની હોય, દાતા હોય, તપસ્વી હોય કે યજ્ઞાદિક ધર્મ કર્મ કરનારા હોય કે પછી ચાંદરણા આદિ વ્રત પાળનાર હોય પણ તે જો પરમાત્મા વિષ્ણુ નારાયણના અવતાર પાત્રથી વિમુખ કે અજ્ઞાન હોય અને તેથી તે સાચી ભક્તિથી રહિત હોય તો ઉપરના સર્વે આચરણો ધર્મો સઘળું એ અધૂરી ભક્તિ ગણાય.

વિષ્ણુ પરમાત્મા નામ કેવળ સત્ય સ્વરૂપ છે. સદાય અસંગ છે, નિર્ગુણ છે, નિર્લેપ છે, નિર્વિકાર છે, નિષ્કલંક છે. તે જ્યારે જ્યારે પૃથ્વી ઉપર ધર્મનો લય થાય છે ત્યારે ત્યારે પોતે સગુણ રૂપે આવે છે. તેને કદી પણ કોઈ જાતનું કલંક આવતું નથી. તેથી સદા નિર્ગુણ નિરાકાર છે. તેથી તેનું નામ નિષ્કલંક છે. તે પૂર્ણ બ્રહ્મ સ્વરૂપ છે. એ પરમાત્માએ અનેક પ્રકારની લીલાઓ કરી ઈશ્વરના પરમ ભક્તોને ઘણો બધો અદ્વિતીય આનંદ આપ્યો છે અને અસુરોનો નાશ કર્યો છે. એવી પરમાત્માની માયાની

વિચિત્ર લીલા છે. એ તો હંમેશાં નિસંગ આત્મા છે. એમને કોઈ જાતનો લય કે કલંક નથી. એ સદાને માટે નિર્લેપ પરબ્રહ્મ આત્મા છે.

વેદો, પુરાણો, શ્રુતિઓ, સ્મૃતિઓ, ઉપનિષદો અને સંતોનાં તત્ત્વજ્ઞાન વગેરે વાંચવાં, સાંભળવાં. તેમાં સાર અસારનો વિચાર કરી વિવેકથી તેને ગ્રહણ કરવાં જોઈએ. એ જ મનુષ્યનું લક્ષણ છે. સંત પુરુષો દુ:ખને પણ સુખનું સાધન કરી લે છે. કારણ કે સુખ-દુ:ખ મનના ધર્મ છે. તેમ જ મનુષ્ય માત્રે સુખ-દુ:ખમાં સમાન રહેવું જોઈએ.

"સુખમાં છલકાય નહિ, દુ:ખમાં રડાય નહિ. ભક્તિ ભૂલાય નહિ." ઈશ્વર કૃપાને પુરુષ પ્રયત્ન. એ મહાવાક્યનો પ્રયોગ દરેક મનુષ્યે કરવો જોઈએ. બાલ્ય, યુવાન કે વૃદ્ધ હોય પરમ કૃપાળુ પરમેશ્વર અવશ્ય મદદ તેને કરે છે. નવે અવતારમાં ભક્તોના ચરિત્રોના મહિમા એમના સ્પષ્ટ આધાર અવતાર છે. ખાસ કરીને સુખના વખતમાં પુણ્યનો ક્ષય થાય છે અને પ્રભુ સ્મરણના વખતમાં પાપનો ક્ષય થાય છે. એમ માની આત્માને સંતોષવો જોઈએ. ભક્તિ દુર્બળને બળ, નિરાશ્રયને આશ્રય, અસહાયને સહાય અને મૃતકને જીવન આપનારી છે. ભક્તિ અસમર્થને ભક્તિ સાધનાથી સમર્થ કરી મૂકે છે. વસ્તુતઃ તે ભક્તિ એક મહાશક્તિ છે. તે શક્તિના બળથી માણસ પોતાના વર્તમાનના તથા પૂર્વના પાપો નિર્મૂળથી ક્ષય કરી નાખી સદાના સુખને પામે છે. પણ **"ફળને અર્થે ભજે સારંગ પ્રાણ. તેને દુકાનદારી પૂરણ જાણ"** - માણસ માત્રે વેદો તથા સદ્‌ગુરુએ આપેલ સદુપદેશ અને ધર્મના નિયમોનું પાલન કરવું. બોલેલું વચન પાળવું તેના જેવું બીજું એકપણ શ્રેષ્ઠ ધર્મ કાર્ય નથી. જો વચન મિથ્યા જાય તો બધાં કાર્યો નિષ્ફળ જાય છે. (રઘુકુળકી રીત સદા ચલી આઈ, પ્રાણ જાય પણ વચન ન જાય). સત્ય વચન એ જ્ઞાનીઓના ધર્મનું એક માત્ર સાધન (નિશાન) છે.

આ માયાવી સંસાર ઘણો વિચિત્ર છે. તેમાં મૃત્યુ ભય કે બીજા જ્ઞાન દ્વારા મનુષ્યોને નિત્ય નવું નવું જ્ઞાન વારંવાર આપવામાં આવે છે. છતાં અજ્ઞાની મનુષ્યો તે મૃત્યુના ભયથી ઉપેક્ષિત રહીને પણ આ અસાર સંસારમાં સદા મગ્ન રહે છે. મનુષ્ય વૃદ્ધાવસ્થાને પામતો જાય છે ત્યારે તેના કેશ, દાંત, ચક્ષુ અને શ્રોતાદિક ઇંદ્રિયો જીર્ણ થતી જાય છે, જ્યારે તૃષ્ણા તેની યુવાન થતી જાય છે. મૂર્ખ મનુષ્ય મોહ નિદ્રામાંથી જાગતો નથી. એક એક પળ જતી રહે છે, છતાં તેને જાણતો નથી. ગઈ પળ પાછી આવતી નથી તે પણ એ સમજતો નથી. માટે હે ભાભારામ ! જીવાત્મા માતાના ગર્ભમાં હતો

ત્યારે પ્રાર્થના કરતો હતો કે **"જો આ નરકમાંથી છૂટું તો હરિ ગુણ ગાઉં, ફરી કદી ગર્ભવાસમાં ન આવું."** પણ તૃષ્ણાએ તેને બંધનમાં નાખી અધર્મ રૂપી મોટા કૂવામાં ઉતારી મૂકયો છે. માટે તેવી તૃષ્ણાઓનો માણસે જરૂર ત્યાગ કરવો જોઈએ. સંસારના ક્ષણિક સુખથી સંતોષ માની પરમાત્માની કૃપાથી સંસાર બનાવનાર પરમાત્માને શરણે જવું જોઈએ.

પુરુષાર્થ વિના કોઈ પણ કાર્ય સિદ્ધ થઈ શકતું નથી. શાસ્ત્રો કહે છે કેઃ મનુષ્ય જે અર્થની ઈચ્છા તથા પ્રયત્ન કરે અને તેમાં પાછો ફરે નહિ તો તે જરૂર પુરુષાર્થ સિદ્ધ કરી પોતાની કામનાને પ્રાપ્ત કરે છે.

પુરુષાર્થ યત્ન કોને કહેવાય કે જે સંતજન તથા સત્‌શાસ્ત્રોના ઉપદેશ રૂપ આચરણ કરી તેના અનુસારે ચિત્તથી વિચરણ કરવું તે પુરુષાર્થ યત્ન છે. તેને જ અનુસરી જે કામના (ઈચ્છા) કરવામાં આવે છે તે કામના (ઈચ્છા) ઉત્તમ કહેવાય છે. જો તેનાથી વિપરીત કામના (ઈચ્છા) કરવામાં આવે તો તે ઉન્મત્ત કામના (ઈચ્છા) કહેવાય છે. કામના (ઈચ્છા) માટે જે વસ્તુનો પુરુષ યત્ન કરે અને પવિત્ર ભાવથી સંકલ્પ કરે તો પરમાત્મા તેમના સંકલ્પનો સ્વીકાર કરે છે, તેમજ પૂર્વના સંસ્કારો બળવાન હોય તો તેનો જય થાય છે અને જો વિદ્યાવાન પુરુષાર્થ બળવાન હોય તો પૂર્વના સંસ્કારોને તે જીતી લે છે.

જે જીવાત્મા સત્સંગ કરે છે તથા સત્‌શાસ્ત્ર અનુસાર વિચરે છે અને વૈરાગ્ય પ્રાપ્ત કરે છે તેમના પૂર્વના સંસ્કારો બળવાન છે. વળી સત્સંગ કરે અને વેદશાસ્ત્રનો દઢપણે અભ્યાસ કરે તો પૂર્વના સંસ્કાર અને પુરુષાર્થના યત્ને કરી જીતી લે છે. જો સત્ય પુરુષાર્થ મંદ પડે તો બુદ્ધિ અજ્ઞાનને પામે છે. કેમ કે પુરુષાર્થ પ્રયત્ન બળવાન છે. જ્ઞાનવંત સંત પુરુષો છે તેમની દિવ્યવાણી અને સત્‌શાસ્ત્રો જે બ્રહ્મવિદ્યા છે તેના ઉપદેશ અનુસારે પ્રયત્ન ઉદ્યમ કરવો એનું જ નામ પુરુષાર્થ છે. જેમ પ્રકાશ વિના પદાર્થનું જ્ઞાન થતું નથી તેમ પુરુષાર્થ વિના કાર્યની સિદ્ધિ થતી નથી. તેમ જે માણસ પુરુષાર્થને તજી દઈને કહે છે કે-દેવ કરશે અથવા ભાગ્યમાં લખ્યું હશે તેમ થશે, તો તે કેવળ અજ્ઞાન છે.

સત્સંગ અને સત્‌શાસ્ત્ર અનુસાર જે પુરુષાર્થ કરે છે તે સદાય સુખ અને સિદ્ધિને પામે છે. તેમને આલોક અને પરલોકમાં પણ સુખની પ્રાપ્તિ થાય છે. પૂર્વના કરેલા પુરુષાર્થ છે તેનું જ નામ દૈવ છે, અન્ય દૈવ કોઈ નથી. જો પૂર્વના પુરુષાર્થ નબળા

હોય તો પણ સત્સંગ, સંત પુરુષોનો સમાગમ, સત્‌શાસ્ત્રના વિચારથી, શ્રવણથી પૂર્વના સંસ્કારોને શુભ પુરુષાર્થ વડે મનુષ્ય જીતી લે છે. જેમ અજ્ઞાનનો નાશ જ્ઞાનથી થાય છે અને જ્ઞાનથી સત્ય પુરુષાર્થ થયો છે તે પાપના બંધનથી છોડાવે છે. માટે ગુરુ અને સત્‌શાસ્ત્રના ઉપદેશ વડે પુરુષાર્થ દ્વારા જીવાત્માના ઉદ્ધારની સિદ્ધિ પ્રાપ્ત થાય છે. ત્યારે દેવ કાર્ય કરનારો છે અથવા ભાગ્યમાં જેમ લખ્યું હશે તેમ થશે તે વાત સર્વ ખોટી છે.

વળી જ્યારે પ્રાણાત્મા શરીરને છોડી જાય છે ત્યારે શરીર નાશ પામી જાય છે. તેનાથી કોઈ પણ ક્રિયા થઈ શકતી નથી. કેમ કે ક્રિયા કરનાર પ્રાણ છે તે તો ચાલ્યો ગયો છે. જો દેવ કરતા હોય તો ચૈતન્ય રહિત શરીરથી પણ સર્વ ક્રિયા કરી શકાય. તો તેમ થઈ શકતું નથી. જેઓ મહાસત્યવંત છે તેઓ પણ પોતાના પુરુષાર્થ વડે જ ઊંચ સ્થિતિને પામ્યા છે. માટે દૈવ શબ્દ મિથ્યા ભ્રમણા જાણવી. સંતજન અને સત્‌શાસ્ત્રના ઉપદેશ અનુસાર પોતાના પુરુષાર્થ વડે આત્મપદ વિષે સ્થિર થવું જોઈએ. મનથી, બુદ્ધિથી, વિચારથી, જ્ઞાન થાય તો પોતાના સ્વરૂપનાં દર્શન થાય. જ્યાં સુધી વહેવારની દૃષ્ટિએ પણ મન બુદ્ધિ સ્થિર થાય નહિ ત્યાં સુધી સંકલ્પનો સાચો નિર્ણય થઈ શકતો નથી. માટે સત્સંગ અને સત્‌શાસ્ત્રના જ્ઞાન વડે મલિન વાસનાને દૂર કરવી જોઈએ.

મોક્ષનાં સાધન :-

જે ઉત્તમ મનુષ્ય છે, તેને પોતાના પ્રારબ્ધ પ્રમાણે સુખ-દુઃખના સંજોગો આવ્યા કરે છે. છતાં સદ્‌ગુરુ સત્‌શાસ્ત્રના દૃઢ આધાર પ્રમાણે પુરુષાર્થ કરી મનુષ્ય શ્રેષ્ઠત્તમ ગતિને પામે છે અને જેઓ મૂર્ખ અધમ મનુષ્યો છે તે પોતાનાં નિત્ય કર્મને તજી દઈને અધમ ગતિને પામે છે. જેઓ ઉત્તમ મનુષ્ય છે, તેઓએ તેની પાંચ જ્ઞાનેંદ્રિય અને પાંચ કર્મેંદ્રિય અને અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ ચૌદ ઈંદ્રિયોને વશ કરી છે, અશુભ વાસનાઓને બાળી નાખી છે અને અંતઃકરણની શુદ્ધિ કરી છે, - (અંતકરણ હોય જેનાં ઉજળાં, તેનાં જડ તિમિર મટી જાય). સંત, સદ્‌ગુરુના અને સત્સંગના સમાગમથી જ ઈંદ્રિયો વશ થાય છે તે પછી જ સદ્‌ગુરુ કૃપાએ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે અને હે ભાભારામ ! અન્ય સર્વ કલ્પનાઓનો ત્યાગ કરી આવા પરમ કૃપાળુ શ્રેષ્ઠ સદ્‌ગુરુશ્રીના મુખારવિંદનાં સત્ય વચનનું પાલન કરીને મોક્ષના અધિકારી બનીએ. **શમ, વિચાર, સંતોષ,**

સત્સંગ. આ ચાર સાધનોને મોક્ષનાં સાધનો માટે સંતો કહે છે. આ ચાર સાધનો અપનાવે તે મનુષ્ય જલદી મુક્તિ મેળવી શકે છે."

શમ :-

સંસારની વાસના તજી દઈ નિખાલસતામાં તૃપ્ત રહેવું તેને શમ કહે છે. જેમને શમની પ્રાપ્તિ થઈ હોય તેને ત્રિવિધના તાપ સંતાપતા નથી. એવા સંતો અને મહાત્માઓ બધા પૂજવા યોગ્ય છે. પણ જે સંત સમતા-સમદષ્ટિ-આત્મતત્ત્વને જાણનારા અને સમાન ભાવવાળા છે, તેઓ ઉત્તમ પ્રકારે પૂજવા યોગ્ય છે. જેમને શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ જેવા વિષયોથી સારા નરસાનો જરા પણ રાગદ્વેષ થતો નથી તે ઉત્તમ પુરુષ છે.

વિચાર :-

વિચાર વડે જીવને પરમ પદની પ્રાપ્તિ થાય છે. પવિત્ર વિચારથી હૃદય શુદ્ધ થાય છે ત્યારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પદાર્થના પવિત્ર વિચારોથી સિદ્ધિ થાય છે. વિચાર એ જ કલ્પવૃક્ષ છે. માટે બુદ્ધિથી પવિત્ર વિચારોનું વર્તન રાખવું. જેમ પ્રકાશ વડે પદાર્થનું જ્ઞાન થાય છે તેમ વિચારથી જ સત્ય અસત્યને જાણી શકાય છે. મહાપુરુષો કહે છે કે જેને બ્રહ્મની પ્રાપ્તિ થાય છે તેનું પ્રધાન સાધન પવિત્ર વિચારો છે. બ્રહ્મની પ્રાપ્તિ થયા પછી જગતના માયિક પદાર્થોનું એની મેળે વિસર્જન થાય છે. સંસારમાં મોહ રૂપી મોટો રોગ છે, તેનું નિવારણ કરવા માટે પવિત્ર વિચાર એ જ મહાન ઔષધી છે. વળી ઇચ્છા રૂપી રોગ સુવિચાર રૂપી ઔષધ વડે દૂર થાય છે. જે માણસ પવિત્ર વિચાર સાથે પુરુષાર્થનો આશરો લે છે તે પરમ શાંતિને પામે છે.
"સદ્‌ગુરુ વચન વિચારતાં, પ્રગટે જ્ઞાન પ્રકાશ, કહે સદ્‌ગુરુ એક પલકમાં, હોય અવિદ્યા નાશ."
સુવિચારથી સ્વસ્વરૂપનું જ્ઞાન-ધ્યાન થઈ શકે છે, અવતાર પાત્રની પૂજા થઈ શકે છે, વેદ વર્તન પરખાય છે. માટે સત્‌પુરુષના વચનોના સારનો વિચાર કરી સત્ય અને અસત્ય સમજો અને સમજીને અસત્યનો ત્યાગ કરવો. સત્યમાં કાયમ પ્રીતિ કરવાથી એવા જ વિચાર વડે આત્મપદની પ્રાપ્તિ થાય છે. જેને વિચાર રૂપી દિવ્ય ચક્ષુ મળ્યાં છે તેને સમસ્ત પદાર્થોનું જ્ઞાન થાય છે. વિચાર રહિત પુરુષો કષ્ટને પામે છે. માટે સર્વદા સુવિચારથી દઢ થઈ નિર્ભય રહેવું જોઈએ.

સંતોષ :-

પ્રારબ્ધ કર્માનુસાર જે અન્ન, વસ્ત્રાદિક, રૂપ, શાસ્ત્રોક્ત ભોગ આવી મળે, પ્રાપ્ત થાય છે તેમાં જ તૃપ્તિ રાખવી તેને સંતોષ કહે છે. સાધુ પુરુષો દેહભાવનું તથા તેના ગુણોનું તેમજ ઈંદ્રિયોના વિષયોનું વિસ્મરણ કરી તૃષ્ણાના અંતને પામે છે. પરમ સંતોષીજન જ્યારે જ્યારે જે સ્થળે જે જે વસ્તુની પ્રાપ્તિ થાય છે કે નાશ થાય છે અને જે જે આવે છે જાય છે તેમજ તે સર્વ કાર્ય પરમેશ્વરની સત્તા બળથી આખા બ્રહ્માંડમાં રહેલા તમામ જીવયોનિની ગતિ થયા કરે છે. તેમાં મનુષ્યનાં કોઈ પણ રીતનાં બળ કે સત્તા ચાલતાં નથી તેમ માને છે, તે સંતોષીજનનું લક્ષણ છે અને તેવા સંતોષી પુરુષ જ મહા આનંદ માણે છે. એવા પુરુષને ત્રણે લોકનું રાજ તુચ્છ લાગે છે અને બ્રહ્માનંદને અમૃત સમાન માણે છે. જેટલો આનંદ ત્રણ લોકનું રાજ મળવાથી થતો નથી તેથી વધારે આનંદ સંતોષમાં છે. જેમને સંતોષ નથી તેના ઘરમાં ભલે ઈંદ્ર પદ હોય પણ તેને દારિદ્ર જાણવો. સંતોષી માણસ અનાયાસે જે સુખ-દુઃખ મળે તેમાં સંતોષ માને છે. જેથી કરી સંતોષ રાખવો બહુ જ સારો છે. **"ચંદન જેસા સંત હૈ, સર્પ જેસા સંસાર, વાંકે અંગ લિપટ્ટા રહે, જાય નહિ વિકાર."**

સત્સંગ :-

દાન તીર્થાદિક સાધનો વડે આત્મપદની પ્રાપ્તિ થતી નથી. પરંતુ 'સત્સંગ' વડે અવશ્ય આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ શકે છે. સત્‌પુરુષોનો સંગ કલ્પવૃક્ષ સમાન છે, તે આત્મજ્ઞાન રૂપી પુષ્પ છે. તે પુષ્પની ઈચ્છા જે પુરુષે કરી છે તેને અનુભવ રૂપી ફળની જરૂર પ્રાપ્તિ થાય છે. સંત સમાગમ વડે આત્મ બુદ્ધિ પ્રાપ્ત થાય છે. તેથી સર્વ દુઃખથી રહિત થઈ પરમાનંદને પામી શકાય છે. સંત સમાગમથી હૃદય રૂપી મંદિરમાં જ્ઞાન દીપક પ્રકાશીત થાય છે અર્થાત્ જ્ઞાન પ્રકાશે છે. જ્ઞાનના પ્રકાશથી અજ્ઞાન રૂપી અંધકારનો નાશ થાય છે જેથી મહાપદની પ્રાપ્તિ થાય છે. સંતજનો પ્રકાશ રૂપ છે તેથી તેમની સંગત થવાથી સર્વ સત્‌પદાર્થોની પ્રાપ્તિ થાય છે. માટે સર્વ ઉપાય ત્યજી સંત સમાગમ કરવો એ પરમ કલ્યાણકારી છે.

આ રીતે મોક્ષનાં ચાર સાધનો છે. જે પુરુષો આ ચારેની સાથે પ્રીતિ બાંધે છે તે મોક્ષ પદને પામે છે. આ ચારેમાં સર્વથી ઉત્તમ 'સંતોષ' છે. 'સત્સંગ' તે પણ ઉત્તમ

છે અને 'સમતા તથા જ્ઞાન' વિચાર છે. તેને પામવા માટે દેવો પણ સ્તુતિ કરે છે. માટે મનુષ્ય માત્રએ આ ચાર સાધન ગ્રહણ કરવાં જોઈએ.

સંત શ્રી ભાભારામ કહેઃ હે નાયાજી મહારાજ ! જેને આપને ક્ષણ માત્રમાં આવું પૂર્ણ બ્રહ્મજ્ઞાન સમજાવી દીધું છે અને અનુભવ કરાવી આપ્યો છે, એવા પૂર્ણ બ્રહ્મ સચ્ચિદાનંદ સ્વરૂપના દર્શનની મને અભિલાષા થઈ છે તે પૂર્ણ કરાવો. હું આપને શરણે આવ્યો છું. હવે મને જરા પણ કોઈ વાતની ગ્લાની નથી. હવે જરાય વાર ન લગાડશો. એક પળ મને સો વર્ષ સમાન લાગે છે. આવા જ્ઞાની પુરુષના ચરણાવિંદમાં અડસઠ તીર્થ હંમેશાં કરજોડી આધીન થઈ રહે છે. આવા જ સંત પુરુષોનાં દર્શનથી સંસારમાંથી મુક્તિ મળે છે.

જ્યારે જ્યારે અધર્મ પાપ વધે છે, પાખંડીઓ વધે છે, ત્યારે ત્યારે ધર્મનો લય થયેલો જાણી દયાળુ પરમાત્મા ધર્મ અને ધર્માત્માઓનો ઉદ્ધાર કરવા નર દેહ રૂપે અવતાર ધારણ કરે છે. સંસારમાં જ્યારે પાખંડ વધે છે ત્યારે સતિયા શોધ્યા મળતા નથી. ત્યારે જ કૃપાળુ ગુરુદેવ પરમાર્થ કરી અને તેમના ભક્તો ઉપર દયા કરી દીન-દુઃખીયાનાં દુઃખને દૂર કરવા અને દર્શન દેવા પધારે છે. જેમનાં પૂર્ણ ભાગ્ય હશે તેઓ તેમને ઓળખી તેમની સાથે સ્નેહ બાંધી અને તેમના વચનાનુસારે વર્તી સદાના સુખની પ્રાપ્તિ કરી અમર આનંદમાં મગ્ન રહેશે.

ધન્ય છે એવા મહાત્માઓને કે જેઓ પરમાર્થ કાજે સંકટ સહી પરદુઃખ દૂર કરવા, દેશોદેશ ફરી પાપીજનોને પ્રેમથી સત્સંગ દ્વારા સદ્‌માર્ગે લાવે છે. હે નાયાજી મહારાજ ! આપને પણ ધન્ય છે અને આપના કુળને પણ ધન્યવાદ છે, કે આવા સંત પુરુષની સેવાનો લાભ મળ્યો. જેથી આવા પરમાર્થ કાર્યો કરી આપ સૌને સદ્‌માર્ગે ચડાવો છો. નાયાજી મહારાજ ! એ સચ્ચિદાનંદ પરમાત્મા સ્વરૂપ સદ્‌ગુરુ મહારાજ કયા દેશ-વેશમાં રહેલા છે તે કૃપા કરી જણાવી મારા મનને સંતોષ પમાડો. હું આપનો આભારી છું, દાસ છું, શરણે છું. મારી વિનંતી સ્વીકારી આ દાસ પર દયા કરો. હું એના જ નામના ગુણ ગાવા તત્પર થયો છું. એમનું જ નામ મને પ્રિય લાગી રહ્યું છે. આપ વર્ણન કરો છો તે ભક્તિ લેખાય અને શ્રવણ કરવાથી અનેક વિઘ્ન ટળી જાય. વળી જે કોઈપણ મનુષ્ય એમના આ જીવન-ચરિત્ર સાંભળી એક વૃત્તિએ ધ્યાનમાં રાખશે તો તેના જન્મોજન્મના પાપ દૂર થશે અને સંસારમાં સુખી થઈ અંતે અમર સુખની પ્રાપ્તિ કરશે.

• સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના જીવન ચરિત્રનો મહિમા •

સંત શ્રી નાયાજી મહારાજ કહે: હે ભાભારામ ! આપને જો સદ્‌ગુરુ મહારાજનું જીવન ચરિત્ર જ સાંભળવાની ઈચ્છા છે તો સાંભળો. કોઈ પણ જન આ પવિત્ર જીવન કથા સાંભળશે તેના ત્રિવિધના તાપ નાશ પામી અમર પદને પામશે. એવો સદ્‌ગુરુની જીવન કથાનો મહિમા છે માટે ધ્યાન રાખીને સાંભળજો. એના શબ્દે શબ્દે કોટિ કોટિ યજ્ઞનું ફળ કહેલું છે. કારણ ગુણના વિવેચનથી ઓળખાણ થાય છે અને ઓળખાણ થયે પ્રીતિ બંધાય છે. પ્રીતિ દઢ થવાથી મન સ્થિર થાય છે. તેથી એ જ સદ્‌ગુરુજીના ચરણાવિંદમાં જ મન દઢતાથી વળગી રહેશે તો તેનો જ ભક્તિભાવ થયા કરશે. એ જ પરમ મુક્તિનું સાધન છે. ઓળખાણ વગર પ્રીતિ થવા પામતી નથી. પ્રેમ એ જ મુક્તિનું ઉઘાડું દ્વાર છે. પ્રેમ લક્ષણા ભક્તિને ઉત્તમ ભક્તિ કહેલી છે. તે એ જ પ્રકારે ઉત્પન્ન થાય છે. એના ગુણનો તથા ચરિત્રનો વિસ્તાર અતિ છે. એના ગુણ ગાવામાં મોટા મોટા ઋષિઓ પણ આસક્ત છે. શેષ (પરમાત્મા) પણ તેના સહસ્ત્ર જીભે વર્ણન કરતા નથી. તો મારી અલ્પ મતિ શું ગણનામાં. **"વાણી શકે ના વર્ણવી, સદ્‌ગુરુ તણું સ્વરૂપ, બુદ્ધિ મન પહોંચે નહીં, છે ઉપમા રહિત અનુપ."**

પરમ કૃપાળુ સદ્‌ગુરુદેવના ગુણ રૂપી દરિયામાં સમાઈ ચાલો શોધી લઈએ. હું જે કહું છું તે તેનું પૂરેપૂરું વર્ણન તો નહિ જ હોય પણ થોડામાં થોડું ધાનના ઢગલામાંથી એક કણ ખસખસનો લઈ લો, દરિયાના નીરમાંથી એક ટીપું પાણી

લઈ લો તે સમાન તમારે જાણવું. આ વર્ણન જે આપને સમજાવું છું તે હમણાંના જ સ્વરૂપનું છે. હાલમાં જે રીતે બિરાજેલા છે તે સ્વરૂપનો વિસ્તાર મારાથી બની શકે તેટલા પ્રયત્નથી કહું છું. પણ ભૂલ રહે તો હું સદ્‌ગુરુના આધારે બોલું છું. સદ્‌ગુરુદેવ મને જે સુઝાડશે તે મારાથી બોલાશે. પછીનો બાકીનો જે સંશય રહે તે તમે સદ્‌ગુરુજીની સમક્ષ ચાલશો ત્યાં બધી જ વાતનો ખુલાસો કરી લેવાનો. તેમાં તમારે કોઈ વાતની ખામી રાખવી નહીં.

ગુરુ ગુરુમેં ભેદ હૈ, ગુરુ ગુરુમેં ભાવ,
સોહી ગુરુ નિત વંદીએ, શબ્દ બતાવે દાવ.
પૂર્ણ સદ્‌ગુરુ ના મીલા, સુણી અધૂરી શીખ,
સ્વાંગ જતીકા પહેનકે, ઘર ઘર માગે ભીખ.
ગુરુસે સદ્‌ગુરુ બડે, પરમેશ્વર કે રૂપ,
મુક્તિ છાંઈ પહોંચાઈ દે, જગત છોડાવે ભૂપ.

• • •

-: સદ્‌ગુરુ મહિમા :-

પદ વંદન કરું ગુરુદેવનાં, સકળ ગુણ ચતુર સુજાણ,
પૂર્ણ બ્રહ્મ દૃષ્ટે કરી, અચળ પુરુષ પુરાણ.

પૂજન કરું ગુરુ પદનું, જેથી ચૌદે લોક પૂજાય,
શેષ બ્રહ્મા શક્તિ મળી, ગુણ ગુરુજીના ગાય.

કૃપા હોય જો ગુરુદેવની, ટળે ત્રિવિધિના તાપ,
જન્મ મરણની આપદા, છુટે આપો આપ.

• • •

ગુણ ગાઉં ગોવિંદના રે, સાંભળો ભાભારામ,
ગુરુને ગોવિંદ જાણવા રે, એ જ અખિલાનંદ શ્યામ,

ત્રણ લોકમાં જશ ગાએ છે રે, ગુરુપદનાં જ્ઞાન,
આનંદ અંગમાં ઉભરે રે, લેતાં સદ્‌ગુરુ નામ.

ત્રણ લોકમાં જશ તેહનો રે, સેવે જે સદ્‌ગુરુ ચર્ણ,
આપદા એકે આવે નહિ રે, સાંભળે દુઃખ નહિ કર્ણ.

ત્રિવિધ તાપ નડે નહિ રે, જાયે ભવદુઃખ શૂળ,
બંધન સર્વે ભાગતાં રે, મળે મૂલ અમૂલ.

અફળ જન્મારો એહનો, નહિ જેને ગુરુ જ્ઞાન,
મૂર્ખ મર્મ જાણે નહીં, માણે પોતાનું માન.

અચળ અમર જાણવા રે, સદ્‌ગુરુ દાતા દયાળ,
દીન વત્સલ દયાનિધિ રે, સેવે મોટા ભૂપાળ.

રામ કૃષ્ણચંદ્ર શોભતા રે, અવતાર પાત્ર નિરવાણ,
સેવા કરે ગુરુદેવની રે, કરતા આપ સુજાણ.

વામન ને પરશુરામના રે, કેવાં કરીયે વખાણ,
વાણી તે પહોંચે નહિ રે, કરતા ભગવંત જ્ઞાન.

તે પદ સદ્‌ગુરુ પદ સેવતા રે, પૂરણ ધારીને પ્રેમ,
સદ્‌ગુરુ સેવાથી સૌ ઓધર્યા રે, પહોંચ્યા કુશળ ક્ષેમ.

"પરબ્રહ્મ રૂપ, આનંદ રૂપ, પરમ સુખદાયક, કેવળ જ્ઞાનમૂર્તિ, સુખ-દુઃખ રહિત, આકાશ પ્રમાણે નિરુપાધિક, તત્ત્વ રૂપી મહાવાક્યથી ઓળખાતા, એક નિત્ય નાશરહિત, મળરહિત, અચળ, સ્થિર, સર્વેની બુદ્ધિના સાક્ષીભૂત, ઉત્પત્તિ રહિત, ત્રિગુણાતીત એવા સદ્‌ગુરુને હું નમસ્કાર કરું છું."

ગુરુ અને પરમેશ્વર એ બંને આપણી સમક્ષ સાક્ષાત્ ઊભા હોય ત્યારે પ્રથમ કોના શરણે જવું ? એવો પ્રશ્ન આપણા મનમાં આવે છે. ઈશ્વરની પ્રત્યક્ષ ઓળખાણ થવી કઠિન છે. કારણ કે તે પરમાત્મા તત્ત્વ સર્વ પ્રાણીમાત્રમાં તમામ જડ ચૈતન્યમાં સમાયેલું છે. ભગવાનનું સ્વરૂપ બધામાં સરખું જ હોય છે તેથી તે કયા સ્વરૂપે ભક્તને દર્શન આપશે તે સમજવું મુશ્કેલ છે. આવા પ્રસંગે તે અગમ્ય અગોચર ઈશ્વરની ઓળખાણ આપનારની જ સાધકને અત્યંત જરૂર હોય છે અને આવી ઓળખાણ કરી આપનાર સદ્‌ગુરુ સિવાય બીજું કોઈ નથી, તેથી તેમને જ શરણે જવું અને તેથી જ ઈશ્વર કરતાં સદ્‌ગુરુ વેદશાસ્ત્રમાં શ્રેષ્ઠ માનવામાં આવ્યા છે.

અલબેલા અવનિપતિ, દાતા બ્રહ્મ સ્વરૂપ,
કરે ભક્તોનાં કામ, લીધા અનેક જ રૂપ.

આજ જોવું એના રૂપને રે, કીયા રૂપે જ હોય,
તેને ઓળખવા વેદથી રે, પૂર્ણ બ્રહ્મ જ સોય.

રામચંદ્રે જેને ગુરુ કહ્યા રે, કૃષ્ણે જોડ્યા રે હાથ,
તે જ સ્વામી આજે આવીયા રે, કરવા આપણાં કાજ.

બ્રહ્મકુળ તેને જાણવો રે, જે કુળ બ્રહ્મજ્ઞાન,
બ્રહ્મા વિષ્ણુ શક્તિ મળી રે, કરે ભક્તોનાં કામ.

તે હરિભક્ત જાણજો રે, એ બ્રહ્મ અંશનાં એંધાણ,
સેવા રે તેહની કીજીયે, થાય મોક્ષ કલ્યાણ.

ઈશ્વરની ઓળખાણ કરાવી આપનાર સદ્‌ગુરુ હોવાથી તેમનાં ચરણોની સેવા કરવી જોઈએ. તેમનાં જ્ઞાન અને ભક્તિભાવથી મન અને શરીર શુદ્ધ અને પવિત્ર થઈ

બધાં વિઘ્નો દૂર થાય છે. તેમજ ત્રિવિધ તાપ અને ભવબંધનો પણ દૂર થાય છે. ગુરુ એ પારસમણિ સમાન છે જ્યારે સદ્‌ગુરુ એ ચિંતામણિ સ્વરૂપ છે તેથી સદ્‌ગુરુના લીધે જીવાત્માને પૂર્ણ જ્ઞાન થવાથી તેના જીવનની મુક્તિ થાય છે.

જેને આત્મજ્ઞાન નથી હોતું તેને પોતે શા માટે જન્મ્યો છે અને ક્ષણિક જીવન જીવ્યા પછી ક્યાં જવાનું છે તેનું પણ જ્ઞાન તેને હોતું નથી. આવા અજ્ઞાની માણસ આ મારું ! તે મારું ! મેં આમ કર્યું ! હું જ મોટો ! વગેરે મમત્વ અને અહંકારમાં રાચ્યો રહે છે. માયા અને મમતામાં રાચ્યો રહે છે. તેથી તેનો જન્મ ફોગટ જાય છે, માટે જ માયા અને મમતાનો ત્યાગ કરી આત્મજ્ઞાનની પ્રાપ્તિ માટે માણસે સદ્‌ગુરુનો આશ્રય લેવો જોઈએ.

સદ્‌ગુરુ એ આત્મજ્ઞાનથી પરિપૂર્ણ હોય છે. એમણે તેનો અનુભવ લીધેલો હોય છે. તેથી તેમણે અગમ-નિગમનું જ્ઞાન હોય છે. પરબ્રહ્મમાં તે સમરસ થયેલા હોઈ બીજાને પણ એ જ્ઞાનનો લાભ કરી આપે છે. તેમની કૃપા દૃષ્ટિથી મોક્ષપદ મળતું હોવાથી તે મેળવવા માટે સદ્‌ગુરુ ચરણે પોતાનું તન, મન અને ધન અર્પણ કરવું અને તેમના વચનનું શ્રદ્ધાથી પાલન કરવું એટલે તેમની કૃપા દૃષ્ટિ થશે. ઈશ્વરના જે અવતારો થયા તેમણે પણ સદ્‌ગુરુની સેવા કરી છે. પ્રભુ રામચંદ્રજી જ્ઞાની હોવા છતાં વસિષ્ઠની આજ્ઞામાં રહી બ્રહ્મજ્ઞાન મેળવ્યું હતું. તેમજ ભગવાન શ્રી કૃષ્ણજીએ પણ સાંદીપનિ ગુરુની સેવા કરી હતી. આ ઉપરથી સદ્‌ગુરુ મહિમા કેટલો અગમ્ય છે તેનો ખ્યાલ આવશે. બલિરાજા દાનવીર હોવા છતાં તેમણે ગુરુની આજ્ઞાનો ભંગ કર્યો તેથી તેમને પાતાળમાં જવું પડ્યું. સદ્‌ગુરુની કૃપા વિના તરી શકાય નહીં. તેથી તેમની આજ્ઞા મુજબ જ માણસે વર્તન કરવું.

બ્રહ્મ અંશ તેને જાણવો, જ્યાં હરિ ગુણ ગવાય,
ધ્યાન મૂર્તિ તે તો સોહી, અવર નહિ દૂજા કોઈ.

એવી રચનાએ સદ્‌ગુરુ શોધવા રે, વેદ વર્ણવ્યા હોય,
એ રે વિના જુગમાં જેટલા રે, સદ્‌ગુરુ પાખંડી જોય.

અંશાદી પાત્ર જાણજો રે, સદ્‌ગુરુ મહારાજ નામ,
પધાર્યા અવનિ માંહે રે, કરવા ઉજ્જવળ કામ.

વાત સાંભળો શુદ્ધ ચિત્તથી રે, જશ સદ્‌ગુરુજીના ગાઉં,
અનેક ચરિત્ર જેહનાં, વારી વારી રે જાઉં.
જીભ્યા એ જશ પૂરજો રે, હોએ પૂરણ કામ,
લજ્જા રહે જુગમાં માહેરી રે, સાચા સદ્‌ગુરુ ગુણવાન.

દુનિયામાં અવતાર લેવાના કારણનો ખુલાસો સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે કર્યો છે. ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણના કહ્યા પ્રમાણે દુનિયામાં જે વખતે દૈત્યો-દાનવોનું જોર વધી સંતો-મહાત્માઓને તકલીફ થાય છે અને અરાજકતા ફેલાય છે ત્યારે તે દૂર કરવા માટે ચરાચરમાં વ્યાપ્ત હોવા છતાં ઈશ્વર અવતાર ધારણ કરે છે. વ્રત, તપ કરનારા યોગીઓને પણ જેનાં દર્શન થવાં મુશ્કેલ છે તે પરબ્રહ્મ પરમાત્મા અવતાર ધારણ કરે છે ત્યારે તેના દર્શનનો માર્ગ સુલભ બને છે. તેના દર્શન માટે સરળ અને સહેલો ઉપાય એટલે અવતાર પાત્રની ઓળખ કરી લેવી એ છે.

જે યુગમાં જે અવતારનું કાર્ય ચાલુ હોય તે યુગમાં તેની જ ભક્તિ કરવી જોઈએ. તેના માટે સદ્‌ગુરુ જોઈએ. બગીચાની વ્યવસ્થા માટે માળીની જરૂર છે તેમ સદ્‌ગુરુ આ જગત રૂપી બગીચાનું કાર્ય કરતા હોય છે. સદ્‌ગુરુ પ્રત્યેક યુગમાં યુગધર્મને પ્રકાશિત કરે છે. અવતાર પ્રગટ થતાં પહેલાં તે દુનિયાને આગમજ્ઞાન આપે છે અને સત્‌ધર્મનું બીજારોપણ કરે છે.

સત્‌પંથ ધર્મ અનાદિ કાળથી ચાલતો આવતો, અસ્તિત્વ ધરાવતો હોવાથી તેનું અંતરંગ એક જ હોય છે. માત્ર તેનું બાહ્ય સ્વરૂપ પરિસ્થિતિ મુજબ દરેક વખતે બદલાય છે. સત્યયુગમાં બ્રહ્મદેવે સ્થાપના કરેલો સત્‌પંથ યુગધર્મ ત્રેતાયુગમાં તે વખતની પરિસ્થિતિ પ્રમાણે ફેરફાર કરી વસિષ્ઠે જગત આગળ મૂક્યો અને વ્યાસજીએ દ્વાપર યુગનો સત્‌પંથ ધર્મ પણ તે પ્રમાણે ફેરફાર સાથે મૂક્યો. હાલ કલિયુગમાં તે જ સત્‌પંથ યુગધર્મ પરિસ્થિતિ મુજબ યોગ્ય ફેરફાર કરી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે દુનિયા આગળ મૂક્યો છે.

આ રીતે સત્ય, ત્રેતા અને દ્વાપર યુગમાં જગતના ઉદ્ધાર માટે અનુક્રમે સદ્‌ગુરુ બ્રહ્મદેવ (અમરતેજ), વસિષ્ઠ અને વ્યાસજી તે તે યુગમાં સદ્‌ગુરુ રૂપે થઈ ગયા, તેમ કલિયુગમાં સદ્‌ગુરુ રૂપે શ્રી હંસતેજજી મહારાજ અવતર્યા છે.

તેઓ બાલ્યાવસ્થામાંથી જ આશ્ચર્યકારક ચમત્કાર બતાવતા. ગરીબ બાળકોને કપડાં આપતા, મંદબુદ્ધિના બાળકોને હોંશિયાર કરતા, મૂકબધીરને સાંભળતા કરતા, અપંગને સાજા કરતા આ બધા ચમત્કાર તેમણે દૈવી શક્તિને પ્રતાપે કર્યા, તેથી બધા લોકો તેમના તરફ આકર્ષાઈ આદરભાવથી જોવા લાગતા. તેમના અલૌકિક ગુણોથી સૌ આશ્ચર્યચકિત થતાં,

આ તેમની દિવ્ય શક્તિની કીર્તિ સુવાસિત ફૂલની જેમ સર્વત્ર ફેલાવા લાગતી. તે કોઈની સાથે ભેદભાવ રાખ્યા વગર સમાન ભાવથી અને આત્મભાવથી રહેતા. તેમના આ ગુણોથી અને વર્તનથી બધા લોકો તેમને ધન્યવાદ આપી જયજયકાર કરતા.

મૂકબધિરને શ્રવણશક્તિ અને વાચાશક્તિ -

એક વખત એવું બન્યું, નિજ નગર મોઝાર,
શેઠ નગરનો ત્યાં તણો, આદ ભક્ત અવતાર.
એક વણિક શોભતો રે, નામ વીરચંદ જાણ,
આવ્યો તે સદ્‌ગુરુની નિશ્રામાં રે, સાથે લઈને બાળ:
વરસ સાતનો બાળક રે, લઈ આવ્યો તે વાર,
કાનેથી સાંભળે નહીં રે, બધિર અપરંપાર.
રેવણ દાસ નામનો રે, બુદ્ધિ બળ અપાર,
જીભ મળે નહીં બોલવા રે, ડૂબ્યો દુઃખ દરિયા મોઝાર.
આવી બેઠો સૌ સાથમાં રે, બાલ સદ્‌ગુરુશ્રી પાસ,
વીરચંદ સેવક એમ ઓચરે રે, સદ્‌ગુરુ મહારાજની સાથ.
ચારે જુગના સદ્‌ગુરુજી, સત્ય બળ નિધાન,
શરણે આવ્યો હું તમ તણે, રાખો સેવકનું માન.
માન રાખો મારું માવજી રે, ટાળો દિલનાં રે દુઃખ,
બાળક મારે એક છે રે, આપો તેને રે સુખ.

પારસમણિ સંગ લોહ પડે રે, થાય તેનો રે સ્પર્શ,
ઓચિંતું કંચન ઉપજે રે, થાય ઉત્તમ રસ.
કલ્પતરુ નિજ છાયામાં રે, ભૂખ્યો ન રહે કોઈ,
કામધેનુની ઓથમાં રે, ક્ષુધા દૂર જ હોઈ.
ચંદનના સંગથી રે, ઉપજે શીતળતા અંગ,
અગ્નિ તેને લોપે નહીં રે, જો હોય ચંદનનો સંગ.
આપ સંગમાં રહી, મુજ પુત્ર દુઃખી રહે કાયે,
મહિમા વધશે આપનો, મારું તો શું જાયે.
કાન આપો કોડામણા રે, સાંભળે આપની વાણ,
રસના એ જશ ગાય આપના રે, કૃપા કરોને સુજાણ.
પ્રીત પારસમણિ પિછાનીયા રે, કરો લોહને હેમ,
દારિદ્ર મારાં ટાળજો રે, રાખી કુશળ ક્ષેમ.
ગુણ આપના કેટલા રે, કોઈથી કળી ન શકાય,
કરતા હરતા કામના રે, ચૌદ લોકમાં જાય.
અરદાસ સાંભળી શેઠની રે, બોલ્યા સદ્‌ગુરુ મહારાજ,
પુત્ર તારો પ્રીછજે રે, થાશે કુશળ કલ્યાણ.
શબ્દ સફળ થયો સદ્‌ગુરુનો, ત્રૂઠ્યા દેવ મોરાર,
શ્રવણ રસના ઉઘડી, કર્તાને શી વાર.

બાલ સદ્‌ગુરુ જે શહેરમાં રહેતા હતા તે શહેરમાં વીરચંદ નામે એક માલદાર વેપારી રહેતો હતો. તે જેવો શ્રીમંત હતો તેવો જ ભક્ત પણ હતો. દરેક સાથે તે નમ્રતા અને મિત્રભાવથી રહેતો. લોકો તેને દેવ સમાન માનતા. તેને રેવણદાસ નામનો એક પુત્ર હતો. પણ તે જન્મથી જ મૂકબધિર હતો. આથી રેવણદાસ અને તેનાં માતાપિતા બહુ દુઃખી હતાં.

એક દિવસે બાલ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની દૈવી શક્તિની વાત આ વેપારીના કાને ગઈ. તે પોતાના મૂંગા દીકરાને લઈ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ

પાસે ગયા અને કહ્યું કેઃ હું તમારે શરણે આવ્યો છું ! કૃપા કરી મારા આ મૂકબધિર દીકરાને વાણી આપો અને સાંભળતો કરો. આપનો મહિમા અગાધ છે માટે કૃપા કરી મારું આ દુઃખ દૂર કરો.

વીરચંદની આ વિનંતી સાંભળી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યા : "તારું અને તારા દીકરાનું કલ્યાણ થશે.' સદ્‌ગુરુના મુખેથી આ શબ્દ નીકળતાં જ એનો દીકરો બોલવા અને સાંભળવા લાગ્યો. આ રીતે વીરચંદ શેઠ અને તેમના દીકરાનું દુઃખ કાયમનું દૂર થયું અને વીરચંદ શેઠ આનંદથી આભાર માનતા ઘેર ગયા.

આંધળાને આંખો -

દુઃખ ગયાં વણિકનાં રે, સુખી પુત્ર જોઈ થાય,
જય જય કાર થઈ રહ્યો રે, જશ નર-નારી ગાય.
એક વખત નગરમાં રે, ફરતા સદ્‌ગુરુજી આપ,
નગરની શોભા નિહાળતા રે, ત્યાં આવી સ્ત્રી જાત.
આવી સદ્‌ગુરુજી આગળે રે, બોલી દિલની વાત,
પુત્ર મારાનો નેત્ર નહીં રે, દુઃખી થાય છે માત.
જન્મ થતાં પુત્ર અંધ થયો રે, કૃપા કરો જુગ રાય,
શરણે આવેલાને ઉગારજો રે, કરજો સેવકને સહાય.
સદ્‌ગુરુ મહારાજ બોલીઆ, સાંભળ મારી વાત,
જન્મ અંધ તે કેમ ટળે, કરોડ કરો ઉત્પાત.
વળતાં તે વનિતા ઓચરે, ઓસડ કરીઆં અપાર,
ઉપચાર સર્વે અવળા થયા રે, શરણે છઉં કિરતાર.
છેડો ઝાલ્યો હવે આપનો રે, ઊભી કરું છું અરદાસ,
છોડાવો મારા માવજી રે, છીએ તમારા રે દાસ.
અનેક પ્રકારે ઓચરે રે, લાગે લળી લળી પાય,
ઉગારો દીનાનાથજી રે, જન્મ અકારત જાય.

તારું તે તેમાં નહિ ઘટે રે, થાશે હમારું રે કામ,
દરિયાનું નીર ઘટે નહિ રે, થાએ સૃષ્ટિનું કામ.
શરણે સેવક જે ચડે, તજી તે કેમ દેવાય,
બાંય ગ્રહ્યાની લાજ છે, વિચારો યુગરાય.
કકળતી દીઠી કામિની રે, બોલ્યા સદ્‌ગુરુ શ્યામ,
સદ્‌ગુરુએ કારણ શું કહે રે, શેનાં માગે છે કામ.
કારણ રડવાનું કોણ છે રે, શાને રોકયાં આ ઠામ,
દુઃખ તે એટલાં શાને કરે રે, શું બગડ્યું છે કામ.
આ બાળક સાથે કોણ છે રે, શું એનું રે નામ,
કારણ એનું શું છે રે, કહો સાચું કામ.
આપ છો દયાળુ દેવતા રે, ત્રૂઠ્યા ત્રિપુર રાય,
સ્ત્રી એ ઠેકાણે ઓચરે રે, સાંભળો યુગરાય.
રહેવાસી નિજ નગરનાં, ખત્રી જાત કહેવાય,
કેસર મારું નામ છે, પુત્ર દુઃખે ના રહેવાય.
ધનો આ પુત્રનું નામ છે રે, જન્મ્યો જેણી રે વાર,
જન્મતાં અંધ આ થયો રે, દુઃખ ટાળો મોરાર.
દુઃખમાં જોઈ દામિની રે, આંખે આંસુ ધાર,
આક્રંદ કરતી આફળે રે, નમે શીશ વારંવાર.
દયા લાવી દયાનિધિ રે, બોલ્યા અમૃત વાણ,
દુભાય નહિ તું દીકરી રે, કહું છું સાચ નિર્વાણ.
પુત્ર તારો આજ પોઢશે રે, રજનીએ જે વાર,
દિનકર સંગાથ ઉઠશે રે, ટળશે અંધ અવતાર.
મમતા મૂકી મન તણી, જાજે તારે ઘેર,
પુત્ર તારો દેખશે, રવિ ઉગતાં પેર.

દુઃખ ટાળ્યાં તે દાસનાં રે, નેત્ર આપ્યાં તે વાર,
જુગમાં જશ ગવાએ છે રે, ભલે આવ્યા દેવ મોરાર.
ઘર ગઈ કામિની જયાંહ રે, પુત્ર લઈને સાથ,
રજની વીતી વાતમાં રે, થયો દિવસ પ્રભાત
હરખીને જોયું પુત્રને રે, નેત્ર થયાં છે પ્રકાશ,
આનંદ અંગે ઉલટ્યો રે, વળી કરે છે ઉલ્લાસ.
કામ કર્યા અનેકનાં રે, કહેતાં આવે ના પાર,
સદ્‌ગુરુ હંસતેજજી પ્રગટ્યા રે, થયો જુગમાં વહેવાર.

એક દિવસ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ શહેરની શોભા જોતા હતા ત્યારે એક સ્ત્રી તેમની પાસે આવી અને તેણીએ કહ્યુંઃ 'હે મહારાજ ! આપને નમસ્કાર કરું છું. મારા આ આંધળા દીકરાને દૃષ્ટિ મળે એવી કૃપા કરો. આ સેવિકા ઉપર દયા કરો.' એમ કહી તેણે પોતાના આંધળા દીકરાને સદ્‌ગુરુના ચરણ પાસે બેસાડ્યો.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે કહ્યું કેઃ આ જન્મથી જ અંધ હોવાથી તેનો કંઈ પણ ઈલાજ થશે નહીં.

તેથી તે સ્ત્રીએ કરગરીને આજીજીપૂર્વક કહ્યું કેઃ 'મહારાજ ! મેં ઘણી દવાઓ કરી પણ કંઈ અસર થઈ નહીં. તેથી હું આપના શરણે આવી છું. મારો આ એકનો એક દીકરો આંધળો છે. તે સારો નહીં થાય તો એનો જન્મારો વ્યર્થ જશે, જેથી મારા ઉપર દયા કરી મારું આ દુઃખ દૂર કરો.

એ સ્ત્રીના કાલાવાલા સાંભળી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે કહ્યું કેઃ આટલો વિલાપ કેમ કરે છે ? તારી શી ઈચ્છા છે તે મને કહે ?'

તે સ્ત્રી બોલીઃ 'હું આપણા નગરની જ રહીશ છું, મારું નામ કેશર છે, ખત્રી-જાતિની છું. મારો આ દીકરો ધનુ જન્મથી જ આંધળો હોવાથી હું ઘણી દુઃખી છું. મારા ઉપર દયા કરો.' એમ કહી વિલાપ કરવા લાગી.

કેશરનું દુઃખ જોઈ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તેને અભય આપતાં કહ્યુંઃ 'આ તારો દીકરો રાત્રે સૂઈ સવારે ઉઠશે ત્યારે તેને દૃષ્ટિ આવેલી છે એમ તું જોઈશ.

તે સ્ત્રી આનંદથી ઘેર ગઈ. રાત ક્યારે પૂરી થશે અને સૂર્યોદય ક્યારે થશે એવું તેને થવા લાગ્યું. તે ઈશ્વરનું નામ સ્મરણ કરવા લાગી. સૂર્યોદય થતાંની સાથે તેનો પણ ભાગ્યોદય થયો. કારણ છોકરો ઊંઘમાંથી જાગૃત થતાં જ તેને એકદમ પ્રકાશ દેખાવા લાગ્યો. તેને દૃષ્ટિ આવી એ જાણી મા ખૂબ આનંદમાં આવી અને સદ્‌ગુરુના ગુણગાન ગાવા લાગી. તેનું દુઃખ કાયમનું દૂર થવાથી તેણે ગરીબોને અન્નદાન કર્યું અને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના યશોગાન ગાવા લાગી.

આ પ્રમાણે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે અનેક દુઃખીજનોના દુઃખ દૂર કરી તેમને સુખી કર્યાં અને કેટલાય લોકોના જીવનમાં પ્રકાશ પાથર્યો.

જોગીઓ સાથે સંવાદ

એક સમે જોગી આવીયા, કરવાને સંવાદ,
બાળ વયમાં બળનિધિ, બોલ્યા તેની સાથ.

જોગી ને જોગ દેખાડીયો રે, ટાળ્યો તેમનો અહંકાર,
અભિમાન ઉતારીને રે, કર્યા સેવક તે વાર.

સત્‌પંથ ધર્મ સમજાવ્યો રે, નિજ શહેર મોઝાર,
યુક્તિ ઓળખાવી યોગની રે, ગૃહસ્થાશ્રમમાં નિર્ધાર.

સંસાર વહેવાર જાણવા રે, કહ્યો કરીને વિસ્તાર,
યોગીએ સદ્‌ગુરુ ઓળખ્યા રે, નમ્યા ચરણ મોઝાર.

સર્વે સેવક તે ઓચરે, ગુરુજીને તે વાર,
ગુજરાત જાવો વાલમા, કરવા યુગ ઓધાર.

એક વખત સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના શહેરમાં કેટલાક 'યોગી' લોકો આવ્યા. તેમના સાંભળવામાં બાળ સદ્‌ગુરુની કીર્તિ આવી હતી અને તેઓ આ દિવ્ય શક્તિધારી બાળકને મળવા આવ્યા. તેમને મનમાં થયું કે આપણે યોગીઓ જીવનભર યોગ સાધના કરીને હજી જે સાધ્ય કરી શક્યા નથી તે આ નાના બાળકને ઘેર બેઠાં સાધ્ય કેવી રીતે થાય ? એવો વિચાર કરતા યોગી લોકો આવી પહોંચ્યા. આ યોગી

લોકો સંઘ લઈ ચાલતા જતા હતા. તેમના સંઘમાં વિવિધ પ્રદેશના લોકો હતા. તેમને બાળ ઉંમરના સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સર્વ પ્રકારની યોગક્રિયાઓનું દર્શન કરાવ્યું અને સંસાર શું છે, જગત જગદીશ અને તેની માયા આ સર્વ વિસ્તારથી સમજાવ્યું. તેનાથી તે યોગી લોકોનો અહંકાર નષ્ટ થયો અને તેમને સત અને અસત વિવેકથી કેવી રીતે જાણવું એવું જ્ઞાન પ્રાપ્ત થયું. પોતાની મુદ્રિકા કાઢી તેમને અર્પણ કરી એટલે કે તેમને ગુરુ બનાવ્યા.

જોગીઓનો મેળાપ -

વળતાં તે નિજ શહેરમાં આવીયા રે, મૂળ પોતાને દેશ,
તેવામાં કૌતુક ત્યાં બન્યું રે, દીઠા ત્રણ યોગીનો વેશ.
દશાંશ લાવેલ ત્રણ દેશની રે, દેવા સદ્‌ગુરુજીને હાથ,
દશાંશ લે કોણ હમારી રે, હોય જે નીતિવાન.
બ્રહ્માનાં ચિન્હ દેખાડીને રે, દશોંદ ઉપાડે આજ,
ગુણાર્થ ગુણગામી કહેવાય રે, દેશું તેને રે હાથ.

થોડા દિવસ પછી કેટલાક યોગી લોકો શહેરમાં આવ્યા. તેમને બાલ સદ્‌ગુરુની કીર્તિ સાંભળવામાં આવી હતી અને તેઓ આ દિવ્ય શક્તિધારી બાળકને મળવા આવ્યા હતા. તેમને મનમાં થયું કે; આપણે યોગીઓ જીવનભર યોગ સાધના કરીને હજી જે સાધ્ય કરી શક્યા નથી તે આ નાના બાળકને ઘેર બેઠાં સાધ્ય કેવી રીતે થાય ?

ત્યાં સેવક બોલીયા, બોલ્યા યોગી સાથ,
જોવું હોય તો જોઈ લો, મૂકો બીજી વાત.
મળેલ વસ્તુઓ જેટલી રે, બંને ઠાઠથી જેહ,
દેખાડી યોગીને તેટલી રે, ત્યારે ઉપન્યો સ્નેહ.
સદ્‌ગુરુ બ્રહ્માજીની જેટલી રે, હતી ગુપ્ત એંધાણ,
વિસ્તારેલ જે વેદમાં રે, જોઈ સર્વેએ તો જાણ.
એંધાણ નરની જેટલી રે, સદ્‌ગુરુએ દેખાડી જ્યાંએ,
પરચા પૂર્યા તેમના રે, કળા બતાવી ત્યાંયે.

લાવી ધરી સર્વે આગળે રે, સદ્‌ગુરુ મહારાજને પાએ,
હૈયે હરખ માયે નહિ રે, આનંદ કહ્યો ન જાયે.

એટલામાં એક માણસે કહ્યું કેઃ બાળ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને રૂબરૂ મળો એટલે તમને બધી જ ખબર પડી જશે.

યોગી લોકોએ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પાસે જઈને કહ્યું કેઃ 'મહારાજ, આપ બ્રહ્મનિષ્ઠ મહાપુરુષ છો તો બ્રહ્મકળાનો પ્રતાપ અમને બતાવો. યોગી લોકોએ આમ કહ્યું એટલે સદ્‌ગુરુ મહારાજે પોતાનું મ્હો ખોલતાં જ તેમાં તે યોગીજનોને ચૌદ ભુવનો દેખાવા લાગ્યાં. ગંગા, યમુના, પર્વતો, વનસ્પતિઓ, નવ ગ્રહ, તારા, સૂર્ય, ચંદ્ર વગેરે બધું જ દેખાવા લાગ્યું. યુગગુરુના જે લક્ષણો શાસ્ત્રમાં કહેવામાં આવ્યાં છે તે તમામ સદ્‌ગુરુમાં દેખાવા લાગ્યાં. તેથી યોગી લોકોને ખાત્રી થઈ કે સત્‌પંથની ઉજ્જવલ જ્યોતિ અહીં જ પ્રદીપ્ત થયેલી છે. આજ ખરેખર યુગગુરુ છે. તેથી પોતાની સાથે આણેલી દશાંશ રકમ તેમણે સદ્‌ગુરુને અર્પણ કરી. સદ્‌ગુરુએ તમામ રકમ ઘટપાટ વારિયજ્ઞ પૂજા વિધિના માર્ગે બ્રહ્માર્પણ કરી ગરીબોને વહેંચી આપી અને યોગી લોકોનો સત્કાર કર્યો. તેમની સાથે યોગજ્ઞાનની ચર્ચાની પણ શરૂઆત કરી. તે વખતે યોગી લોકોએ પૂછેલા અનેક પ્રશ્નોના સંતોષકારક જવાબ સદ્‌ગુરુએ કુશળતાથી આપ્યા. એ જ જ્ઞાન સદ્‌ગુરુના 'યોગવાણી' નામના ગ્રંથમાં લખી રાખવામાં આવ્યું છે. તેમાં કર્મયોગનું પ્રતિપાદન કરવામાં આવેલું છે.

સિંધુ તીરે નાવિકનો ઉદ્ધાર -

પછી સદ્‌ગુરુ ચાલીયા, આવ્યા સિંધુ તીર,
નાવિક જીવણ ત્યાં આગળે, ઉતારતો હતો નીર.
સરિતા વહે અતિ પૂરમાં રે, બળ કહ્યું નવ જાય,
સિંધુ સાગર ઉમટ્યો રે, નીર નદીયે ના માય.
બોડીનું બળ ચાલે નહિ રે, આમ તેમ અફળાય,
સંગાથ લાગ્યો સૌ બૂડવા રે, રડારોળ રે થાય.
નાવિક વળતો ઓચરે રે, અમ દેશના વાસી રે વીર,

સદ્‌ગુરુ તમે આવજો રે, અમને તાણે છે નીર.
આપદા માથે આવી પડી રે, નાવ નહિ જુવે તીર,
અવસરે આવો વાલમા રે, અમને દેવાને ધીર.
અરદાસ કરે જીવણ અતિ, દે છે સૌને ધીર,
વાલો મારો આવશે, ધરજો ધીરજ વીર.
મૂંઝાશો નહિ મારા બંધુવા રે, હિંમત હારો નહિ આજ,
અવસરે આવી ઉગારશે રે, સરશે આપણાં કાજ.
ચિંતા ટાળો તમે ચિત્તથી રે, રાખો ધારણ ધીર,
ઉગારવા વાલો આવશે રે, આતમના સધીર.
એક ચિત્તો આદર્યું રે, કીર્તન ગુરુજીનાં ગાએ,
બેડી તે લાગી બૂડવા રે, હાહાકાર ત્યાં થાયે.
બેડી વાળા સૌ બોલીયા રે, કરો કાંઈ ઉપાયે,
સદ્‌ગુરુ કોઈ ના આવીયા રે, જીવ સર્વે ના જાયે.

થોડા દિવસ પછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સિંધુ નદીના કિનારે કિનારે ગુજરાત તરફ ધર્મના પ્રચારાર્થે જવા પ્રયાણ કર્યું. પંજાબમાં સિંધુ નદીના કિનારે એક ગરીબ નાવિક આવો જ પ્રેમઘેલો સદ્‌ગુરુનો પરમ ભક્ત હતો. તેનું નામ જીવણ હતું. તે સિંધુ નદીમાં લોકોને સામે કિનારે લઈ જતો અને વળતાં આ કિનારે લોકોને લઈ આવતો. આ કામ કરતી વખતે તે હંમેશાં ઈશ્વરનું અને સદ્‌ગુરુનું નિત્ય સ્મરણ કરતો.

એક દિવસ વેપારી જેવા લોકોને ધંધાર્થે સામા કિનારે જવું હશે. તેથી સૌ આ જીવણની નાવમાં બીજા મુસાફરો સાથે સામે કિનારે જવા બેઠા. નાવડી નદીમાં ચાલવા લાગી. કુદરતને કરવું તે નાવ બરાબર નદીની વચ્ચે પહોંચી હશે અને ઉપરવાસમાં પુષ્કળ વરસાદ પડવાથી નદીનું પાણી એકાએક ચઢવા લાગ્યું. નદીએ ભયંકર સ્વરૂપ ધારણ કર્યું અને મોટાં મોટાં મોજાંના લીધે નાવડી આમ તેમ ડોલવા લાગી. સૌ વેપારીઓ ગભરાવા લાગ્યા અને આકુળ વ્યાકુળ થઈ ગયા. જીવણ નાવિકને ફાવે તેમ બોલવા લાગ્યા કેઃ તું અમને આ નદીમાં ડૂબાડવા માટે લાવ્યો છે કે શું ? ગમે તેમ કરીને અમને સામા કિનારે પહોંચાડ.

એકાએક આવી પડેલી આ આફત સામે નાવિક બિચારો શું કરે ! એ તો તરત જ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ અને પરમ કૃપાળુ પરમાત્મા શ્રી નિષ્કલંકી નારાયણ ભગવાનને પ્રાર્થના કરીને કહેવા લાગ્યો કેઃ હે સદ્‌ગુરુદેવ ! હે પરમ કૃપાળુ પરમાત્મા ! આ ભયંકર તોફાનમાં મારી નાવડી સામે કિનારે પહોંચી શકે તેમ લાગતું નથી, અમે સૌ નિઃસહાય બની ગયા છીએ. હે પ્રભુ ! કૃપા કરી અમ સૌને બચાવી લો ! તમે જ અમારા આધાર છો નાથ ! આમ જીવણ સદ્‌ગુરુને પ્રાર્થના કરવા લાગ્યો અને વેપારીઓને કહેવા લાગ્યો : તમે સૌ હિંમત છોડતા નહીં. ધીરજ ધરો અને સદ્‌ગુરુને પ્રાર્થના કરો, તેઓ જરૂર આપણને બચાવવા આવ્યા વગર નહીં રહે.

નાવિકને ધિક્કારીયો, ફિટ ફિટ કહે છે લોક,
ઉપાય કરવા દીધો નહિ, માર્યાનો સાધ્યો જોગ.

મારવાને અમને લાવીયો રે, વહેર વાળ્યાં રે પૂર,
કીયા રે દિવસનો વહેરીયો રે, કર્યા ઘરથી દૂર.

અકળાયો જીવણ અતિ ઘણો રે, જીવણ જેનું રે નામ,
ઉતાવળો થઈ બોલીયો રે, સાંભળો સદ્‌ગુરુ શ્યામ.

સદ્‌ગુરુએ આળસ કરી રે, જાય છે તમારી રે લાજ,
લાજ જાશે ઓ વિઠ્ઠલા રે, જો બગડે આ કાજ.

નાવ ભરાણી નીરથી રે, નાવિકે જોયું જે વાર,
મરવાને તત્પર થઈ ગયો રે, પડવા સિંધુ મોઝાર.

જઈ ઝંપલાવે નીરમાં, મુખ સદ્‌ગુરુ બ્રહ્મા નામ,
વાલો મારો આવીયો રે, કરવા જીવોનાં કામ.

વેપારીઓ તો ગભરાઈ ગયા હતા અને સાથે સાથે અકળાઈ પણ ગયા હતા. તેથી તેમને ભગવાનને પ્રાર્થના કરવાનું સૂઝતું જ નહોતું અને જીવણને ઠપકો આપવા લાગ્યા કે તું અમને આજ મારવા બેઠો છે. નાવડી ચલાવતાં આવડતી નહોતી તો અમને કેમ બેસાડ્યા ? નાવડીને સ્થિર કરી સામે કિનારે પહોંચાડ. અમારું મૃત્યુ થશે તો પાપ

તને લાગશે. આવી આફત વેળાએ ભગવાનને પ્રાર્થના કરવાની ભૂલી જીવણ નાવિકને સૌ ઠપકો આપવા લાગ્યા.

જીવણે વેપારીઓને દિલાસો આપી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની અનન્ય ભાવે ફરીથી પ્રાર્થના શરૂ કરી. ભગવાન સતિયા લોકોની કપરા કાળમાં કસોટી કરે છે, તેમ નાવડીમાં પાણી ભરાવા લાગ્યું. સદ્‌ગુરુને અને ભગવાનને પ્રાર્થના ચાલુ જ છે. પરિસ્થિતિ ભયંકર થવા લાગી. નાવડીમાં બેઠેલા સૌ મદદ માટે બૂમો પાડવા લાગ્યાં. જીવણ આ પરિસ્થિતિ જોઈ નિરાશ થઈ ગયો અને તેને વિચાર્યું કે હવે મારી લાજ નહિ રહે, એટલે પોતાનો દેહ સિંધુ નદીને અર્પણ કરવા તૈયાર થયો અને તેને સદ્‌ગુરુનું સ્મરણ કરી નદીમાં ભૂસકો માર્યો.

દાસ દેખાણો ડૂબતો રે, સદ્‌ગુરુએ જાણી છે વાત,
વિલંબ કરવો નહિ ઘટે રે, કરશે આપઘાત.
દયા લાવી દાસ ઉપરે રે, પોતે દેવાને આધાર,
આગળ આવી ઊભા રહ્યા રે, સદ્‌ગુરુ શ્રી મોરાર.
કળા કળી કોઈ નવ શકે રે, આપ બાળે રે વેષ,
તારણહારા જગતના રે, ત્રિલોકી નરેશ.
દીન વચન દાસનાં રે, લાગ્યાં રુદિયા મોઝાર,
તાપ ટાળ્યો સૌ દેખતાં રે, લજયા રાખણહાર.
સહાય કરી જગદીશ્વરે, ભક્તોનું રાખ્યું નામ,
દાતા દાસ આધીન થઈ, આપ્યો આનંદ ઉર.
હાથ ઝાલ્યો નાવિક તણો રે, બીજો બેડી ને હેઠ,
ઉપાડી મેલી કાંઠડે રે, તીરે ઠેઠા રે ઠેઠ.
અચરજ થઈ ઊભો રહ્યો રે, લાગે સદ્‌ગુરુને પાએ,
નાવિકને સૌ વિનવે રે, ગુણ સદ્‌ગુરુના ગાએ.
સાંભળો નાવિક અમ તણી રે, અરજ દઈને કાન,
ગુણ જાણ્યો નહિ આપનો રે, કર્યું તારું અપમાન.

માફ ગુનો કરો અમ તણો રે, બોલ્યા આપને મેણ,
દેખાડો દીનાનાથ રે, કેવા સુંદર છે નેણ.
સામા તીરે સદ્‌ગુરુ રે, ઊભા બાળ વેષ દયાળ,
નાવિકજીએ ઓળખ્યા, ઓભલે ઊભા કિરપાળ.
નાવિક બોલ્યો સાથમાં રે, ઓ ઊભા દીના રે નાથ,
ભવતારણ ભાવીયો રે, નમીયો સઘળો સાથ.
સંઘ સઘળો આવીયો રે, નમે છે વારંવાર,
વિનંતી કરી અતિ પ્રેમથી રે, સહાય કરોને મોરાર.
વણઝારા સર્વે રાજી થયા રે, નમે સદ્‌ગુરુને શીશ,
કરગરી કરગરી વિનવે રે, રીસ મા કરશો જગદીશ.
અવગુણ ના જો જો અમ તણા રે, છીએ તમારાં બાળ,
જો જો ના કર્તવ્ય અમ તણા રે, રાખો શરણે દયાળ.
વણઝારા સંતોષીયા, દાસનાં ટાળ્યાં દુઃખ,
એવી રીતે ટાળજો, ભાવિકોને ના રહે ભૂખ.
દૃઢતા દુઃખ નિરવાણી રે, વિશ્વાસ અમર રુખ,
નીતિથી નજરે નિહાળીયે રે, અચળ અમર સુખ.
પ્રેમે પાળે છે આ જીવડો રે, નવમાં શ્રેષ્ઠ ગણાય,
આચાર અમૂલ્ય એવડો રે, દસમો નિધિ લેખાય.
અબળ છે સબળમાં શોભતો રે, પાંચે પૂરણ હોય,
તેને ત્રિધા નડે નહિ રે, દર્શન દાતાનાં જોય.
તેથી કરી સુખ પામીયો રે, વળતો વણઝારો સંઘ,
પોત પોતાને પંથે પડ્યા રે, લેઈ ગુરુજીનો રંગ.

આ જોઈ ભક્તની લાજ રાખવા એ જ સમયે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પ્રગટ થયા અને તેમને જીવણને ઊંચકી લીધો, નદીમાં પાણી સ્થિર થઈ ગયું, નાવડી

ડોલતી બંધ થઈ ગઈ. સદ્‌ગુરુએ જીવણ નાવિકને નાવડીમાં બેસાડ્યો અને પોતે નાવ ચલાવવા લાગ્યા. નાવડી સડસડાટ જલ્દીથી સામા કિનારે પહોંચી ગઈ. સૌ મુસાફરો અને વેપારીઓ સહીસલામત કિનારા ઉપર ઉતર્યા. આ ચમત્કાર જોઈ સૌ આશ્ચર્યમાં પડી ગયા અને તેમણે સદ્‌ગુરુની ક્ષમા માગી અને પ્રાર્થના કરવા લાગ્યા. જીવણ પ્રેમઘેલો થઈ સદ્‌ગુરુના ચરણમાં પડી ગયો. તેની આંખમાંથી હરખનાં આંસુ આવી ગયાં.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યા : 'જીવણ, તારી દઢ શ્રદ્ધા, ભક્તિ અને અટલ નિષ્ઠા જોઈ હું મારાં સર્વ કામ છોડી તારું રક્ષણ કરવા માટે અહીં આવ્યો છું.

જીવણ બોલ્યોઃ ગુરુ મહારાજ ! હું અપરાધી છું. મારા માટે આપને કેટલું બધું કષ્ટ ઉઠાવવું પડ્યું. તમે મારા ઉપર કૃપા દૃષ્ટિ કરી, હે પરમાનંદ સ્વરૂપ દયાધાન ! હું આપને વારંવાર નમન કરું છું. એમ ગળગળા થઈ સદ્‌ગુરુને દંડવત્ પ્રણામ કર્યા.

આ જોઈ મુસાફરો અને વેપારીઓ પણ ગળગળા થઈ ગયા અને દીનવદને બોલ્યાઃ હે સદ્‌ગુરુ મહારાજ ! અમે મહાન અપરાધી છીએ. તે અપરાધ બદલ અમને ક્ષમા કરી અમારા ઉપર કૃપા કરો. આમ અનેક રીતે સદ્‌ગુરુશ્રીને પ્રાર્થના કરી તેમને ભક્તિભાવથી નમન કર્યાં.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સૌને પ્રેમથી શુભ આશીર્વાદ આપ્યા. ત્યારપછી જીવણને આધ્યાત્મિક જ્ઞાનનો ઉપદેશ આપી તેને કૃતાર્થ કર્યો. તેથી તે આત્મચિંતન કરવા લાગ્યો અને મહાન જ્ઞાની થયો. બીજાઓને પણ સન્માર્ગે દોરવા લાગ્યો.

ચિતોડગઢનો વેલર રબારી -

રબારી એક ત્યાં વસે, વેલર જેનું નામ,
સંતતિ તેને નહિ, ભજતો શ્રી ભગવાન.
ઢોર ચારી ઘેર આવતાં રે, દીઠા ગુરુજી રે જ્યાંએ,
પાસે જઈ પાએ લાગીયો રે, વિનવ્યા ગુરુજી રે ત્યાંએ.
કોણ નાત કોણ જાતડી રે ? ક્યાં રહો છો રે ભાઈ ?
પુત્ર પરિવાર કેટલો રે ? કુશળ છે તાત ને માઈ.

વેલર વાણી ઓચરે રે, અમે રબારી જાત,
રહેવાસી અમે આ શહેરના રે, નથી માત ને તાત.
આ ઉપવનમાં ચારીયે રે, પશુ બસોને સાત,
પુત્ર પરિવાર કંઈ નહિ રે, છે ત્રણ સ્ત્રી જાત.
વેલર નામ છે માહેરું, કર્મ હીન હું તાત,
આંખે નીર આવી ગયું. કરતાં પુત્રની વાત.

સદ્ધર્મનો પ્રચાર કરતા કરતા સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ એક દિવસ ચિત્તોડગઢ આવ્યા. સદ્‌ગુરુ શ્રી મહારાજની કીર્તિ સાંભળી ઘણા લોકો તેમનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ દ્વારા સાદી સરળ ભાષામાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવાથી કેટલાક લોકો તેમના સેવક બન્યા. તેમના આગ્રહથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ત્યાં થોડા દિવસ ધર્મ પ્રચાર અર્થે રહ્યા. ધર્મ સત્સંગમાં વેલર નામનો રબારી પણ આવતો. સદ્‌ગુરુએ તેને પોતાની પાસે પ્રેમથી બેસાડી કુટુંબ પરિવારની કુશળતા અંગે પૂછ્યું.

વેલરે કહ્યું: સામે દેખાતા ઘેર હું મારી ત્રણ પત્નીઓ સાથે રહું છું. હું જાતે રબારી છું, નામ વેલર છે. આપના જેવા મહાત્માઓના આશીર્વાદથી મારી પાસે પુષ્કળ સંપત્તિ છે પણ તેના માટે કોઈ વારસ નથી.'

ધીરજ ધારી નવ શક્યો રે, રોવા લાગ્યો તે વાર,
રોઈ રોઈ કંઠ સુકાઈ ગયો રે, નયને અશ્રુ ધાર.
વાણી તે વાળી નવ શક્યો રે, રહ્યો જીવ મૂંઝાઈ,
સાંસ ઉસાંસે ઉલટ્યો રે, નમ્યો ગુરુજીને જાઈ.
કલ્પાંત કરતો અતિ ઘણો રે, રડતો બૂમા રે બૂમ,
પગ ઝાલીને પોકારતો રે, મારા મૂકાવો ડૂમ.
સદ્‌ગુરુ મુખથી બોલીયા રે, સાંભળ વેલર વાત,
દુઃખની વારે દયા કરે રે, એવો જગતનો તાત.

સંકલ્પ વિકલ્પ ટાળજે, રાખજે મનમાં આશ,
પુત્ર સુખ તું પામશે, બોલ્યા સદ્‌ગુરુ પ્રકાશ.
વાત કહું તે તું માનજે રે, કરજે કહું તે કામ,
ચિતોડ મૂકી તું ચાલજે રે, વસજે બીજે રે ગામ.
નગર ઉત્તમ સોહામણું રે, એસાવર રે નામ,
વસવા કારણ ચાલજે રે, લેજે કુટુંબ તમામ.
ભાઈ વેલરનાં શોભતાં રે, પાંચ પૂરણ કામ,
મેથો મેવો ને મૂળજી રે, વળી રત્નો છે નામ.
સેવક સદ્‌ગુરુના ત્યાં થયા રે, લીધો ધરમ તે ઠામ,
આનંદ થઈને ઉઠીયા રે, કરવા ઉત્તમ કામ.
પરિવાર જે પોતા તણો, કાકાઈ પુત્ર જ ચાર,
લાવી સર્વે નમાવીયા, ગુરુજીને તે વાર.
મેથો મેવોને મૂળજી રે, ચોથો રત્નો છે સાથ,
પ્રીતે નમ્યા ગુરુ પાએ રે, અને જોડી બંને હાથ.
પાંચ જણ ત્યાંથી નીકળ્યા રે, સાથે કુટુંબ તમામ,
વળતાં તે સદ્‌ગુરુ ચાલીયા રે, આવ્યા સિરોહી ગામ.

સંતાનહીનની વાત કહેતી વખતે વેલરની આંખોમાં આંસુ આવી ગયાં. એ જોઈ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને તેની પર દયા આવી. તેમણે વેલરને ધીરજ આપતાં કહ્યું : 'વેલર, પુત્ર પરિવાર હોવા છતાં માણસને પુત્રથી સુખ મળે છે જ એમ ક્યાં છે ? તું દુઃખી થઈશ નહીં. દરેકને પૂર્વ સંચિતનાં ફળ ભોગવવાનાં હોય છે. સંસારના ઋણાનુબંધથી માણસને બીજા પ્રાણીના સંપર્કમાં જોડાવું પડે છે. ઋણ એટલે દેવું અને તેના લીધે પ્રાપ્ત થતું બંધન ઋણાનુબંધન. તારે ત્યાં પુત્રયોગનો સંભવ છે. તું તારા કુટુંબ સાથે ચિતોડગઢની ભૂમિ છોડી એસાવર ગામે જઈને રહે. ત્યાં ગયા પછી થોડા સમયમાં પુત્રની પ્રાપ્તિ થશે.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના આ આશીર્વાદથી વેલરને ઘણો જ આનંદ થયો. તેમની આજ્ઞા મુજબ વેલર રબારી પોતાના કુટુંબ પૈકી મેથો, મેવો, મૂળજી અને રત્નો અને પોતે એમ પાંચ જણાનો પરિવાર એસાવર ગામ જઈ રહ્યા. થોડા સમય પછી એને ત્યાં ત્રણ પુત્રો જન્મ્યા. તેથી વેલરને ઘણો આનંદ થયો.

દિલ્હીમાં ભાવિક ભક્તજનોને ઉપદેશ -

કામ કર્યા બહુ જનનાં રે, દીધો ધરમ તે ઠામ,
વળતાં સદ્‌ગુરુ આવીયા રે, આવ્યા દિલ્હી ગામ.
ધર્મશાળામાં ઉતર્યા રે, વેદ તણી વાત વદે ભૂપાળ,
ધર્મ શિક્ષણ નામની રે, તે ધર્મશાળા હોય વિશાળ.
સંધ્યા ગુજારી જ્યાંહ રે, નમ્યાં સર્વ લોક તે વાર,
જય જયકાર વર્તાઈ રહ્યો, સઘળા નગર મોઝાર.

ઈ.સ. ૧૪૫૪ના અરસામાં સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ મારવાડ દેશમાંથી નીકળી ઉત્તર તરફ દિલ્હી જવા નીકળ્યા. માર્ગમાં અનુકૂળ જગ્યાએ વિશ્રાંત કરતા કરતા તે શિરોહી ગામે પહોંચી ત્યાંના લોકોને ધર્મોપદેશ કરવા લાગ્યા. તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન, અગમનિગમ જ્ઞાન વગેરે સંબંધી તેમજ સત્‌પંથ ધર્મની જાણકારી તેઓ લોકોને આપતા અને તેમના ધર્મને સંલગ્ન પ્રશ્નોનું નિરાકરણ કરતા. ત્યાંથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ દિલ્હી ગયા.

દિલ્હી શહેરમાં લોકોને સત્‌પંથ ધર્મનો ઉપદેશ આપતાં સદ્‌ગુરુ મહારાજે કહ્યું કેઃ

इस मिट्टी में सारी दुनिया निपाया ।
इसीमे कौन जात पात उपाया ।।

ઈશ્વરે જ્યારે જીવ સૃષ્ટિ નિર્માણ કરી ત્યારે સ્વેદજ, ઈંડજ, ઉદ્‌ભિજ્જ અને જરાયુજ એ રીતે ચારે ખાણીમાં ચોર્યાસી લક્ષ જીવ યોનિ નિર્માણ કરી. દરેક જીવનું શરીર પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ એ પંચમહાભૂતોના સંયોગથી અને તેમના પંચીકરણથી નિર્માણ થયું છે. પંચતત્ત્વથી જ બધાં શરીરો નિર્માણ થયેલાં હોવાથી તેમાં કોઈ એવો જાતિ ભેદ નથી.

માનવ ગમે તે હોય તો પણ તેનું ઉત્પત્તિ સ્થાન અને તત્ત્વગુણ એક હોય છે. વળી ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ જીવનક્રમ પણ એક જ છે. સ્થૂળ રૂપમાં જો ભેદ

નથી તો સૂક્ષ્મ રૂપમાં પણ શી રીતે હોઈ શકે ? ઈશ્વર આપણી પાસે જ છે છતાં આપણે તેને જોઈ શકતા નથી. કારણ આપણું અંતઃકરણ સાફ હોતું નથી. આપણા અંતઃકરણમાંથી માયા, મમતા, લોભ, રાગ, દ્વેષ વગેરે કચરો કાઢી નાખવો જોઈએ એટલે અંતઃકરણ શુદ્ધ થશે અને પછી જીવાત્માને ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ શકશે. તેના માટે બાહ્ય દેખાવની જરૂર નથી. તેના માટે પ્રેમભાવ જોઈએ.

પ્રેમભક્તિ હિરદે વસે, અંતર નેહ લગાય,
શ્વાસ ઉશ્વાસે આરાધીએ, તો કાને શ્રુત ન જાય.

પોતાના કાનથી પણ સંભળાય નહીં એવી ખરા દિલથી ભક્તિ કરવી. પરમ વિશુદ્ધ પ્રેમભાવથી ઈશ્વરનું પ્રતીક જે જ્યોતિ સ્વરૂપ છે તેનું ધ્યાન ધરવું અને ચિત્તમાં અખંડ નામ સ્મરણ કરવું જોઈએ અને હું પણ તેમજ કરું છું.

સદ્‌ગુરુનાં આ વચનો સાંભળી લોકો ઘણા જ આશ્ચર્યચકિત થયા. લોકોએ બીજા ઘણા પ્રશ્નો પૂછ્યા તે તમામનો સંતોષકારક જવાબ મળવાથી સૌને ઘણો આનંદ થયો. પછી સર્વ લોકોએ પ્રણામ કરી વિદાય લીધી. જતાં પહેલાં દિલ્હી શહેરના નગરશેઠે કહ્યું: 'મહારાજ આપને કંઈ જોઈતું હોય તો માગી લો. જમીન જાગીર કે બીજી કોઈપણ વસ્તુ જોઈતી હશે તો તે હું તરત જ આપીશ.'

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ 'જમીન જાગીર અને દુનિયાની સ્થાવર, જંગમ, વૈભવ તો નાશવંત છે. એવા નાશવંત વિષયો સાધકને 'સત્'થી પરાવૃત્ત કરે છે. માણસે તેનાથી દૂર રહેવું અને પોતાનું મન ઈશ્વરના અવિનાશી સ્વરૂપમાં પરોવી રાખવું.

સો ધન સંચો બાવલે, કોઈ ન ઝાલે હાથ,
જન્મ મરણ ભય ચૂકવે, મરણ સમે આવે સાથ.

"દરેક જીવાત્માએ એવા ધનની પ્રાપ્તિ કરવી કે જેમાં રાજા, ચોર, અગ્નિ કે વાયુ વગેરે કોઈ પણ લઈ ન શકે તેમજ જન્મ-મરણની પણ બીક ન રહે. મરતી વખતે પોતાની સાથે આવે એવું જ ધન મેળવવું જોઈએ."

આ જગતમાંથી કઈ વસ્તુ મરણ સમયે આપણી સાથે આવે કે જેથી જન્મ-મરણના ફેરા ટળી શકે ? પુન્ય અને પાપ કર્મો જ સાથે આવે છે. તેથી માણસે નાશવંતના બદલે

કાયમ ટકનારું અખંડ એવું એક પરમ તત્ત્વ જાણવાનું જ્ઞાન મેળવી મોક્ષ માટે પ્રયત્ન કરવો જોઈએ. મનુષ્યને સત્કર્મ કે સત્સંગ અને નામ સ્મરણથી જ મુક્તિ મળે છે.

'મને જમીન જાગીર વગેરે કંઈ નહીં જોઈએ. મને તો માત્ર પ્રભુ જ પ્રિય છે.' આ સાંભળી સૌ લોકો આશ્ચર્યચકિત થયા. તેમણે નમ્ર ભાવે સદ્‌ગુરુને પ્રણામ કર્યા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સૌને આશીર્વાદ આપી વિદાય કર્યા.

સંઘને કાશીનાં દર્શન

સદ્‌ગુરુ ત્યાં થકી ચાલીયા રે, આવ્યા લાછોરે ગામ,
સંઘ મળ્યો કાશી તણો રે, કર્યાં તેનાં રે કામ.
સત્‌ધર્મ ત્યાં આપી કરી રે, સદ્‌ગુરુ ચાલ્યા રે આપ,
ડાંગ મુલકમાં આવીયા રે, ટાળ્યા મારા રે તાપ.
વળતાં તે ચાલીયા રે, ફર્યા બહુ રે દેશ,
બાર વર્ષે મને લઈ કરી રે, આવ્યા કાનમ દેશ.
ભોમી દેખાડી ને બોલીયા રે, તારે આ રહેવાનું ઠામ,
વળતાં તું અહીં આવજે રે, કરી પૂરણ કામ.
મુજને લઈને ચાલીયા, સદ્‌ગુરુ આપો આપ,
ગામ નવસારી જઈ, ટાળ્યા સર્વેના તાપ.

દિલ્હી શહેરમાં થોડા દિવસ રહી ત્યાં સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ઘણા લોકોને ધર્મોપદેશ આપ્યો અને પછી ત્યાંથી દક્ષિણ તરફ ગયા. ફરતા ફરતા બરહાનપુર ગયા, ત્યાંથી લાછોરા ગામે જતાં ગામની બહાર એક આંબાના ઝાડની છાયા નીચે કેટલાક મુસાફરો બેઠેલા જોયા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પણ તેમની પાસે જઈ બેઠા. મુસાફરોએ તેમના પ્રત્યે અણગમો બતાવ્યો. પરંતુ સદ્‌ગુરુએ એ તરફ ધ્યાન નહીં આપતાં મુસાફરોને પૂછ્યું: તમે કોણ છો ? ક્યાં જવાના છો ? વગેરે પૂછપરછ કરી.

મુસાફરોએ કહ્યું કે: અમે કાશી જવાના છીએ.

સદ્‌ગુરુએ પોતાનો જમણો હાથ ઊંચો કરી યાત્રાળુઓને કહ્યું: 'તમારે કાશી જવું છે ને ? તો જુઓ આ રહ્યું કાશી ક્ષેત્ર.' એમ કહી યાત્રાળુઓને કાશી તીર્થધામનાં દર્શન કરાવ્યાં.

મુસાફરો જોતાં જ આશ્ચર્ય પામ્યા ! તેમણે બધેય મંદિરો જ મંદિરો દેખાવા લાગ્યાં. પોતે આંબાના ઝાડ તળે બેઠા છે એવું તેમને ભાન રહ્યું નહીં. તેમને તો યાત્રાળુઓની ગિરદીથી ફેલાયેલું કાશી ક્ષેત્ર દેખાવા લાગ્યું. તેમણે બધાએ ગંગા સ્નાન કર્યું અને મંદિરમાં જઈ કાશી વિશ્વેશ્વરનાં દર્શન કર્યાં. બે પ્રહર સુધી તેમને કાશી સિવાય બીજું કંઈ જ દેખાયું નહીં. ત્યાં એ પોતાના સગાંવહાલાં અને મિત્રોને મળ્યા. દાન પણ કર્યું. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની સમક્ષ તેમને જાણે ભાવ સમાધિ લાગી ગઈ. તેમની આ સ્થિતિ ઘણા સમય સુધી રહી.

આખરે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે પોતાનો હાથ તેમની સામેથી પાછો લીધો ત્યારે કાશી ક્ષેત્ર અદશ્ય થયું અને મુસાફરો ભાનમાં આવ્યા. એ ભ્રમમાં પડ્યા કે આપણે કાશીમાં છીએ કે બીજે ક્યાંક છીએ. ભ્રમમાંને ભ્રમમાં એ લોકો કાશીની વાતો કરવા લાગ્યા ત્યારે એક ડાહ્યા માણસે તેમનો ભ્રમ દૂર કરતાં કહ્યું કેઃ આપણી સામે આ જે વિભૂતિ છે તેમણે જ આ ચમત્કાર બતાવી આપણને કાશીનાં દર્શન કરાવ્યાં છે.

બધા આશ્ચર્યચકિત થયા અને પૂર્ણ શ્રદ્ધાથી તેઓ તે વિભૂતિ તરફ જોવા લાગ્યા, ત્યારે તે વિભૂતિની આજુબાજુ પરમ જ્ઞાનાનંદનું તેજોવલય દેખાવા લાગ્યું. તે જોઈ તેમનું હૃદય પરિવર્તન થયું અને તેમને તે લોકોએ સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા અને પોતાના અપરાધની ક્ષમા માગી. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તેમને આશીર્વાદ આપ્યા અને સત્‌પંથની દીક્ષા આપી.

ત્યાંથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ફરતા ફરતા ડાંગ વિસ્તારમાં આવ્યા. ત્યાં મારો તેમની સાથે મેળાપ થયો. મારામાં રહેલા અધમ કુસંસ્કારોનું નિવારણ કર્યું અને મને સન્માર્ગે ચઢાવ્યો. બાર વર્ષ ડાંગના જંગલોમાં સદ્‌ગુરુ મહારાજના આદેશથી તપશ્ચર્યા કરી. બાર વર્ષ પછી સદ્‌ગુરુ મહારાજ પાછા આવ્યા અને મને ત્યાંથી લઈ કાનમમાં આવ્યા. મને આદેશ કર્યો કે તું કાનમમાં રહી સદ્‌ધર્મનો પ્રચાર કર. તારે કાનમમાં જ રહેવાનું છે. પછી ત્યાંથી સદ્‌ગુરુ મહારાજે નવસારી તરફ પ્રયાણ કર્યું. ત્યાં નવસારીમાં કેટલાયનાં દુઃખ દૂર કર્યા, ત્યાંથી સુરત તરફ પ્રસ્થાન કર્યું.

સુરતના ત્રિભોવનદાસનાં વહાણ ઉગાર્યાં -

તેવે સમે કૌતુક બન્યું રે, શહેર સુરત મોઝાર,
રહેવાસી ખાસ સુરત તણો રે, નાખુદો નિર્ધાર.
ત્રિભોવન નામ છે તેહનું રે, વહાણ રાખતો ઘેર,
સાત વહાણ પોતા તણાં રે, સાંભળો તેની રે પેર.
બસરે મૂકયાં ભલી ભાતથી રે, લેવા માલ અપાર,
વળતાં વળ્યાં સૌ સાથમાં રે, અંગે ઉમંગ અપાર.
પવન લાગ્યો જોરથી રે, જળે કર્યું રે જોર,
ઉફાળા ઉછાળા ઉછળે રે, થયું ભવિષ્ય કઠોર.
વીંખી નાખ્યાં વહાણને, અરફા તરફી જાયે,
કોની કોને નવ રહી, સૂધ હવે શું થાયે.
વહાણ વેરાણાં જોરથી રે, ચાલ્યાં ચારે રે પાસ,
મનની હોંશ તૂટી ગઈ રે, ગઈ મળવાની આશ.
વહાણ વળ્યાં અતિ જોરથી રે, લીધી ઉત્તર વાટ,
એકેકની સૂધ નહિ રહી રે, કરે અતિ ઉચાટ.
વંટોળને વળગી રહ્યા રે, વહાણ સાગર મોઝાર,
દુઃખી થયા ઓલ્યા વહાણના રે, લોક અતિ અપાર.
વિલાપ કરે અતિ ઘણો રે, રોવે સઘળા રે જન,
ત્રિભો રહ્યો પોતે ટળવળે, થયા ઝાઝા રે દિન.

પછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ફરતા ફરતા સત્‌ધર્મનો ઉપદેશ આપતા આપતા ત્યાંથી નવસારી થઈ સુરત ગયા, ત્યાં ત્રિભુવનદાસ નામના એક ધનવાન વેપારી રહેતા હતા. પરદેશના બસરા બંદર સાથે તેમનો મોટો વેપારી સંબંધ હોવાથી બસરાથી સુરત સુધી તેમનો માલ જળમાર્ગે આવતો. તે માટે તેમનાં પોતાનાં સાત વહાણો પણ હતાં.

એક વખત માલ લાવવા માટે ત્રિભોવનદાસે પોતાના પુત્ર સાથે વહાણો બસરા મોકલ્યાં. દીકરાએ ત્યાંથી માલ ખરીદ્યો તે સાતે વહાણો લઈ ઓમાનના અખાતમાં થઈ અરબી સમુદ્રમાં આવ્યો.

પણ કમનસીબે આ વખતે અરબી સમુદ્ર તોફાને ચડ્યો. મોટાં મોટાં મોજાં ઉછળવાથી વહાણો ડામાડોળ લાગ્યાં. વખત જતાં તોફાન વધવા લાગ્યું અને ખલાસી લોકો ખૂબ ગભરાયા. કોઈ મદદ મળે એમ નહોતી. બધાએ જીવવાની આશા છોડી દીધી અને થોડીવાર પછી સાતે વહાણો દરિયામાં ડૂબ્યાં.

વહાણ મારાં આવ્યાં નહિ, સૂઝે નહિ મને પંથ,
દિન ઝાઝા વહી ગયા, કેવી થઈ છે તેની પંત.
માસ છ માસ માથે થયા રે, તોએ ના આવ્યાં રે વહાણ,
જોવા કારણ કાંઠે આવીયો રે, આવ્યો ડૂમસ ગામ.
સાથી વહાણ બીજાં હતાં રે, તેને પૂછવા સાર,
ક્યાં રે રહ્યાં વહાણ માહરાં રે, કોણે જોયો છે પાર.
નાખુદો એક ત્યાં બોલીયો રે, જેનું રણછોડ નામ,
વહાણ છુટ્યાં તારા મોરથી રે, હતાં બસરે ગામ.
માસ એક વીતી ગયો રે, અમને કરતાં રે કામ,
ત્યાર પછી અમે આવીયા રે, ના જાણ્યો તેમનો ઠામ.
નાખવે વિસ્તારી કહ્યું, કહી છે પૂરણ પેર,
રડતાં રડતાં પાછો વળ્યો, ત્રિભો જાવા ઘેર.

દોઢ મહિના જેટલી મુદ્દત વીતી છતાં વહાણો પાછાં નહીં આવવાથી ત્રિભુવનદાસ ચિંતામાં પડ્યા. બે માસ નીકળી ગયા એટલે એ પોતે તપાસ કરવા નીકળ્યા. ડૂમસ ગામે આવતાં તેને કેટલાક વહાણો આવતાં દેખાયાં પણ તે તો બીજા વેપારીનાં હતાં. તે પણ બસરાથી આવેલાં હતાં. તપાસ કરતાં તે વહાણ પરના રણછોડ નામના એક પાસેથી જાણવા મળ્યું કે ત્રિભુવનદાસનાં વહાણો તો એક મહિના પહેલાં જ બસરાથી નીકળી ચૂક્યાં હતાં, પણ તે નીકળ્યા પછી અરબી સમુદ્રમાં મોટું તોફાન થયું હતું.

આ હકીકત સાંભળી ત્રિભુવનદાસને જબરો આઘાત લાગ્યો અને તે શોક કરતા કરતા ઘર તરફ પાછા ફર્યા.

સમજ્યો મનમાં પોતા તણે રે, વહાણ મારાં રે જાયે,
સાતે વહાણ સામટાં રે, શું કરવો ઉપાયે.
કલ્પાંત કરતો અતિ ઘણો રે, ચાલ્યો સવળે પંથ,
મંદિરે સદ્‌ગુરુની પાસે આવીયો રે, ધારી એક જ ચંત.
સદ્‌ગુરુ પ્રગટ્યા ત્યાં હતા રે, સંગાથ ચંદનવીર,
ટળવળતો ત્રિભો આવીયો રે, આણી મનમાં પીડ.
મન ધારી મરવા તણું રે, કરે આક્રંદ અપાર,
માવજી મુજને ઉગારજો રે, આપ છો રે કિરતાર.
મરવા તે તત્પર થયો, જાણી મનમાં રીસ,
હત્યા આપું આપને, સહાય કરો જગદીશ.

ઈશ્વરની યાદ સંકટ સમયે આવે છે તેમ ત્રિભુવનદાસની બાબતમાં પણ થયું. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો ઉપદેશ સાંભળવા તેઓ કાયમ જતા હતા. તેથી તેમને સદ્‌ગુરુ યાદ આવ્યા અને તે તરત જ તેમના નિવાસે પહોંચી ગયા. સદ્‌ગુરુને તેમણે પોતાની હકીકત કહી. પ્રાર્થના કરતાં કહ્યું કેઃ હે સદ્‌ગુરુ મહારાજ ! હું આપના શરણે આવ્યો છું ! મારા ઉપર દયા કરો ! આ પામરનો ઉદ્ધાર કરો. મારો એકનો એક દીકરો મૃત્યુ પામ્યો ! હવે હું જીવતો રહીને પણ શું કરું ! ધિક્કાર છે મારા આ કમનસીબ જીવનને !

સદ્‌ગુરુએ મનમાં આણીયું રે, નાખવો મરશે નિરધાર,
પાળી લીધી છે હાથમાં રે, આંખે અશ્રુ ધાર.
કહે જનમારો એળે ગયો રે, ગયું રળેલું ધન,
પુત્ર મારો ભેળો ગયો રે, હતું જે તન મન.
હવે જીવીને શું કરું રે, નથી જીવ્યાની હોંશ,
પુત્રને ધન સર્વે ગયું રે, આવ્યું ગળે છે તોંશ.

જેણે કારણ હું રળ્યો રે, વેઠી કષ્ટ અપાર,
તે મેં ખોયો હાથથી રે, વળી દોલત સાર.
ધિક્ ધિક્ જીવતર માહેરું, છતે પુત્ર અપુત્ર,
ધિક્ ધંધો વહાણનો, છતાં ટળે ઘર સૂત્ર.
દુઃખ લાવી મનમાં રે, પાળી વાળે છે શીશ,
સદ્‌ગુરુ શ્રી બોલીયા રે, અતિ દેખાડી રીસ.
મરવું હોય જો તાહરે રે, નીકળ મંદિરથી બહાર,
કોણે તુજને બોલાવીયો રે, મરવા મંદિર માંય.
નાખવો ત્યાંથી બોલીયો રે, હું છું લાવ્યો ફરીયાદ,
વહાણ આપો સદ્‌ગુરુ માહરાં રે, નહિ તો દઈશ ઘાત.
જગત તારણ જાણીયા રે, તારો મારાં રે વહાણ,
નહિ તો મરીશ હું અહીં રે, ખાઈશ માથામાં પાણ.
વહાણ મારાં બૂડી ગયાં, બૂડ્યો પુત્ર જ સાથ,
લેવા કારણ આવીયો, આગળ દીનાનાથ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તેને આશ્વાસન આપતાં કહ્યું: 'ત્રિભુવનદાસ શાંત થા. જે બનવાનું હતું તે બની ગયું, માટે વૃથા શોક કરીશ નહીં. શાસ્ત્રમાં કહ્યું છે કે -

'લિખા લેખ સો નહીં મિટનેકા, ક્યા મરતા ઝૂર ઝૂર,
ખબર બીના નર કૈ ખપ ગયે, માયા કે હો મંજૂર.

न हि भवित यत्र भाव्यं भवति, च भाव्यं विनापि यत्येन ।
करतलगतमपि नश्यति, यस्य हि भवितव्या नास्ति ।।

'જે બનવાનું છે તે કદાપિ ટાળી શકાતું નથી. જે મળવાનું નહીં હોય તે હાથમાં આવ્યા પછી પણ જતું રહે છે. વિધિના લેખ કોઈ મિથ્યા કરી શકતું નથી. 'લખ્યા લેખ ટળે નહીં, કોટિ કરે ઉપાય !' વિધિના લેખ કરોડો ઉપાય કરવાથી પણ ટાળી શકાતા નથી. શ્રીરામ, યુધિષ્ઠિર, ભક્ત પ્રહ્‌લાદ, રાજા હરિશ્ચંદ્ર વગેરે જેવા અવતારી પુરુષો પણ તે ટાળી

શક્યા નહીં તો પછી આપણા જેવા પામરો શી રીતે ટાળી શકે ? માટે ચિંતા કરવાથી શો ફાયદો ? નાશવંત વસ્તુનો નાશ વહેલો મોડો થવાનો જ. મારો પુત્ર, મારું ધન, મારું ઘર કહીને શોક કરે છે તો તને એકલાને છોડીને તે કેમ જતું રહ્યું ? દુનિયામાં કોની માલિકીની કઈ વસ્તુ છે તેનો વિચાર કર્યો છે ? આ મિથ્યા માયાનો ત્યાગ કર.'

પણ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ઉપદેશની કોઈ પણ અસર ત્રિભુવનદાસ ઉપર થઈ નહીં, તેણે કહ્યું: 'ગુરુ મહારાજ ! આપની કૃપા દૃષ્ટિથી આંધળો જોઈ શકે, મૂંગો બોલી શકે અને લંગડો પર્વત ઓળંગી શકે તો પછી આ દુઃખનો હિસાબ શું ? મહારાજ ! કૃપા કરી આ પામરને ઉગારો' આમ કહી સદ્‌ગુરુના ચરણમાં માથું મૂકીને પ્રાર્થના કરવા લાગ્યા.

દાસને દુઃખમાં જોઈને, દયા લાવ્યા દાતાર,
ચંદનવીર હજૂરમાં રે, અરજ કરે અપાર.
ત્રિભાને લેઈ એકાંતમાં, બોલ્યા ચંદનવીર,
જે સદ્‌ગુરુને વિનવે રે, ધારી દિલમાં ટેક.
તે સદ્‌ગુરુ આવીયા રે, બેઠા મંદિરમાં આજ,
પગ ઝાલો જઈ તેહના રે, રહેશે તો તારી લાજ.
ભીનતા મનથી ટાળજે રે, કહું છું સાચ નિર્વાણ,
દયા દિલમાં આણશે રે, તરશે તારાં રે વહાણ.
ત્રિભોવન સમજયો તે ઘડી, ઊઠી ઊભો થાય,
ચરણે નમે સદ્‌ગુરુદેવને, લળી લળી લાગે પાય.
અનંત પ્રકારે વિનવે રે, કરજો મારી રે સહાય,
થયો હું ઓશિંગણ આપનો રે, દુઃખ મારાં જાય.
દુઃખની વારે દયા કરી રે, આણી અંતર હેત,
સદ્‌ગુરુ મહારાજ બોલીયા રે, ત્રિભા તું તો રે ચેત.
દુઃખ ના આણીશ દિલમાં રે, કાલે જા દરિયા તીર,
સાતે વહાણ આવશે સામટાં રે, હૃદયે રાખજે ધીર.

સંતોષ દાસને દાખવ્યો રે, રાખ્યો મંદિરની માંએ,
પોતે પવન ઉપાડીયો રે, વહાણ વાળ્યાં છે જાએ.

દુઃખ નિવારણ અવનિપતિ, સગુણ શિરોમણિ આપ,
વહાણ ઉપાડી ટોળે કર્યાં, ટાળ્યા દાસના તાપ.

આખરે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ત્રિભોવનદાસને પૂછ્યુંઃ 'એવી કઈ આફત તારા ઉપર આવી પડી છે ? ગમે તેવું દુઃખ કે આફત આવી પડે તો પણ તે તમામનું ઓસડ ઈશ્વર પાસે જ છે. આ ભવસાગર દુઃખથી ભરેલો છે પણ જે સંતોષ, ક્ષમા, દયા અને શાંતિ વગેરે ગુણોથી નિર્ભય હોય છે તેને દુઃખ શું છે તેની ખબર હોતી નથી. પણ જે માણસ કામ ક્રોધાદિ અવગુણોમાં લપટાઈ રહે છે તેને સુખ શું છે તેની ખબર હોતી નથી. તે માયા અને મોહમાં સુખ માને છે પણ ખરેખર તે દુઃખ જ હોય છે. હવે તું કોઈ બાબતનું દુઃખ કરતો નહીં. તું કાલે ડૂમસ ગામે જજે ! ત્યાં તારાં સાતેય વહાણો મળી જશે.

ભર દરિયે થયાં એકઠાં રે, સાતે વહાણ જે વાર,
હરખ મનમાં ઉપજ્યો રે, ચાલ્યા પંથે તે વાર.

કૌતુક વહાણમાં ઉપજ્યું રે, જોયા ભંડક જે વાર,
અન્નજળ દીશે અતિ ઘણા રે, ઓછપ નહિ રે લગાર.

વહાણવટી મન મરકીયા રે, આ તે શું રે કહેવાય,
નહોતું તે ક્યાંથી ઉપન્યું રે, કારણ શું રે આ થાય.

એ રે વાત એટલે રહી રે, સુણો મુનિવર વીર,
ત્રિભા સાથે સદ્‌ગુરુ બોલીયા રે, જાજો દરિયાને તીર.

સદ્‌ગુરુનું આ વચન સાંભળી શેઠને ઘણો જ આનંદ થયો અને તે તરત જ ડૂમસ ગામે ગયા. આ બાજુ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે વરુણ અને વાયુદેવને વિનંતી કરી ત્રિભુવનદાસનાં સાતે વહાણો સાગરમાંથી જેવાં હતાં તેવાં બહાર કાઢી ડૂમસ ગામે પહોંચાડવાનું કહ્યું અને વાયુદેવે તે પ્રમાણે કર્યું.

વ્હાણું વાતાં સંચર્યો, ત્રિભોવન આપો આપ,
ઊંડા નિસાસા નાખતો, જપતો ગુરુનો જાપ.
જઈ જુવે જયાં સાગરે રે, વહાણ આવે છે પૂર,
સાતે વહાણ નિહાળીયાં રે, હરખ્યો આનંદ ઉર.
પુત્ર જોયો પોતા તણો રે, આનંદ અંગ ના માય,
વહાણવટી સૌ મળ્યા રે, દુઃખ ટાળ્યાં રે રાય.
સાતે વહાણમાં શોભતાં રે, ત્રીયો દશ રે જન,
સંગાથે લઈને સંચર્યો રે, મળવા ધારીને મન.
લઈ આવ્યો ગુરુ આગળે રે, જ્યાં છે સદ્‌ગુરુ સધીર,
આવી નમ્યો સૌ સાથમાં રે, આણી ધારણ ધીર.

ત્રિભુવનદાસ ડૂમસ ગામે જઈ જુએ છે તો પોતાનાં સાતે વહાણો તેણે સામેથી આવતાં જોયાં. એક વહાણમાં તેણે પોતાના પુત્રને પણ જોયો. તેમનું હૃદય આનંદથી નાચવા લાગ્યું અને તે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ગુણગાન ગાવા લાગ્યો. થોડી જ વારમાં વહાણો કિનારે આવી પહોંચ્યાં અને પિતા પુત્ર આનંદથી ભેટી પડ્યા.

ત્રિભોવન મુખથી ઓચરે, સાંભળો નોધારાના આધાર,
ઓળખ આપની કહો રે, કારણ કહો વિસ્તાર.
વિનંતી ઉર ધરજો રે, કહું છું સાચે રે મન,
આગમન કારણ શું થયું રે, આપ કોના રે તન.
વિસ્તારી વર્ણન અમને કહો રે, કૃપા કરોને જગદીશ,
ક્યાં રે જવા મન ધારીયું રે, સાચે વસવા રે વીસ.
સદ્‌ગુરુ બોલ્યા તે ઘડી રે, કહ્યો સઘળો વિસ્તાર,
ઉપજ જે સર્વે હતી રે, કહી સઘળી તે વાર.
અમે આવ્યા ત્રિલોકમાંથી રે, બોધ દેવાને કાજ,
મારગ સત્‌નો દેખાડવા રે, દેવા ગુણીને રે આજ.

વર્ણન સાંભળી સદ્દગુરુનું, ઉપજ્યું અંતર જ્ઞાન,
આધીન થઈને ઓચરે, માગું સત્‌નું દાન.
ધરમ દેખાડો સત્‌નો રે, આપો આપનો જાપ,
મારગ આપો સોહેલો રે, ટાળો ત્રિવિધ તાપ.
ના નડે ભવનાં બંધનો રે, જાયે ભવ દુઃખ શૂળ,
આપ દર્શનથી પામીયે રે, સત્‌મૂલ અમૂલ.
આપ્યો ધર્મ તે દિવસે રે, જન સર્વને સાથ,
મનમાં આનંદ પામીયા રે, સિધો ગુરુજીનો હાથ.
આનંદ થઈને ઉઠ્યા રે, નાવિક માત્ર તમામ,
પાયે લાગી સૌ ચાલીયા રે, ગયા પોતાને ગામ.
ટાળ્યાં દુઃખ ત્યાં દાસનાં, કીધી લીલા લહેર,
મનવાંચ્છિત ફળ આપીને, જુલમી કીધા જેર.

ત્રિભુવનદાસે બધી હકીકત પુત્રને કહી અને ખલાસીઓને લઈ તે સદ્દગુરુ શ્રી હંસતેજજી મહારાજના દર્શન માટે સુરત મુકામે પહોંચ્યા. તરત ત્રિભુવનદાસ ભક્તિભાવથી સદ્દગુરુ મહારાજના ચરણોમાં નમી પડ્યા. તેમને આશીર્વાદ આપી સદ્દગુરુ મહારાજે ઉઠાડ્યા. ત્રિભુવનદાસે તેમનાં ગુણગાન ગાયાં અને સત્‌પંથ ધર્મનું જ્ઞાન આપવા વિનંતી કરી. સદ્દગુરુ શ્રી હંસતેજજી મહારાજે તેમને સત્‌પંથ ધર્મની દીક્ષા અને ઉપદેશ આપી બધાને વિદાય કર્યાં.

પછી ત્રિભુવનદાસે પોતાનું કામકાજ દીકરાને સોંપી સદ્દગુરુ શ્રી હંસતેજજી મહારાજ પાસેથી આત્મજ્ઞાન સંપાદન કર્યું. આગળ જતાં તેમને આત્મસાક્ષાત્કાર થયો અને તે મુક્તિના અધિકારી બન્યા.

તાપી તીરે નાવ અટકાવી -

પ્રેમપાઠ સમજાવીને રે, સદ્દગુરુ ચાલ્યા રે આપ,
તાપી કાંઠડે આવીયા રે, રાખ્યાં દાસનાં માપ.

નીર અથાગ નૈણે દીસે રે, બળ કળ્યું ના જાયે,
નાવ ફરે નિત રાજની રે, મનુષ્ય માત્ર ઉતરાયે.
હોડીવાળાને બોલાવીયો રે, સદ્‌ગુરુ આપે તે વાર,
ઉતારો ભાઈ અમને રે, કરશું રાજી અપાર.
હોડીવાળો ત્યારે ઓચરે રે, સાંભળો મારા રે ભાઈ,
ચાલે નહિ અહીં કોઈની રે, ત્રેવડ ઉતાવળ કાંઈ.
ઈચ્છા હોય જો આપને, ઉતરવાને પાર,
રાજ્ય વેઠ ઉતારીને, કરશું પેલે પાર.

સુરતમાં અનેક અનુયાયીઓને સત્‌પંથ ધર્મનો ઉપદેશ કર્યા પછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ તાપી નદીના કિનારે આવ્યા. ત્યાં પાણી વધારે હોવાથી માણસોને સામે પાર ઉતારવા નાવડી ફેરવવામાં આવતી હતી. નાવડીમાં કેટલાક માણસો બેઠા હતા. પોતાને પણ સામે પાર લઈ જવા સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે નાવિકને કહ્યું.

અજ્ઞાની નાવિકે ઉદ્ધતાઈથી જવાબ આપ્યો કે; તમારો આ સાધુવેશ ઉતારો તો હું તમને સામે પાર લઈ જઈશ. અહીં કોઈની શરમ રાખવામાં આવતી નથી. એમ બોલી નાવિકે હોડી ચાલુ કરી.

ચાલે નહિ અહીં કોઈનું રે, રોફ બળ ને દાબ,
એમ કરી હોડી હંકારી રે, દેવા પાણીને થાબ.
અટકી ગઈ અધવચમાં રે, ચાલે નહિ રે લગાર,
મહેનત કરે અતિ ખારવો રે, ભોઈ જાત તે વાર.
આગળ તે ચાલે નહિ રે, પુનઃ પાછી ન જાય,
હાહાકાર ત્યાં થઈ રહ્યો રે, બળ ચાલે નહિ ત્યાંય.
વિમાસણ ત્યાં ઉપજી રે, લોક કરે વિચાર,
કોપ થયો શું આ દૈવનો રે, કેવો બંધાયો તાર.

અર્ધું અંતર ગયા પછી તે હોડી એકાએક નદીમાં ઘૂમવા લાગી તે ન જાય આગળ કે ન ખસે પાછળ. નાવિકે તેને ચલાવવા ઘણી કોશિષ કરી પણ હોડી જરા પણ ખસે

નહીં. આમ કેમ થયું તેનું કારણ કોઈ પણ જાણી શક્યું નહીં. તેથી બધા નિરાશ થઈ કલ્પાંત કરવા લાગ્યા.

વૃદ્ધ હતો એક નાવમાં, બોલ્યો તેણી વાર,
સૂઝ પડે નહિ સર્વને, કાંઈક કરો ને વિચાર.

સૂરજવંતો શોભતો રે, જુઓ સામલે તીર,
કાંઈક કળા એહની રે, નિશ્ચે માનોને વીર.

કહ્યું હતું એણે આવવા રે, હોડી માંહે રે આપ,
નાવિકે તેને લીધા નહિ રે, તેનું લાગ્યું છે પાપ.

તે પાપે હોડી ચાલે નહિ રે, તેથી અટકી છે આંહીં,
જો તેને લાવો સાથમાં રે, તો તે અટકો રે નાહીં.

સમજણ આવી ત્યાં સર્વેને, માન્યું સાચ નિરધાર,
લેવા કારણ પાછા વળ્યા રે, આવ્યા એણી રે પાર.

એટલામાં હોડીમાં બેઠેલો એક વૃદ્ધ માણસ બોલ્યોઃ કે સામે જે તેજસ્વી પુરુષ બેઠા છે તેમની જ આ કળા હોવી જોઈએ. તેમને સામે કિનારે ઉતારવા હોડીવાળાએ ના પાડી તેનું જ આ પરિણામ છે. માટે તે મહાપુરુષને હોડીમાં લઈ લો કે જેથી આપણી મુશ્કેલી દૂર થશે. આ સલાહ બધાને ગળે ઉતરી અને તેમણે હોડીવાળાને પેલા મહાપુરુષને હોડીમાં લેવા કહ્યું. તેમની સૂચના મુજબ નાવિકે હોડી પાછી વાળવા પ્રયત્ન કર્યો અને આશ્ચર્યની વાત ! હોડી ઝપાટામાં પાછળ ચાલવા લાગી અને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ જ્યાં બેઠા હતા તે કિનારે જઈ પહોંચી.

હોડી હાંકી જ્યાંહ રે, પાછી ગુરુજીની પાસ,
માન મૂકી પોતા તણું, અંતે કરે અરદાસ.

હોળીવાળો ત્યાં બોલીયો રે, સાંભળો વાત મોરાર,
હોડી ચાલે નહીં અમ તણી રે, જાવા પેલે રે પાર.

ભૂલ થઈ અતિ ઘણી રે, નહિ જાણ્યો આપનો મર્મ,
વાત ચૂકાવી તમ તણી રે, મનમાં આણી ને ગર્વ.

કષ્ટ તેથી અમે વેઠીયું રે, ફર્યો ફેરની માંહી,
જાવા ને તો ઘણું કર્યું રે, પણ જવાયું રે નાહી.
શરણે આવ્યા હવે આપની રે, લજ્યા આપને હાથ,
જાહેર થાશે જ્યારે આપની રે, તરશે સઘળો સાથ.

હોડીના માણસોએ સદ્‌ગુરુને પ્રણામ કર્યા અને નાવિક બોલ્યોઃ 'દીનાનાથ, માફ કરો ! આપને નહીં ઓળખવાની મેં ભયંકર ભૂલ કરી છે ! અભિમાનના કારણે આપનું માન્યું નહીં તેથી આ મુસીબતમાં આવી પડ્યા છીએ. હવે આપ અમારા ઉપર કૃપા કરો !'

અનંત પ્રકારે અરજ કરી, કૃપા કરી જુગ રાયે,
શરણાગત ઉગારવા, ગ્રહી સેવકની બાંયે.
શીખ આપી ત્યાં સર્વેને રે, દીધી બુદ્ધિ અપાર,
હોડી માથે આપ સંચર્યા રે, બેઠા તારણહાર.
હોડી ચાલે મહા વેગથી રે, બળ કહ્યું ના જાએ,
એક પલકમાં પહોંચીયા રે, જોત જોતાની માંએ.
પહોંચી પલક એકમાં રે, આવે સામે રે તીર,
વસમી વાટેથી ઉતર્યા રે, સદ્‌ગુરુ ગુણ ગંભીર.
નગરવાસી અચરજ થયા રે, ઊભા હતા સામે રે તીર,
તરણતારણ જાણીયા રે, જોયું આધીન નીર.
હોળી વાળો ચરણે નમ્યો, જોડી બંને હાથ,
ઉપદેશ આપો માવજી, છૈયે તમારા રે દાસ.

નાવિકની પ્રાર્થના સાંભળી, લોકોને સામે ઉતારવા ખાતર સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ હોડીમાં બેઠા એટલે હોડી તરત જ ઝપાટાભેર ચાલવા લાગી અને જોતજોતામાં તે સામે કિનારે પહોંચી ગઈ. બધા લોકો હોડીમાંથી ઉતર્યા પછી સદ્‌ગુરુ શ્રી મહારાજ નીચે ઉતર્યા. લોકોએ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને નમ્ર ભાવે પ્રણામ કર્યા અને તેમનો અનુગ્રહ લીધો.

સેવક થયા ત્યાં સૌ જણા રે, હતો જેટલો સાથ,
માફી માગે ગુરુ આગળે રે, માફ કરો અમારા નાથ.
કલ્યાણ કાનોને કેશરો રે, નાથો, નાનજી ને લાલ,
છ જણા ને સત્ ધર્મ આપીઓ રે, સાથે ઘરનાં બાળ.
કેટલાક દિવસ કંઈ કામથી રે, રહ્યા સદ્‌ગુરુ આપ,
પાછળથી ત્યાં આવીયા રે, જણ કણબી સાત.
સુરત કાંઠાના તે હતા રે, માનવી ગુણ ભંડાર,
કીર્તિ કાને સાંભળી રે, આવ્યા લેવાને સાર.

ત્યાંથી આગળ ચાલતાં રસ્તામાં કેટલાક સુરતના લોકો મળ્યા. પોતાને ઘેર પધારવા તેમણે સદ્‌ગુરુ મહારાજને વિનંતી કરી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ એ ભાવિક લોકો સાથે પાછા સુરત ગયા. ત્યાં થોડા દિવસ સુધી એ લોકોએ સદ્‌ગુરુજી મહારાજને રાખ્યા અને તેમની પાસેથી જ્ઞાન સંપાદન કર્યું. પછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે આગળ જવા પ્રયાણ કર્યું. લોકોને સત્‌પંથ સદ્‌ધર્મનો માર્ગ બતાવવા માટે કષ્ટ વેઠી તે મુસાફરી કરતા હતા. આવાગમનનો ફેરો ટળે તે માટે તેઓ જ્ઞાનોપદેશ કરતા હતા. સાધકોને વેદશાસ્ત્રનું જ્ઞાન સંપન્ન કરતા અને ભક્તિ માર્ગે લગાડતા. દીનજનોનું દુઃખ હરણ કરતાં કરતાં કેટલાક બીમાર માણસોની બીમારી પણ દૂર કરી લોકોને સુખી કરતા હતા.

આ પ્રમાણે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ દિવ્ય માર્ગ દર્શાવી લોકોને જ્ઞાનાનંદ આપતા આપતા સત્‌પંથ ધર્મનો પ્રચાર કરતા હતા. લોકો તેમનું સન્માન કરી જયજયકાર કરતા હતા. સદ્‌ગુરુ મહિમા અપાર છે. દરેક જીવાત્માએ તેમની કૃપા મેળવી આત્મોન્નતિ કરી લેવી જોઈએ.

ગુણ જોવાને આવીયા, મનમાં મોટી હોંશ,
પારખું લેવા કારણે, લાવ્યા મોટી ધોંશ.
રેવા કાંઠે આપે રહ્યા રે, સદ્‌ગુરુ આપ દયાળ,
ગામ ભરૂચની ભોમમાં રે, બુદ્ધિબળ વિશાળ.

તેરે ઠેકાણે આવીયા રે, આવ્યા કણબી સાત,
આવી નમ્યા ગુરુ પાયમાં રે, મુખે બોલ્યા રે વાત.
વખાણ આપનાં સાંભળી રે, આવ્યા આપની પાસ,
કષ્ટ અમારું કાપજો રે, પૂરજો મનની આશ.
માથે સંકટ અતિ પડ્યું રે, ટાળો ત્રિભોવન નાથ,
જશ ગવાશે આપનો રે, નમશું સઘળો સાથ.
અનંત પ્રકારે ટળવળી, કરે અતિ અરદાસ,
લજ્જા રાખો માવજી, છીએ તમારા દાસ.

સુરતમાં અનેક અનુયાયીઓને સત્પંથ ધર્મનો ઉપદેશ આપી સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ધર્મ પ્રચાર કરતા કરતા રેવા (નર્મદા) નદીના કાંઠે ભરૂચમાં આવ્યા. સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજના જ્ઞાનની ખ્યાતિ ચારે દિશામાં પ્રસરી ગઈ હતી. સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ભરૂચમાં આવ્યા જાણી સાત કણબી પાટીદારો સદ્ગુરુના દર્શને આવ્યા અને પાયે લાગી પ્રાર્થના કરવા લાગ્યા કેઃ હે સદ્ગુરુ મહારાજ ! અમારા ઉપર મોટું સંકટ આવી પડ્યું છે. અમારા દુઃખનું નિવારણ કરો ! અમે આપની કીર્તિ સાંભળી આપના શરણે આવ્યા છીએ ! અમારી આશા પરિપૂર્ણ કરો !

બળી મૃત્યુ પામેલાને સજીવન -

સદ્ગુરુ મુખથી બોલીયા રે, કેવું આપનું કામ,
કારણ સર્વે મુખથી કહો રે, સર્વે સાચ તમામ.
કરતા છે સર્વે કામનો રે, પ્રભુ પ્રેમ દયાળ,
સકળ ગતિ છે એહની રે, જે નિમિત્ત વિશાળ.
એવું તે કેવું દુઃખ પડ્યું રે, ઔષધ સર્વેનાં હોય,
ઈશ્વરે દુઃખ માથે સરજીયાં રે, સુખ સંતોષી જોય.
હૃદય પવિત્ર રાખીએ રે, દુઃખ નડે નહિ કોય,
ધર્મ હીણે દુઃખ ઉપજે રે, વેદ પુરાણે રે જોય.

સત્‌થી સુખ ઉપજે, પાપે દુઃખ ના હોય ઉપાયે,
અનંત દુઃખી સત્‌ આચરે, પલમાં દૂર જ થાયે.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ આપને શું કામ છે ? આપને શું વિપત્તિ આવી પડી છે ? સુખ-દુઃખનું એ તો આપણા જ કર્મનાં ફળ છે. હૃદય પવિત્ર રાખીએ તો કદી દુઃખ આવતું જ નથી. ધર્મ હીણા હોય તેને દુઃખ આવી પડે. તમને એવું તે શું દુઃખ આવી પડ્યું છે ? સર્વ સુખ-દુઃખનો તો ઉપાય હોય છે.

કણબી તે વારે બોલીયા રે, સાંભળો અમારાં રે દુઃખ,
અણચિંતવ્યું આવી પડ્યું રે, કરો તેને રે સુખ.
પુત્ર હતા મમ ઘરમાં રે, પંચ પૂરણ કામ,
દૈવજોગે એવું બન્યું રે, કર્તા શ્રી ભગવાન.
ત્રીજે દહાડે ચાલ્યો વાવડો રે, લાવ્યો વરસાદ સાથ,
પડ્યો અતિ જોરમાં રે, પાણી અનગળ અગાથ.
તેની સાથે અતિ ગાજતો રે, વીજ ચમકે અપાર,
સમી તે સાંજે એવું બન્યું રે, પડી વીજ તે વાર.
વીજે વિઘ્ન ઉપજાવીયું, મમ ઘર મોઝાર,
વિયોગ નંખાવ્યો પુત્રોનો, બાળીને કર્યાં ઠાર.

આવેલા કણબીમાંથી એક કણબી બોલ્યોઃ હે મહારાજ ! મારા માથે ઓચિંતાનું દુઃખ આવી પડ્યું છે. દૈવ જોગે ભયંકર વાવાઝોડા અને ગાજવીજ સાથે મુશળધાર વરસાદ પડ્યો અને વીજળી પડવાથી મારા પાંચે પુત્રો બળીને રાખ થઈ ગયા. આજ મને પાંચ પાંચ દીકરાનો વિયોગ થઈ રહ્યો છે.

પુત્રો મર્યા મમ વીજથી રે, દુઃખ સહ્યું ના જાયે,
એ રે કારણ હું આવીયો રે, દુઃખ ટાળો ત્રિભોવન રાયે.
અરજ અમારી સ્વીકારજો, સગુણ બ્રહ્મ સ્વરૂપ,
પરોપકારે પરવર્યા રે, જ્ઞાની દાતા અનુપ.

પુત્ર આણો મારા આ સમે રે, આણી જગ મોઝાર,
જીવનદાન તે આપી ને રે, ટાળો કષ્ટ અપાર.
સંગાથ પુત્ર હું લાવીયો રે, કરો દયા મોરાર,
આણી લાવું આપ આગળે રે, બળેલા છે અપાર.

વીજળી પડવાથી મારા પાંચે પુત્રો મૃત્યુ પામ્યા છે તેનું દુઃખ સહન થતું નથી ! આપ પરોપકારી પ્રભુ સ્વરૂપ છો ! મારા પુત્રોને સજીવન કરી મારા દુઃખનું નિવારણ કરો. તમે તો અંતર્યામી છો. જીવનદાતા છો. તમે અનેકોનાં કાર્યો સિદ્ધ કર્યાં છે. મારું કષ્ટ દૂર કરો. દીનાનાથ ! આજ્ઞા કરો તો મારા દીકરાઓને અહીં લઈ આવું.

અરજ કરી જ્યાં સદ્‌ગુરુને, ત્રૂઠ્યા દેવ મોરાર,
નિર્મળ વદને ઓચર્યા, સઘળી સભા મોઝાર.
ક્યાં રે મૂક્યા પુત્ર તાહરાયે, કોણ બેઠું રે પાસ,
લાવો જોઉં શું નિપજ્યું રે, શાથી પડ્યો છે ત્રાસ.
નામ ઠામ તારું કોણ છે રે, રહે છે કીયે રે ગામ,
સાચું કહેજો સૌ આ સમે રે, પુત્રનાં કોણ નામ.
ધંધો તે તારો શું હવો રે, શું સહોદર છે સાથ,
પરિવાર તારો છે કેટલો રે, કહેજે તું મારે હાથ.
ચિંતા ટળશે તાહરી રે, કરશે જો દીનાનાથ,
વિસ્તારી કહે જે મમ આગળે રે, નહિ જોડ તું હાથ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પાટીદારના હૃદયની વ્યથા જાણી દ્રવિત થઈ ગયા અને બોલ્યાઃ ભાઈ તું કોણ છે ? તારું નામ શું છે ? તું કયા ગામનો છે ? તું શું કામ કરે છે ? તારા પરિવારમાં કોણ કોણ છે ? તું તારી સઘળી હકીકત શાંત હૃદયથી કહે. તારા દીકરાઓને અહીં લેતો આવ. શું થયું છે તે જોઉં. પરમ કૃપાળુ પરમાત્મા દયાળુ છે તે સર્વ દુઃખ દૂર કરશે.

કરજોડી કણબી કરગરે, સાંભળો મમ વરતાંત,
મનસાડી છું ગામનો, ખરેખરી છે ખાંત.
નારાયણ નામ છે માહેરું રે, પિતા પુરુષોત્તમદાસ,
ભ્રાત છે ચારે જોડીયા રે, જીવો, બેચર, શામળદાસ.
મમ સાથ ચાર ભાયલા રે, ભગિની તે કંકુ રે બાઈ,
એટલા સંગાથ માહરા રે, રહ્યા કુટુંબ જ માંહી.
માતા પિતા સિધાવીયા રે, વહેલા ગયા પરલોક માંયે,
કાકા હતા એક કામના રે, તે પોઢ્યા વૈકુંઠ માંયે.
ઓથ હતી સર્વે ગઈ રે, હવે એક તમારી રે આશ,
સ્વામી સેવક ઉગારજો રે, છીએ તમારા રે દાસ.

હાથ જોડી પાટીદાર કહેઃ હે મહારાજ ! હું મનસાડી ગામનો રહેવાસી છું. મારું નામ નારાયણ છે. મારા પિતાજીનું નામ પુરુષોત્તમદાસ છે. જીવો, બેચર, શામળદાસ અને ચોથો હું અને કંકુ નામની બહેન છે. માતા-પિતા અને કાકા મૃત્યુ પામ્યા છે. તેમની ઓથ હતી પણ આજ તેય નથી.

કુટુંબ સઘળું લઈ સાથમાં, આવ્યો તમારી પાસ,
વિનંતી મારી સાંભળી, પૂરો મનની આશ.
હુકમ લઈને ઊઠીયો રે, લેવા પુત્રની લાશ,
લાવી મૂકી ગુરુ આગળે રે, પાંચે પાસો રે પાસ.
સદ્‌ગુરુ ત્યાં મુખે બોલીયા રે, સાંભળ નારાયણ વાત,
વીજળીએ આ બળી મૂઆ રે, થઈ સઘળાની ઘાત.
હાડમાંસ સર્વે બળ્યું રે, થઈ છે ખાખ તમામ,
અડકતાં અળગી થશે રે, કેવું થાશે આ કામ.
પાંજરું આખું જો હોય તો રે, કંઈક કરીએ વિશ્વાસ,
આ તો બળી થયા કોયલા રે, કેવી એની રે આશ.

અમે બધા સાથે જ આપના દર્શને આવ્યા છીએ તમે અમારી વિનંતી સાંભળજો. એમ કહી નારાયણ પાટીદારે દીકરાઓના મૃતદેહ લઈ આવી સદ્‌ગુરુ સમક્ષ મૂક્યા. પાંચે જણ હાથ જોડી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સન્મુખ ઊભા રહ્યા.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ દીકરાઓના મૃતદેહ જોઈ બોલ્યાઃ નારાયણ ! આ તારા દીકરાઓ તો બળીને કોલસા જેવા થઈ ગયા છે. હાડ-માંસ સર્વ બળી ગયું છે. આ તો કેમ કરી સજીવન થાય. મૃતદેહમાં હાડ-માંસ હોય તો કાર્ય સિદ્ધિની આશા રાખી શકાય. માટે નારાયણ વિચાર કર, હાડ-માંસ વગર જીવ કદી પાછો ન આવે.

વિચાર કર તું ચિત્તથી, નથી લોહી માંસ કે હાડ,
જીવ તે ક્યાંથી પરવરે, નથી રગ કે કંઈ નાડ.
ઓચિંતો પટેલ ઊઠીયો રે, વળી મૂર્છા તે વાર,
ઢળ્યો તે ધરણી પરે રે, નારાયણ તેણી તે વાર.
સગાં હતાં સૌ વેગળાં રે, આવ્યાં પાસ તમામ,
પાણી સિંચે વાયું ઢોળવે રે, વિનવે સદ્‌ગુરુ મહારાજ.
ઘણી કરી જ્યારે સેવના રે, વળી મૂર્છા તે વાર,
આંખ ઉઘાડી નિહાળીયું રે, જોયા પુત્ર જે વાર.
આંખ સજળ થઈ તે સમે રે, રડ્યો અપરંપાર,
પુત્ર દુઃખ હવે નવ સહુ રે, તજું દેહ આ ઠાર.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની વાત સાંભળી નારાયણને મૂર્છા આવી ગઈ. પરિવારના બધા તેને પાણી છાંટી, પવન નાખવા લાગ્યા. થોડીવારમાં નારાયણને ભાન આવ્યું. આંખો ઉઘાડી જોયું તો સામે દીકરાઓના મૃતદેહો પડ્યા હતા. મૃતદેહો જોઈ હૈયાફાટ આક્રંદ કરવા લાગ્યો અને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ચરણોમાં વારંવાર નમી વિનંતી કરવા લાગ્યોઃ હે અંતર્યામી ! હું આપના શરણે આવ્યો છું ! ગમે તે ઉપાય કરી મારું દુઃખ દૂર કરવા કૃપા કરો ! પુત્ર વિયોગે હું મારા પ્રાણ તજી દઈશ !

આક્રંદ કરતો આફળે, ટળવળે અપરંપાર,
ચરણો ચાટી ગુરુ તણાં, બોલ્યો તે નિર્ધાર.

આપ કને હું આવીયો રે, મોટી ધારીને હોંશ,
પૂરણ તે તો ના હવી રે, પડી જીવની ધોંશ.
દયા લાવી દાતા બોલીયા રે, સાંભળો ચંદનવીર,
કણબીનો જાઈ કર ગ્રહો રે, ટાળો દુ:ખનો વેગ.
કરો કહું હું તેટલું રે, લાવી નિર્મળ નીર,
ચાદર ઓઢાડો પાંચને રે, સાથ સૌનાં શરીર.
પાણી છાંટી છડી મારજો રે, લેજો શ્રીહરિનું નામ,
નામ લેઈને બોલાવજો રે, જૂજવે જૂજવે નામ.

નારાયણનું કલ્પાંત જોઈ સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજના હૃદયમાં દયા આવી ગઈ. ચંદનવીરને આદેશ કર્યો કે પાંચે દીકરાઓના મૃતદેહ ઉપર ચાદર ઓઢાડો પછી પરમાત્માનું સ્મરણ કરી પાણી છાંટી એક એક દીકરાનું નામ બોલી ઉઠાડતા આવો.

નામ પૂછ્યાં જ્યાં પાંચનાં, નારાયણના પુત્ર,
જીવણ, રાઘવ, જેઠવો, દામો, દાનો સુપુત્ર.
આસનેથી તેવા ઊઠીયા રે, જ્ઞાની ચંદનવીર;
ચાદર ઢાંકી પોતા તણી રે, ઉપર પાણીની નેક.
છડી અડાડી જ્યાં એકને રે, લીધું સ્વામીનું નામ,
જીવણ કહીને બોલાવીયો રે, ઊઠ્યો તેણે રે ઠામ.
એણી રીતે પાંચે ઊઠીયા રે, વારા ફરતી તે વાર,
આનંદ મનમાં ઉપજ્યો રે, નારાયણ હરખ્યો અપાર.
પાંચે નમ્યા ગુરુ પાયમાં રે, સાથે સઘળો રે સંઘ,
પરિવાર સાથે પાયે નમ્યો રે, લાગ્યો તેને રે રંગ.

સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજના આદેશથી ચંદનવીર ઊઠ્યા અને પોતાની ચાદર પાંચે દીકરાના મૃતદેહ ઉપર ઓઢાડી દીધી. પછી પવિત્ર પાણીની અંજલી પરમાત્માના નામનું સ્મરણ કરી છાંટી અને પાંચે પુત્રોને નામ બોલી બેઠા કરતા આવ્યા. પાંચે

પુત્રો સજીવન થઈ બેઠા થયા. સૌ આનંદવિભોર બની ગયા. નારાયણના હરખનો પાર ન રહ્યો. તે અને તેનો સઘળો પરિવાર સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ચરણોમાં પ્રેમથી નમી પડ્યો.

અંતરજામી ઓળખ્યા, પ્રેમે લાગ્યા તે પાયે,
સદ્‌બોધ આપો આપનો, જેથી દુઃખ દાવાનળ જાયે.
નારાયણ જે વારે ઓચર્યો રે, બોધ લેવાને કાજ,
સંગાથ સાથી જે જેટલા રે, કરવા તેઓનાં કાજ.
સાથ હતો ત્યાં જેટલો રે, લાગે લળી લળી પાયે,
અરદાસ કરે મહારાજને, ઉગારો જુગ રાયે.
બોધ દીધો ત્યાં સર્વને રે, સત્‌પંથની વાણ,
ધર્મ ઓરાવ્યો તે સમે રે, કરી સર્વને જાણ.
ચાર વર્ણ આવી ધર્મમાં રે, બ્રાહ્મણ વાણીયા સાથ,
કણબી કુળે કર ગ્રહ્યો રે, ભાઈ તેની રે સાથ.

સદ્‌ગુરુને પ્રાર્થના કરી સૌ કહેવા લાગ્યાઃ પ્રભુ, આપ તો અંતર્યામી છો ! તમે આજ અમારું દુઃખ મીટાવી દીધું. અમે આપના શરણાગત છીએ. આપના દાસ છીએ. આપ અમારો આજે શિષ્ય તરીકે સ્વીકાર કરો અને અમને સદ્‌ધર્મનું જ્ઞાન આપો. એમ કહી સૌ વારંવાર સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને પાયે લાગવા લાગ્યા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સર્વેના હૃદયની પ્રાર્થના સાંભળી. સત્‌પંથ ધર્મના આધ્યાત્મિક જ્ઞાનનો ઉપદેશ આપી સૌને કૃતાર્થ કર્યા. સર્વ સદ્‌ભક્તો તેમના અનુયાયી બન્યા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના કર્તવ્ય અને જ્ઞાનથી પ્રભાવિત થઈ ચારે વર્ણના વાણીયા, બ્રાહ્મણ, રાજપૂત વગેરે કેટલાય સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના અનુયાયી બન્યા.

કાનમ પ્રવેશ -

ગુરુજી ત્યાંથી સંચર્યા, નવતર નૌતમ વાટ,
પંથે પંથે ચાલીને, આવ્યા કાનમ ઘાટ.

મૂળ ચાંદોદમાં આવીયા રે, બોધ્યા બ્રાહ્મણ ત્યાંયે,
સોનીને ગરાસીયા રે, નમ્યા ગુરુજીને જયાંયે,
ચાંદોદમાં પણ આવીને રે, મોચી બોધ્યા તે વાર,
ધર્મ આપી ત્યાંથી ચાલીયા રે, આવ્યા અવાખલ મોઝાર.
ત્યાં પણ ધર્મ વરતાવીયો રે, રહ્યા થોડાક દિન,
મજલે મજલે ચાલતા રે, કરતા રોશન દિન.
સત્‌પંથ સત્‌ ધર્મમાં રે, સરજયાં સરજનહાર,
આચાર વિચાર પાળતાં રે, થાયે જયજયકાર.
સુખ સાગર શિરોમણિ, દિન વત્સલ દાતાર,
કિરપા કરી દાસ ઉપરે, ટાળ્યો અવનિનો ભાર.
સત્‌ગુણ વરત્યો સર્વમાં રે, ઉલટયો આનંદ અપાર,
સત્‌વૃત્ત ત્યાં થઈ રહ્યા રે, સદ્‌ગુરુ અવનિ મોઝાર.
ચારે કલ્પને જુગના રે, ટાળવા દોષ અપાર,
રૂપ લઈ સદ્‌ગુરુ આવીયા રે, અચળ અખંડ મોરાર.
દયાનિધિએ દયા કરી રે, કરી કૃપા અપાર,
કલિયુગ સંઘે આવીયા રે, આપ તારણહાર.
અનેક ચરિત્ર અવનિ પરે રે, કર્યા કીર્તિના સ્થંભ,
ભક્ત ગયા છે તે પ્રેમથી રે, ટાળવા માયાનો દંભ.
કંઈક કવિ પદ બાંધીને, કર્યા મોટાં પુરાણ,
કંઈક કવિ વિનોદથી રે, કરી વાર્તા વાણ.
પુસ્તક પદ ઘણાં હુવાં રે, કહ્યા કેથી ના જાયે,
તો પણ પૂરણ ના થયા રે, જે ગુણ પૂરણ ગાય.
સંત નાયાજી વળી બોલીયા રે, સાંભળો ભાભારામ,
સદ્‌ગુરુ ત્યાં થકી ચાલીયા રે, ગયા પાટણ ગામ.

પાટણ પોતે પધારીયા, સગુણ શિરોમણિ રૂપ,
સેવક કારણ સંચર્યા, દેવા ફળ અનુપ.
કંદોઈ મહાજન તે ત્યાં મળ્યા રે, કરી સેવા અપાર,
કામ તે તેમનાં ત્યાં કર્યા રે, દીધી આશિષ અપાર.
ત્યાં પણ સત્પંથ આપીયો રે, કંદોઈ જાત મોઝાર,
શિષ્ય થયા ત્યાં તો ઘણા રે, ગ્રહ્યો સત્પંથ તે વાર.
સદ્ગુરુને ગુરુ સ્થાપીયા રે, મનમાં અનંત ઉમંગ,
સેવા કરે સત્ ભાવશું રે, લાગ્યો સાચો રે રંગ.
સદ્ગુરુ ત્યાંથી પંથે વળ્યા રે, આવ્યા એશાવર ગામ,
રબારી વેલર ત્યાં મળ્યો રે, સાથે કુટુંબ તમામ.
પુત્ર પનોતો તે હુવો, આવ્યો કુળ પરવાર,
આવી નમ્યો ગુરુ આગળે, હૈયે હરખ અપાર.
સેવા કરી અતિ પેરની રે, રોકયા ઝાઝા રે દિન,
સેવક સૌ ટોળે મળ્યા રે, હતા જેટલા જન.
નમે છે શિષ્ય ગુરુ આગળે રે, દે છે સૌને આશિષ,
કિરપા માગી સૌ બેસીયા રે, બીજા થયા ત્યાં શિષ્ય.
મનમાં સર્વે રાચીયા રે, ગુરુ રહે આ ઠાર,
અરજ કરી સૌ વિનવે રે, રહો દેવ મોરાર.
આગ્રહ કર્યો અતિ ઘણો રે, દીઠાં સદ્ગુરુએ મન,
પંદર દિવસ ત્યાં રહ્યા રે, વળતાં બોલ્યા વચન.
ફરવા કારણ નિસર્યા, જોવા દેશ વિદેશ,
સેવા સત્પંથ કારણે, કરવો છે ઉપદેશ.

ચાંદોદ ગામેથી સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ અવાખલ (જી.વડોદરા) ગામે જઈ ત્યાં આજુબાજુના ગામોમાં ધર્મ પ્રચાર કર્યો. ત્યાંથી તે પાટણ ગામે જઈ ત્યાં કંદોઈ

જાતિમાં સત્‌પંથ ધર્મનો ઉપદેશ આપી ઘણા શિષ્યો તૈયાર કર્યા. તેમને આશીર્વાદ આપી ત્યાંથી નીકળી મારવાડના એસાવર ગામે ગયા.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ મારવાડના એસાવર ગામે ગયા હતા, ત્યાં તેમને વેલર નામનો રબારી મળ્યો હતો. તેને ચિતોડગઢ છોડી એસાવર ગામે જઈ રહેવા સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે કહેલું તે પ્રમાણે પોતાના કુટુંબ સાથે આનંદથી રહેતો હતો.

એસાવર ગામે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ આવેલા જાણી વેલર ગળગળો થઈ ગયો. તે સન્માનપૂર્વક તેમને પોતાના ઘેર લઈ ગયો. ત્યાં કુટુંબના માણસોએ સદ્‌ગુરુ મહારાજને આદરભાવથી પ્રણામ કર્યા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની કીર્તિ સાંભળી ઘણા લોકો તેમનો ઉપદેશ સાંભળવા આવવા લાગ્યા. સદ્‌ગુરુએ સાદી સરળ ભાષામાં બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપવાથી કેટલાય લોકો તેમના સેવક બન્યા. તેમના આગ્રહથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ તે ગામે થોડા દિવસ રહ્યા.

જૂનાગઢ આગમન -

રાજી કરી રથ જોડીયો રે, પંથે પરવરતા જાયે,
જૂના રે ગઢમાં આવીયા રે, સ્થાન તીરથ માંએ.
તીરથ તરપત ત્યાં થયાં રે, પડીયા સદ્‌ગુરુને ચર્ણ,
આવી નમી સદ્‌ગુરુ આગળે રે, જાતિ સઘળી રે વર્ણ.
ત્યાં થકી સદ્‌ગુરુ ચાલીયા રે, આવ્યા ઘોઘા સ્થાન,
વહાણે ચડ્યા ત્યાં પ્રેમથી રે, આવ્યા ખંભાત ધામ.
કેટલાક વરસ ખંભાતમાં, રહ્યા તે રૂડી પેર,
કામ કરી ને પરવર્યા, પરઠ્યા પોતાને ઘેર.

મારવાડ એસાવરથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સત્‌પંથ ધર્મનો ઉપદેશ આપતા આપતા ફરી પાછા ગુજરાતમાં જૂનાગઢ આવ્યા. ત્યાં સદ્‌ગુરુ મહારાજનો ઉપદેશ ગ્રહણ કરી અઢારે વરણમાં તેમના કેટલાય અનુયાયી બન્યા. જૂનાગઢથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ઘોઘા આવ્યા અને ત્યાંથી ખંભાત આવ્યા અને ઘણાં વરસ ખંભાતમાં રહ્યા. ત્યાં ઘણા જનોને સત્‌પંથ ધર્મનો ઉપદેશ અને દીક્ષા આપી આત્મજ્ઞાન સંપાદન કરાવ્યું.

વડોદરા અને દેવામાં આગમન -

વડોદરે વહ્યા વિઠ્ઠલા રે, ભક્ત તારણ કાજ,
બોધ દઈ ને પરવર્યા રે, દીધાં ઋષિયોને રાજ.

દેવા રે ગામમાં આવીયા રે, ક્ષત્રિય કુળ ત્યાં સાર,
સદ્‌બોધ આપી સર્વને રે, હરખ્યા લોક અપાર.

દેશાટન કર્યો રંગમાં રે, ફરતા ગામો રે ગામ,
કઈક પ્રદેશમાં ફરતા રે, દેતા અમર નામ.

પોતે પરમાર્થ કારણે રે, સહ્યાં કષ્ટ અપાર,
દીન જનોનાં ટાળવાં રે, દુઃખ અપરંપાર.

પડાવ સરોવર કાંઠડે, કર્યો સદ્‌ગુરુ રાયે,
દર્શન કારણ મેદની, અતિ અગણિત જાયે.

ઘણા સમય ખંભાતમાં રોકાણ કર્યા બાદ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ખંભાત પછી પંચમહાલ, પાવાગઢ, ચાંપાનેર, વડોદરા થઈ દેવા ગામ આવ્યા. દેવામાં કેટલાયને ઉપદેશ આપ્યો. કેટલાય લોકો તેમના દર્શને આવતા.

અમદાવાદમાં વિધર્મી સંતો સાથે -

સદ્‌ગુરુ પંથે પરવર્યા રે, આવ્યા અમદાવાદ શહેર,
વિધર્મી સંત હતા ત્યાં અતિ ઘણા રે, કરતા લીલા રે લહેર.

મહા બળવંતા અતિ ઘણા રે, સત્ય બળ નિધાન,
મન વાંછિત ફળ આપતા રે, કરતા પૂરણ કામ.

પરગટ સદ્‌ગુરુ આવીયા રે, સજ્યા વિધર્મી સંત સધીર,
જાગતી જ્યોત છે એહની રે, કેમ ધરશે રે ધીર.

એમ જાણી થયા એકઠા રે, સઘળા વિધર્મી સંત સધીર,
સલાહ કરી સહુ સંપથી રે, ધરી ધારણ ધીર.

મનસૂબો સર્વે કર્યો, વિધર્મી સંતોએ ત્યાંએ,
કેવી પેરે કહાવવું ? સદ્‌ગુરુ શ્રી છે જયાંએ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ દેવા ગામેથી નીકળી ગામોગામ સત્‌પંથ ધર્મનો ઉપદેશ આપતા આપતા અમદાવાદ શહેરમાં આવી પહોંચ્યા અને એક જગાએ તંબૂ ઊભો કરીને રહ્યા. એ વખતે અમદાવાદમાં ઘણા વિધર્મી સંતો રહેતા હતા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના આગમનની વાત એમણે જાણી. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ જ્ઞાનની જાગતી જ્યોતિ છે એવું એમણે સાંભળ્યું હતું, તેથી આવા પુરુષ અહીં ન રહે તે માટે કંઈક પ્રયાસ કરવો એમ વિચારવા બધા વિધર્મી સંતો ભેગા મળ્યા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ત્રિકાળદર્શી હોવાથી વિધર્મી સંતોએ કરેલા આયોજન બદલ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને કંઈ પણ ખબર ન પડે એ રીતે એક યુક્તિ યોજવાનું નક્કી કર્યું.

ખોટું લાગે નહિ એહને રે, સમજે સઘળી પેર,
રહે નહિ આ શહેરમાં રે, ના થાએ એથી રે વેર.
વિચાર કરે અતિ પેરથી રે, બુદ્ધિ બળ અપાર,
એક વાતે એક્કો કર્યો રે, લીધો સહુનો સાર.
સમસ્યા સૂધ કરવી રે, એ છે અક્કલ અનુપ,
ત્રિકાળદર્શી આપ છો રે, સત્ય બ્રહ્મ સ્વરૂપ.
જાણી જશે વાત આપણી રે, કહેવું પડશે નહિ કાંએ,
ચેતીને પોતે ચાલશે રે, રહેશે નહિ રે આંયે.
સમસ્યા એવી આદરી, પ્યાલો ભરીયો રે ખીર,
છલોછલ તે તો ભર્યો, છેક જ તીરા રે તીર.

તેમણે એક કાચનો પ્યાલો દૂધથી પૂરેપૂરો ભર્યો. તે એટલે સુધી કે તે જરા પણ હાલે તો અંદરનું દૂધ ઢોળાય. એ પ્યાલો તેમણે એક માણસ સાથે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને મોકલ્યો.

સમસ્યા કરી એવી રીતની રે, જેવી પ્યાલામાં ખીર,
એવી રીતે આ શહેરમાં રે, રહે છે સઘળા વિધર્મી સંત સધીર.

ટીપું દૂધ મહી પડે રે, નથી રહેવાના માગ;
એવી રીતે આપ જાણજો રે, આપ કારણ જાગ.

એવી ઈચ્છાએથી મોકલ્યું રે, પ્યાલો સદ્ગુરુ પાસ;
અંતર્યામીએ જાણીયું રે, સમજ્યા સાર જે ખાસ.

મૂંઝાણા મને જોઈને રે, કહે નથી રહેવાનો માગ;
પણ મારે શું કામ છે રે, નથી લેવાનો ભાગ.

ચંદનવીરને તેડીયા, કરો કહું તે કામ,
સમસ્યાનો ઉત્તર પાઠવો, રહે જેમાં સૌની હામ.

દૂધનો પ્યાલો જોઈ સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સમજી ગયા કે આપણે અહીં વધુ વખત ના રહીએ, એ આ પ્યાલા મોકલવાનો ઉદ્દેશ છે તેથી તેમણે ચંદનવીરને કહ્યું:

દુ:ખ દેવું નથી આપણે રે, નથી લેવું રે નામ,
અડવું નથી મારે એહનો રે, દ્વેષ રાખીને ઠામ.
બીક રહે નહિ એહનો રે, રચવો એવો રે ઠાઠ,
જેવી રીતે પ્રશ્ન થયો રે, તેવી વાળોને આંટ.
મુખે કહાવ્યું નથી એમણે રે, નથી વાણી વિનોદ,
પ્રશ્ન થયો સમસ્યા થકી રે, ઉત્તર તેવો જ વિશોધ.
ખોટું લાગે નહિ એહને રે, ખુશ સર્વ થાયે ખુશીયાલ,
ઉત્તર તેવો આપવો રે, બોલ્યા દીનદયાળ.
ગુણી ગર્વ કરે નહિ, હોય જો ગુણનું નામ,
ગર્વ રહિત કહાવજો, તો થાશે પૂરણ કામ.
આજ્ઞા લઈને ઊઠીયા રે, ગુણી ચંદનવીર,
ચિત્તે ચિંતા અતિ થઈ રે, વાયો વિચારનો વેગ.
ઉત્તર એવો વાળીયો રે, પુષ્પ લાવ્યા તે વાર,
ખીર માથે જઈ મૂકીયું રે, તરવા લાગ્યું નિરધાર.

અકબંધ રહ્યો તે પ્યાલો રે, દૂધ ઢળ્યું નહિ લગાર,
પ્રશ્નોત્તર પૂરણ થયો રે, બોલ્યા સદ્‌ગુરુ તે વાર.
લાવનારાને એ કહ્યું રે, જઈને દેજે સૌ સાથ,
પ્રણામ મારા કહેજો રે, જોડી બંને રે હાથ.

આ યુક્તિનો જવાબ કેવી રીતે મોકલવો કે વિધર્મી સંતોની લાગણી દુભાય નહીં અને તેમને આનંદ થાય. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની આજ્ઞા થતાં જ ચંદનવીર ઊભા થયા અને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની સૂચના મુજબ પાંચ છ મોટાં સફેદ અને સુગંધી ફૂલો લાવી સદ્‌ગુરુ મહારાજ આગળ રજૂ કર્યાં. સદ્‌ગુરુજી શ્રી હંસતેજજી મહારાજે ફૂલો દૂધથી ભરેલા ગ્લાસમાં તરતાં મૂક્યાં અને તેમ છતાં પ્યાલામાંનું દૂધ ટીપું સરખું નીચે ઢોળાયું નહીં.

દૂધ લઈ આવનાર માણસને એ ભરેલો પ્યાલો પાછો આપતાં સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ 'આ પ્યાલો તમારા સંતોની પાસે લઈ જઈ તેમને મારા પ્રણામ કહેજે.'

સમસ્યા સમજ્યા સદ્‌ગુરુ, ઉત્તર આપ્યો તે વાર,
પ્યાલો લઈને આવીયો, જ્યાં બેઠા વિધર્મી સંત અપાર.
ઉત્તર એવો આવીયો રે, જેવી પ્યાલામાં ખીર,
ખીર ખરે માંહી નવ રહે રે, ફૂલ રહ્યું છે તીર.
ઢળી નહિ ખીર ફૂલથી રે, રહ્યું અકબંધ ધામ,
તેવી રીતે અમો મળશું રે, નહિ લેશું રે નામ.
ફૂલડે ખીર ના ઢળે રે, અડે નહિ લગાર,
એમ રહેશું તમ સાથમાં રે, રાખી તેવો વિચાર.
પ્યાલો પહોંચ્યો વિધર્મી સંત આગળે રે, જોયો દૃષ્ટા રે દૃષ્ટ,
હરખ્યા અતિ સર્વ અંગમાં રે, ગયાં સર્વનાં કષ્ટ.
જાણ્યું જગજીવન છે, સદ્‌ગુરુ નિર્મળ નામ,
પર કારણ પધારીયા, પરમાર્થને કામ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના કહેવા પ્રમાણે તે માણસે દૂધનો પ્યાલો વિધર્મી સંતો આગળ જઈ મૂક્યો. વિધર્મી સંતોએ જોયું કે આપણા દૂધથી ભરેલા પ્યાલામાં પાંચ છ ફૂલો હોવા છતાં એક ટીપું પણ બહાર પડ્યું નથી. આ જોઈ બધા લોકો આશ્ચર્યચકિત થયા. તેઓ મનમાં સમજી ગયા કે પ્યાલામાંનું દૂધ જરા પણ ઢોળાયું નથી તેમ હું તમારામાં રહું તો તમને કોઈ પણ તકલીફ થશે નહીં અને હું તમારા ભેગો મળીને જ રહીશ. એવો સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો કહેવાનો ભાવાર્થ છે.

મળવાને હવે ચાલવું રે, એવો કરીયો વિચાર,
સર્વે મળીને આવીયા રે, બેઠા સદ્‌ગુરુ જે ઠામ.
આવી વિગતે સૌ ઓચર્યા રે, નમે વારંવાર,
કુશળ ક્ષેમ પૂછીયું રે, ઠામ ઠેકાણાં આચાર.
વિગતે વિગતે ઓચરે રે, અમૃત વાણીયે સાર,
વર્ણન સર્વે ઓચર્યું રે, અથ ઈતિ નિરધાર.
અમૃત વાણીએ આદર્યું રે, કહ્યોને સર્વ વૃત્તાંત,
સકળ વિવેચનથી કહ્યું રે, પૂરણ આપી સિદ્ધાંત.
અમૃત વાણી સદ્‌ગુરુની, પૂરણ મીઠી પેર,
સંતોષીને ઊઠીયા, જાવા પોતે ઘેર.
તે દિવસ આગ્રહ કરી રે, સદ્‌ગુરુ રોકયા તે પેર,
જમવા નોતરું આપીયું રે, ગુરુને તેને રે ઘેર.
લક્ષણ પૂરણ બ્રહ્મનાં રે, કેથી ન ખોટ કઢાયે,
આદર ને સત્કારનાં રે, ગુણ કેથી ગવાએ,
લક્ષણ ત્રીસે રે શોભતાં રે, વિના વિકારી નિર્લેપ,
ગુણ અગણિતે દીપતા રે, બાર કરોડની ખેપ.
ચિત્ર વિચિત્ર ત્યાં થયા રે, સર્વે સભાના જન,
ગુણ જોઈ અચરજ થયા રે, થયા શાંત તે મન.

રચના કરી રસોઈની, પૂરણ રાખી પ્યાર,
જમણવાર ત્યાં આદર્યું, કર્યું સર્વે તૈયાર.
જમી કરી સૌ ઊઠીયા રે, રચના જોઈ અપાર,
હૃદયથી હેત ઉપજ્યું રે, તજ્યો દિલનો રે વિકાર.
પાન સોપારી આપીયાં રે, લવિંગ એલચી સાથ,
વિદાય થવાને ઊઠ્યા રે, મેળવ્યા સદ્‌ગુરુથી હાથ.
વાલેશ્વરી સર્વેના ચાલીયા રે, ગયા પોતાને ઘેર,
ગુણ ગાયે અતિ પેરથી રે, પોતે પોતાની પેર.
સત્સંગ સુખ ઉપજે રે, દુઃખ થાય છે દૂર,
સંગ વિનાનાં આંધળાં રે, થાયે ચમકારે ચૂર.
મહિમા સત્સંગનો અતિ, કહેતાં ન આવે પાર,
લોહને કંચન કરે, નોધારાનો આધાર.
વાણી પ્રસરી નગરમાં રે, મોટા આવ્યા છે તારણહાર,
મળવા કારણ આવીયા રે, જોષી જતિ મુનિ સાર.
હળે મળે એક એકથી રે, પૂરણ આણીને હેત,
મન કાળાં હતાં જેહનાં રે, તેનાં કરીયાં છે શ્વેત.
અનંત લીલા ત્યાં હવી રે, સદ્‌ગુરુએ કરી છે કૃપાયે,
રોગી દોગી હતા જેટલા રે, ટોળે ટોળા રે જાયે.
એક વરસ રહ્યા શહેરમાં રે, ત્યાંથી ચાલ્યા રે આપ,
કોચરબ આવી રહ્યા રે, ટાળ્યા દુઃખીજનોના સંતાપ.

વિધર્મી સંતોને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની યોગ્યતા સમજાઈ અને તેઓ તેમને મળવા માટે ગયા. સદ્‌ગુરુ મહારાજે તેમની પૂછપરછ કરી પોતાનો પરિચય નમ્રતાથી આપ્યો. એ લોકોએ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને એક દિવસ પોતાને ત્યાં આવી ભોજન લેવાને આમંત્રણ આપ્યું. એ આમંત્રણ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સ્વીકાર્યું.

જે વિધર્મી સંતોએ સદ્દગુરુ શ્રી હંસતેજજી મહારાજની અદેખાઈ કરી હતી અને અમદાવાદથી ચાલ્યા જાય એવું ઈચ્છતા હતા તેમની દ્વેષ ભાવના નષ્ટ થઈ. તેમને સદ્દગુરુ મહારાજને પ્રેમથી ભોજન આપી વિદાય આપી. સંત સમાગમના કારણે આ દ્વેષ ભાવના નષ્ટ થઈ. પ્રેમથી પશુ-પંખી તો શું ક્રૂર રાક્ષસને પણ જીતી લેવાય છે. આ સુખ સંત સમાગમથી મળે છે. તેનાથી દૂર રહેનાર માણસ અજ્ઞાની અને આંધળો બની કુમાર્ગે જાય છે. મહાભારતમાં કહ્યું છે કે-

यदि सन्तं यद्यसन्तं तएस्विनं यदि वा स्तेनमेब ।
वासो थया रंगबशं प्रयाति तथा स तेषां वशमभ्युपैति ॥

જે રીતે રંગના સંગથી વસ્ત્ર રંગને આધીન થાય છે તે પ્રમાણે સત્પુરુષના સહવાસથી તે સત્પુરુષ જેવો થાય છે અને દુર્જનના સહવાસથી દુર્જન જેવો થાય છે. એટલે મનુષ્ય જેવી સોબત કરશે તેવો તે થશે. તેથી આ અણમોલ માનવ જન્મ સફળ કરવો હોય તો તેના માટે સત્સંગ જેવું બીજું સહેલું કોઈ સાધન નથી.

અમદાવાદના વિધર્મી સંતોના મનમાં સદ્દગુરુ શ્રી હંસતેજજી મહારાજના પ્રત્યે જે દ્વેષભાવ હતો તે સદ્દગુરુ મહારાજના સમાગમથી નષ્ટ થયો. સદ્દગુરુજી શ્રી હંસતેજજી મહારાજનો મહિમા સાંભળી લોકો તેમના દર્શન માટે આવવા લાગ્યા. કેટલાક દુઃખી લોકો પોતાના દુઃખ નિવારણ માટે, તો કેટલાક સંન્યાસી લોકો શાસ્ત્રની ચર્ચા માટે આવવા લાગ્યા. બધા સદ્દગુરુ શ્રી હંસતેજજી મહારાજને મળી આનંદ પામતા.

કોચરબ ગામમાં નિવાસ -

બાર માસ રહ્યા જે ગામમાં, કોચરબ તેનું નામ,
વળતાં સદ્દગુરુ ચાલીયા, કરવા અમર કામ.
કારણ ફરવાનું એટલું રે, હતા વરદાઈ જેહ,
વચન તે તેનું પાળવું રે, જોતાં વાટ રે તેહ.
સંકટ વેઠી સુખ આપતા રે, પરમારથ કાજ,
વચનની પત પાળતા રે, દેતા ઋષિયોને રાજ.

કોણ કળા એની કળે રે, દાતા ત્રાતા અનુપ,
હતા અજ્ઞાની જેટલા રે, જોતાં એનું સ્વરૂપ.
છક થતા સરવે જોઈને રે, ગુણ સાગરનું તેજ,
જોડ મળે નહિ રૂપની રે, સત્ સાગર એજ.
દારિદ્ર સરવે ટળે, દર્શનથી એકવાર,
દુઃખ આડું આવે નહિ, જો કોટિ ધરે અવતાર.

ત્યારપછી સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કોચરબ ગામે ગયા, ત્યાં એક વર્ષ સુધી રહી આજુબાજુના ગામના લોકોને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપ્યો. જે લોકો તેમના વચને ચાલતા તેઓનું તેઓ દુઃખ દારિદ્રય દૂર કરતા. તેમના કર્તવ્ય અને જ્ઞાનથી પ્રભાવિત થઈ કેટલાય લોકો તેમના અનુયાયી બન્યા હતા.

સાબરમતી નદીએ નાવિકના ગર્વનું ખંડન -

અનુપ અલૌકિક એકલા રે, રમતા દેશો દેશ,
સજ થયેલા સત્ગુણી રે, શોભે સરસ વેશ.
સાબર ત્રટે આવીયા રે, પૂરણ પાણી અથાગ,
જાગ મળે નહિ નાવની રે, ના આવે બીજો રે લાગ.
નાવિક ને બોલાવીયો રે, ભાઈ હોડી રે લાવ,
દામ લો તમે દો ઘણા રે, તીરે લઈને જાવ.
પરથમ ઉતારો અમને રે, કરો એટલું કામ,
ગુણ ઓશિંગણ તાહરો રે, લેશું તારું રે નામ.
નાવિક વાણી વદે, સાંભળો મુસાફર ભાઈ,
વારા ફરતી ઉતરે, નથી ઉતાવળ આંહીં.
હોય ઉતાવળ આપને રે, મારગ મોકળો અપાર,
રોકે નહિ કોઈ આપને રે, શેને લગાડો વાર.

ચાલે નહિ અહીં કોઈની રે, જાણો ઉતાવળ નામ,
વારાફરતી અમો કરશું રે, સઘળાંનાં તે કામ.
ધીરજ રાખી બેસજો રે, જો ઉતરવું હોય,
નહિ તો ગાડી હંકારજો રે, ભલે લોક રે જોય.
પાછળ આવી આગળ જવું રે, કોના ઘરની રીત,
ડહાપણ સરવે ક્યાં ગયું રે, અવળું બાંધો છો ચિત્ત.

કોચરબથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સાબરમતી નદીને કિનારે પધાર્યા. નદીમાં પાણી ઘણું હતું. એક નાવિક ખલાસીનું કામ કરતો હતો. પોતાની નાવડીમાં માણસોને સામા કિનારે લઈ જતો અને સામા કિનારેથી આ બાજુના કિનારે લાવતો.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ત્યાં પહોંચતાં પહેલાં ત્યાં કેટલાક લોકો નાવડીમાં બેઠા હતા. સદ્‌ગુરુ મહારાજે નાવિકને કહ્યું: ભાઈ ! તને દામ બે ઘણા આપીએ પણ અમને તું સામે કિનારે પહેલાં લઈ જા.

એવું કહી હોડી હંકારી, માન્યું નહિ બ્રહ્મ વચન,
અહંમતા મારે સર્વને, મરે મમતમાં મૂઢ જન.
લખ્યા લેખ ટળે નહિ રે, કરોડ કરે ઉત્પાત,
ટાળી તે તો ટળે નહિ રે, પાડી જાતની ભાત.
અસર સંગનો ક્યાં ટળે રે, લાગ્યો જન્મનો રંગ,
ભૂલ પડાવે વાટમાં રે, કરે કરોડ વિઘન.
અફળાયે જન એકલો રે, જેને નહિ સત્સંગ,
ગમ નહિ ગુરુ તણી રે, તેને લાગેલો જંગ.
મમતા તે તો મૂકે નહિ રે, જાયે તેનો જો પ્રાણ,
સત્‌વચન માને નહિ રે, લાગે કાળજે બાણ.
શીળે સુખ ઉપજે, સંતોષ મોટું વ્રત,
સમતા તો રાખી સદા, સ્વર્ગ પમાડે તર્ત.

સોનું તો સેલમાં તજે રે, તજે તરીયાનો સંગ,
માન બડાઈને ઈર્ષ્યા, દુર્લભ તજવો તરંગ.
મધ માણે જન જેટલા રે, આડે આવે જે ભાગ,
દુઃખ માને છે તેથી કરી રે, છે એ દુઃખની જાગ.
માન મેળવવા મથે રે, જન જેટલા હોય,
અપમાન પામે તો ઘણું રે, સુખ નજરે ના જોય.
મેળવવા માન્યું જેટલું રે, મોટમ મોઘે રે મૂલ,
દામ મળે સૌ દાટમાં રે, પડે દુઃખ અતુલ.

અભિમાની નાવિકે કહ્યું: ભાઈ મુસાફર ! અહીં કોઈની ઉતાવળ ચાલતી નથી. વારાફરતી સામે કિનારે લઈ જવાશે. તમને ઉતાવળ બહુ હોય તો તમારી ગાડી પાણીમાંથી જવા દો. એમ કહી નાવિકે અહમ્‌માં હોડી ચાલુ કરી અને ઝડપથી ચલાવવા લાગ્યો.

રાજર્ષિ વિશ્વામિત્ર તે બ્રહ્મર્ષિ થયા -

ઈર્ષ્યા જે જન કરે, કરે પરાયા માટ,
ખોદી ખાડો તે પડે, થાય મોટી ખાટ.
ત્રણે તજે સત્સંગથી રે, ગુરુ જ્ઞાની રે હોય,
તૃષ્ણા તેને લોપે નહિ રે, સુખ અખંડ જોય.
એક સમે એવું બન્યું રે, સાંભળો ભાભારામ,
વિશ્વામિત્ર મહારાજીયો રે, રાજય બળ ગુણ ધામ.
પ્રૌઢ રાજય પામ્યો ઘણો રે, સેના બળ અતુલ,
પરાક્રમી પોતે ઘણો રે, ન્યાય ચૂકવે અમૂલ.
દુઃખી નહિ કોઈ જુગમાં રે, રૈયત તેની તમામ,
ભામટા ચોર ત્રાસો ઘણું રે, સાંભળીને રે નામ.

અભિમાન, અહંકાર અને મમત્વનું ખરાબ પરિણામ આવ્યા વગર રહેતું નથી. ચડે તે પડવાનો જ એ સૃષ્ટિનો નિયમ છે. આ દુષ્ટ અભિમાને કેટલાયના ભોગ લીધા

છે. લંકાધિપતિ રાવણનું મૃત્યુ અહંકારથી થયું. તેમજ દુર્યોધન વગેરેનું પતન પણ અહંકારથી જ થયું. માટે જે મિથ્યાભિમાન રાખે છે, તેનું કદી ભલું થતું નથી. તેને ક્યારેય સુખ મળી શકતું નથી. જેને સત્સંગ નથી તેવા પામર જીવો અંધકારમાં ગોથાં ખાય છે. ગુરુ જ્ઞાનના સત્સંગ સિવાય અભિમાન અને મમત્વ કદી છુટશે નહીં. સત્સંગનો મહિમા ઘણો મોટો હોઈ જવલ્લે જ કોઈ તેને જાણી શકે છે.

અહંકાર, અભિમાન અને મમત્વના અવગુણો સત્સંગના જ્ઞાનથી જ ઓગાળી શકાય છે. અભિમાનથી જ્ઞાનમાર્ગમાં અવરોધ થાય છે. જયારે અહંકારને તો આકાશ પણ નાનું પડે. મનમાંથી મોહ રૂપી મમતાનો ત્યાગ ન થાય ત્યાં સુધી બ્રહ્મજ્ઞાન નહીં થાય. માનવીએ પોતાનું જીવન કેવું બનાવવું તે પોતાના હાથની વાત છે.

હે ભાભારામ ! આપણા શાસ્ત્રોમાં એક વાત આવે છે. અયોધ્યામાં વિશ્વામિત્ર નામના મહાન પ્રતાપી રાજા થઈ ગયા. તેઓ મહાપરાક્રમી હતા અને ન્યાય પ્રિય હતા. તેમના રાજયમાં સૌ સુખી હતાં. ચોર લૂંટારા તેઓના નામથી ધ્રૂજતા હતા. તેમનું મંત્રીમંડળ વિદ્વાન, નમ્ર અને દીર્ઘદષ્ટિવાળું હતું.

રાજ્ય મદમાં છકી કરી, ફરવા નિસર્યો બાર,
ઋષિ આશ્રમમાં આવીયો, કરવાને ઉપહાર.
જન સમૂહ ઘણો સાથમાં રે, સૈન્ય અતિ ભારે જન,
મૃગ્યામાં મન માનીયું રે, ચોટ્યું ચિત્તને મન.
ઉતર્યા આશ્રમ ઉપરે રે, ઋષિ તણે તે વાર,
ઋષિજી આવ્યા તે સમે રે, પર્ણકુટીથી બહાર.
આગતા સ્વાગતા ત્યાં કરી રે, માન્યું રાજાનું મન,
આગ્રહ કર્યો જમવા તણો રે, સમૂહ સર્વે તે દન.
વિશ્વામિત્ર વિસ્મય થયા રે, જોઈ ઋષિનો ઠામ,
ખાવા નથી કાંઈ આગળે રે, કરશે કેવું રે કામ.

એક સમયે આ વિશ્વામિત્ર રાજા તેમના વફાદાર સાથીઓ અને સૈન્ય લઈ જંગલમાં મૃગયા રમવા નીકળ્યા, જંગલમાં વશિષ્ઠ ઋષિના આશ્રમે વિશ્રામ કરવા રોકાયા. વશિષ્ઠ ઋષિએ તેમની ઘણી જ આગતા સ્વાગતા કરી અને સૌને જમવાનો આગ્રહ કર્યો.

વિશ્વામિત્ર રાજાને આશ્ચર્ય થયું કે આવડા મોટા સૈન્યને આ ઋષિ કઈ રીતે જમાડશે. આશ્રમમાં ભોજન જેવું તો કાંઈ દેખાતું નથી.

રાજાએ માન માગીયું, માફ કરો ઋષિરાજ,
આપના દર્શન થકી, સર્યા અમારાં કાજ.
આપે કહ્યું અમને જેટલું રે, એ જ આપનો ભાર,
સર્વે સરંજામ આગળે રે, કરતાં નહિ લાગે વાર.
અમ કને છે જેટલું રે, સર્વે આપનું હોય,
સંકટ કાં આદરો રે, આશિષ દેજોને જોય.
મુનિએ માન્યું નહિ રે, લીધી તેમણે હઠ,
આજ અમે જમાડશું રે, જમવા ચાલોને ઝટ.
વિલંબ કરજો ન પલનું રે, ચાલો જમવા તમામ,
મનને ગમે તે માગજો રે, લજ્યા ધરજો ન નામ.
રાજા અતિ રાજી થઈ, જમવા કારણ જાયે,
કામધેનુ ઋષિ આગળે, મનવાચ્છિતું થાયે.

વિશ્વામિત્ર રાજા કહેઃ મહારાજ, માફ કરો. આવડા મોટા સૈન્યને આપ કેમ કરી જમાડી શકશો ? આપે અમારો આદર કર્યો તેથી આપનો આભાર છે. અમારી પાસે ભોજનનો સર્વ પ્રબંધ છે. આપનાં દર્શન થકી અમે પુણ્યશાળી બન્યા છીએ. આપ આશીર્વાદ આપો. એમ વિશ્વામિત્રે વ્યંગમાં વસિષ્ઠ ઋષિને કહ્યું.

વશિષ્ઠ ઋષિ કહેઃ હે રાજા ! જમ્યા વગર જવાશે નહિ. આજ તમને જમાડ્યા વગર અમે નહીં રહીએ. એક પળનો પણ વિલંબ કર્યા વગર હમણાં જ ભોજન માટે ચાલો અને જેને જે જોઈએ તે મનમાં માગજો. જરાય શરમમાં ન રહેતા.

કલ્પે છે જે જન જેટલું રે, તેટલું તે વાર,
જમી કરી સૌ ઊઠીયા રે, કાંઈ લાગી ના વાર.

રાજા અચરજ અતિ થયો રે, કારણ આ શું કહેવાય,
નથી કાંઈ ઋષિ આગળે રે, કારજ કઈ પેરે થાય.

પાર કંઈ જાણ્યો નહિ રે, લાગ્યો ઋષિને પાયે,
પૂછ્યું અતિ પ્રસન્ન થઈ રે, કહો સાચું ગુરુ રાયે.

કઈ પેરે કારજ થયું રે, જમ્યો સઘળો સાથ,
નહોતી રસોઈ આ સમે રે, ક્યાંથી લાવ્યો નાથ.

મહેર કરો મુજ ઉપર રે, દર્શાવો પાલનહાર,
મનવાચ્છિતું આપીયું, વળી કાંઈ ના લાગી વાર.

રાજાએ વિચાર કર્યો. ઋષિનો ઘણો આગ્રહ છે તો ચાલો જમી લઈએ. સૌએ મનમાં જે કલ્પના કરી તેવું ભોજન પીરસાઈ ગયું. જમ્યા પછી રાજાને બહુ અચરજ થયું કે આ ઋષિ આગળ કાંઈ છે નહીં અને આ કઈ રીતે બન્યું !! તેમણે ઋષિને પૂછ્યું: મહારાજ ! આ તમે ઘડીકમાં હજારોના સૈન્યને જમાડી દીધા તેનું કારણ શું છે ? જેને જે મનમાં ઇચ્છા કરી તે ભોજન મળ્યું. અમે તો ક્યાંય રસોઈ પણ નહોતી દીઠી. આ થયું કેમ ?

ઋષિએ કહેવાનું આદર્યું રે, પૂરણ થાયે જો તપ,
ગુરુ કૃપાએ ઉપજે રે, પૂરણ હોયે જો જપ.

તપ જપના રે બળથી રે, દેવ મોકલે ગાય,
કામધેનુ તેનું નામ છે રે, કારજ તેથી રે થાય.

ઊભી છે તમ આગળે રે, સુરધેનુ રે જોય,
તેના બળે સૌ નિપજ્યું રે, કળી શકે નહિ કોય.

ખોટ લાગે નહિ ખર્ચતાં રે, ના રહે નૂનતા લગાર,
અટકે નહિ કામ કો સમે રે, કોઈ જાણે નહિ પાર.

વશિષ્ઠ ઋષિ કહેઃ હે રાજન્ ! ગુરુના આશીર્વાદ અને જપ-તપના બળથી દેવોએ આ નંદિની કામધેનુ ગાય આપી છે. તેના થકી કોઈ કામ અટકતું નથી. તમારો આદર-સત્કાર પણ તેના થકી જ થયો છે.

રાજાનું મન માનીયું, લેવા ધેનુ શૂર,
મુનિ કને માગું કર્યું, દેખાડીને પૂર.
મુનિએ માન્યું નહિ રે, ધેનુ દેવાયે નહિ,
બળ જો હોય આપનું રે, લેતાં આડું ન કાંઈ
જબર જસ્તીથી બાંધવા રે, ગાય લેવાને સાથ,
અનુચર મોકલ્યા આપના રે, દોર દીધા રે હાથ.
યોદ્ધા બળ અતિ ઘણું રે, ગયા લેવા ગાય,
અચાનક કૌતુક ત્યાં થયું રે, સર્વે અચરજ થાય.
પૃથ્વીમાંથી ત્યાં પ્રગટયા રે, રક્ષક ગાયના જેહ,
અતુલ બળેથી ઉપજ્યા રે, રચ્યો સંગ્રામ તેહ.
યુદ્ધ થયું ત્યાં તો ઘણું, અનુચર માર્યા અપાર,
કાયર થઈને નાસીયો, વિશ્વામિત્ર તે વાર.

નંદિની કામધેનુ ગાયની વાત સાંભળી રાજાનું મન વિચલિત થયું. તેને ઋષિ પાસેથી કામધેનુ ગાય પોતાના રાજયમાં લઈ જવાનો વિચાર આવ્યો. તેમણે વશિષ્ઠ ઋષિ પાસે ગાય લઈ જવાની માગણી કરી. ઋષિએ કામધેનુ ગાય આપવાની ના પાડી. વિશ્વામિત્ર રાજાએ બળજબરીથી ગાય લઈ જવા અનુચરોને આજ્ઞા કરી. યોદ્ધાઓ ગાય લેવા ગયા ત્યારે એક અચરજ થયું. પૃથ્વીમાંથી અસંખ્ય કામધેનુ ગાયના રક્ષણ માટે પુરુષો પ્રગટ થયા. સૈન્ય અને દૈવીપુરુષો વચ્ચે મહાસંગ્રામ થયો.

મહા ભયંકર યુદ્ધ થયું તેમાં વિશ્વામિત્ર રાજાના કેટલાય યોદ્ધાઓ માર્યા ગયા. વિશ્વામિત્ર રાજા પણ જીવ બચાવવા કાયરની જેમ ભાગ્યો.

ગર્વ ગળ્યો ત્યાં તે સમે રે, જાણ્યું બ્રહ્મનું બળ,
રાજ બળ નવ ચાલીયું રે, પડી સર્વેને કળ.

તુચ્છ થયું ત્યાં આગળે રે, સઘળું રાજ દરબાર,
એક આગળ નવ ચાલીયું રે, બ્રહ્મ બળ અપાર.
કષ્ટ થયું મનમાં ઘણું રે, પૂર્ણ બ્રહ્મનું તેજ,
લેવા કારણ ચાલીયો રે, તજી ફૂલની સેજ.
ડંડ કમંડળ ગ્રહીને રે, વાળી કોપિન અંગ,
વિખ સમાન માનીયું રે, સઘળો રાજનો રંગ.

વિશ્વામિત્રનો ગર્વ ગળી ગયો. બ્રહ્મમય આગળ રાજબળ ન ચાલ્યું. એકના બ્રહ્મબળ આગળ હજારોના સૈન્યોનું રાજબળ ન ફાવ્યું. તેને વિચાર આવ્યો કે હું પણ તપ કરીને બ્રહ્મર્ષિ બનું અને દેવોના આશીર્વાદથી કામધેનુ ગાય મેળવું. તેને રાજપાટનો ત્યાગ કરી વનમાં જઈ તપ કરવાનું નક્કી કર્યું.

વનમાં જઈ તપ આદર્યું, કષ્ટ સહ્યું અપાર,
બ્રહ્મ બળ લેવા કારણે, બાંધ્યો એકાતાર.
તપોબળ અતિ વધીયું રે, થઈ ઈંદ્રને જાણ,
રાજવીએ તપ આદર્યું રે, કંઈક કરશે ભંગાણ.
બીક લાગી મનમાં ઘણી રે, લે સ્વર્ગનું રાજ,
અખૂટ ભંડાર છે એહનો રે, તેણે કર્યા છે તાજ.
તપ જો પૂરણ પામશે રે, થાશે એનું રે કાજ,
દેવ આગળ એ માગશે રે, ઈંદ્રાસનનું રાજ.
એમ ધારીનો ઊઠીયો રે, ભંગ કરવાનો તપ,
અપ્સરા ચલાવી આગળે રે, કરી તેની રે લપ.

વિશ્વામિત્ર રાજાએ બ્રહ્મ બળ પ્રાપ્ત કરવા વનમાં જઈ તપ આદર્યું. હજારો વર્ષના તપના પ્રતાપે તેના તપનું બળ ખૂબ વધી ગયું. ઈંદ્રને જાણ થઈ કે વિશ્વામિત્ર રાજાએ તપ આદર્યું છે અને જો સ્વર્ગનું રાજ માગી લેશે તો ? એમ ધારી તેમને વિશ્વામિત્રના તપનો ભંગ કરવાનો વિચાર કર્યો.

અપ્સરા આગળ ઓચરે રે, ઈંદ્રરાજ તે વાર,
જાવો વિશ્વામિત્ર આગળે, માં લગાડો વાર.
તપ ભંગ કરવો તેહનો રે, કરજો એવું રે કામ,
ભૂલ પડે તેના તપમાં રે, ના લે સ્વર્ગનું નામ.
અપ્સરા આવી તે સમે રે, જ્યાં છે તપનું ઠામ,
ભાવ દેખાડીને ભોળવ્યો રે, વ્યાપ્યો રાજાને કામ.
વિહ્‌વળ થયો તે થકી રે, માંડ્યો ગૃહસ્થાશ્રમ,
પુત્રી પ્રસવી જ્યાહરે રે, થઈ છે ત્યારે રે ગમ.
આશ્રમ તે મૂકી કરી રે, ચાલ્યા બીજે રે વન,
આદર્યું તપ તે સમે રે, થયા દેવ પ્રસન્ન.

ઈંદ્ર રાજાએ એક અપ્સરાને તૈયાર કરી વિશ્વામિત્રના તપોભંગનો આદેશ આપ્યો. અપ્સરા રાજાના તપભંગ માટે તપોભૂમિમાં આવી. ઋષિ આગળ કામનાના હાવભાવ કરવા લાગી. રાજાનું તપોભંગ થયું. સામે દૃષ્ટિ કરી તો અપ્સરા દૃશ્યમાન થઈ. રાજા વિશ્વામિત્ર અપ્સરા ઉપર મોહિત થયો અને ગૃહસ્થાશ્રમનું મંડાણ માંડ્યું. ત્યાં એક પુત્રીનો જન્મ થયો. ત્યારે ઓચિંતાનું રાજાને જ્ઞાન થયું કેઃ અરે ! મેં કેટલી મોટી ભૂલ કરી નાખી. તે આશ્રમમાં પુત્રી અને અપ્સરાને મૂકી વનમાં બીજે જઈ તપ આદર્યું અને દેવોને પ્રસન્ન કર્યા.

બ્રહ્મા વિષ્ણુ આવીયા, મહેશ્વર પણ સાથ,
વિશ્વામિત્ર સંગ ઓચર્યા, ઝાલી તેનો હાથ.
માગો માગો સર્વે કહે રે, થયા તે અમો પ્રસન્ન,
મન ગમે તે માગજો રે, રાજા તમને ધન્ય.
તપ અથાગ છે આપનું રે, મન ગમે તે માગ,
ઈચ્છા હોય જે આપને રે, ઓચરજો સર્વાંગ.
ધન્ય ધન્ય છે આપને રે, ધન્ય ક્ષત્રિ રે જાત,
ધન્ય પિતાજી તમ તણો રે, ધન્ય આપની માત.

અધિક નથી તેજ તપથી રે, તપ બ્રાહ્મણનું જોય,
તેથી કરી પ્રસન્ન થયા રે, માગો મનમાં રે હોય.

વિશ્વામિત્રના તપથી બ્રહ્મા-વિષ્ણુ-મહેશ પ્રસન્ન થયા અને આશીર્વાદ આપતાં કહ્યું કેઃ હે રાજા ! ધન્ય છે તમને અને તમારાં માતા-પિતાને તમારા જેવું ક્ષત્રિયોમાં કોઈએ આવું તપ નથી કર્યું. તમારા તપ આગળ બ્રાહ્મણનું તપ પણ ઝાંખું પડે. માટે જે મનવાંચ્છિત માગવું હોય તે માગી લ્યો.

વિશ્વામિત્ર રાજી થઈ, બોલ્યા તેની વાર,
બ્રહ્મ બળ મુજને આપજો, કિરપા કરોને દાતાર.
બ્રહ્મઋષિ થાઉં જુગમાં રે, ચાલે મારી રે આણ,
બ્રાહ્મણ કહેવાઉં યુગમાં રે, થાયે સર્વને જાણ.
હોંશ ઘણેરી મનમાં રે, બ્રહ્મ બળ લેવાને કાજ,
રાજ્ય તજ્યું મેં આ કારણે રે, તજ્યું ગુણ સર્વે રે તાજ.
તુચ્છ લાગ્યું તેજ આગળે રે, જોઈ બ્રહ્મનું તેજ,
વિસ્તારી તમને કહ્યું રે, મૂળ કારણ એજ.
એ જ કારણ તપ આદર્યું રે, કિરપા કરો યુગરાય,
કારજ થાયે અમ તણું રે, જશ યુગમાં ગવાય.

વિશ્વામિત્ર રાજી થઈને બોલ્યાઃ હે પ્રભુ ! આપ કૃપા કરી મને બ્રહ્મ બળ આપો. જગતમાં બ્રાહ્મણ થઈ બ્રહ્મર્ષિ કહેવાઉં અને આખા જગતમાં મારી જ આણ ચાલે. બ્રહ્મર્ષિ થવા માટે તો મેં રાજપાટનો ત્યાગ કરી હજારો વર્ષ તપ કર્યું છે, માટે હે પ્રભુ ! કૃપા કરી મારું ઇચ્છિત કાર્ય પૂર્ણ કરો. જેથી જગતમાં મારા જશ ગવાય.

અસ્તુ કરીને ઓચર્યા, બ્રહ્માજી તે વાર,
બ્રહ્મર્ષિ પદ મળશે, જાઓ વશિષ્ઠજીને દ્વાર.
સાક્ષાત્ બ્રહ્મા છે યુગમાં રે, છે એ બ્રહ્મ અવતાર,
સદ્‌ગુરુ છે યુગમાં જાગતા રે, જાણજો તેને નિરધાર.

સાક્ષાત્ કહેશે મુખથી જેહને રે, થાએ તેનાં રે કામ,
ન મળે કોઈને ઘણું આથડે રે, રખડે જો અઠોરે નામ.
કારજ સિદ્ધિ આગળે રે, શ્રેષ્ઠ સદ્‌ગુરુને હોય,
અમે જે વસ્તુને આપશું રે, પણ તે ફળશે તોય.
મહિમા સાક્ષાત્‌નો અતિ ઘણો રે, શું જાણે પશુ રે જન,
આજ કલિજુગમાં આવીયા રે, સાક્ષાત્ નિરંજન.

અસ્તુ કહી બ્રહ્માજી બોલ્યાઃ હે રાજન ! તમે વશિષ્ઠ ઋષિની પાસે જાવ. ત્યાં તમને બ્રહ્મપદ મળશે. તેઓ સાક્ષાત્ બ્રહ્મ અવતાર છે. આ યુગના સદ્‌ગુરુ છે. તેઓ જેને બ્રહ્મર્ષિ કહેશે તે "બ્રહ્મર્ષિ" કહેવાશે.

જે તેઓના શરણમાં જાય છે તેમના ત્રિવિધના તાપ ટળી જઈ "બ્રહ્મર્ષિ" પદને પામે છે. માટે હે વિશ્વામિત્ર ! તમે તેમના શરણમાં જાવ. જેમનામાં સત્ય, દયા, ક્ષમા, શાંતિ, અસ્તેય, નિરહંકાર બુદ્ધિ, નમ્રતા અને સેવાભાવ છે તે "બ્રહ્મર્ષિ" છે. બ્રાહ્મણનો વેશ ધારણ કરવાથી બ્રહ્મર્ષિ થઈ જવાતું નથી.

શરણે પડે જે એહનો, ટાળે તાપ અપાર,
સૂધ થઈને સંચરે, પહોંચે દેવનો દરબાર.
મૂર્ખ મનમાં જાણે નહિ રે, જોઈ કારમું રૂપ,
અંતે તેને પડશે રે, વિકટ કારમું દુઃખ.
લોક લાગ્યા અતિ લોભમાં રે, વળગ્યા મધે અપાર,
કુળ જાતને ખોળવા રે, ભૂલ્યા તે તો ગમાર,
પવિત્ર અંશ જાણ્યો નહિ રે, જાણ્યો ના બ્રહ્મ અવતાર,
ભૂલ્યાં છે અજ્ઞાની લોકડાં રે, કરી પાખંડ અપાર.

હે ભાભારામ, સત્ય સ્વરૂપ બ્રહ્મર્ષિના શરણમાં જે ગમન કરે છે. તે બ્રહ્મ સ્વરૂપ થઈ પરમાત્માના ચરણમાં પહોંચે છે. આજ કલિયુગમાં સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બ્રહ્મર્ષિના પદે બિરાજમાન છે. જગતના અજ્ઞાની લોક જ્યાં ત્યાં અંધકારમાં અથડાયા

કરે છે. રત્નને મૂકી પથ્થરને ધારણ કરે છે. સાચા સાધુ-સંતોમાં કોઈને શ્રદ્ધા નથી. આજ કલિયુગમાં ધર્મના નામે અનેક પંથો નીકળી પડ્યા છે. મતવાદીઓ પોતાની મતિ ચલાવવા વેદ રહિત અજ્ઞાનીઓને અવળે માર્ગે લઈ જાય છે.

વિશ્વામિત્રને વિદાય કરી, બ્રહ્માદિક થયા અલોપ,
વિશ્વામિત્ર ઊઠીયા, તેજ થયું તેમનું અનોપ.
હોંશ ઘણી ધરી મનમાં રે, આણી મનમાં મોટ,
વશિષ્ઠ આગળ જઈને રે, ટાળું સઘળી ખોટ.
આયુધ ભીડ્યાં અંગમાં રે, માથે જટા અપાર,
દેવ સભા ભણી ચાલીયા રે, વેગે અપરંપાર.
આવી પહોંચ્યા તે સમે રે, ભર્યો છે રાયે દરબાર,
વશિષ્ઠજી આપ ત્યાં હતા રે, કરતા બોધ અપાર.
માટે ભક્ત ભાભારામ સાંભળો રે, પછી નિપજ્યું કેમ ?
કહું કથા હું તે તણી રે, સાંભળો તમે રે તેમ.
વિશ્વામિત્ર આવ્યા આંગણે રે, જોઈ તેમનું રૂપ,
સભા સરવે ઊભી થઈ રે, જોઈ રૂપ અનુપ.

હે ભાભારામ, વિશ્વામિત્ર રાજાને વરદાન આપી સર્વ દેવો અંતર્ધાન થઈ ગયા. તપના પ્રભાવથી વિશ્વામિત્રનું તેજ અનુપમ વિલસી રહ્યું હતું. તપના પ્રભાવથી દેવોએ વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહી નવાજ્યા પણ જ્યાં સુધી વશિષ્ઠ બ્રહ્મર્ષિ ના કહે ત્યાં સુધી બધું અધૂરું હતું. વિશ્વામિત્ર તો વશિષ્ઠજીને મળવા વનમાંથી દેવ સભા ભણી જવા તૈયાર થઈ ગયા. તેઓ ત્વરીત શસ્ત્રોસહ સજ્જીધજી માથે જટા બાંધી દેવસભામાં આવ્યા. સભાજનોએ વિશ્વામિત્રનું અનુપમ તપનું તેજ જોઈ, ઊભા થઈ આવો 'બ્રહ્મર્ષિ' કહી આવકાર્યા.

બ્રહ્મર્ષિ કહી ઓચરી, સભા સકળ તે વાર,
વશિષ્ઠજીએ ત્યાં કહ્યું, રાજ ઋષિ નિરધાર.

વિશ્વામિત્ર મને કોપીયા રે, મનમાં આણીને રોષ,
બ્રહ્માદિક મુજને બ્રહ્મ કહે રે, એ કહે છે રે દોષ.
બ્રહ્માદિકે મુજને કહ્યું રે, બ્રહ્મર્ષિ રે આપ,
વશિષ્ઠે શાથી લહ્યું રે, રાજર્ષિની છાપ.
અદેખાઈ આણે છે મનમાં રે, જોઈ મારી રે મોટ,
હું પણ કંઈક કળથી રે, પાડુ તેમાં રે ખોટ.
જાણ્યું નહિ પણ આપનું રે, આપ ખોળી તે વાર,
બ્રહ્મ લક્ષણ છે કેટલાં રે, ગણ્યો નહિ તેનો સુમાર.

સર્વ સભાએ વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કહ્યા પણ વશિષ્ઠ ઋષિએ આવો રાજર્ષિ કહી આદર આપ્યો. વિશ્વામિત્રે વર્ષો સુધી ઘોર તપશ્ચર્યા કરી પણ વશિષ્ઠના મુખેથી 'બ્રહ્મર્ષિ' શબ્દ ન નીકળ્યો. સાધના જ્યારે અહંકારને એકઠો કરવાનું માધ્યમ બને છે. ત્યારે આવું જ થાય છે. વ્યક્તિને લાગે છે કે હવે હું લાયક છું. મેં મારી જાતને બિલકુલ વિશુદ્ધ કરી લીધી છે, પણ જ્યાં સુધી અંદર અહંકાર છે. પોતે બિલકુલ 'લાયક' છે એવો જ્યાં ઉદ્દેશ છે ત્યાં સાધુના કપડામાં શેતાન છે અને તે અહંકાર જ 'બ્રહ્મર્ષિ' થવામાં બાધક બને છે.

વશિષ્ઠને કોઈ પૂછતું કે; તમે વિશ્વામિત્રને બ્રહ્મર્ષિ કેમ નથી કહેતા ? ત્યારે એમનો જવાબ સદાય એક જ રહેતો કેઃ 'બ્રહ્મર્ષિ' એ કોઈ જેવી તેવી પદવી નથી. માગવાથી બીજું બધું મળે છે પણ બ્રહ્મજ્ઞાન એ કોઈ માગવાની કે કોઈના દ્વારા વારસામાં મળતી વસ્તુ નથી. એ માટે તો વ્યક્તિએ પોતે જ લાયક બનવું પડે. તેને માટે અહંકારની કાળમીંઢ શિલાઓને ચરણની ધૂળ સુધી લઈ જવાની પાત્રતા જોઈએ. હું કંઈક છું ? મારી અવગણના કેમ ? હું બધાથી આગળ, બધાથી ઉપર...આવી જેમના મનમાં ઇચ્છા છે, તે સદા બ્રહ્મજ્ઞાનથી દૂર રહે છે. કેમ કે એ સત્ત્વગુણથી દૂર જવાનું વર્તન છે.

વશિષ્ઠજી વિશ્વામિત્રને 'બ્રહ્મર્ષિ' નથી કહેતા તેથી વિશ્વામિત્ર ગુસ્સામાં કોપાયમાન થઈ જાય છે. તેમનો ક્રોધ ભભૂકી ઊઠે છે અને કહે છે કે વશિષ્ઠને મારા ઉપર ઈર્ષા આવે છે, અદેખાઈ આવે છે. કેટલાય વર્ષો મેં તપશ્ચર્યા કરી, સર્વ દેવો મને 'બ્રહ્મર્ષિ' કહે છે અને આ વશિષ્ઠજી મને 'રાજર્ષિ' કહે છે.

જનનાં લક્ષણ જેટલાં, જુએ ના આપ વિચાર,
પરનિંદાએ લાગીને, ભોગવે ભવનો ભાર.

વિશ્વામિત્રે ના જાણીયું રે, મુજમાં ખોટ અપાર,
બ્રહ્મપણું નથી મુજમાં રે, તપનો કેવો ખુમાર ?

રજો ગુણમાં રાચીયો રે, આયુધ ધરીયાં છે અંગ,
બ્રહ્મપણું લેવા કારણે રે, ક્યાં કરવો છે જંગ.

બ્રહ્મપણું મળતું તપથી રે, ના સમજે ગમાર,
ગુરુ જ્ઞાને પદ પામીયા રે, પૂરણ બ્રહ્મ નિરધાર.

રંગ લાગે ગુરુ સંગનો રે, સેવા પૂરણ હોય,
એકાકાર તે થઈ રહે રે, ફળ પામે રે સોય.

'ક્ષત્રિયનો સ્વભાવ છે સંઘર્ષ'. પોતાના પ્રયાસ દ્વારા ઈચ્છિત વસ્તુને મેળવી લેવાની એકધારી મથામણ, પણ બ્રહ્મજ્ઞાન માત્ર પદવીથી મેળવી શકાતું નથી. એ તો પરમાત્માનો પ્રસાદ છે. હાથ પ્રસારીને જે પરમાત્માના ચરણમાં નમી જાય છે, તેની જ અંજલિમાં આત્મજ્ઞાનનો પ્રસાદ વરસે છે. જેના અંતરમાં અહંકારનો એક નાનકડો પણ અંશ નથી, જે સતત પ્રભુમય રહે છે તે જ બ્રહ્મજ્ઞાનને લાયક બને છે. વિશ્વામિત્ર નમવા રાજી ન હતા. એમને તો એમ જ હતું કે કોઈ પણ વસ્તુ પ્રયાસથી મેળવી શકાય છે. કઠિન તપશ્ચર્યાથી ઈંદ્રનું ઈંદ્રાસન પણ ડોલી જાય છે તો બ્રહ્મજ્ઞાન કેમ ન મળે ? ક્ષત્રિયનું લોહી હજી પણ જીતવાની જીદ લઈ બેઠું હતું. પરમાત્માના મંદિરનું પહેલું પગથિયું પણ ત્યાંથી જ શરૂ થાય છે. જે વ્યક્તિ નમ્ર બને છે, પોતાની સાધના નાની લાગે છે, પોતાનો પ્રયાસ નાનો લાગે છે તે જ બ્રહ્મ મંદિરમાં પ્રવેશવાને પાત્ર પામે છે.

તપ તીરથ જે કરે, ભટકે રાન વેરાન,
સંગ ના હોય સદ્‌ગુરુનો, તો સરવે શ્વાન સમાન.

ગુંજ જાણે છે સદ્‌ગુરુ રે, દે કીલી રે હાથ,
બ્રહ્મપણું ત્યારે જડે રે, કરણી આવે રે સાથ.

વિશ્વામિત્રે ના જાણીયો રે, સાચા સદ્ગુરુનો રંગ,
રજો ગુણમાં રાચીયો રે, મદ આણ્યું છે અંગ.

ક્રોધ વ્યાપ્યો અતિ ઘણો રે, જાણ્યું કરશે વણાસ,
સભા મધે કંઈ ના બોલીયે રે, પળ્યા પોતાને વાસ.

બ્રહ્મ રાક્ષસ એક રાજીયો રે, થયેલ ઋષિનો શ્રાપ,
તેના કને જઈ બોલીયો રે, વિશ્વામિત્ર આપોઆપ.

ભક્તિ માર્ગે આગળ વધવા જે મનુષ્ય સમજ ધરાવતો હશે તેણે પોતાના અંતરમાં ધરબાઈને પડેલા અહંકારનો ત્યાગ કરવો પડશે. માણસ નમ્ર બને પરંતુ જો પોતાના અભિમાનનો ત્યાગ ન કરે અને નિરાભિમાની ન બને તો તે સમર્થ બની શકશે નહીં. દેખાવ પૂર્તિ નમ્રતા ભક્તિ માર્ગે આગળ વધવા માટે અવરોધ રૂપ બની જાય છે. ઈશ્વરના શરણે જવા માટે નિર્મળ, નિરાભિમાની મન હોવું જરૂરી છે.

વિશ્વામિત્ર રજોગુણમાં રાચી રહ્યા છે. તેઓ મનોમન ધૂંધવાયા કરે છે. વિશ્વામિત્રને સાચા સદ્ગુરુનો સંગ હજી નથી મળ્યો. સદ્ગુરુની કૃપા વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી. તેમની કૃપા દૃષ્ટિથી જ બધી ઉપાધિમાંથી મુક્ત થઈ શકાય છે. વિશ્વામિત્રના હૃદયમાં વૈરાગ્નિ પ્રગટી ચૂક્યો છે. તેઓ વશિષ્ઠ ઋષિને સીધા કરવા એક બ્રહ્મરાક્ષસ પાસે પહોંચી ગયા.

કામ પડયું એક તાહેરું, કરજે પૂરણ પેર,
ઈચ્છા હોય તો કહું, નહિ તો જાવું ઘેર.

રાક્ષસ એણી પેર બોલીયો રે, શું છે મારું રે કામ,
ક્રિપા કરી કહો આ સમે રે, કેમ આવ્યા આ ઠામ.

દાસ હાજર હજૂરમાં રે, કહો ખપ જે હોય,
કરશું સઘળું આપનું રે, જે જે કહેશો રે સોય.

આપ વચન ના તજું રે, ધરું ડગલે ડગ,
વાયક જાય નહિ આપનો રે, જાણે સઘળો જગ.
ઈચ્છા હોય જો આપની રે, સોંપો દાસને કામ,
કરશું પૂરણ પેરથી રે, થાશે આપનું નામ.

વિશ્વામિત્ર ત્યાં જઈ બોલ્યાઃ વત્સ, તારું એક કામ પડ્યું છે.

બ્રહ્મરાક્ષસ કહેઃ કહો મહારાજ ! શું કામ પડ્યું ? આજ તમે કૃપા કરી ઠેઠ મારા ઠેકાણે પધાર્યા. આ દાસ આપની સેવામાં હાજર છે. તમે જે કહેશો તે કરીશ. આપના વચનનું ઉલ્લંઘન નહીં કરું. જો આપની ઇચ્છા હોય તો આ સેવકને કાર્ય સોંપો. પૂરા ખંતથી કાર્ય કરીશ.

વિશ્વામિત્ર ઓચરે, સાંભળ મારી વાત,
વશિષ્ઠ ઋષિના બાળકો, છે પૂરણ સત્ જાત.
મારવો છે એક આ સમે રે, કરજે આટલું કામ,
કાલે ફરી તું આવજે રે, નિશ્ચે આણે રે ઠામ.
રાક્ષસે પુત્ર એક મારીયો રે, વશિષ્ઠજીનો તે વાર,
જાણ થઈ છે આપને રે, નવ કોપ્યા લગાર.
બીજે દાડે વળી આવીયો રે, તેજ સભા મોઝાર,
વશિષ્ઠ બિરાજેલ જયાં હતા રે, પૂરણ તેજ અપાર.
વિશ્વામિત્ર જયારે આવીયા રે, રાજય સભાની માંયે,
આયુદ્ધ ધારણ રાખીને રે, બ્રહ્મ પદ લેવાને ત્યાંયે.

વિશ્વામિત્ર કહેઃ તારે વશિષ્ઠ ઋષિના જે સો પુત્રો છે. તેમાંથી એકની ઘાત કરવાની છે. આટલું કાર્ય કરી કાલે આ સમે પાછો અહીં આવી મને મળજે.

રાક્ષસે વશિષ્ઠના એક પુત્રની ઘાત કરી નાખી. પુત્રની ઘાત થઈ છતાં વશિષ્ઠ ઋષિ જરાય કોપાયમાન ન થયા. બીજા દિવસે દેવ સભામાં સૌ બેઠા હતા. વિશ્વામિત્ર પૂર્ણ આયુધ ધારણ કરી બ્રહ્મ પદ લેવાને માટે આવ્યા.

સભા સરવે ઊભી થઈ, દીધો અતિ આવકાર,
બ્રહ્મ બ્રહ્મ સૌ કોઈ કરે, રીઝ્યા અપરંપાર.
સત્ વકતા સત્ રૂપમાં રે, સત્ય ગુણ નિધાન,
સત્ ઓચરે સર્વના રે, કરતા પૂરણ પાન.

સદ્‌ગુરુ જગ સર્વના રે, વશિષ્ઠ સત્ સ્વરૂપ,
જૂઠું કદી નવ ઓચરે રે, પૂરણ બ્રહ્મનું રૂપ.
જેવું જુવે તેવું ઓચરે રે, બોલ્યા તેણી રે વાર,
રાજ ઋષિ કહી બોલીયા રે, કહ્યું સત્ય નિરધાર.
ઋષિ કહ્યા ઉપર દ્વેષથી રે, રજો ગુણથી રાજ,
સત્ય વકતા સાચું ઓચરે રે, જૂઠું કરીયું છે તાજ.

સર્વ દેવસભાએ ઊભા થઈ વિશ્વામિત્રને 'બ્રહ્મર્ષિ' કહી આવકાર આપ્યો. પણ જે સત્ત્વગુણ સંપન્ન સત્ય વક્તા સત્‌સ્વરૂપ સર્વ જગતના સદ્‌ગુરુ છે એવા વશિષ્ઠ ઋષિએ પધારો 'રાજર્ષિ' કહી આદર કર્યો. સત્યવાદી હંમેશાં સત્ય જ ઓચરે છે. તેઓ અસત્યનો કદી આશરો લેતા નથી.

વિશ્વામિત્ર કોપીયો, ઋષિએ માંડ્યો દ્વેષ,
વશિષ્ઠ મુજથી રાખે છે, અતિ અંતરમાં દ્વેષ.
કહેલું હતું બ્રહ્માદિકનું રે, વિશ્વામિત્રને આપ,
જ્યાં લગી તુજને ના કહે રે, વશિષ્ઠ બ્રહ્મની છાપ.
ત્યાં લગી થઈ નહિ શકો રે, બ્રહ્મ ઋષિ નિરધાર,
ગણતરી તમારી નહિ થશે રે, બ્રહ્મ અંશ મોઝાર.
અજંપો થયો તે થકી રે, વિશ્વામિત્રને આપ,
વશિષ્ઠ તો નહિ કહે રે, કેવી ધરશું ધાપ.
ક્રોધિષ્ઠ થઈને ઊઠીયો રે, વિશ્વામિત્ર તે વાર,
બડબડતો તે ચાલીયો, ગયો નગરથી બાર.

વશિષ્ઠે વિશ્વામિત્રને રાજર્ષિ કહ્યા તેથી વિશ્વામિત્ર કોપિત થઈ ગયા. દેવોએ વરદાન આપ્યું હતું કે જ્યાં સુધી વશિષ્ઠ 'બ્રહ્મર્ષિ' ન કહે ત્યાં સુધી બ્રહ્મ પદ ન મળે. તેઓ મનમાં ગુસ્સો થઈ ગયા અને મનોમન કહેવા લાગ્યા. વશિષ્ઠને મારા પર ઈર્ષા છે તેથી મને બ્રહ્મર્ષિ નથી કહેતા. વશિષ્ઠ તો મને બ્રહ્મર્ષિ નહીં

કહે માટે હજુ કોઈક બીજો ઉપાય કરવો પડે તેમ મનોમન ક્રોધિત થઈ સભા છોડી નગર બહાર ચાલ્યા ગયા.

રાક્ષસ વળતાં તેડીયો, તેડ્યો બીજી વાર,
પુત્ર બીજો આજ પણ, ખાજે તું નિરધાર.
દિન પ્રતિદિન આવતો રે, ઋષિ સભા મોઝાર,
વશિષ્ઠજી બોલાવતા રે, એ જ વાણીથી સાર.
પ્રતિદિન મરવતા રે, પુત્ર ઋષિના જેહ,
સોએ દિવસો પૂરા કર્યા રે, ખાધા રાક્ષસે તેહ.
પુત્ર હતા 'સો' તેમના રે, વશિષ્ઠજીના રે ત્યાંએ,
રાક્ષસે ખાધા તેટલા રે, કેવાથી મિત્રની જાએ.
પુત્ર પૂરણ ત્યાં થયા રે, સોએ પૂરણ જાણ,
જાણ થતી ત્યાં આપનો રે, જુઓ સત્ય પરમાણ.

બીજા દિવસે ફરીથી બ્રહ્મરાક્ષસને વશિષ્ઠના બીજા પુત્રને મારી નાખવાનો આદેશ કર્યો. બીજા દિવસે દેવ સભા મળી. તેમાં સૌ દેવોએ બ્રહ્મર્ષિ કહ્યા પણ વશિષ્ઠે ન કહ્યા. તેથી વિશ્વામિત્રે દરરોજ એક એક કરી વશિષ્ઠના સો પુત્રની ઘાત કરાવી નાખી. પણ વશિષ્ઠે બ્રહ્મર્ષિ ન જ કહ્યા. વશિષ્ઠ સર્વ વાતે જ્ઞાત હતા. પરંતુ જ્યાં સુધી વિશ્વામિત્રમાં પૂર્ણ બ્રહ્મ લક્ષણ ન આવે ત્યાં સુધી 'બ્રહ્મર્ષિ' કેમ કરી કહે. સત્યવાદી અસત્ય કેમ ઓચરે !

ક્રોધ નથી સત્ રૂપને, ઢોંગી માંડે ધાપ,
મારે ઝૂરે જગતને, વેશ કરે છે આપ.
મિત્રે મરાવ્યા સો બાળકો રે, ઋષિ જાણે છે તોય,
ક્રોધ કર્યો નહિ કો સમે રે, સમ દૃષ્ટિ રે જોય.
છેલ્લે દાડે મિત્ર આવીયા રે, રાજ્ય સભા મોઝાર,
આયુદ્ધ ભીડેલ અંગમાં રે, અંગે ક્રોધ અપાર.

સકળ સભા ઊભી થઈ રે, બ્રહ્મ બ્રહ્મ કરતાની સાથ,
વશિષ્ઠજીએ આપીયું રે, રાજ ઋષિ કહી હાથ.
વિશ્વામિત્ર અતિ કોપીયા રે, મારું જોગીને ઠાર,
ગર્વ નથી એનો ઉતર્યો રે, પુત્રને દેવરાવી માર.

સત્‌પુરુષો કદી ક્રોધ કરતા નથી, તેઓ તો સદા ક્ષમાશીલ જ હોય છે. વિશ્વામિત્રે વશિષ્ઠના સો પુત્રોને મરાવી નાખ્યા, છતાં વશિષ્ઠ વિશ્વામિત્ર તરફે સમદષ્ટિ જ રાખી રહ્યા છે. છેલ્લા દિવસે શસ્ત્રો ધારણ કરી વિશ્વામિત્ર દેવ સભામાં આવ્યા. સર્વ દેવોએ બ્રહ્મદેવ બ્રહ્મદેવ કહી આવકાર્યા. પણ વશિષ્ઠે તો 'રાજર્ષિ' જ કહ્યા. વિશ્વામિત્રને અંગે અંગ ક્રોધ વ્યાપી ગયો. સો પુત્રો મરાવી નાખ્યા તોય હજી વશિષ્ઠનો ગર્વ ઉતરતો નથી. તેમ કરી મનોમન નિંદવા લાગ્યા.

પુત્ર સોએ મરાવીયા, જીભે કરીયું જોર,
તોએ હજુ નવ ઉતર્યો, વશિષ્ઠજીનો તોર.
બ્રહ્માદિકે મુને મોકલ્યો રે, આવા જોગટા પાસ,
કેમે કરી મુજને કહે રે, નહિ તો કરું વણાસ.
આજ હું મારું એહનો રે, લઉં એના રે પ્રાણ,
રાજ ઋષિ કહે એકલો રે, પછી દેશે વહાલ.
એમ કહી રાતે ઊઠ્યો રે, ગયો નગરથી બહાર,
પર્ણકુટિરની ઓથમાં રે, કરી કપરો વિચાર.
ઋષિ સુવે આજે જયાંહ રે, મારું ખડકનો ઘા,
એવે વિચારે ઊભલો રે, મિત્ર તેની રે ઠા.

સૌ દેવ સભા મને બ્રહ્મર્ષિ કહે અને આ એક વશિષ્ઠ જ મને બ્રહ્મર્ષિ નથી કહેતા. આ જોગટો જ રાજર્ષિ કહે છે, તેનો તોર મારે ઉતારવો પડશે. આજે તો એને હું મારી જ નાખું. રાત્રે તેની પર્ણકુટિરમાં સુવે પછી તેનો તલવારથી ઘાત કરી નાખું. તેવો વિચાર કરી સભામાંથી નીકળી નગર બહાર જતા રહ્યા. રાત્રે વિશ્વામિત્ર ખડ્ગ લઈ વશિષ્ઠ ઋષિના આશ્રમે આવ્યા અને પર્ણકુટિરની ઓથે છુપાઈ બેસી ગયા. લાગ મળે

વશિષ્ઠની ઘાત કરી નાખવી છે. આજે બતાવી દેવું છે કે મને 'બ્રહ્મર્ષિ' ન કહેવાનું પરિણામ શું આવે છે.

પતિ પત્ની એકાંતમાં, કરે છે વારતા વિનોદ,
પૂનમ ચંદ્ર આકાશમાં, કરતો કિરણની શોધ.
માથે આવેલો તે સમે રે, ચંદ્ર મધ રે રાત,
છે પૂરણ પ્રકાશીયો રે, એ મહા શીતળ જાત.
સતી અરુંધતી તે જોઈ બોલીયાં રે, સાંભળો મારા રે નાથ,
ઋષિયોના રે સંઘમાં રે, છે એવો તપનો પ્રભાવ.
છે રે કેનાં એવા તપનું રે, આવું પૂરણ તેજ,
પૂનમના જેવા ચંદ્રનો રે, સાચું કહેજો રે એજ.
વશિષ્ઠજી વાણી ઓચરે રે, શ્યામા સાંભળો વાચ,
તપ આવો આ જુગમાં રે, વિશ્વામિત્રનો સાચ.

એ જ દિવસે પૂનમની રાત્રિએ વશિષ્ઠ ઋષિ અને સતિ અરુંધતી એકાંતમાં વાર્તા વિનોદ કરે છે. મધ્યરાત્રિનો ચંદ્રમા પૂર્ણ પ્રકાશિત થઈ ખીલી ઊઠ્યો છે. તે સમયે સતિ અરુંધતી બોલ્યાંઃ સ્વામીનાથ ! તમે સદાય દેવો અને ઋષિઓની સભામાં જાવ છે. ત્યાં આજના પૂનમના ચંદ્રમા જેવો તપનો પ્રભાવ કોનો છે ? તે આપ કૃપા કરી જણાવો.

ત્યારે વશિષ્ઠજી બોલ્યાઃ સાંભળો શ્યામા ! અત્યારના સમયમાં એક માત્ર વિશ્વામિત્ર ઋષિ પૂર્ણ તપેશ્વરી છે. તેમના તપના જેવો જગતમાં બીજા કોઈનો પ્રભાવ નથી.

પૂરણ તપ છે તેહનો, આજ સમા મોઝાર,
ચંદ્ર સમો પ્રકાશતો, એથી અધિક અપાર.
વિશ્વામિત્રે વાણી સાંભળી રે, બોલ્યા ઋષિ રે જેહ,
ખેદ પામ્યો તે અતિ ઘણો રે, ઉપજ્યો મનમાં સ્નેહ.
જાણ્યું ઋષિ કહેતા હાસ્યમાં રે, રાજ ઋષિ લગાર,
પ્રેમ દીસે રે મનમાં રે, હતા હાસ્ય ઉદ્ગાર.

ભૂલ કરી મેં અતિ ઘણી રે, માર્યા એહનાં બાળ,
તોએ ના કોપીયો રે, મેં તો ધાર્યો તો કાળ.
કેટલું કષ્ટ મેં આપીયું રે, કર્યું કેટલું વેર,
મનમાં કાંઈ ના લાવીયા રે, મુખથી કર્યું ના ઝેર.

વસિષ્ઠ ઋષિ આગળ કહે છે કેઃ વિશ્વામિત્રનું તપ પૂર્ણ ચંદ્રમાથી પણ અધિક પ્રકાશી રહ્યું છે. બસ વાત અણી પર આવી ગઈ છે. બધું પૂર્ણ થવાની તૈયારીમાં છે. માત્ર એક પગલું આગળ ભરાય એટલે એ 'બ્રહ્મર્ષિ' બની શકે એવી એમની સંભાવના છે. પાતળો એવો અહંકારનો પડદો બાકી છે. એ તૂટે તો એ 'બ્રહ્મર્ષિ' જ છે. અત્યારે પણ તેઓ બ્રાહ્મણ કરતાં પણ સારા બ્રાહ્મણ છે. તેઓ સુપાત્ર છે. તેમનામાં અગાધ શક્તિ ભરેલી છે. આથી હું થોડી વધુ પ્રતીક્ષા કરું છું અને કોઈ પણ ક્ષણે એમનામાં બ્રહ્મનો વિસ્ફોટ શક્ય છે.

વશિષ્ઠ ઋષિની વાણી સાંભળી ઘાત કરવા છુપાઈ રહેલા વિશ્વામિત્રને પારાવાર પસ્તાવો થયો. અહાહા ! મેં તેમના સો પુત્રોનો ઘાત કરાવ્યો છતાં જરાય કોપાયમાન ન થયા ! મેં તેમને કેટલું કષ્ટ આપ્યું ! છતાં મનમાં કંઈ લાવતા નથી અને મારા પ્રત્યે કેવી સ્નેહની લાગણી ધરાવે છે. મારાથી મહા ભયંકર ભૂલ થઈ ગઈ !

સત્ય બ્રહ્મ સ્વરૂપ છે, સાચા ગુરુ જગ જાણ,
પડું હું એના પગમાં, પછીથી ઓચરું વાણ.
ખડ્ગ હતું જે હાથમાં રે, તોડચ્યું તેણી રે વાર,
શીશ ધુણાવતા ચાલીયા રે, ગયા ઋષિને દ્વાર.
માથું નમાવ્યું ચરણમાં રે, બોલ્યા મુખથી વાણ,
દાસ આપનો જાણીને રે, લેજો સેવામાં તાણ.
મિત્રના રૂપથી બોલીયા રે, સદ્ગુરુ તેણી રે વાર,
બ્રહ્મ ઋષિ આવી મળો રે, ક્યાંથી આણી રે વાર.
આ વખતે કેમ આવીયા રે, શું છે આપનો કામ,
બ્રહ્મ ઋષિ કહો સાચથી રે, થાયે પૂરણ નામ.

વશિષ્ઠ જ સાચા સદ્‌ગુરુ છે. તેમના ચરણમાં પડી માફી માગું. એમ કહી ખડ્‌ગને બાજુમાં ફેંકી વશિષ્ઠના ચરણમાં વિશ્વામિત્ર ઢળી પડ્યા. આંખોમાંથી વહેતી અશ્રુધારાએ વશિષ્ઠનાં ચરણ પખાળ્યાં અને મુખથી વાણી બોલ્યાઃ હે બ્રહ્મર્ષિ ! મારાથી ભૂલ થઈ ગઈ છે ! આપનો દાસ જાણી મને ઉગારી લ્યો ! અચાનક વશિષ્ઠના મુખેથી વાણી સરી પડી...ઊઠો 'બ્રહ્મર્ષિ' જે અંતિમ બાધા હતી તે આજે તૂટી ગઈ છે... પણ હે બ્રહ્મર્ષિ મહારાજ ! અત્યારે આ સમયે કેમ આવવું થયું ? જે હોય તે કહી દેજો. જેથી આપનું કાર્ય સિદ્ધ થઈ શકે.

વિશ્વામિત્ર વાણી ઓચરે, સાંભળો મારા નાથ,
ઉત્તર મારો આપજો, હૃદયે લેજો રે વાત.

વશિષ્ઠજી એમ ઓચર્યા રે, સાંભળો મારા રે વીર,
વેશ કરે બેશ ના ભજે રે, હોય આચરણ ધીર.

આચારે ધર્મ ઓળખાય છે રે, કંઈ વેશથી નાહી,
આચાર હીણા આંધળા રે, જાશે નરકની માંહી.

વેશ કરે જે ધર્મનો રે, વળી પાળે નહિ કોએ,
નર તે ઢોંગી જાણવો રે, ધૂર્ત તેનું રે જોએ.

કેશ રાખે છે કપટના રે, ધારણ રાખે ના લેશ,
અંતે તે અકળાયે છે રે, વગોવાયે છે વેશ.

વશિષ્ઠ વિશ્વામિત્રને કહે છે કેઃ હે વિશ્વામિત્ર ! વેશ પહેરી પાત્ર ભજવવાથી કંઈ તે પાત્રને લાયક બની શકાતું નથી, પણ એ જેનો જેવો વેશ પહેર્યો તેનાં આચરણ કરવાં પડે છે. સત્ આચરણ વગરનો મનુષ્ય અધર્મી છે તે રૌરવ નરક જાય છે. આપણે બ્રહ્મર્ષિનો વેશ ધારણ કર્યો, તેથી આપણા આચરણ બ્રહ્મ રૂપ હોવાં જોઈએ. સાધુનો વેશ પહેરે અને કામ-ક્રોધ-મોહ-મત્સરનો ત્યાગ કરે નહિ તેને ઢોંગી ધૂતારો જ જાણવો.

રૂપ કરે રાજા તણું, નૃપ ના તેથી થાયૈ,
દેખા દેખી જે કરે, તે તો સહેજે નરકે જાયે.

કંઈક ધરાવે છે ધર્મના રે, નામ આપે રે કોયે,
વેશ કરે છે તેહનું રે, ધર્મ તેમાં ના હોય.

આચાર તે દશમો નિધિ રે, પાળે જે પ્રેમે રે મન,
સુખે રહે તે સર્વદા રે, દુઃખ દેખે નહિ જન.
સત્પંથ સત્નું મુખ છે રે, સત્ પાળે જે કોય,
કહેવાયે નહિ કુળનું રે, પાળે તે અમર હોય.
સાકર સાકર મુખ જપે રે, મુખ મીઠું ના થાયે,
ગર્થ ખર્ચી લે ગાંઠમાં રે, ભૂખ તેથી રે જાયે.

રાજાનો પહેરવેશ પહેરવાથી રાજા બની જવાતું નથી. તેના માટે તો શૂરવીરતા, દયા, ક્ષમા, ન્યાય જેવા ગુણ કેળવવા પડે તો જ રાજા થવાય. સાધુનો વેશ ધારણ કરવાથી સાધુ ન બનાય અને ધર્મી ન કહેવાય. પણ સાધુતાનાં આચરણ પાળવાં પડે તો ધર્મી કહેવાય, સાધુ કહેવાય. સત્ આચરણ એ તો નવ નિધિની જેમ દસમો નિધિ છે, સદ્ગુણોનો ભંડાર છે. સતપંથ સત્યતાનું આચરણ છે. સત્ પાળે તે સત્પંથી કહેવાય. પછી તે ગમે તે કુળનો હોય. સાકર સાકર બોલવાથી મુખ મીઠું નથી થતું, પણ તેને મોંમાં મૂકવાથી મુખ મીઠું થાય છે. ભૂખ લાગે ત્યારે ભૂખ મરી જાય, ભૂખ મટી જાય તેમ કહેવાથી ભૂખ મટતી નથી પણ અન્ન ગ્રહણ કરવાથી ભૂખ મટે છે. તેમ "બ્રહ્મર્ષિ (સત્પંથી) કહેવાથી બ્રહ્મર્ષિ (સત્પંથી) નથી બનાતું પણ બ્રહ્મર્ષિ (સત્પંથી)નાં આચરણ પાળવાં પડે તો જ બ્રહ્મર્ષિ (સત્પંથી) કહેવાઈએ.

આચાર તેનો રાખવો, પાળવો હોય જે ધર્મ,
દોષ લાગે નહિ તેહનો, છુટે સર્વે કર્મ.
સત્પંથ માંહે જે આવીને રે, તોડે છે આજ્ઞા એ,
નિશ્ચે તે તો જાણવું રે, જાશે નરકની માંએ.
હરિ અંશી ગુરુ જાણવા રે, જે સદા અમર હોય,
હરિ અંશ સદ્ગુરુ બ્રહ્મ આવીયા રે, તે જ હરિ અંશમાં જોય.
સેવા કારણ જે રહે રે, તે તો સેવક જાણ,
હરિ અંશ લેજો અંશથી રે, હરિ અંશ લેજો પ્રમાણ.

અંત સુધી તે ચાલશે રે, ત્રૂટક તેમાં ના હોય,
ખરા ગુરુ તે જ જાણવા રે, વેદ શાખામાં જોય.

આપણે જે ધર્મ પાળતા હોઈએ તે ધર્મનાં આચરણો આપણે પાળવાં જોઈએ. સાચો બ્રહ્મજ્ઞાની એટલે જેને બ્રહ્મ (સત્) જાણવાનું પૂરું જ્ઞાન થયું છે. એટલે જે સર્વ પ્રાણીમાત્રમાં એકરૂપ જોઈ એ પ્રમાણે દરેક સાથે વર્તે છે. જેની ક્રિયાવસ્થા અને ભાવાવસ્થા એકરૂપ હોય છે તે જ સાચો બ્રહ્મજ્ઞાની સમજવો. જેના મનમાં રાગ-દ્વેષાદિ વિકાર કે અહંકાર વગેરે જરા સરખા નથી હોતા, જે જનક રાજા પ્રમાણે વિદેહમુક્ત છે, જેની શુભ કે અશુભ કામનાઓ નાશ પામેલી હોય છે. એટલે કે તેને કોઈ મારે, ત્રાસ આપે, તેનો સત્કાર કરે કે અપમાન કરે તેનું કશું જ ભાન તેને હોતું નથી. આવી સ્થિતિવાળો માણસ જ પૂર્ણ બ્રહ્મજ્ઞાની કહેવાય.

જે યુગમાં જે સદ્‌ગુરુ હોય તેના થકી જ આપણો આત્મોદ્ધાર થાય છે. વેદના વારા પ્રમાણે હરિ ભજવા અને સદ્‌ગુરુના શરણમાં રહેવું. જે અજ્ઞાની જીવો વેદની આજ્ઞા વિરુદ્ધ ચાલે છે તે તો નિશ્ચે નરકમાં જાય છે.

વિશ્વામિત્ર સાંભળો, તેથી કહે તે ઋષિરાજ,
બ્રહ્મ લક્ષણ ભાળ્યા વિના, કહેતાં આવતી લાજ.
લક્ષણ પૂરણ બ્રહ્મનાં રે, થયાં આજ રે જોય,
દયા ક્ષમાને દીનતા રે, સત્ નમણી હોય.
હું પદને અતિ ઈર્ષા રે, ટાળી સરવે તમામ,
તેથી કરીને જાણીયા રે, સાચા બ્રહ્મ રે નામ.
બ્રહ્મ ઋષિ તેથી કહ્યા રે, સાંભળો વિશ્વામિત્ર,
સાચપણેથી રાખજો રે, સદા એહી જ તંત્ર.
બ્રહ્મ લક્ષણ જોઈને રે, થયું બ્રાહ્મણ નામ,
લક્ષણ નથી એ જેહમાં રે, ટાળો એનું રે ઠામ.

વશિષ્ઠજી કહેઃ હે વિશ્વામિત્ર મહારાજ ! જ્યાં સુધી પૂરાં બ્રહ્મનાં લક્ષણ ન દેખાય ત્યાં સુધી હું કેમ કરી બ્રહ્મર્ષિ કહી શકું. જેમનામાં દયા, ક્ષમા, દીનતા, સત્યતા હોય

અને જેમનામાં અહંકાર, ઈર્ષા ન હોય તે 'બ્રહ્મર્ષિ' કહેવાય. આજ તમારામાંથી ઈર્ષા અને અહંકારનો પટ નષ્ટ પામ્યો છે તેથી કરી તમને અમે 'બ્રહ્મર્ષિ' કહ્યા. હવેથી મનમાં ઈર્ષા-અહંકારને સદાયને માટે કાઢી નાખજો. બ્રહ્મર્ષિને આવાં લક્ષણો શોભતાં નથી.

સંત લક્ષણ જેહમાં, સત્પંથી સાચા સોય,
સત્ વિના સૂનું સદા, વેશ જ મિથ્યા હોય.

સંશય ટળ્યો જ્યારે મિત્રનો રે, થયા એકા રે કાર,
સ્નેહ બંધાણો ત્યાં થકી રે, થયો પૂરણ ભાર.

એકા મેકે પ્રેમથી રે, થયો ઉઘાડો રે પ્રેમ,
આવન જાવન ત્યાં થઈ રે, પોત પોતામાં જેમ.

એક દિવસે આવીયા રે, વિશ્વામિત્રને દ્વાર,
વશિષ્ઠજી અતિ પ્રેમથી રે, ઉમંગ થયો જે વાર.

જોયું રૂપ ઋષિ તણું રે, વિશ્વામિત્રે જે વાર,
આગતા સ્વાગતા ત્યાં કરી રે, નવ લાગી રે વાર.

વશિષ્ઠની બ્રહ્મવાણી સાંભળી વિશ્વામિત્રનો સર્વ સંશય દૂર થઈ ગયો. જેમનામાં બ્રહ્મનાં લક્ષણો હોય છે તે જ સાચા સત્પંથી છે, બ્રહ્મજ્ઞાની છે. વિશ્વામિત્રને વશિષ્ઠ પ્રત્યે પૂર્ણ પ્રેમ ઉપજયો છે તેથી એક દિવસ વશિષ્ઠને વિશ્વામિત્રના આશ્રમે જવાની ઈચ્છા થઈ. વિશ્વામિત્રના આશ્રમે ગયા. વશિષ્ઠ પોતાના આશ્રમે આવ્યા તેથી વિશ્વામિત્ર ખૂબ પ્રસન્ન થયા. વશિષ્ઠનો ખૂબ જ આતિથ્ય સત્કાર કર્યો.

પૂજન અર્ચન પ્રેમથી, પોતે કર્યાં અપાર,
ભોજન કરાવ્યાં ભાવતાં, ના લાગી કંઈ વાર.

ભોજન કરી પરવારીયા રે, વશિષ્ઠજી જેણી રે વાર,
દક્ષિણા માંહે રે આપીયું રે, તપ તેણી રે વાર.

દશ હજાર વર્ષનું રે, ફળ તપનું હોય,
તે સર્વે આપ્યું આપથી રે, વશિષ્ઠજીને રે જોય.

પાન સોપારી આપીયાં રે, આપ્યા પ્રેમે અપાર,
મુખવાસ મુખ શોભતો રે, મિત્રે તેણી રે વાર.
પરવારીને પંથે વળ્યા રે, ઋષિ પોતાને ઘેર,
તે પછી શું નિપજ્યું રે, કહું હું તેની રે પેર.

એક દિવસ વશિષ્ઠજી વિશ્વામિત્રના આશ્રમે ગયા. વિશ્વામિત્રએ તેમની ખૂબ આગતા સ્વાગતા કરી, ભાવતાં ભોજન કરાવ્યાં. પાન-સોપારીના મુખવાસ આપ્યા. પછી પરવારીને વશિષ્ઠ પોતાના ઘેર આવવા તૈયાર થયા એટલે વિશ્વામિત્રએ દક્ષિણામાં દશ હજાર વર્ષના તપનું ફળ આપ્યું. વશિષ્ઠ દક્ષિણાનો સ્વીકાર કરી પોતાના આશ્રમે આવ્યા.

વિશ્વામિત્ર એક દાડલે, આવ્યા વશિષ્ઠજીને ઘેર,
મિત્ર મુખ નિહાળવા, જોવા તેની પેર.
વશિષ્ઠજીએ પૂજન કર્યું રે, વિશ્વામિત્રનું ત્યાંયે,
ભોજન દીધાં ભાવથી રે, દીધી દક્ષિણા જ્યાંયે.
ફળ આપ્યું એક પળનું રે, સત્ સંગનું હોય,
વિશ્વામિત્રને આપીયું રે, દક્ષિણામાં રે જોય.
વિશ્વામિત્ર મનમાં કોપીયા રે, આ તે શું રે કહેવાય,
મજાક કરે છે માહેરી રે, એમાં શું રે લેવાયે.
મેં ફળ આપ્યું છે તપનું રે, દસ સહસ્રનું જેહ,
તેના પેટે અમને આપે રે, પળ સત્સંગનું તેહ.

થોડા દિવસ પછી વિશ્વામિત્ર વશિષ્ઠજીને મળવા તેમના આશ્રમે આવ્યા. વશિષ્ઠજીએ પૂર્ણ ભાવથી વિશ્વામિત્રનું પૂજન અર્ચન કરી સ્વાગત કર્યું. ભાવથી ભોજન જમાડ્યાં. ભોજન પછી દક્ષિણામાં એક પળના સત્સંગનું ફળ આપ્યું. એક પળના સત્સંગના ફળની દક્ષિણા જોઈ વિશ્વામિત્ર મનોમન કોપાયમાન થઈ ગયા અને મનમાં કહેવા લાગ્યા કે; વશિષ્ઠએ મારી મશ્કરી કરે છે. મેં તેમને દશ હજાર વર્ષના તપનું ફળ આપ્યું અને તેમને મને એક પળના સત્સંગનું જ ફળ આપ્યું ?

તે પણ ફળ એક પળનું, તે શું અદકું હોય,
દસ સહસ્ર વર્ષનું, તપ હૃદયમાં જોય.
એણે તો કાંઈ નવ ગણ્યું રે, તપ મારું પ્રચંડ,
તુચ્છ ગણ્યું છે આ સમે રે, ફળ પળનું અખંડ.
ક્રોધ વ્યાપ્યો તે સમે રે, સમજ્યા નહિ રે મૂળ,
મહિમા તે સત્‌સંગનો, તેથી ઉપરની શૂળ.
ક્રોધિષ્ઠ તેથી અતિ થયા રે, વિશ્વામિત્ર જે વાર,
રંગ થયો રાતો ઘણો રે, બોલ્યા તેણી રે વાર.
આ શું વદો છો વહેમમાં રે, કંઈક વિચારો નાથ,
ભૂલ કરો નહિ હામથી રે, સંગ તપની સાથ.

વશિષ્ઠને મારા તપના ફળની ગણતરી જ નથી. મારા તપના ફળને તુચ્છ ગણ્યું. વિશ્વામિત્રના અંગેઅંગમાં ક્રોધ વ્યાપી ગયો. તેઓ સત્સંગના ફળનું મહત્ત્વ સમજ્યા નહિ. ક્રોધને કાબૂ ન રાખી શક્યા અને વશિષ્ઠને કહેઃ હે મહારાજ ! આ તમે શું કહો છો. કંઈક વિચારો. ક્યાં દશ હજાર વર્ષના તપનું ફળ અને ક્યાં એક પળના સત્સંગનું ફળ તમે મારા તપને સાવ તુચ્છ માન્યું ?

વશિષ્ઠજી વાણી વદે, સાંભળો મારા મિત્ર,
સત્સંગ મહિમા ના જાણીયો, તે તો થયું વિચિત્ર !
મહિમા ઘણો સત્સંગનો રે, કળ્યો કેથી રે જાયે,
બ્રહ્મા ને વિષ્ણુ વિનવે રે, શેષ હારી રે જાયે.
શંકા હોય જો આપને રે, ચાલો મારી રે સાથ,
ન્યાય કરાવીએ આપણે રે, સત્‌ બ્રહ્માજી હાથ.
ગુણ હશે સત્‌ જેહનું રે, કહેશે સાચો રે સાચ,
ઓછું ને વધતું નહિ કરે રે, કેને નહિ દે રે આંચ,
મિથ્યા કરે નહિ કોઈને રે, એવા ગુણે ગંભીર,
બ્રહ્માજી આગળ ઉચ્ચારવું રે, સત્ય ગુણી સધીર.

વશિષ્ઠ કહેઃ હે ઋષિરાજ ! તમે ઋષિ થઈ સત્સંગનો મહિમા નથી જાણતા તે ખરેખર આશ્ચર્ય કહેવાય. સત્સંગનો મહિમા કોઈથી કળાતો નથી. સત્સંગ અમૂલ્ય છે. સત્સંગનું ફળ તપના ફળથી શ્રેષ્ઠ છે. આપને શંકા હોય તો ચાલો આપણે બ્રહ્માજી પાસે ન્યાય કરાવીએ. તેઓ સત્સંગની સાચે સાચી કિંમત આપણને કહી દેશે. બ્રહ્માજીને કહેશું કે તમે અમારો ન્યાય કરો. તપનું ફળ શ્રેષ્ઠ કે સત્સંગનું ફળ શ્રેષ્ઠ.

બ્રહ્મા આગળ ચાલીયા, ન્યાય કરાવવા કાજ,
વિશ્વામિત્ર ઓચરે, કહેજો સત્ મહારાજ.
વિશેષ શું છે બે થકી રે, તપ કે સત્સંગ,
દસ હજાર વર્ષનું રે, તપ કીધેલ અંગ.
સત્સંગ એક પલનું રે, કરેલું સંત સાથ,
અદકું બેમાંથી શું હશે રે, કહેજો રે દીનાનાથ !
વાદ પડ્યો છે અમમાં રે, તેથી આવ્યા છઈએ આંહી,
વાદ મટાડો વેદથી રે, સત્ હોય જે કાંઈ.
બ્રહ્માજીએ મન જાણીયું રે, કેવી કરવી પેર,
ઓછું અદકું શું કહું રે, થાશે મુજથી વેર.

બંને ઋષિઓ બ્રહ્મલોકમાં બ્રહ્માજી પાસે ગયા. ત્યાં પહોંચતાં વિશ્વામિત્ર અધિરાઈથી ત્વરીત બોલ્યાઃ હે બ્રહ્મદેવ ! તમે સત્ય ન્યાય કરજો. દશ હજાર વર્ષના તપનું ફળ વધે કે એક પળના સત્સંગનું ફળ વધે. અમારા બંનેમાં વાદ પડ્યો છે.તેથી ન્યાય કરાવવા તમારી પાસે આવ્યા છીએ. તેથી અમારો ન્યાય કરો.

બ્રહ્માજી બંનેને ઓચિંતા આવ્યા જાણી દિગ્મૂઢ બની ગયા. તે વિચારવા લાગ્યા કે શું કરવું. ગમે તે એકને ન્યાય નહીં મળે તો નકામું વેર બંધાશે.

શ્રાપ દે કદી શોકથી, વેઠવું પડશે અંગ,
પરબારું જો પરવરે, તો દેવરાવે રંગ.
તેથી બ્રહ્માજી બોલીયા રે, સાંભળો ઋષિ સાથ,
વેદી છે મુજ હાથમાં રે, સત્ વિશ્વનો રે નાથ.

વાણી કથું છું હું વેદથી રે, વેદ વાણી રે જેહ,
લખાવી છે પ્રેમથી રે, સાચા વિષ્ણુએ તેહ.
વાંચું છું વેદ હું જેટલા રે, તેનો કર્તા છે તેહ,
સંશય ટાળશે આપના રે, કહો તેને રે તેહ.
હું રે જાણું છું એટલું રે, વાણી ઓચરેલ ગાઉં,
બળ ના હોય મુંજમાં રે, તેથી અદકો રે થાઉં.
વિષ્ણુ આગળ ઓચરો, વાણી હોશે સત,
તે તમને સંભળાવશે, લેશ ના કરશે અત.

બ્રહ્માજીએ મનમાં વિચાર્યું. અરે આ તો ભારે થઈ ! શું કરવું ! જો બંનેમાંથી કોઈને ઓછું વધતું કહેવાઈ જશે તો શાપ આપશે અને દુઃખ વધશે. તેથી આ બંનેને પરબારા ક્યાંક મોકલી દઉં તો હાણ ઉપજે નહીં.

બ્રહ્માજી બોલ્યાઃ હે ઋષિવરો ! મારા હાથમાં વેદ છે અને હું વેદવાણી થકી સૃષ્ટિનું સર્જન કરું છું. મને સૃષ્ટિનું સર્જન કરવામાં સમય જ નથી મળતો. તમારો સાચો ન્યાય વિષ્ણુ ભગવાન કરશે. માટે તમે વિષ્ણુ ભગવાન પાસે જાવ. મારામાં તમારો ન્યાય કરવાની શક્તિ નથી. શક્તિ ન હોય અને અદકો થાઉં તે પણ ખોટું કહેવાય.

વિદાય કર્યા એમ કહીને રે, બ્રહ્માજીએ તે વાર,
બીક લાગે છે શ્રાપની રે, સુખી થયા અપાર.
વિષ્ણુ આગળ જઈ કરી રે, ઊભા બંને રે જન,
વિસ્તારી કહ્યું આગળે રે, હતા જે રે કથન.
વિષ્ણુએ મનમાં ધારીયું રે, છે આ કઠણ કામ,
ન્યાય કરતાં નેક તૂટશે રે, પડશે ઊંધા રે ઠામ.
લડે છે જયાં બે જણા રે, જીત એકની હોય,
હારે છે તેમાં એકલો રે, એ તે જગ રે જોય.
આમાં જો એક હારશે, તો એ દેશે શ્રાપ,
હજી નથી હું છુટીયો, વળી કયાંથી વળગ્યું પાપ !

એમ કહી બ્રહ્માજીએ બંનેને વિદાય કર્યા. બંને ગયા તેથી બ્રહ્માજીને નિરાંત થઈ કે હાશ ! શાપમાંથી બચી ગયા.

પછી વૈકુંઠમાં વિષ્ણુ ભગવાન આગળ જઈ બંને ઊભા રહ્યા અને કહ્યું: વિષ્ણુજી, તમે અમારો ન્યાય કરો. દસ હજાર વરસના તપનું ફળ વધે કે એક પળના સત્સંગનું ફળ વધે ?

વિષ્ણુએ મનમાં ધાર્યું કે આ સંકટ ક્યાં આવ્યું. આ તો કઠણ કામ છે. ન્યાય કરતાં બેમાંથી એકને અસંતોષ થશે જ અને શાપ આપશે. જીત ગમે તે એકની થશે. શું કરવું ! હજી પહેલાંના શાપમાંથી નથી છુટ્યો ત્યાં આ બીજું ક્યાં પાપ આવ્યું !

તેથી કરી વિષ્ણુ ઓચરે, સાંભળો સત્ય ધીર,
એકાંત મન હોય માહેરું રે, તેમાં પડે જો પીડ.
લેવડ દેવડ જે જુગમાં રે, થાયે જેટલી વાર,
જન્મ મરણ જે જેટલું રે, તેનો રાખવો પાર.
તે સર્વ કરવું એકલું રે, તેમાં ભૂલ જે વાર,
પળ એકના વિલંબથી રે, થાયે એકા રે કાર.
ન્યાય ચૂકાવતાં આપનું રે, થાયે મુજનો વિલંબ,
તેરે સમામાં શું નિપજે રે, થાયે તેનો વિસંગ.
વાર નથી મુજને, તેથી કહું છું સત્ય,
શંકર તે ચૂકાવશે, ન્યાય આપનો તૂર્ત.

વિષ્ણુ ભગવાને આ બંનેમાંથી છુટકારો મેળવવા વિચારીને કહ્યું: હે ઋષિવરો ! મારું કામ સૃષ્ટિનું પાલન પોષણ કરવાનું છે. જગતમાં સર્વ જીવાત્માને તેના કર્મ પ્રમાણે લેવડ દેવડ કરવાની હોય છે. એમાં એક પળનો વિલંબ ચાલતો નથી.

તમારું કામ એકાંતનું અને વિચારવાનું છે અને મને સમય જ નથી. માટે તમે શંકર ભગવાન પાસે જાવ, તેઓ આખો દિવસ સમાધિમાં જ બેઠા હોય છે. તે તમારો શાંતિથી ન્યાય કરશે.

પધારો આપ આગળે રે, જ્યાં છે શંકર ધામ,
ધ્યાનીનું એ કામ છે રે, કહું સાચું રે ઠામ.
તેથી કરી તે ચાલીયા રે, આવ્યા કૈલાશ માંહે,
શંકરે તે સમે જાણીયું રે, પોતે બેઠાતા જ્યાંએ,
બ્રહ્માએ પાછા વાળીયા રે, વાળ્યા વિષ્ણુએ જાણ,
મારા આગળ એ મોકલી રે, મહા દુ:ખની ખાણ.
એથી ન્યાય ના થયો રે, મુજથી કેમ જે થાયે,
ઓચિંતું આવી ચડ્યું રે, કહ્યું કેથી શકાયે.
હામ ચાલે નહિ માહેરી, કહેતાં ઉપજે દુ:ખ,
શેષ આગળ હું મોકલું, તો તો પામું સુખ.

ત્યાંથી બંને ઋષિવરો કૈલાસમાં ભગવાન શંકર પાસે પહોંચ્યા. બંનેને આવતા જોઈ શંકર ભગવાને સમાધિમાં જોઈ લીધું કે આ તો મહાદુ:ખની ખાણ આવી રહી છે. આ બંને ન્યાય કરવા આવે છે. બ્રહ્મા-વિષ્ણુથી ન્યાય ન થયો તે મારી પાસે મોકલ્યા છે. તેમનાથી ન્યાય ન થયો તો શું મારાથી થશે ! શું કરવું ! શંકર ચિંતામાં પડી ગયા. શેષ નાગ પાસે મોકલું તો અહીંથી આ મહાદુ:ખ જાય.

સમાધિ ધરવા જેટલે રે, બેઠા શંકર આપ,
જાણે સમાધિમાં જોઈને રે, જાશે શિરથી રે પાપ.
એટલે ત્યાં આવી ચડ્યા રે, બંને ઋષિની જોડ,
આવી નમ્યા શિવ આગળે રે, કરો અમારો તોડ.
વિનયથી વિસ્તારીને રે, કહી સઘળી કથાયે,
વાદ ટાળો મારા માવજી રે, જેથી સંશય રે જાયે.
બ્રહ્માએ અમને મોકલ્યા રે, વિષ્ણુ આગળ જેમ,
વિષ્ણુએ અમને મોકલ્યા રે, તમ આગળ તેમ.

ન્યાય ચૂકવો અમ તણો, કરજો રૂડી પેર,
આપ દર્શે સુખ પામીને, વળીયે પાછા ઘેર.

એટલામાં બંને શિવની પાસે આવી રહ્યા અને કહેવા લાગ્યા; પ્રભુ ! અમારો ન્યાય કરો. દસ હજાર વર્ષના તપનું ફળ વધે કે એક પળના સત્સંગનું ફળ વધે. બેમાંથી કોનું ફળ વધારે. અમને તમારી પાસે બ્રહ્મા-વિષ્ણુએ મોકલ્યા છે. તેઓ સૃષ્ટિના સર્જન અને પાલન પોષણમાંથી નવરા જ નથી. તેથી તમે અમારો ન્યાય રૂડી રીતે કરો. અમને બંનેને સંતોષ થઈ જાય.

બંને ઋષિઓ કહેઃ હે મહાદેવ ! તમે અમારો ન્યાય કરો એટલે જલ્દીથી પાછા ઘેર જતા રહીએ.

શંકરે શબ્દ ત્યાં ઓચર્યા રે, સાંભળો મુજ સંત,
આ સમો છે સમાધિનો રે, કરો કહું તે તંત.
અવકાશ નથી મુજને રે, ન્યાય કરવાની પેર,
ટાણું વીતે છે વાતમાં રે, જાઓ શેષને ઘેર.
શેષ સઘળું ચૂકાવશે રે, હશે જેની રે ખોટ,
સાચે સાચું એ કહીને રે, દેશે સતની ચોટ.
વખત મળ્યો નહિ મુજનો રે, જેથી ચૂકવું ન્યાયે,
પળ પળમાંથી પંથે પડે રે, વેળા વહેતી રે જાયે.
શંકરે વોળાવીયા, શેષ નાગને ઘેર,
સમજાવી સઘળી કહી, પંથે પળ્યાની પેર.

શંકર કહેઃ હે ઋષિવરો ! સાંભળો તમને હું એક વાત કહું. અત્યારે મારે સમાધિમાં બેસવાનો સમય થઈ ગયો છે. તેથી ન્યાય કરવાનો મને સમય નથી, સમય હોત તો હું જરૂર તમારો ન્યાય કરી આપત, પણ હું કહું છું કે તમે શેષનાગ પાસે જાવ. તેઓ જરૂર તમારો ન્યાય કરશે અને તમને બંનેને સંતોષ નિપજાવશે, માટે તમે જલદીથી ત્યાં પહોંચી જાવ.

શંકરે બંનેને શેષનાગને ત્યાં વળાવ્યા અને મનોમન આનંદ પામ્યા કેઃ હાશ ! મહાઘાત ગઈ. જો ન્યાય કરવામાં એકને દુઃખ થાત તો શાપ આપત અને હાનિ ઉપજત.

શેષ આગળે આવીયા રે, કરવા વાદનો અંત,
આવી તેને ચરણે નમ્યા રે, હૈયે આણીને ખંત.
શેષને સરવે સમજાવીને રે, કહી પૂરણ કથાયે,
વાદ પડ્યો આવી રીતથી રે, કરો તેનો રે ન્યાયે.
નાગદેવે ઋષિ દેખીયા રે, બેઉ બ્રહ્મ સ્વરૂપ,
સત વચન ઓચર્યાં રે, શેષ સત્ય અનુપ.
ન્યાય તમારો નિવેડવો રે, નથી સોહલો જાણ,
વાર લાગે જો વાદમાં રે, તો થાયે મુજને રે હાણ.
ન્યાય તમારો ચૂકવું, ચિંતા ટાળો દૂર,
સત રહે સૌ કોઈનું, જો નિરંજન રાખો હજૂર.

બંને શેષનાગ પાસે આવ્યા અને ચરણમાં નમન કરી બોલ્યા; હે નાગરાજ ! અમારો ન્યાય કરો. દશ હજાર વર્ષના તપનું ફળ વધે કે એક પળના સત્સંગનું ફળ વધે. અમારો વાદ થયો છે તો તેનું નિવારણ કરો. અમે બ્રહ્મા-વિષ્ણુ-મહેશ પાસે જઈ આવ્યા. તેમણે અમને તમારી પાસે મોકલ્યા છે.

શેષનાગ કહેઃ હે ઋષિવરો ! તમારો ન્યાય કરવો સહેલો નથી. તમારો ન્યાય કરવામાં સમય લાગશે. ઉતાવળ કરવામાં કોઈને અન્યાય થાય તો મને લાંછન લાગે માટે શાંત થાવ.

વાત એક મારી સાંભળો રે, કહું સાચ નિર્વાણ,
મમ શિર બોજો અતિ ઘણો રે, પૃથ્વી તણો પ્રમાણ.
ઉપાડવો ઘડીક આ સમે રે, મમ શિરથી બોજ,
ન્યાય તમારો હું ચૂકવું રે, ખરેખરી છે ખોજ.
શેષ વાણી જ્યારે સાંભળી રે, બોલ્યા વિશ્વા રે મિત્ર,
સત્યા મળે કેમ એવડી રે, કેવા ચિતરો છો ચિત્ર.

પૃથ્વીનો બોજો અતિ ઘણો રે, કેમ ઊંચકી શકાયે,
દીધેલ સત્તા નારાયણની રે, બીજાથી ન લેવાય.
જેનું કામ તો જે કરે, અવર કરે ઉત્પાત,
માટે મણિધર વિનવું, સંતાડોને સંતાપ.

વિશ્વામિત્ર અધીરાઈથી બોલ્યાઃ જેનું કામ જે હોય તે જ કરે. બીજાનું આ કામ નથી માટે બીજી કોઈ વાત કર્યા વિના અમારો ન્યાય કરો.

શેષનાગ કહેઃ હે ઋષિવરો ! તમારો હું ન્યાય જરૂર કરીશ. તમારા બંનેના મનનું સમાધાન થઈ જશે. પણ એક મારી વાત તમે સાંભળો. મારા શિર ઉપર આ પૃથ્વીનો બોજો અતિ ઘણો છે. એ ભાર મારા શિર ઉપરથી ઘડીક દૂર થાય તો તમારો ન્યાય ત્વરીત કરી આપું.

શેષનાગની વાત સાંભળી વિશ્વામિત્ર ત્વરીત બોલ્યાઃ હે નાગરાજ ! તમે કેવી વાત કરો છો. આ પૃથ્વીનો બોજો તો ઘણો છે. તે કોઈથી કેમ કરી ઊંચકી શકાય. તમને પરમાત્માએ સત્તા આપેલી છે, તેથી તમે જ ઊંચકી શકો તેમાં બીજા કોઈનું કામ નથી.

મણિધર મુખથી બોલીયા રે, શેને માનો છો દુઃખ,
તપનાં બળે આદરો રે, માણો મનનું સુખ.
બળ આપો તમ તપનું રે, સરે જેથી રે કામ,
ધરા રહે ઘડી વેગળી રે, મુજ શિરથી નામ.
વિશ્વામિત્ર મન મરકીયા રે, લીધું હાથમાં નીર,
પૃથ્વીને આપ અરપીયું રે, ધરી મનમાં ધીર.
વરસ દસ સહસ્રનું રે, તપ પૂરણ જેહ,
અરપું માત હું તુજને રે, પૂરણ આણી સ્નેહ.
આ તપનો પરતાપ જે, માનો મારી માત,
મણિધરના શિર થકી, ઊંચાં રહેજો આપ.

મણિધર કહેઃ હે વિશ્વામિત્ર ! તમારો ન્યાય કરવો મોટી વાત નથી. તમે બંને નાહકના મૂંઝાવ છો. ન્યાય જલદીથી કરાવવો એ તમારા જ હાથમાં છે. તમારા તપોબળના પ્રતાપથી ધરાને થોડીક ઊંચી કરો એટલે તમારો ન્યાય કરી આપું.

શેષનાગની વાત સાંભળી વિશ્વામિત્ર રાજી થયા અને મનમાં અહંકારથી વિચારવા લાગ્યા, મારા તપમાં શક્તિ ઘણી છે. મારા તપના પ્રભાવથી ધરતીમાતા જરૂર ઊંચકાશે. તેઓ તો તરત જ જળની અંજલિ ભરી પૃથ્વીમાતાને અર્પણ કરતાં બોલ્યાઃ હે ધરતીમાતા ! મારા દશ હજાર વરસના તપનું ફળ તમને અર્પણ કરું છું. આપ શેષનાગના શિર ઉપરથી ઊંચાં થાવ.

નીર અરપ્યું તે સમે રે, પૃથ્વી ઉપર આપ,
તપ આપ્યું વળી તે સમે રે, દસ સહસ્ત્રનો જાપ.
ડગી નહિ ધરા ધામથી રે, મોડ્યું ઋષિનું માન,
વાસંગી વશિષ્ઠજીને ઓચરે રે, ધરજો તમે રે ધ્યાન.
ધરા ડગાવો ધામથી રે, કાંઈક હોય જો ફળ,
આદરો આ અવસરે રે, હોય તમમાં બળ.
વશિષ્ઠજી વાણી ઓચરે રે, સુણો વાસંગ દેવ,
સાચે શ્રીહરિ સેવ્યા રે, હોય અત્યારે મેવ.

હે ધરતીમાતા ! મારા તપના પ્રભાવથી આપ ઊંચા રહેજો. એમ કહી વિશ્વામિત્રએ જળની અંજલિ સમર્પણ કરી. વિશ્વામિત્રના દશ હજાર વરસના તપના પ્રભાવથી પૃથ્વીમાતા જરાય ઊંચા થયાં નહિ. વિશ્વામિત્ર નરમ પડ્યા. તેમનું સ્વમાન ઘવાયું.

પછી શેષનાગે વશિષ્ઠજીને કહ્યું; હે વશિષ્ઠજી ! તમારા એક પળના સત્સંગનું ફળ ધરતીમાતાને આપો અને ધરતીમાતાને સમર્પિત કરો. તમારા સત્સંગનું ફળ વિશેષ હશે તો ધરતીમાતા જરૂર મારા શિર પરથી ઊંચાં થશે અને હું તમારો ન્યાય કરીશ.

જળ અંજલિમાં લેઈને, વશિષ્ઠજી ઓચરે વાણ,
ફળ આપું મા તુજને, સત્સંગ પરમાણ.
ફળ આપું ધરા તુજને રે, ક્ષેણું માત્રમાં જેહ,
થયેલ સત્સંગ જેટલું રે, તેટલું સરવે તેહ.
તે પુન્યના પ્રતાપથી રે, ડગજો મોરી રે માત,
શેષના રે શીશથી રે, એક પૂરણ હાથ.

નીર પડ્યું પટે જેટલે રે, થયો ધમ ધમકાર,
ઉપડી પૃથ્વી તે સમે રે, શેષ શિરથી તે વાર.
એક હાથ ધરા અધર થઈ રે, રહી અટકી રે ધામ,
વિશ્વામિત્ર વાણી ઓચરે રે, શેષને શિર નામ.

વશિષ્ઠ ઋષિએ જળની અંજલિ ભરી ધરતીમાતાને પ્રાર્થના કરી કેઃ હે ધરતીમાતા ! તમને હું મારા એક પળના સત્સંગનું ફળ સમર્પિત કરું છું. આપ મારા સત્સંગના પુણ્યના પ્રભાવે શેષનાગના શિર ઉપરથી પૂરા એક હાથ ઊંચાં થાવ એટલે શેષનાગજી અમારો ન્યાય કરે.

એમ કહી જળની અંજલિ ધરતી માતાને સમર્પિત કરી. જળની અંજલિના છાંટા પૃથ્વી ઉપર પડ્યા કે તરત જ ધમ ધમકાર સાથે પૃથ્વીમાતા એક હાથ અદ્ધર થયાં. ધરતીમાતા અદ્ધર થયાં કે તરત જ વિશ્વામિત્ર અધિરાઈ બોલ્યા; હે નાગરાજ ! હવે અમારો ન્યાય કરો.

ન્યાય કરો હવે અમ તણો, થયું તમારું કામ,
ખોટી કરવા નવ ખપે, ફોગટ આણે ઠામ.
વચન સુણી વાણી ઓચર્યા રે, વાસંગ તેણી રે વાર,
વિશ્વામિત્ર સુણો વાતડી રે, ન્યાય કરે રે કિર્તાર.
વિચારી જુઓ વાતમાં રે, કહેવું પડ્યું નહિ કાંઈ,
ન્યાય થયો ધરા માતથી રે, બાકી રહ્યું નહિ કાંઈ.
સમજો તમારી સાનમાં રે, પોતે પોતાનું સાર,
અધિક ઓછો માનીને રે, કરો પંડે નિસ્તાર.
સમજી સમજીને ઓચરે રે, કંઈ કરીને વિચાર,
સાર અસારની સૂઝમાં રે, ખોળે પંડિતો સાર.

વિશ્વામિત્ર વળી વળીને કહેવા લાગ્યાઃ હે મણિધર ! આ ધરતીમાતા તમારા શિર ઉપરથી ઊંચાં થયાં છે. હવે તમે ઝટ અમારો ન્યાય કરો. અમને મોડું થાય છે. અમારો ન્યાય મેળવવામાં ઘણો સમય પ્રસાર થયો છે. પહેલાં બ્રહ્મલોકમાં બ્રહ્માજી પાસે ગયા. પછી

વૈકુંઠમાં વિષ્ણુ પાસે ગયા. ત્યારબાદ કૈલાસમાં શંકર પાસે ગયા, એટલે હવે અમને ખૂબ જ મોડું થાય છે. તો જેમ બને તેમ ત્વરીત ન્યાય કરો.

વિશ્વામિત્રની વાત સાંભળી શેષનાગ કહેઃ હે વિશ્વામિત્ર ! તમે વાત વિચારીને જુઓ. પરમાત્માએ તમારો ન્યાય કરી આપ્યો છે. જેના ફળના પ્રતાપે ધરતીમાતા એક હાથ ઊંચાં થયાં તે એક પળના સત્સંગનું ફળ તમારા દશ હજાર વરસના તપના ફળથી અધિક છે. સમજુ માણસ સાનમાં સમજી જાય. અજ્ઞાનીજનો ગોથાં ખાય, તમે તમારા તપના અભિમાનમાં જ રાચી રહ્યા છો, તેથી સારાસારની તમને ખબર પડતી નથી.

સત્યા સત બાહેર આવીયું, તેની લેજો પેર,
મનથી માની માવજી, લેશ માં ધરજો ઝેર.
સત્સંગ મહિમા જાણીને રે, હાર્યા મનથી અપાર,
આનંદ થઈ બંને બોલીયા રે, વાસંગને તેણી વાર.
ધન્ય છે આપની ચાતુરી રે, ધન્ય આપનો નેક,
સત રાખ્યું તમે જાળવી રે, રાખી બંનેની ટેક.
વિશ્વામિત્ર વળતાં બોલીયા રે, વશિષ્ઠજીને તેણી વાર,
મહિમા ના જાણ્યો સત્સંગનો રે, ભૂલ્યો આણી રે વાર.
મહિમા જાણ્યો સત્સંગનો, વિશ્વામિત્રે જે વાર,
પાયે લાગ્યા અતિ પ્રેમથી રે, શ્રેષ્ઠ સદ્‌ગુરુને તે વાર.
મહિમા ઘણો સત્સંગનો. જાણે જ વિરલા કોય,
સત્સંગથી સુખ પામીયે, મરણ જરણ ના હોય.

શેષનાગ કહેઃ તમારો ન્યાય થઈ ગયો છે. સત્યાસત્ય બહાર આવી ગયું છે. મનમાં બંનેમાંથી કોઈ દ્વેષભાવ ન રાખતા.

સત્સંગનો આટલો બધો મહિમા છે તેનું જ્ઞાન વિશ્વામિત્રને થયું. શેષનાગની ન્યાય કરવાની ચતુરાઈથી બંને ઋષિ રાજી થયા અને શેષનાગને આશીર્વાદ આપતાં

કહ્યું: તમે સત્યને જાળવીને ન્યાય કર્યો છે. અમે બંને આપની ન્યાય કરવાની રીતથી પ્રભાવિત થયા છીએ.

પછી વિશ્વામિત્ર વશિષ્ઠજીને કહેવા લાગ્યા: હે ઋષિરાજ ! સત્સંગનો મહિમા આટલો વિશાળ છે તે મેં અજ્ઞાનીએ જાણ્યો નહીં અને હું મારા અહંકારમાં ભૂલવણી પડ્યો. આપ તો શ્રેષ્ઠ યુગગુરુ છો. એમ કરી વશિષ્ઠના ચરણમાં નમી પડ્યા. તેમનામાં રહ્યો સહ્યો અહંકાર સંપૂર્ણ નષ્ટ પામ્યો. બંને રાજી થતા સ્વસ્થાન પ્રતિ પ્રયાણ કરી ગયા.

હે ભાભારામ, કહેવાનો આશય એ છે કે જીવનમાં સત્સંગનો કેટલો પ્રભાવ છે. સત્સંગ એ પાપ ધોવાનું સાધન છે. સત્સંગના જ્ઞાનથી હૃદયના મેલ વગેરે અપવિત્રતા ધોવાઈ જીવન શાંત અને પવિત્ર બને છે. સત્સંગના જ્ઞાનથી મનુષ્યના જીવનમાંથી કામ, ક્રોધ, અહંકાર, મોહ, મત્સર જેવા દુર્ગુણો નાશ પામે છે. જીવનમાં જેવો સંગ તેવો રંગ લાગે છે.

સંગ વિના કેમ ઓળખે રે, જેને પડી છે ખોટ,
રંગ લાગે છે સંગનો રે, જેમ ભમરીની ચોટ.
નાવિક આગળ ચાલીયો રે, મૂકી ગુરુને ત્યાંય,
હોડી હંકારી ઉતાવળી રે, લંગાર ઉપાડ્યો જયાંયે.
સદ્‌ગુરુ ગુણવંત બોલીયા રે, સાંભળો ચંદનવીર,
નાવિક જેવું કહી ગયો રે, જોડી પોતાને હાથ.
કહ્યું કરો હવે તેહનું રે, જાવું સામે રે તીર,
જન જુવે તેમ હાંકજો રે, રથ ઉતારો નીર.

આ નાવિકમાં સત્સંગનો અભાવ હોવાથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને અહંકારમાં અઘટિત વેણ કહેવા લાગ્યો. અહંકાર એ પડતીની નિશાની છે. અહંકારથી રાવણ, કંસ, દુર્યોધન, જેવાનાં પતન થયાં જ છે. અહંકારમાંને અહંકારમાં નાવિકે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની ઉપેક્ષા કરી. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પ્રત્યે ઘૃણાસ્પદ ઉચ્ચારણ કરી હોડીને ચાલુ કરી અને ઝડપથી ચલાવવા લાગ્યો. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ચંદનવીરને કહ્યું: નાવિકના કહ્યા પ્રમાણે આપણા રથને જોડી નદીમાં હંકારો !

ચંદનવીરે રથ હાંકીયો, જુએ છે સઘળા જન,
પાર કરી સદ્દ્ગુરુએ, ગાડી તેને દન.
અચરજ માન્યું ત્યાં સૌ જને રે, પોત પોતાનાં મન,
આ તે કારણ શું હવું રે ? કેવો ઉગ્યો આ દન.
નાવિકે જોયું તે સમે રે, મુખ મોડી જે વાર,
મૂંઝાણો મનમાં અતિ ઘણો રે, રથ જોયો નિર્ધાર.
રથ હાલે નીર ઉપરે રે, જેમ રેતી પર હોય,
ધોરી ચાલે અતિ મદમાં રે, જેમ ધરા પર જોય.
નીર અડે નહિ રથને રે, વહે છે અતિ રે પૂર,
જોત જોતામાં ઉતર્યા રે, સાચા સદ્દ્ગુરુ પહેલે તીર.
પૂર હતું અતિ જોરમાં, સાબર કેરું નીર,
હામ હાલે નહિ કોઈની, જાવા સામે તીર.

ચંદનવીર ગાડી હાંકવા લાગ્યા એટલે જમીન ઉપર ચાલે છે તેમ પાણી ઉપરથી ઝપાટામાં ગાડી (રથ) ચાલવા લાગી. જાણે જમીન પર ચાલતી ન હોય એવું લાગતું હતું. રથ-ગાડી જોતજોતામાં સામે પાર પહોંચી ગઈ. કિનારા ઉપરના લોકો આશ્ચર્યચકિત થઈ ગયા. નદીમાં પાણી ઘણું હોવા છતાં સદ્દ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સામે પાર પહોંચી ગયા.

બળ જોયું એક પળમાં રે, સાચા સદ્દ્ગુરુનું જ્યાંયે,
ઓચિંતું અચરજ આવીયું રે, સમૂહ સર્વને ત્યાંયે.
હોડીવાળો હાંકીને રે, મળવા ધારીને મન,
પૂઠે પડ્યો સત્ગુરુની રે, દેવા તન મન ધન.
ગુના તે માફ કરાવવા રે, લેવા ગુરુની આશિષ,
મળવા કારણ ચાલીયો રે, જાયે જોતો ચહુદિશ.

મૂંઝાણો મનમાં અતિ ઘણો રે, કરે આક્રંદ અપાર,
દોડે ઘણું અતિ ધૂનમાં રે, લેવા સદ્‌ગુરુજીનો પાર.
ખોળ કરે છે અતિ ઘણી, વનમાં ભટકી જોય,
લખ્યા લેખ ટળે નહિ, શરમાવે કદી કોય.

આ ચમત્કાર જોઈ લોકોને નવાઈ લાગી અને નાવિક શરમિંદો થઈ ગયો. કારણ તેની હોડી તો નદીના મધ્ય ભાગ સુધી પણ પહોંચી નહોતી. હોડી બહુ ધીમી પડી ગઈ હતી. નાવિક ચિંતામાં પડ્યો. આખરે નાવિક મનથી સદ્‌ગુરુજી મહારાજના શરણે ગયો અને પોતાને નદી પાર ઉતારવા પ્રાર્થના કરી. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને દયા આવી તેમણે તેને પાર ઉતાર્યો. જમીન ઉપર ઉતર્યા પછી નાવિકે સદ્‌ગુરુ મહારાજના પગ પકડ્યા અને પોતાની કસુર માટે ક્ષમા માગી. આ રીતે અહંકારથી ફૂલાઈ ગયેલા નાવિકને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના સત્ત્વાંશ ગુણના પ્રતાપ આગળ નમવું પડ્યું. નાવિક સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો સદાને માટે સેવક બની રહ્યો.

મૃગબાળનો ઉદ્ધાર -

સદ્‌ગુરુજી આવ્યા ત્યાં થકી રે, વન ખંડી મોઝાર,
સિંહ મળ્યો એક વાટમાં રે, દેતો બાળ મૃગને માર.
છટકી બાળ મૃગ છુટીને રે, આવ્યું સદ્‌ગુરુજી છે જ્યાંએ,
ફાળ ભરી સિંહ આવીયો રે, મારવા મૃગબાળ ત્યાંએ.
દયા આવી મુને તે સમે રે, બોલ્યો સદ્‌ગુરુજીને જઈ,
શરણમાં આવેલ આપને રે, ઘાત તેની રે થઈ.
ઉગારો એને સદ્‌ગુરુ રે, કરો બાળમૃગનું રે કામ,
દયા કરો દયાનિધિ રે, સત સદ્‌ગુરુ સુજાણ.
સિંહને સંતોષીયો, મૃગ બાળ કેરે કાજ,
જીવતદાન આપીને, પુનની બાંધી પાજ.

પછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ ફરતા ફરતા ખાંડવ વન તરફ આવ્યા અને ત્યાં તેમણે ખાંડવ વનમાં પ્રવેશ કર્યો. એ જંગલ ઘણું ગીચ હતું. ત્યાં અનેક જાતનાં પ્રાણીઓ અને વનસ્પતિ હતાં. ત્યાં સુંદર તળાવ હતું. એ તળાવના કાંઠે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ આવી પહોંચ્યા અને નજીકમાં જ એક ઘટાદાર વૃક્ષની નીચે પડાવ કર્યો.

સ્નાન, સંધ્યા, જાપ-ધ્યાન વગેરે કરીને તે શાંત ચિત્તે બેઠા હતા, ત્યાં એક હરણનું બચ્ચું દોડતું આવી સદ્‌ગુરુ મહારાજ પાસે ઊભું રહ્યું. એ બચ્ચું બીકથી ગભરાટમાં થરથરતું હતું. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તેના શરીર ઉપર હાથ ફેરવ્યો. એટલામાં ત્યાં એક ભયંકર સિંહ આવી પહોંચ્યો. બચ્ચાને જોઈ સિંહ આનંદથી ગર્જના કરવા લાગ્યો. સિંહને જોઈ હરણનું બચ્ચું તેમજ ગાડીના બળદો અને ચંદનવીર બહુ જ ગભરાઈ ગયા. હે ભાભારામ ! તે સમયે હું પણ સદ્‌ગુરુ મહારાજ સાથે હતો. હરણના બચ્ચાને જોઈ મને દયા આવી ગઈ. મેં સદ્‌ગુરુ મહારાજને પ્રાર્થના કરી. હે દયાનિધિ કૃપાળ ! આ હરણનું બચ્ચું આપણા શરણમાં આવ્યું છે. તેની ઘાત આપણાથી નહિ જોવાય. તમે તેને ગમે તેમ કરી બચાવી લ્યો.

સદ્‌ગુરુજી મહારાજે મારી વાત સાંભળી અને સિંહ સામે દિવ્ય દૃષ્ટિ કરી. વિકરાળ સિંહ થોડી જ વારમાં શાંત થઈ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની પાસે નમ્રતાથી આવી ઊભો રહ્યો. સદ્‌ગુરુ મહારાજે હાથ ઊંચો કરી તેને આશીર્વાદ આપ્યો એટલે તે સિંહ તરત જ ત્યાંથી જતો રહ્યો. આ બનાવ જોઈ ચંદનવીર આશ્ચર્યચકિત થઈ ગયા. પેલું હરણનું બચ્ચું પણ સદ્‌ગુરુ મહારાજના ચરણ આગળ આળોટવા લાગ્યું. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તેને નિર્ભય કર્યું.

ગીરમઠા આગમન-દુષ્કાળનું નિવારણ -

ત્યાં થકી સદ્‌ગુરુજી ચાલીયા રે, આવ્યા ગીરમઠા ગામ,
પડાવ કર્યો પાદર વિશે રે, કરવા જીવોનાં કામ.
અલખ પુરુષ અવનવો રે, આવ્યો મુનિવર કાજ,
ચરિત્ર કીધાં કારમાં રે, દીધાં ઋષિયોને રાજ.
કળા કળી કોઈ નવ શકે રે, એવો દાતા અનુપ,
કોટિ શશિયર ઊગીયા રે, એવું અનુપમ રૂપ.

સરોવર માંહી સંચર્યા રે, કર્યો વચમાં મુકામ,
તાણ્યો તંબૂ તે ધામમાં રે, જોઈ રૂડું રે ઠામ.
આનંદ થઈને ઊતર્યા, મનમાં ધારી ધીર,
સાચા સદ્‌ગુરુ જાણજો, માનો મારા વીર.

ખાંડવવનમાં નીકળી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ આગળ મુસાફરી કરવા લાગ્યા. જંગલનો પ્રદેશ વટાવ્યા પછી તેમને એક ઉજ્જડ પ્રદેશ દેખાયો. માર્ગમાં ઠેકઠેકાણે તળાવો હતાં, પણ કોઈમાં પાણી નહોતું. કવચિત્ ઠેકાણે એકાદ ઝાડ નજરે પડતું. બાકી તો આખોય પ્રદેશ રણ જેવો ઉજ્જડ જેવો દેખાતો હતો.

આવા વાતાવરણ ઉપરથી ત્યાં દુકાળ પડેલો હોય એમ જણાયું. આવા વિકટ પ્રદેશમાંથી મુસાફરી કરતા સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સાંજના સમયે ચંદનવીર સાથે ગીરમઠા ગામે જઈ પહોંચ્યા.

રથ છોડ્યો તે ઠામમાં રે, બાંધ્યા બળદ તે વાર,
નીર પાઈ ઘાસ નીરવા રે, કર્યો હુકમ તે ઠાર.
ચાર લાવો ચતુરાઈથી રે, જાવ પટેલની પાસ,
મૂંઝાશો નહિ મનમાં રે, પૂરો તેની રે આશ.
હુકમ કર્યો ચંદનવીરને રે, સદ્‌ગુરુએ જેણી રે વાર,
આપે આસનથી ઊઠીયા રે, સેવક તેણી રે વાર.
આપે ઊઠ્યા ઉમંગથી રે, સૂધ કરીને વિચાર,
જઈ કહ્યું પટેલને રે, દેજો અમને રે ચાર.
સદ્‌ગુરુ આવ્યા આ સમે, ખપે છે તેમને કાજ,
ચાર આપો ચતુરાઈથી, બાંધો પુન્યની પાજ.
સદ્‌ગુરુએ મુને મોકલ્યો રે, ચાર લેવાને કાજ,
બળદ છે બેઉ સાથમાં રે, દેજો તેનો રે ખાજ.

હુકમ છે તેને સદ્‌ગુરુનો, જાવો જેણી રે વાર,
ખપે જે વસ્તુ આપને, લેજો તેણી રે સાર.
સદ્‌ગુરુ મહારાજ દીપતા રે, વળી માવજી નામ,
હુકમ આપ્યો છે તેમણે રે, તેથી કરોને કામ.
વળી પોતે સદ્‌ગુરુ રે, સત્ય બ્રહ્મ સ્વરૂપ,
ચાર આપો તમે આ સમે રે, થાએ કામ અનુપ.

ગીરમઠા ગામની પાદરે તેમણે પડાવ કર્યો અને સુકાઈ ગયેલા એક તળાવમાં પડાવ નાખી તંબૂ તૈયાર કર્યો. બળદ માટે ઘાસ લઈ આવવા તેમણે ચંદનવીરને ગામમાં પટેલ પાસે મોકલ્યા. ચંદનવીરે પટેલ પાસે જઈ ઘાસની માગણી કરી.

અબોલા શેને રહ્યા, શેની રાખો લાજ,
આપો ચાર જો ચિત્તથી, તો સરે તમારાં કાજ.
વળતાં પટેલ એમ બોલીયો રે, કરમે મૂકીને હાથ,
લાજ નથી કાંઈ મુજને રે, રૂઠ્યો દીનો રે નાથ.
ઘણા સમયથી રે, વરસે નહિ મેઘ જળધાર,
ચાર થાયે નહિ ચહુદશે રે, ભૂખે પડ્યો છે પાર.
ભૂખે મરે બળદ માહેરા રે, ચાર સ્વપ્ને ના જોય,
હમણાં દઉં તુંને હેતથી રે, કાંઈ વરસાદ હોય.
સદ્‌ગુરુનો હુકમ શિર ઉપરે રે, સાંભળો મારા રે ભાઈ,
ચાર મળે નહિ આ સમે રે, કહેજો તું તો રે જાઈ.
પટેલ પાયે લાગીયો, ગયો દુઃખમાં ડૂબાઈ,
જીભ્યા ઉપડે નહિ માહેરી, કેવું છે સત્‌ ભાઈ.
વદો છો વળી વિનયથી રે, વદો સત્ય સ્વરૂપ,
ગુણ ગાઓ ઘણા સદ્‌ગુરુના રે, હોય તેવાં જો રૂપ.

કહેજો જઈ મારા વતી રે, બળ સત્યનું હોય,
વરસાવો વરસાદ આ સમે રે, કારજ થાશે રે તોય.
ચાર આપું અતિ પ્રેમથી રે, ગુણ ઓશિંગણ થાઉં,
મનસા વાચા કર્મથી રે, વારી વારી રે જાઉં.
કહું છું સત્ય કથન કથી રે, નથી જૂઠ લગાર,
વિલંબ થાશે જેટલો રે, થાશે તેટલી વાર.
ચાર મળે નહિ તમને, જાઓ ઠાલા ઘેર,
જઈ સમજાવો સદ્‌ગુરુને, પોતે સઘળી પેર.
વરસે વરસાદ જ્યાહરે રે, ત્યારે મળશે રે ઘાસ,
પટેલે પડતર દઈ દીધો રે, ટાઢો મેલી રે સાંસ.
અંતરજામીયે જાણીયું રે, પાડ્યો પટેલે પોકાર,
આનંદ મનમાં અતિ ઘણો રે, આપે પાલનહાર.
ચંદનવીર ત્યાંથી આવીયા રે, આયા આપે આવાસ,
પાયે પડી પોતે પ્રેમથી રે, બેઠા સદ્‌ગુરુજીને પાસ.
કથન કથી કાંઈ નવ શક્યા રે, બેઠા સન્મુખ જાઈ,
અંતરજામી ત્યાં બોલીયા રે, બોલો મારા રે ભાઈ.
શોષ પડ્યો છે સા ખપે, કેવો થયો ઉત્પાત,
વિસ્તારી વાણી વદો, મુજ આગળ સાક્ષાત.

આ વિનંતી સાંભળી પટેલ ઉદાસ થયા અને તેમણે કહ્યું: 'મને કહેતાં શરમ આવે છે કે સાત વરસથી આ વિસ્તારમાં વરસાદનું ટીપું પણ પડ્યું નથી ! ઘાસ નથી, કૂવામાં પાણી પણ પૂરતું નથી, તેથી ઢોરો ભૂખે મરે છે ! મારા ઢોરને ખવડાવવા માટે પણ મારી પાસે પૂરતું ઘાસ નથી ! સદ્‌ગુરુ મહારાજની આજ્ઞા મારા માથે છે, પણ હું લાચાર છું. આમ કહી તેણે ચંદનવીરને નમન કરી આગળ કહ્યું કે: 'જો આજે વરસાદ આવે એવું કરશો તો હું આપને ઘાસ આપી શકીશ અને તન-મનથી આપની સેવા કરીશ !'

ચંદનવીરે જવાબ આપ્યો કેઃ પરમાત્મા આપની ઈચ્છા જરૂર પૂરી કરશે અને આપને આનંદ થશે.

ચંદનવીર ત્યાંથી નીકળી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પાસે જઈ કંઈ બોલ્યા વગર ચૂપચાપ બેસી રહ્યા. અંતર્યામી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બધું મનમાં સમજી ગયા છતાં તેમણે પૂછ્યુંઃ 'તમે શું વિચાર કરો છો ઘાસ લાવ્યા કે નહીં ?

વળતાં ચંદનવીર ઓચરે રે, સાંભળો જુગ આધાર,
પટેલે પડતર પઠાવીયો રે, થયો અતિ લાચાર.
જીભ મારી કહી નવ શકે રે, કહેવા એકે કથન,
બોલ્યો પટેલ જે આપને રે, જેવાં કડવાં વચન.
અંતરજામી છો જાણતા રે, છાનું કાંઈ ન હોય,
વરસાદ કાંઈ વરસાવશો રે, કામ થાશે રે તોય.
દાતા દયાળુ છો દેવના રે, કરો એનાં રે કામ,
દુઃખ ટાળોને દયાનિધિ રે, થાશે પૂરણ નામ.

ચંદનવીરે કહ્યું કેઃ પટેલે મને ખાલી હાથે મોકલ્યો તેનું મને દુઃખ નથી, પણ આ પ્રદેશમાં સાત સાત વરસથી વરસાદનું ટીપું પણ નથી તેથી કોઈની પાસે ઘાસચારો નથી ! પટેલે કહ્યું કે જો સદ્‌ગુરુજી મહારાજની કૃપાથી વરસાદ વરસે તો ઘાસ મળી રહેશે.

મધરાતે મેહ આવશે, ઘટપાટ વિચારો આજ,
વારિયજ્ઞ કરો ભાવથી, રાજી થાય ઈંદ્ર મહારાજ.
જાણ કરો જઈ પટેલને રે, મેઘ માવજી હાથ,
જરૂર જગાડશે તેમને રે, મેઘ માઝમ રાત.
મધરાતે મેઘ માંડશે રે, ધારી ધરીને ધીર,
ચેતી રહેજો ચતુરાઈથી રે, મારા વહાલા રે વીર.

નીરે નવાણ સૌ નેકથી રે, ભરશે મેઘ મહારાજ,
ભ્રાંતિ ભાવ વિસારજો રે, કરી ભ્રમણા ત્યાગ.
સંતોષે શ્રી હરિ ફળશે રે, દુઃખ દારિદ્ર જાયે,
ગરીબીથી ગોવિંદ મળે રે, સમતાએ સુખ થાયે.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ 'પટેલને જઈને કહો કે; ગામના બધા લોકો ભેગા મળી વરસાદના દેવ ઈંદ્ર મહારાજને રિઝવવા ઘટપાટ, વારિયજ્ઞની મહાપૂજા કરો. પછી ગામનાં સર્વજનો ભેગા મળી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પાસે આવ્યાં અને કહેવા લાગ્યાંઃ મહારાજ ! અમને ઘટ-પાટ વારિયજ્ઞની પૂજાનું જ્ઞાન નથી. પૂજા કેવી રીતે કરવી ? સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ગીરમઠાના ગામલોકોને સાથે રાખી ઘટ-પાટ વારિયજ્ઞની પૂજા પૂર્ણ કરી અને કહ્યું કેઃ આજે મધરાતે મુશળધાર વરસાદ વરસશે, માટે બધા સાવધ રહેજો.

ચંદનવીર હજૂરથી, ગયા પટેલની પાસ,
વિગતેથી સમજાવીયો, ત્યારે આપ્યું ઘાસ.
ચેન પડે નહિ પટેલને રે, આઘો પાછો રે થાયે,
લક્ષણ નથી કાંઈ મેઘનાં રે, મેઘ ક્યાંથી રે થાયે ?
રાત પોર દોઢ વહી ગઈ રે, પડી પટેલની આશ,
નિરાશ થતો સૂવા ગયો રે, મૂકતો મનમાં નિશ્વાસ.
જાણ્યું હવે નહિ આવશે રે, મેઘ અવનિ મોઝાર,
ભાગ્યની હતી તે લઈ ગયો રે, મુજ પાસેથી ચાર.
સૂતો જઈ સુખ સેજમાં રે, મૂકી મનનો હામ,
અંતરજામીયે આદર્યું, કરવા પટેલનું કામ.

પછી ચંદનવીરે પટેલ પાસે જઈ ઘાસ માગ્યું. પટેલે પોતાની પાસે થોડું ઘાસ હતું તેમાંથી ચંદનવીરને થોડુંક આપ્યું.

ચંદનવીર ઘાસ લઈ ગયા પછી પટેલ વિચારમાં પડ્યા. આકાશમાં તો વાદળાનું નામનિશાન નથી અને વરસાદ શી રીતે આવશે ? આવી ચિંતામાં દોઢ પ્રહર જેટલી

રાત વીતી ગઈ, પણ વરસાદ વરસ્યો નહીં. પટેલ બહુ નિરાશ થયા અને મન મનાવી કહેવા લાગ્યા, મારી પાસે થોડું ઘણું ઘાસ હતું તેમાંથી થોડું લઈ ગયા. એના ભાગ્યમાં હતું અને લઈ ગયા. હવે જે થાય તે ખરું !

સૂતા છે સૌ સેજમાં, પૂરણ થઈ મધરાત,
અરજ સુણી આવીયા, પટેલની રાખી વાત.
પલટયો પવન પલકમાં રે, થયો ધમ ધમકાર,
ગર્જના ગરજે ગેબથી રે, કરે વીજ ચમકાર.
ધણીના ધુબાકા વાગીયા રે, થયો હલ્ હલ્કાર,
સમર્થ આગળ શું ઓરતો રે, કર્તાને કેવી વાર.
મેઘ મંડ્યો મહા મનથી રે, પડે મુશળધાર,
ઓચિંતા સરવે ઊઠીયા રે, હતા નિદ્રા મોઝાર.
નીર માએ નહિ નેવમાં રે, ઉલટા સુલટી થાય,
મેઘનો વેગ અતિ ઘણો રે, મુખે કહ્યો ના જાય.
પાણી પડ્યું બે પોરમાં, અનર્ગળ અપરંપાર,
ત્રૂઠ્યા ત્રિભુવનરાયજી, કરી સેવકની સહાય.
મૂંઝાણા લોક અતિ ઘણા રે, પાડે દુઃખના પોકાર,
ત્રાહી ત્રાહી સૌ ઓચરે રે, થયો અતિ હોકાર.
જળ વીજળ ત્યાં થઈ રહ્યું રે, થઈ લીલા રે લહેર,
ત્રિપુરારી ત્રૂઠીયા રે, કરી રંક પર અતિ મહેર.
ભૂખ ભાંગી સર્વે જગતની રે, પડ્યું પાણી અથાગ,
જળહળ સરવે થઈ રહ્યું રે, નથી રહેવાનો માગ.
પટેલે પણ પીડા પામીને રે, પાડ્યા દુઃખના પોકાર,
દયા લાવો દાસ ઉપરે રે, કરો રંકને ઉપકાર.

મધરાત પછી આકાશમાં પલટો આવ્યો.

કાળા વાદળોથી આકાશ છવાઈ ગયું. વીજળી ચમકવા લાગી અને જોતજોતામાં મુશળધાર વરસાદ વરસવા લાગ્યો.

વીજળીના અવાજથી લોકો એકદમ ગભરાઈ દોડાદોડી કરવા લાગ્યા. ઘડી બે ઘડીમાં તો નદી-નાળાં પાણીથી છલકાઈ ગયાં. ગામમાં ચોતરફ એટલું પાણી થઈ ગયું કે લોકોને ઊભા રહેવાની પણ જગ્યા ન મળે. આખોય પ્રદેશ જળમય થઈ ગયો.

અંતરજામીએ જાણીયું, દુઃખીયાં દીઠાં જન,
સર્વેને સંતોષવા, વહાલે આણ્યું મન.
વહાલાએ વરસાદ વાળીયો રે, રોકી જળની ધાર,
પવન પડી ગયા રાતમાં રે, ટળ્યો ઘોર અંધાર.
ટળી વિમાસણ તેહની રે, હરખ્યાં મનડાં મોઝાર,
ઘણા સમયના સંતાપને રે, ટળ્યાં દુઃખડાં અપાર.
ઘણા સમયથી આંખથી રે, જોઈ જળની ધાર,
તે પરતાપ છે દેવનો રે, પંડે દીન તારણહાર.
પૂરણ પુરુષ કોઈ આવીયા રે, ચાલો મળવાને કાજ,
અંતરજામીએ સેજમાં રે, જતી રાખી છે લાજ.
એક મનો સરવે થઈ, મળવા પંથે પળાયે,
અકળ કળા એ મહાપુરુષની, કેથી કેમ કળાયે.

પટેલ પુત્રને સજીવન કર્યો -

મનમાં આનંદ આણીને રે, મળવા ચાલ્યા સૌ જન,
પટેલ પણ પંડે ચાલીયો રે, તેડી પોતાનો તન.
તેરે સમે એવું બન્યું રે, અજબ ગજબ થાયે,
વીજ પડી આકાશથી રે, પટેલ ઘર પર જાયે.
વેલજી નામ છે તેહનું રે, પટેલ પૂરણ પવિત્ર,
પુત્ર હતો એક તેહનો રે, ઉત્તમ ગુણ સચિત્ર.

કારણ બન્યું તે કારમું રે, થયો શોક અપાર,
વીજ પડી પુત્ર ઉપરે રે, કારણ કર્યું રે કિરતાર.
દુ:ખ દેખાણું દેખતાં, જાણ્યું સઘળી જહાન,
પડ્યો પુત્ર પટેલનો, જેમ પડે સ્મશાન.

દિવસ ઊગવા માંડ્યો તેમ વરસાદનું જોર ઓછું થવા લાગ્યું અને સૂરજ ઊગતાની સાથે વરસાદ બંધ થયો. સાત વરસ પછી ખૂબ વરસાદ થવાથી લોકો આનંદથી નાચવા લાગ્યા !

પટેલ સમજી ગયો કે બધો પ્રતાપ સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો છે. આ કોઈ મહાન પુરુષ હોવા જોઈએ એવી તેમને ખાતરી થઈ. રાત્રે પટેલ વાડીએ હતા. સવારમાં પટેલ ઘેર આવ્યા ત્યાં તો ઘરમાં રડારોળ ચાલતી હતી. તેમનો એકનો એક પુત્ર મૃત્યુ પામ્યો હતો. રાત્રે ઘર ઉપર વીજળી પડવાથી પટેલનો દીકરો મરણ પામ્યો ! પટેલને આઘાત લાગ્યો. તે શોક કરવા લાગ્યા અને લોકો તેમને દિલાસો આપવા લાગ્યા.

ચિંતાતુર સરવે થયા રે, મનુષ્ય માત્ર તમામ,
ઉપાય એકે સૂઝે નહિ રે, સાંભર્યા સદ્ગુરુ શ્યામ.
સકળ મનુષ્ય ત્યાં બોલીયા રે, શાને ધરો છો શોક,
ઉત્તમ અવસર આવીયોને, શુભ મળીયો છે જોગ.
વરસાદ જેણે વરસાવીયો રે, જેણે કરીયો છે ખેલ,
એવા દયાનિધિ આવીયા રે, મળ્યો ઉત્તમ મેળ.
સુજન શોક કરો નહિ રે, ધારણ ધરો રે ધીર,
શરણે ચાલો તમે તેહની રે, છે કોઈ સાચા રે સધીર.
તે સમે પટેલને, આપી ધારણ ધીર,
ચિંતા ટાળો ચિત્તથી, માનો મારા વીર.

થોડીવાર પછી એક માણસે પટેલને દિલાસો આપતાં કહ્યું: 'પટેલ સૌ સારાં વાનાં થશે. દુ:ખ કરતા નહીં. જે મહાત્માની કૃપાથી વરસાદ વરસ્યો તે મહાત્માની કૃપાથી તમારું આ દુ:ખ પણ દૂર થશે. માટે આપણે બધા તે મહાત્માની પાસે જઈએ !!'

વિમાસણ પડી ત્યાં સર્વને રે, મળી કરે છે વિચાર,
ક્યાં જવું હવે ખોળવા રે, કેમ જડશે રે પાર.
પડાવ હતો તળાવમાં રે, આવ્યા જેણી રે વાર,
હવે તો નીર ઘણું થયું રે, માગ મળે નહિ લગાર.
આપણે શોધ લીધી નહિ રે, રાતે તેમની જાઈ,
કોણ જાણે હવે શું થયું રે ! જુઓ મારા રે ભાઈ.
તપાસ કરી જુઓ આપણે રે, રાખી પૂરણ ધીર,
એમ કરી સૌ આવીયા રે, જોવા સરોવર તીર.

આ સાંભળી પટેલને હિંમત આવી અને બધા મહાત્માને મળવા નીકળ્યા. એટલામાં તેમને યાદ આવ્યું કે જે તળાવમાં મહાત્માએ પડાવ કર્યો હતો તે તળાવ તો પાણીથી છલકાઈ ગયું હશે ! હવે એ મહાત્મા ક્યાં હશે ! એવો વિચાર કરતાં કરતાં તે આગળ ચાલવા લાગ્યા.

ગરજે ગુણ ગાએ ઘણા, ને ગરજે ગાએ ગીત,
ગરજે ગાંઠું છોડીને, પ્રાણે બાંધે પ્રીત.
ગરજે ગુણ સાંભરે રે, ગરજે પડે છે પાએ,
ગરજે ગરથ વાપરે રે, ગરજે પૂઠે રે ધાએ.
ગરજ પડે છે જેહને રે, જેની જનમાં રે જોએ,
અનેક પ્રકારે વિનવે રે, મરને વેરી રે હોય.
સ્વાર્થ આગળ આંધળા રે, મોટા મુનિ રે જન,
કુળ મરજાદ ગણે નહિ રે, અર્પે પોતાનાં તન.
સંપ ઘટે છે સ્વાર્થથી રે, ધર્મ રહે નહિ લગાર,
સતવંતી જર લોભમાં રે, કરે જાર વિજાર.

જગત સર્વ સ્વાર્થી છે. જ્યારે કોઈ માણસની જરૂર પડે ત્યારે તે માણસનાં વખાણ કરી કરીને તેની પાસેથી કામ કઢાવી લે છે અને જ્યારે સ્વાર્થ પૂર્ણ થયો એટલે દિશા

ફેરવી લે છે. સ્વાર્થ હોય તેટલી વાર મનુષ્ય સામેવાળાના અવગુણોને ઢાંકી જે જે સદ્‌ગુણો હોય તેનાં વખાણ કરે, વિનંતીઓ કરે, વારંવાર હાલતાં ચાલતાં નમન કરે, પગે લાગે, પાછળ પાછળ ફરે, તેની સેવા કરવા તૈયાર રહે. પછી તે ભલેને દુશ્મન હોય કે આપણાથી હલકા કુળનો હોય.

જ્યાં સ્વાર્થ હોય ત્યાં સંપ ઘટી જાય. પછી તે ભલે પરિવાર હોય, ગામ હોય કે સમાજ હોય. સ્વાર્થને લીધે ધર્મનું આચરણ પણ વિસરી જઈ લોકો અધર્મનો આશરો લે છે. સ્વાર્થના લોભમાં સત્યવંતી નારી હોય તે પણ પોતાની લાજમર્યાદા જાળવી શકતી નથી. વ્યભિચાર જેવા કર્મો કરવા પ્રેરાય છે.

જેને સ્વાર્થ આગળો, તેને નહિ ગુરુ જ્ઞાન,
ઢોંગી ને ફંદે ફસી, મોડે કુળનું માન.
સત વિચારે સર્વદા રે, જન સુખીયા રે હોય,
સુખ દુ:ખને રાચે નહિ રે, જ્ઞાને અમર જોય.
ગરજ પડે જ્યારે જનને રે, જોઈ જુગનો વહેવાર,
ખોળી જોવું ખાંતે કરી રે, વાળી વેદનો આચાર.
ધર્મ હારીને નવ જવું રે, વેદ આજ્ઞાથી બાર,
ધર્મ ધરે ધીર ઉપજે રે, આનંદ ઉપજે અપાર.
અનેક ઢોંગી ફરે ધૂતવા રે, કરી સત્યનો વેશ,
સ્વાર્થે અતિ ઉતાવળા રે, બોલે બોલી રે બેશ.

જે સ્વાર્થના વિચારોમાં લપેટાય છે તેને ગુરુ કે સદ્‌ગુરુના જ્ઞાનનું મહત્ત્વ પણ સમજાતું નથી અને અઘટીત કર્મો કરવા પ્રેરાય છે. સંતો અને શાસ્ત્રો કહે છે કે જે મનુષ્ય સ્વાર્થનો ત્યાગ કરી સત્યનું આચરણ કરે છે, સત વિચારે છે, સત વહેવાર કરે છે તે મનુષ્ય આ લોકમાં તો ઠીક પણ પરલોકમાં પણ સુખી રહે છે. સત સંતોષી મનુષ્ય ગમે તેવાં સંકટ આવે, સુખ-દુ:ખ આવે પણ વિચારોમાંથી ચલિત થતા નથી. 'પ્રભુ જે કરે તે સારા માટે' તેમ વિચારી મનનું સમાધાન કેળવી લે છે. કોઈને દોષ દેતા નથી. સત્ય ધર્મને માર્ગે ચાલનારાને જીવનમાં સદા સુખ જ સુખ છે.

આજકાલ સંસારની જંજાળમાં ફસાયેલા મનુષ્યને સુખ શાંતિ અપાવવા કેટલાય ઢોંગી ધૂતારા સાધુતાનો વેશ ધારણ કરી ફરે છે. કેટલાંય પ્રલોભનો આપી મનુષ્યને સત્કર્મના માર્ગેથી ચલિત કરી વિપરીત માર્ગે લઈ જાય છે. આવા ઢોંગીઓની જાળમાં ફસાઈને અંતે નિરાશ જ થવું પડે છે.

સત સૂઝે સર્વને, જો મૂકે મનનું માન,
આગળ અજવાળું સત્યનું કોટિક ઊગ્યા ભાણ.
સંગત કરવી સતની રે, ખોળી સત આચાર,
સત થકી સુખ ઉપજે રે, સત સૌનો સરદાર.
સત પામે સર્વ લોકમાં રે, માન અપરંપાર,
સત વિના નવ ઓધરે રે, કહે દેવ મોરાર.
સંગનો મહિમા અતિ ઘણો રે, હોય સતનો સંગ,
ત્રણ લોકના રે સુખથી રે, અદકો વાધે રે રંગ.
ગુણ અધિક છે યુગમાં રે, સત મોટે રે મૂલ,
સત વિના ન રહે યુગમાં રે, પામે દુઃખ અતુલ.
ભૂલે કદી વેશ ભાળતાં, વેશ ભાળીને વ્રત,
અવગુણને નિહાળીને, તે તો તજવું તર્ત.

આ સત શું છે ? કેવું છે ? ક્યાં છે ? એ કહેવું કઠિન છે. કારણ, તેના જેવી બીજી વસ્તુ દુનિયામાં કોઈ નથી. તેને વાણીથી વર્ણવી શકાય નહિ. માત્ર એટલું જ કહી શકાય કે સત તે સત જ છે. તે નામ રૂપ વિનાનું નિર્ગુણ અને નિર્લેપ છે. એને કોઈની સાથે સરખાવી શકાય નહિ. આ સતના લીધે જ ચંદ્ર-સૂર્ય પ્રકાશે છે. તારામંડળ, વાયુ, ધ્રુવ વગેરે અનંત આકાશમાં સ્થિત છે. સતથી ચૌદ ભુવનો સ્થિત થયેલાં છે. સતના કારણે જ આ નવખંડ અને સપ્તદ્વીપ મંડિત પૃથ્વી શેષનાગના ફણા ઉપર સ્થિર રહી છે. સતના કારણે જ મેરુ પર્વત અચલ રહ્યો છે. સમુદ્ર પોતાની મર્યાદા છોડતો નથી અને મેઘ વૃષ્ટિ કરે છે. સત એ જ ખરું રક્ષણ કર્તા છે. જેણે સતને ઓળખ્યું

નથી તે દુઃખી થાય છે. આવું સૌને ધારણ કરનારું સત પરમ પ્રકાશિત છે. સર્વત્ર છે. તે પરમ જ્યોતિ સ્વરૂપ છે. તે નિરાકાર અને નિર્વ્યય છે. એને જાણવું આપણી બુદ્ધિની બહારની વાત છે.

આવું અતકર્ય, અગોચર સત જાણવાથી મળનારું ફળ કે સુખ બીજી કોઈ વસ્તુ સાથે સરખાવી શકાય નહીં. તેની અનુભૂતિ પછી બીજી કોઈ અનુભૂતિની અપેક્ષા રહેતી નથી. તે પરબ્રહ્મ નિરાકાર નિર્ગુણ છતાં નિત્ય સાકાર અને સગુણ છે. તે એક માત્ર વિવિધ રૂપે સંપન્ન છે. તે નિત્ય હોવા છતાં તેની ભિન્ન પૃથક્ સત્તા છે. આવા આ સતના દર્શન માટે જીવાત્માઓએ સદા તત્પર રહેવું જોઈએ. સત્યના જેવું કોઈ બીજું સુખ નથી તે અમૂલ્ય છે. તેની કિંમત અંકાય તેમ નથી.

ભૂલેચૂકે કદીક અસત્યનો, અધર્મનો આશરો લેવાઈ જાય તો સચેત થઈ તે અવગુણનો અસત્યનો ત્યાગ કરવો જોઈએ.

ગરજ પડી જ્યાં પટેલને રે, દોડા દોડી રે થાયે,
સદ્‌ગુરુને ગોતવા લાગીયા રે, આકુળ વ્યાકુળ થાય.
તીરે આવ્યા સરોવર તણે રે, જોવા સદ્‌ગુરુની ભાળ,
આવી અજબ નિહાળીયું રે, કાંઈક બન્યો છે તાલ.
તંબૂ તરે નીર ઉપરે રે, સદ્‌ગુરુ બેઠા છે જ્યાંહી,
તંબૂ જે અધવચમાં રે, ઠેઠ સરોવરની માંહી.
હરખ્યા લોક અતિ ઘણા રે, ભાળી સદ્‌ગુરુની ભાળ,
દોડી કહ્યું પટેલને રે, બની હાલ બેહાલ.
સદ્‌ગુરુ બેઠા પાસમાં, મળવું હોય તો ચાલ,
બેઠા સરોવર વચમાં, ખૂબ કરીને ખ્યાલ.
પંડે પટેલ પણ ઊઠીયો રે, સદ્‌ગુરુને મળવાને કાજ,
ચાલ્યો સર્વે સાથમાં રે, ઊભો જઈ સરોવર પાજ.

લોક અચંબો અતિ થયા રે, કેવો રચીયો છે ખેલ,
કેમ કરીને સદ્‌ગુરુએ કર્યું રે, પાણી સાથે રે મેળ.
તરે સરોવર ઉપરે રે, જેમ બેડીને વાણ,
તેમ તંબૂ તરે તેહનો રે, બળદગાડી પણ જાણ.
નક્કી થઈ ખરી ખંતથી રે, સત્તા સદ્‌ગુરુની જયાંયે,
પટેલ પણ પાયે પડી રે, ઊભો વિનવે છે ત્યાંયે.
વળતાં વિમાસણ ઉપજી, ટળવળે સર્વે જન,
કઈ પેરે મેળો થશે, મળવા ધાર્યું મન.
અરજ કરી સદ્‌ગુરુદેવને રે, સાંભળો ગુણવંતા વીર,
આવવું છે સર્વ લોકને રે, ઊભા જેટલા તીર.
મારગ દે નહિ અમને રે, જળ બળ અપાર,
મહેર કરો મારા માવજી રે, કિરપા કરોને કિરતાર.
બોલાવો બાળને તમ કને રે, જેથી પડીયે રે પાય,
દર્શન થકી રે આપનાં, દુઃખ સર્વનાં જાય.
અરદાસ એટલી સાંભળો રે, મારા જુગના જીવન,
દાસ જાણોને આપના રે, મારા મન મોહન.
અરજ સુણજો માહેરી, રંકની સુણજો રાડ,
દયાળુ દયાનિધિ, ડુંગર દુઃખનાં ઝાડ.
ઘણી પેરે જયાં વિનવ્યા રે, ત્રૂઠ્યા દેવ મોરાર,
અરજ સુણી સર્વ દાસની રે, કરી કૃપા અપાર.
મન નિર્મળથી જે ભજે રે, શુદ્ધ રાખીને ટેક,
ગુણ અગણિતે એ ભર્યો રે, દે છે પૂરણ નેક.
ભાવ ધરીને જે ભજે રે, ભવતારણ ભગવાન,
પ્રેમ વિના પામે નહિ રે, ફોગટ મમતાનું માન.

ભાવ ધરે ભૂધર તણો રે, જે જન જુગમાં રે જેમ,
ફળદાતા તે તો એવડો રે, રાખે કુશળ ક્ષેમ.
અંતરજામી જાણીને, અંતર આણી ઉલ્લાસ,
પ્રેમે પંડે ભાળીને, લેવા પોતાની પાસ.

ગામની બહાર તળાવ પાસે જઈ લોકોએ જોયું તો સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો તંબૂ તેમજ બળદગાડી પાણીથી છલોછલ ભરાયેલા તળાવના મધ્ય ભાગે તરતાં દેખાયાં. સદ્‌ગુરુ મહારાજ તેમના સેવક ચંદનવીર સાથે આનંદથી વાતો કરતા હતા. આ જોઈ લોકોને ઘણો જ આનંદ થયો અને તે આશ્ચર્યચકિત પણ થયા. બધા લોકો તળાવના કાંઠે ઊભા છે. તળાવની અંદર તંબૂ પાસે શી રીતે જવું તેનો વિચાર કરવા લાગ્યા !

લોકોએ પ્રાર્થના કરી કેઃ 'પરમ કૃપાળુ પતિતપાવન સદ્‌ગુરુ મહારાજ ! અમને દર્શન આપી પાવન કરો. આપના સિવાય અમારું દુઃખ કોણ દૂર કરશે ?'

ખેસ નાખી નીર ઉપરે રે, કરી લોકને જાણ,
ચાલ્યા આવો ઉપર થઈ રે, નવ પલળે પાણ.
સાન કરી સમજાવીયા રે, લોક માત્ર તમામ,
વાટ પડી ગઈ નીરમાં રે, થયાં લોકનાં કામ.
સાન કરી જ્યાં સદ્‌ગુરુએ રે, જોવે સર્વે જન,
ચાલ્યા આવ્યા નીર ઉપરે રે, રાખી પૂરણ મન.
પલળે નહિ કોઈ સાથમાં રે, જેમ પૃથ્વી પર જોય,
હાલે છે પ્રીતે હોંશથી રે, નીર દેખે ના કોય.
હાલે પગ પછાડતા, દોડે દોટા દોટ,
પગ પલળે નહિ કોઈના, જરા ન લાગે ચોટ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ તંબૂની બહાર આવ્યા અને પોતાનો ખેસ તળાવના પાણી ઉપર પાથર્યો અને તેના ઉપર થઈ તંબૂમાં આવવા માટે તેમને કાંઠે ઊભેલા લોકોને ઈશારો કરી કહ્યું. લોકો વિચારમાં પડ્યા, પણ સદ્‌ગુરુ શ્રી મહારાજ ઉપર દૃઢ નિષ્ઠા

રાખી પાણી ઉપર પાથરેલા ખેસ ઉપરથી ચાલવા લાગ્યા. પાણી જોરથી હાલવા લાગ્યું પણ લોકોને અડગ શ્રદ્ધા હોવાથી કોઈ પણ તકલીફ વગર તેઓ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પાસે પહોંચી ગયા.

પંથ કર્યો પૂરણ જ્યાંહ રે, આવ્યા ગુરુજીની પાસ,
કાલાવાલા કરી કરગરે રે, કરજો પૂરણ આશ.
પટેલ આવી પડ્યો પગમાં રે, જોડી બંને રે હાથ,
રોઈ રોઈ નયને નીર ભર્યાં રે, સાંભળો મારા રે નાથ.
રાંક ઉપર દયા દેખતાં રે, કરી અતિ અપાર,
દુઃખ ટાળ્યાં સહુ દાસનાં રે, નવ લાગી રે વાર.
વરસાદ આપે વરસાવીયો રે, વાત કરતાંની સાથ,
મેઘ મળ્યો મહા મૂલનો રે, એવા આપ જુગનાથ.
આપ્યું આપે જગતને, જેવું જીવતદાન,
એવું મુજને આપજો, માગું મનથી માન.
જો જો ના કરણી અમ તણી રે, અમે બાળ અપરાધ,
છીએ છોરાં આપનાં રે, આપે પૂરણ સાધ.
મેઘ મચ્યો જ્યારે મહેરથી રે, પડ્યો પૂરી રે પેર,
છળકી વહે છે છેકથી રે, ખાડા કરીને જેર.
અનેક સરિતા આવી મળે રે, મેઘ અખંડાધાર,
સમુદ્ર તે છળે નહિ રે, રાખે સતનો આધાર.
ઘટના નીર સેજમાં રે, અગ્નિ થોડીરી થાયે,
તપી ઊઠે છે ઉતાવળો રે, હૈયા હઠી રે જાય.
સમુદ્ર મહા સંતાપણો, ઠરે ના ઊનું થાયે,
મેરામણ માઝા મૂકશે, મહા પ્રલય મંડાયે.

શીલે સમુદ્ર રૂપ છો રે, મોટા સંત સુજાણ,
અમે અપરાધી બાળકો રે, છૈએ તારા રે જાણ.
દયા લાવી દુઃખ ટાળજો રે, જેમ ટાળ્યાં અપાર,
છીએ ઓશિંગણ તાહરા રે, મારા ભવના ભરથાર,
એમ કરી પુત્ર સોંપીયો રે, સદ્‌ગુરુ આગળ જ્યાંયે,
શ્વાસ કે ઉશ્વાસ મળે નહિ રે, સદ્‌ગુરુ બોલ્યા રે ત્યાંયે.
શું રે થયું છે એહને રે, કોનો બાળ સરૂપ,
કાળપ ક્યાં થકી પરવરી, થઈ છે રાખ અનુપ.
બળી થયો છે રાખડી, નથી શ્વાસ કે સાન,
પટેલ મરેલો બાળક, પહોંચાડો સ્મશાન.
પટેલ પાયે પડી બોલીયો રે, મારા જુગના જીવન,
કાંઈ પુત્ર નથી માહરો રે, એ જ છે તન મન.
કરુણા કરો કોડામણા રે, કરો કૃપા અપાર,
દયા લાવી દીનાનાથજી રે, સત સંત પાલન.
એકે ઉપાય આવે નહિ રે, મારા મનના મોહન,
જીવડો કાંઈ જુગતથી રે, નહિ કાં મારો ગોવિંદ.
જીવણ જાવા નહિ દઉં રે, નહિ જાઉં હું ઘેર,
રાંકની રાડું સાંભળો રે, કરો રંક પર મહેર.
અરજ કંઈ સ્વીકારજો, સુગુણ સંત સુજાણ,
તરછોડો જો મુજને, તો અખિલ બ્રહ્માંડની આણ.

તંબૂમાં પહોંચતાં જ વેલજી પટેલે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના પગ એકદમ પકડી લીધા અને રડવા લાગ્યા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તેમને ઉઠાડી રડવાનું કારણ પૂછ્યું. પટેલે પુત્રશોકની હકીકત કહી અને વિનંતી કરી કેઃ હે ગુરુ મહારાજ ! હું દુઃખીયારો છું. મારા ઉપર દયા કરો અને મારા દુઃખમાંથી મને છોડાવો. આમ પ્રાર્થના કરી સદ્‌ગુરુ શ્રઈ હંસતેજજી મહારાજને તે પોતાને ઘેર લઈ ગયા.

પટેલને ઘેર જઈ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે જોયું તો પટેલના દીકરાનો શ્વાસ બંધ પડેલો દેખાયો. પટેલે તે દીકરાને જીવતો કરવા આજીજી કરી.

ટળવળતો દીઠો પટેલને રે, કરતો આક્રંદ અપાર,
ચરણે પડીને વિનવે રે, તારો જુગ તારણહાર.
દયા લાવી દાતા બોલીયા રે, માં કર જુલમ અપાર,
રોયે કૂટે કાંઈ નવ વળે રે, સત સમતામાં સાર.
કરતા હરતા કામનો રે, મારો જુગનો જીવન,
તારણ તરણ તાપનો રે, તેની કરીએ સેવન.
ઉપજી છે જેણે મેદની રે, તેને ચિંતા રે હોય,
છે તન તેનું સર્વદા રે, કરતાં કારજ હોય.
તેથી માનો મલપતા, પટેલ પૂરણ ધામ,
સેવો સાચા દિલથી, તો તો સરશે કામ.
માનો મલપતા મનથી રે, કહે છે સાચું શ્યામ,
બનહારી બની ગઈ રે, લેજો ઈશ્વર નામ.
મૂવો જીવે કઈ પેરથી રે, તેનો કરો વિચાર,
હઠ કરવી ના ખપે રે, રાખો સતનો આધાર.
જેણે સરજ્યો તેણે મારીયો રે, તે જ જીવાડે જાણ,
અવર ઉપાધિ કાં કરો રે, સર્વે ભક્ત પરમાણ.
હું પણ ભક્ત તેહનો રે, જેવી સર્વે આલમ,
કરતાપણું નાથ આગળે રે, કહું શેં સાચ પરમાણ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યા: 'આમ શોક કરવાથી કાંઈ ફાયદો થશે નહીં. તમારા દીકરા સાથેનું ઋણાનુબંધ પૂરું થયું તેથી તે મરણ પામ્યો છે. જેને તમે પોતાનો માનતા હતા તે તમારો નહીં પણ કાળનો હતો તેથી કાળ તેને લઈ ગયો. હવે તો પરબ્રહ્મ પરમેશ્વરને શરણે આપણે જવું જોઈએ. તેમ નહીં કરતા વૃથા શોક શા માટે કરો છો ?'

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ખૂબ સમજાવ્યા છતાં તેની કંઈ અસર થઈ નહીં. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ આગળ બોલ્યાઃ

‘દરેક જીવ ઋણાનુબંધનથી જન્મ લે છે અને ઋણની પૂર્તિ કરી એક અવતારમાંથી નીકળી બીજા અવતારમાં જન્મ લે છે. આખાય જગતની રચના ઋણાનુબંધન ઉપર થયેલી છે. એને પ્રારબ્ધ કહો કે કર્મ કહો કે આપે-લે કહો, પણ દરેક જણ એકબીજા સાથે સંબંધથી જોડાયેલો છે. પતિ-પત્ની, પુત્ર કે પૈસો બધું કર્મ ઉપર આધારિત છે.’

‘જેનું પુણ્ય ઓછું તે એક અવતારમાંથી નીકળી બીજા અવતારમાં જન્મ લે છે. આનું જ નામ યમયાતના. ૨૮૦ દિવસ (નવ માસ) જીવ એવા જેલખાનામાં પડી રહે છે કે નથી પવન કે નથી પ્રકાશ. ત્યાં ઊંધા મસ્તકે લટકી દુઃખ વેઠે છે અને તેમાંથી છુટવા માટે ઈશ્વરને કાલાવાલા કરે છે. ત્યાંથી છુટ્યા પછી થોડા દિવસ સંસારનો પવન મળે છે કે તરત જ ભગવાનને ભૂલી જાય છે. મોહમાયામાં ફસાઈ અને ફરી પાછો એ કારાવાસમાં પડે છે.’

‘જે જીવાત્મા ઈશ્વરને શોધવાનો પ્રયત્ન કરતો નથી, માયાનો ત્યાગ કરતો નથી, તેવા ભોગ-લાલસાવાળા અજ્ઞાની પામર જીવો આ ગતિને પામે છે. દુનિયાનો પ્રેમ સાચો નથી, તે મિથ્યા વિકારી અને નાશવંત છે. આ દુઃખદાયક સંસાર તરી જવો હોય તો તેમાંથી આશા, તૃષ્ણા, ભોગવાસના વગેરેનો ત્યાગ કરવો જોઈએ. મનુષ્ય દેહ છે ત્યાં સુધી તમે આ જ્ઞાન મેળવી લો. આ તક ગયા પછી તે ફરીથી પાછી મળશે નહીં. પાછળથી પશ્ચાતાપ કરવાનો કંઈ અર્થ નથી.’

‘શરીર અને વૈભવ નાશવંત અને અશાશ્વત છે. ધર્મ હંમેશાં સમીપ હોવાથી નિત્ય ધર્મનો સંગ્રહ કરતા રહેવું એ દરેકની ફરજ છે. આકાશમાં વીજળી ચમકીને તરત જ જતી રહે અથવા પાણી ઉપર પરપોટા ફૂટી નાશ પામે છે તેવું જ જીંદગીનું પણ છે. દુનિયામાં કોઈ ચિરંજીવ કે સ્થિર નથી (નામ તેનો નાશ). તેથી મળેલી ક્ષણોમાં માણસે આત્મ કલ્યાણ કરી લેવું.’

‘ઈશ્વરને જેને ઓળખ્યા તે જ જન્મ-મરણના ફેરામાંથી છુટી શકે છે. બીજા તો પંચતત્ત્વમાંથી નિર્માણ થાય છે તેમાં જ મોહ પામે છે અને પંચતત્ત્વમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. જીવ માત્ર પોતાની કામનાઓ પૂર્ણ કરવા માટે મોહજાળમાં ફસાય છે

અને જન્મ-મરણના ફેરામાં ભટક્યા કરે છે. ઝાડ પર પડેલું વરસાદનું પાણી જેમ ત્યાં ટકી શકતું નથી તેવી ગતિ અલ્પાયુષી માણસની થાય છે. તે બાલ્યાવસ્થા ભોગવી યૌવનનો અનુભવ લે છે, આખરે વૃદ્ધ થઈ મરણ પામે છે. આ જ દેહ ધર્મ છે. આમાંથી મુક્ત થવા માટે અનિત્ય ત્યજી નિત્યનું અનુસંધાન રાખવું જોઈએ.'

'ગયેલો સમય પાછો આવતો નથી, તેમ મનુષ્ય દેહ પણ ફરી ફરી મળતો નથી. તેથી પરમ પુરુષ સાથે દઢ સ્નેહ બાંધી તેના પ્રેમમાં લીન થવું એ જ સાચો તત્ત્વ સાર કે ધર્મ છે.'

'માતા, પિતા, પુત્ર, ધન, સુખ એ તો ચાર દિવસનાં ચાંદરણાં છે, તેથી એનો મોહ છોડ. કર્તા-હર્તા શ્રી હરિ છે, સકળ તારક ઈશ્વર જ છે તેથી તું ખરા ભાવથી તેની જ સેવા કર, દીન દુઃખિયાંની સેવા કર, તો તારું કામ સહેજમાં થઈ જશે. ઈશ્વરનું નામ સ્મરણ કર. બનવાની વસ્તુ બની ગઈ, મરેલો માણસ જીવતો શી રીતે થઈ શકે ? જેણે પેદા કર્યો તેણે જ તેને માર્યો છે. તેથી એ જ તેને સજીવન કરશે. આપણે બધા તેના સેવક છીએ.'

પાયે પડી પટેલ બોલીયો, સાંભળો સત સુજાણ,
આપે દાતા દયાળજી, દીન વત્સલ નિર્વાણ.
છેડો ઝાલ્યો હવે આપનો રે, કઈ પેરે મૂકાયે,
શરણે પડ્યો છું આપને રે, બીજે નહિ રે જવાય.
મન માન્યું મોંઘા મૂલનું રે, શીશ સાટે રે હોય,
આપ છો કરતા કામના રે, કેમ ભૂલું હું તોય.
રખે વિસારો મહિપત રે, લજ્જા તમારી રે જાય,
વિચાર કરીને ઓચરો રે, અચરજ અમને રે થાય.
વરસાદ પલમાં વરસાવીયો રે, નહોતી અમને રે આશ,
ઓચિંતા મેઘ આવીયા રે, મેલી બેઠા નિરાશ.
વળી બંધનમાં નીર છે, તારી બેઠો તોય,
સાથે સરવે તારીયા, તે તો નજરે જોય.

ગાડી પડી પાણી ઉપર રે, વળી બળદ પણ સાથ,
વિછાણ કર્યો પાણી ઉપરે રે, નવ ભીના રે નાથ.
પાણી સ્પર્શ્યું નહિ અમને રે, તે પણ તારો પ્રતાપ,
જીવાડો બાળક આપનાં રે, નવ દેજો રે ધાપ.
પૂરી રીતે તું ને પ્રિછીયો રે, પગ મેલું રે કેમ અઠાર,
આધાર એક જ તાહરો રે, દયા કરો રંક પર દાતાર.
ચરિત્ર કરો નહિ કોડામણા રે, ભાવિ તારે રે હાથ,
કળા કળે કોણ તાહરી રે, છે તું ત્રિભોવન નાથ.

પટેલે સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજના પગ પકડી રડતા સ્વરે કહ્યું: 'મેં તમારા પગ પકડ્યા છે, તે છોડવાનો નથી. વરસાદ નહોતો તે આપે ધાર્યા પ્રમાણે બરાબર એક પ્રહરમાં લાવ્યા ! તેમજ પાણી ઉપર ખેસ નાખી તેના ઉપરથી અમને આપની પાસે બોલાવી લીધા અને વિશેષ એ કે બળદ અને ગાડી પણ પાણી ઉપર તરતાં રાખ્યાં ! આપની પથારી પણ પાણી ઉપર કોરી રહી ! આ બધું મારી નજર સમક્ષ જોઈ હવે હું આપને છોડી ક્યાં જાઉં ? હે સદ્ગુરુ મહારાજ ! આ પામર ઉપર દયા કરો અને હું દુઃખિયારો-પાપી હોવા છતાં આપનો દાસ છું મને આ આફતમાંથી બચાવો.

પાયે પડીને ટળવળે, કરગરે અપરંપાર,
અંતરજામી રીઝીયા, દીન વત્સલ દાતાર.
પટેલને પાસે બોલાવીયો રે, સુણ વેલજી વાત,
પુત્ર તારો અહીં લાવને રે, જુવે સઘળો સાથ.
કૃપા કરી કરુણાનિધિએ રે, કંઈક કરેજોને મહેર,
અરદાસ આપણી સાંભળે રે, આવે તેને જો લેર.
એમ કરી શબ ઢાંકીયું રે, પટેલ પુત્રનું જેહ,
ચાદર ઓઢાડી તે સમે રે, લોક જોતાં રે તેહ.

મોઢે માવજી બોલીયા રે, બોલ્યા ચંદનવીર સાથ,
હાથ ઝાલી ઊઠાડજો રે, કરશે કિરપા રે નાથ.
નામ લઈ બોલાવજો, વાલમ પૂરી પેર,
જીવન જ જીવાડશે, જુગતે કરશે મહેર.
ચંદનવીર ત્યાં ઊઠીયા રે, ગયા શબની પાસ,
હાથ ઝાલીને ઊઠાડીયો રે, અલખની ખૂબી રે ખાસ.
આળસ મરડીને ઊઠીયો રે, નમ્યો સદ્‌ગુરુને જાઈ,
પાયે પડ્યા સૌ સાથનાં રે, સદ્‌ગુરુને તાંઈ.
પટેલે પુત્ર નિહાળીયો રે, જોયો રૂપ અપાર,
ઉમંગ મનમાં માય નહિ રે, થયો એકા રે તાર.
બોધ દીધો ગુરુએ ઘણો રે, સાથ સર્વને ત્યાંયે,
બોધ પામ્યા ત્યાં તો ઘણા રે, બેઠા સદ્‌ગુરુજી છે જ્યાંયે.
ગુણ સદ્‌ગુરુજીના ગાયે છે, ત્યાં તો સઘળા જન,
દાસ થઈ કરે દીનતા, અરપે તન મન ધન.

પટેલની આ વાત સાંભળી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તેમને પ્રેમથી પાસે બેસાડી કહ્યુંઃ 'તું શોક કરીશ નહીં. આપણે બધા મળી એ દયાધન પ્રભુને પ્રાર્થના કરીએ કે જેથી તે આપણા ઉપર કૃપા કરશે.' એમ કહી મૃતદેહને ચાદર ઓઢાડી બધા મળી ઈશ્વરને પ્રાર્થના કરવા લાગ્યા. જેમ જેમ પ્રાર્થના ચાલવા લાગી તેમ તેમ ચમત્કાર દેખાવા લાગ્યો. વેલજી પટેલના મૃત પુત્રનો શ્વાસોશ્વાસ શરૂ થવા લાગ્યો અને તે ધીમે ધીમે હલનચલન કરવા લાગ્યો. થોડીવાર પછી ચંદનવીરે તેના બંને હાથ પકડી ઊઠાડીને બેસાડ્યો. છોકરો આળસ મરડી ઊભો થયો. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને તેણે નમસ્કાર કરી ચરણામૃતનું પાન કર્યું. વીજળી પડવાથી મરણ પામેલો પોતાનો દીકરો સજીવન થયેલો જોઈ વેલજી પટેલને કેટલો બધો આનંદ થયો હશે તેનું વર્ણન થઈ શકે તેમ નથી.

તીર્થધામ-પ્રેરણાપીઠ -

પટેલ પાયે પડી બોલીયા રે, કાંઈક સેવાનું કામ,
આપ કહો તે કીજીયે રે, કંઈક રચાવો ધામ.
મંદિર બંધાવો મહીપતિ રે, મહેલ મોટે રે રૂપ,
જે આદેશ હોય તે કીજીયે રે, સૂધ સરસ અનુપ.
દાસ જાણો સદા આપના રે, ભલે આપો કામ,
હાજર ઊભા હજૂરમાં રે, તારા ચરણના દાસ.
મનસા વાચા કર્મથી રે, છીએ તારા રે દાસ,
અરજ અમારી સ્વીકારજો રે, કરજો આંહી રે વાસ.

વેલજી પટેલનો એકનો એક દીકરો સજીવન થવાથી બધાને બહુ આનંદ થયો. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તે બધાને બ્રહ્માનંદનો અને આત્મોન્નતિનો જ્ઞાનોપદેશ આપ્યો. એ ઉપદેશ સાંભળી લોકોએ તેમનો અનુગ્રહ લીધો. પટેલે નમ્રતાથી કહ્યું: ‘આપનું કંઈ કામ હોય તો આજ્ઞા કરો. અહીં એકાદ સુંદર મંદિર કે આપને રહેવા માટે નિવાસ બાંધવાની ઈચ્છા હોય તો આજ્ઞા આપો. અમે સર્વ સેવકો આપની સેવામાં હાજર છીએ.’

સદ્‌ગુરુ મહારાજ બોલીયા, સાંભળ વેલજી વીર,
મંદિર ત્યાં બંધાવશું, જ્યાં પડશે મારું તીર.
તીર નાખું મારું જ્યાં પડે રે, ત્યાં તો બંધાવું ધામ,
સુંદર ધામ બંધાવશું રે, કરવા પૂરણ કામ.
સદ્‌ગુરુને ગ્રહી ત્યાં તે સમે રે, કરમાં રે કમાન,
તીર લીધું ચડાવવા રે, દશમો દેવા નિશાન.
ત્રટ ઉપર જઈ ઊભા રહ્યા રે, સાચા સદ્‌ગુરુ ઠામ,
સાથે જન સર્વ આવીયા રે, જોવા સદ્‌ગુરુનાં કામ.
સદ્‌ગુરુ ફર્યા તીર ફેંકવા રે, દિશા પશ્ચિમે જ્યાંયે,
પૂર્વ દિશા પૂઠ ફેરવી રે, પટેલ બોલ્યો રે ત્યાંયે.

વેલજી પટેલની વિનંતીને માન આપી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ 'તમારા સૌની ઈચ્છા છે તો રહેવા માટે રહેઠાણ નહીં પરંતુ અહીં એક સુંદર મંદિર બાંધવાનું નક્કી કર્યું છે તેના માટે જગ્યા જોઈએ તે સિવાય બીજું કશું જોઈતું નથી.'

વેલજી પટેલ બોલ્યાઃ આપ પસંદ કરો, તે સ્થાને જેટલી જોઈએ તેટલી જગ્યા આપવા તૈયાર છીએ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ અહીંથી એક તીર છોડીશ. તે જે ઠેકાણે પડશે તે જગ્યા મંદિર બાંધવા માટે મને જોઈશે.

આ સાંભળતાં જ પટેલે એક ધનુષ્ય બાણ લાવી રજૂ કર્યું. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તે ધનુષ્ય બાણ લઈ પોતે પ્રથમ જે તળાવમાં તંબૂમાં મુકામ કર્યો હતો ત્યાં ગયા અને પશ્ચિમ તરફ મુખ કરી ધનુષ્ય ઉપર તીર ચઢાવ્યું.

હાં હાં કહીને ઝાલીયો, સદ્‌ગુરુનો ત્યાં હાથ,
માં ફેકો મારા માવજી, માનો મારા નાથ.
જંગલ જુઓ ઝાડે ભર્યો રે, ઝાડી અપરંપાર,
દાતણ તોડી નવ શકે રે, થાએ કેર અપાર.
સિંહ વસે એક વનમાં રે, વિકટ વસમે રૂપ,
જીતી તેને નવ શકે રે, મોટ મોટેરા ભૂપ.
હારી હારીને કઈ ગયા રે, નવ વાગે રે ઘાય,
બળતણ કારણ કો થકી રે, નવ કાષ્ટ લેવાય.
ચોરી છુપી કોઈ પરવરે રે, કાષ્ટ લેવાને કાજ,
જવાયે નહિ લગમાં રે, આડો આવે વનરાજ.
સામર્થ કોઈ નવ સંચર્યો, આ અવનિ મોઝાર,
આ સિંહને સટકાવીને, ટાળે શિરથી ભાર.
તેથી માનો મારું માવજી રે, મૂકો મનની હઠ,
બીજી દિશે મન ભાવથી રે, મેલો તીર નિકટ.

સિંહ વિકટ બિહામણો રે, મહા મોટું રે રૂપ,
કંઈક વરસથી વસતો રે, વિકટ રૂપ અરૂપ.
તોડે છે એક હાકથી રે, મોટ મોટાની હામ,
અનેક વરસ વહી ગયાં રે, રોક્યો એણે આ ઠામ.
વાત અચંબે આ ઘણી રે, મોત એને ના હોય,
અનેક ઉપાય આદરે રે, માથું કૂટી મરે કોય.
વૃદ્ધ સિંહ થયો ઘણો, અટકળ કળ્યો નવ જાયે,
અનેક જોદ્ધા હારીયા, માનો મારા રાયે.

આ જોઈ વેલજી પટેલ એકદમ બોલ્યાઃ 'મહારાજ ! એ દિશા તરફ તીર છોડતા નહીં ! કારણ કે ત્યાં ગીચ જંગલ હોઈ તેમાં એક ભયંકર સિંહ રહે છે. તેને મારવા માટે ઘણા લોકોએ પ્રયત્નો કર્યા પણ કોઈ ફાવ્યું નથી. બધા થાકીને જતા રહ્યા. ત્યાં કોઈ માણસ લાકડાં કાપવા જાય છે તો સિંહને જોતાં જ નાસી છુટે છે. ઘણો સમય થયો છતાં તે હજુ સુધી ત્યાંથી ખસતો નથી અને જંગલમાં કોઈને ફરકવા દેતો નથી. માટે મહારાજ ! એ દિશા તરફ તીર છોડતા જ નહીં.

જુગતે જુગત માંડી કહી રે, પટેલે સદ્‌ગુરુ પાસ,
સદ્‌ગુરુ મહારાજ બોલીયા રે, કહું છું પટેલ ખાસ.
એ જ જગ્યા છે માહરી રે, એ જ મારો છે જાગ,
તીર મારીશ હું ત્યાં થકી રે, જોઈ પૂરણ લાગ.
સિંહ રહે નહિ વનમાં રે, ચાલ્યો બીજે રે જાયે,
નામ નહિ લીયે કોઈનું રે, ચિંતા શેની રે થાય.
સિંહ વચનના બંધથી રે, રોકી બેઠો છે જાગ,
આવવા વનમાં કોઈને રે, નહિ લેવા દે માગ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ 'જો એવી જ હકીકત હશે, તો એ જ મારું સ્થાન બનશે. હું અહીંથી તીર છોડીશ. એ તીર જ્યાં પડશે ત્યાં વનરાજ રહેશે

નહીં. એ ચાલ્યો જશે માટે કંઈ ચિંતા કરશો નહીં. એ વનરાજ વચનથી બંધાયેલો હોવાથી તે વનમાં ચોકી કરે છે.'

સિંહ શ્રીકૃષ્ણે બેસાડીયો, સાંભળો તેની પેર,
વિગતે ઊઠાડશું, થાશે રૂડી લેર.
માટે માનો મારું મનથી રે, તીર ભલે રે જાય,
સુંદર ધામ બંધાવશું રે, થાશે જયાં તીર ધાય.
અચરજ થઈ ઊભા રહ્યા રે, મુખે બોલ્યા ન કાંયે,
પાયે પડીને કરગર્યો રે, પટેલ પોતે રે ત્યાંયે.
પાંડવ વસ્યા જયારે વનમાં રે, ત્યારે પડેલી ભીડ,
શ્રીકૃષ્ણ આવ્યા ઉગારવા રે, ટાળવા તેમની રે પીડ.
તે સમે સિંહ બેસાડીયો રે, જોઈ જાગનો લાગ,
નર નકળંકના ખપનો રે, જોયો પૂરણ માગ.
અવધ આપી છે તે હમે, સમજાવી સઘળી પેર,
વિઘ્ન વિસામી તેહના, પૂરણ કીધી લેર.
મારી શકે નહિ તેહને રે, કોઈ રીતેથી જાણ,
તીર તુફંગ લાગે નહિ રે, સમશેર બરછી ને બાણ.
ધનુષ કટારીને બિછવો રે, ભાલો ખંજરને સાંગ,
ચક્ર ખડ્ગને જોરબો રે, જમૈયો લાગે ના આંગ.
અવધ આપી છે એવડી રે, જયારે આવે રે તીર,
કાન વીંધી જયારે જમણો રે, જાય ધરામાં ધીર.
જરૂર તારે જાણવું રે, થયું પૂરણ કામ,
સદ્ગુરુ બ્રહ્માજી આવીયા રે, આવ્યા પોતાને ઠામ.

આમ બોલી સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તીર છોડ્યું અને પછી બધા લોકો સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સાથે તે જગા તરફ જવા લાગ્યા. સિંહ અહીં શા માટે ચોકી કરે છે, એવું લોકોએ પૂછ્યું. ત્યારે સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ

'ઘણા વરસો પહેલાં કૌરવો અને પાંડવો દ્યૂત રમ્યા હતા. તેમાં પાંડવો દ્યૂત હાર્યા અને તેમના નસીબે વનવાસ આવ્યો. ફરતા ફરતા પાંડવો આ વનમાં આવી પહોંચ્યા. અહીં તેમને ભગવાન શ્રીકૃષ્ણને વિનંતી કરી. તેથી ભગવાને પોતાની યોગમાયાથી સિંહનું નિર્માણ કર્યું અને સિંહને આજ્ઞા કરી કે આ જગાએ રહી પાંડવોનું રક્ષણ કરવું ! થોડા સમય પછી પાંડવો વિરાટ નગર જશે, ત્યારપછી પણ તારે અહીં જ રહી આ 'કુંવારિકા' ક્ષેત્રનું રક્ષણ કરવું.

કારણ કે શ્રી વિષ્ણુ ભગવાન 'શ્રી નિષ્કલંકી નારાયણ' નામથી અવતાર ધારણ કરશે ! ત્યારે લોકોને જ્ઞાનમાર્ગ બતાવવા આદ્ય જગદ્‌ગુરુ બ્રહ્માના અંશાવતાર અવતરશે અને તે ગીરમઠા ગામમાં આવશે. ત્યાંથી તે તીર છોડી તારો જમણો કાન વીંધશે અને તે તીર જમીનમાં જશે, ત્યારે તું મુક્ત થઈશ. એ તીર જે સ્થળે પડશે તે સ્થળ 'કુંવારિકા' નામથી ઓળખાશે. એ કલિયુગનું ક્ષેત્ર થશે અને ત્યાં બ્રહ્મસ્વરૂપ સદ્‌ગુરુ મહારાજ પોતાની જગા બાંધશે. જેમના હાથે તારો જમણો કાન છેદશે તે જ સદ્‌ગુરુ આદ્ય બ્રહ્માનો અંશાવતાર સમજવો. તે સિવાય બીજા કોઈના પણ હાથે તીર, તલવાર, ભાલા અગર બીજાં કોઈ પણ હથિયાર તને ઈજા કરી શકશે નહીં. તું કોઈની હિંસા કરીશ નહીં. છતાં તારું ઉગ્ર સ્વરૂપ જોઈ લોકો ગભરાશે. આ પ્રમાણે કહી ભગવાન શ્રીકૃષ્ણ ત્યાંથી નીકળી ગયા અને ભગવાનની આજ્ઞાનું પાલન તે સમયથી સિંહ કરે છે.'

ઊઠી જાવું તાહ રે, પલની પડે નહિ ઢીલ,
પંડે પ્રભુજી પધારીયા, સાચા સત્યગુણી શીલ.
તેથી કરી તીર ફેંકશું રે, મનમાં રાખોને હામ,
જગ્યા થાશે એ જાગમાં રે, ત્યારે થાશે રે કામ.
અચરજ ત્યાં સરવેને થયાં રે, સાંભળી સદ્‌ગુરુની વાણ,
સદ્‌ગુરુએ તીર ફેંકીયું રે, જઈ પડ્યું તે નિરવાણ.
સિંહ સૂતો હતો તે સમે રે, જ્યાં છે ધરાની જાગ,
કાન હતો તે ઉપરે રે, પૂરણ લાગો રે લાગ.
તીર આવી નમ્યું ઉપરે રે, વીંધ્યો સિંહનો કાન,
કાન વીંધી ઊંડું ઉતર્યું રે, ગયું શેષને સ્થાન.

આટલી હકીકત કહેતાં સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ લોકો સાથે વનમાં જઈ પહોંચ્યા. સદ્‌ગુરુએ તીર છોડ્યું ત્યારે સિંહ ડાબા પડખે સૂતેલો હોવાથી એ તીર તેનો જમણો કાન છેદી થોડા અંતર ઉપર જમીનમાં જઈ ઘુસ્યું. ઈજા થવાથી સિંહ એકદમ ચોંકી ઊઠ્યો, પણ કાન છેદવાથી તેને ભગવાન શ્રીકૃષ્ણના વચનનું સ્મરણ થયું અને તે સાવધથી ઊભો થઈ આજુબાજુ જોવા લાગ્યો. હવે સદ્‌ગુરુ મહારાજ પોતાને પાવન કરશે એમ માની તે મનોમન બોલ્યો: 'ધન્ય છે આજનો દિવસ અને ધન્ય છે આજની ઘડી કે મને આજે સદ્‌ગુરુ બ્રહ્માનંદનાં દર્શન થશે.

સિંહ સમજ્યો તે સાનમાં, સમર્યા સાચા સદ્‌ગુરુ ધીર,
સમસ્યા સમજ્યો સહેજમાં, સજ્યું સદ્‌ગુરુએ તીર.
ઊઠી ઊભો થયો તે સમે રે, જોવા પૂરણ લાગ,
દર્શન માટે ઊભો રહ્યો રે, મનમાં રાખીને માગ.
હોંશ વધી અતિ સિંહને રે, મળવા ધાર્યું રે મન,
સદ્‌ગુરુ આજ પધારશે રે, આજ અવતાર ધન.
ધન છે દિવસ આજનો, ધન આજની રાત,
સદ્‌ગુરુજી પંડે પધારીયા રે, પૂરણ બ્રહ્માની જાત.
દર્શન થાશે સદ્‌ગુરુનાં રે, મારા પૂરણ ભાગ,
જુગતે જોગ છે સાધવો, આવ્યો મારો રે લાગ.
આવી વાટે ઊભો રહ્યો, સદ્‌ગુરુ દર્શન માટ,
આદર અંતે આણીયો, રોકી રાખી છે વાટ.

આમ અત્યંત આતુરતાથી રાહ જોતો સિંહ ઊભો હતો. એટલામાં સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ અને તેમની સાથેના માણસો ત્યાં આવી પહોંચ્યા. સદ્‌ગુરુ મહારાજને નજીક આવતાં જોઈ સિંહ નમીને ઊભો રહ્યો. સિંહ મનમાં વિચારવા લાગ્યો, આજ મારી ધન્ય ઘડી આવી પહોંચી છે. મને આજે બ્રહ્મપુરુષનાં, પૂર્ણ પુરુષનાં દર્શન થયાં.

તીર નાખીને તે સમે રે, સદ્‌ગુરુ ચાલ્યા નિર્વાણ,
સંગાથે સેવક કેટલા રે, આવ્યા સદ્‌ગુરુને જાણ.

સંગાથે લઈ સદ્‌ગુરુ સંચર્યા રે, આવ્યા વનખંડી માંયે,
સિંહ જ સામો ઊભેલો રે, દીઠો સરવે રે ત્યાંયે.
ભય પામીને ઊભા રહ્યા રે, મનુષ્ય માત્ર તમામ,
આગળ પગ ના ઉપડે રે, ભાંગી સર્વની હામ.
આગળ થઈને ચાલીયા રે, સાચા સદ્‌ગુરુ શ્યામ,
વાંસે વળ્યો સંઘ સઘળો રે, લેતાં સદ્‌ગુરુનું નામ.

તીર છોડ્યા પછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ જંગલ ભણી ચાલવા લાગ્યા. સાથે કેટલાક લોકો પણ સાથે જવા લાગ્યા. જંગલમાં ગયા પછી સિંહને સામે ઊભેલો દીઠો. લોકો બીકના માર્યા ઊભા રહી ગયા. કોઈના આગળ જવા પગ ઉપડતા નથી. સિંહને જોઈ બધા થરથરી ગયા, સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સાથે જવાની હિંમત પણ ભાંગી ગઈ. બધા પાછા જવા લાગ્યા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સૌને હિંમત આપી. પછી બધા સદ્‌ગુરુ શ્રી મહારાજની પાછળ પાછળ ચાલવા લાગ્યા.

સિંહ નમ્યો સદ્‌ગુરુને, ચરણે નમાવ્યું શીશ,
વળતાં પંથે પડ્યો, જય જય શ્રી જગદીશ.
જંગલ વસાવ્યું જુગતે કરી રે, રચવા માંડ્યો ઠાઠ,
દેવસ્થાન ચણાવવા માંડીયું રે, કર્યો ઓમકાર પાટ.
શાસકે તે સમે સાંભળ્યું રે, સિંહ નાઠ્યાની વાત,
મર્યો નહિ તે કેયથી રે, હતી અચરજની ભાત.
હાર્યો નહિ તે કો થકી રે, નહોતી જાવાની વાટ,
કઈ પેરે નસાડીયો રે, કેવો કર્યો છે ઘાટ.
વળી તે વરસાદ લાવીયા રે, એક આ જ્ઞાની સાથ,
જોઈએ ચાલો જુગતથી રે, કેવા છે જુગનાથ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સિંહ પાસે ગયા અને તેમણે સિંહના શરીર ઉપર હાથ ફેરવ્યો એટલે સિંહની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. સિંહે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી

મહારાજને પ્રણામ કર્યા અને તેમણે સિંહને નિજધામ જવાની રજા આપી. સિંહે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને ફરીથી પ્રણામ કર્યા અને સાથે આવેલા બધા લોકોને પ્રેમથી નિહાળી લઈ પોતે હવે રજા માગે છે એવો ભાવ વ્યક્ત કરી એકદમ અદશ્ય થઈ ગયો. અને પળવારમાં ત્યાં દિવ્ય તેજોવલય ચમકી ઉઠ્યું !

આ બનાવ જોઈ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સાથે આવેલા લોકો આશ્ચર્યથી છક થઈ ગયા અને બ્રહ્મના પ્રગટ અવતાર એવા સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના નામની જય બોલવા લાગ્યા. પછી તીર પડ્યું હતું તે જગાએ ગયા. ત્યાંની ગીચ ઝાડી કાપી જંગલ સાફ કર્યું. 'કુંવારિકા ક્ષેત્ર'ની જેટલી ભૂમિ હતી એટલા ક્ષેત્રમાં જ ઈશ્વરીય કૃપાએ ગીચ જંગલ હતું. જ્યારે બાકીના વિસ્તારમાં સાત સાત દુષ્કાળો પડવાથી સર્વત્ર ઝાડ-બીડ સુકાઈ ગયાં હતાં અને સમગ્ર વગડો વેરાન ભાસતો હતો. ત્યારપછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ત્યાં મંદિર બાંધવાની શરૂઆત કરી.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ અને અમદાવાદના વિધર્મી રાજાનો મેળાપ -

*સરસી સાંભળી કેટલી, કર્ણે સાંભળ્યાં કામ,
અચંબે થઈ આવીયો, ગુરુ મહારાજને ધામ.
જોવા કળા તે સદ્‌ગુરુની રે, જોવા સત્ય અસત્ય,
મનમાં ઉમંગ ઊગતો રે, દર્શન કરવાં ઝટ.
જન સમૂહ ઘણો સાથમાં રે, વળી સઘળો સંઘ,
નગરના જન કેટલા રે, આવ્યા જોવાને રંગ.
આવી પડાવ પાથર્યો રે, કર્યો જોઈ સ્થાન,
જાણી કરી સદ્‌ગુરુને રે, કરી પ્રેમથી પ્રણામ.
વાયક મેલ્યો ગુરુદેવને રે, તેડ્યા પોતાને પાસ,
જમવા કારણ નોતર્યા રે, લેવા પારખું ખાસ.

*સરસી - ચડતીકળા, ચડિયાતું, સરસ થવું તે, સરસાઈ

વનમાંનો ભયંકર સિંહ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના દર્શનથી મુક્ત થયો. તેમજ સાત વરસના દુકાળથી ઉજ્જડ બનેલો પ્રદેશ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે એક પ્રહરમાં જળમય બનાવી દીધો. એ વાત લોકોમાં ફેલાઈ હતી અને તે અમદાવાદ શહેર સુધી પહોંચી ગઈ. સંવત-૧૫૪૫, ઈ.સ. ૧૪૮૯ના અરસામાં અમદાવાદમાં વિધર્મી રાજા રાજ કરતો હતો. તેના કાને આ વાત ગઈ.

સિંહની વાત સાંભળી વિધર્મી રાજાએ વિચાર્યું કે આજ સુધી તો કેટલાય શિકારી ત્યાંથી ખાલી હાથે પાછા ફર્યા છે. હું પોતે પણ તેના શિકાર માટે ગયો પણ તેમાં ફાવ્યો નહીં અને એક નિઃશસ્ત્ર સંતની આગળ એ સિંહ નમી પડ્યો અને અદૃશ્ય થયો એ તો શી રીતે બની શકે ? વળી સાત વરસથી જ્યાં દુકાળ પડ્યો હતો તેનું નિવારણ થયું. તો આવો અદ્વિતીય સાધુ કોણ હશે તે જાતે જ જઈ જોવું પડશે ! તેથી વિધર્મી રાજા પ્રધાનને સાથે લઈ તે ગીરમઠા ગામે ગયો અને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના નિવાસની નજીકમાં જઈને રહ્યો. વિધર્મી રાજા સદ્‌ગુરુનાં દર્શને પોતાના લાવ-લશ્કરને લઈને આવ્યો હતો. તેને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના નિવાસ સ્થાનથી થોડે દૂર પડાવ નાખ્યો અને પછી તેમને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની પરીક્ષા કરવાનું વિચાર્યું. તેને મનમાં એક જ-વિચાર આવતો કે ક્યારે એ દિવ્ય પુરુષનાં દર્શન થાય.

બીજા દિવસે તેણે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને પોતાના પડાવે જમવાને માટે આમંત્રણ આપ્યું.

જાણ થઈ સદ્‌ગુરુને, અંતરજામી જે આપ,
સત્યવંતા સંતોષથી, સમાવતા સંતાપ.
ઉત્તમ આસન આપીયું રે, રાજાએ તે વાર,
પ્રેમ કરી બોલાવીયા રે, ધાર્યું લેવાને પાર.
કપટ કર્યું હતું કારમું રે, કર્યો કૂડનો જોજ,
અખાદ્ય આહારનો તે સમે રે, તેનો કર્યો રે ભોજ.
લાવી ધર્યું ગુરુ આગળે રે, જમો જુગતે જોઈ,
અતિ પેરે નિપાવીને રે, કરી સુંદર રસોઈ.

કોડે જમો કોડામણા રે, કરો કૃપા અપાર,
પાવન કરો ને પ્રીતથી રે, મારા જુગના આધાર.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ અંતર્યામી હતા. તેઓએ તો પોતાના દિવ્ય જ્ઞાનથી જાણી લીધું કે વિધર્મી રાજાનો મળવાનો હેતુ શું છે. સદ્‌ગુરુ શ્રી મહારાજ તો વિધર્મી રાજાના આમંત્રણને માન આપી તેમના ઉતારે ગયા. વિધર્મી રાજાએ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનું પ્રેમથી સ્વાગત કર્યું. ઉત્તમ આસન ઉપર બેસાર્યા. પછી અલક મલકની વાતો કરી. એટલામાં જમવાનું તૈયાર થઈ ગયું. વિધર્મી રાજાએ કપટ કરી સદ્‌ગુરુ મહારાજની કસોટી કરવા અખાદ્ય ભોજન બનાવી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ભોજનમાં પીરસ્યું અને ભોજનનાં વખાણ કરતાં બોલ્યોઃ મહારાજ ! પ્રેમથી જમવાનું ચાલુ કરો. સુંદર રસોઈ બનાવી છે. ભોજન લઈ અમને કૃતાર્થ કરો.

અંતરજામીએ જાણીયું, જાણી સઘળી પેર,
દયા લાવી દાસ ઉપર રે, પોતે કીધી મહેર.
મુખથી નાયાજી બોલીયા રે, સાંભળો ભક્ત ભાભારામ,
કહું કથા હું તે તણી રે, કહે છે નાયાજી તે વાર.
અખાદ્ય ભોજન હતું જે થાળમાં રે, ભર્યું માંજરનું જાણ,
છડી અડાડીને ઓચર્યા રે, સદ્‌ગુરુ મુખથી વાણ.
દુઃખે દુભાણી તું માંજર રે, થઈ ઝાઝી રે વાર,
ઊઠ ઊભી થા આ સમે રે, તારો આવ્યો રે પાર.
વચન છુટ્યું સદ્‌ગુરુદેવનું રે, સદ્‌ગુરુ બોલ્યા જે વાર,
આળસ મરડી ઊભી થઈ રે, નવ લાગી રે વાર.
કૌતુક થયું ત્યાં એટલું, જોતાં સરવે જન,
હર્ષ ઉપજ્યો સર્વને, ન માન્યું વિધર્મી રાજાનું મન.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે દિવ્ય જ્ઞાનથી જાણી લીધું કે મારા ભોજનના થાળમાં વિધર્મી રાજાએ માંજર (બિલાડી) મારી તેનું અખાદ્ય ભોજન પીરસ્યું છે. તેમણે અખાદ્ય ભોજનને છડી અડાવી આદેશ કર્યો. માંજર ઊભી થા ! તને બહુ જ દુભવી

છે. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના આદેશથી માંજર મારીને બનાવેલા અખાદ્ય ભોજનમાંથી માંજર સજીવન થઈ અને આળસ મરડી ઊભી થઈ. પછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ચરણમાં નમન કરી ચાલી ગઈ. વિધર્મી રાજા અને સૌ સભાજનો સદ્‌ગુરુ શ્રી મહારાજનો દિવ્ય ચમત્કાર જોઈ નવાઈ પામી ગયા.

કૌતુક બીજું આદર્યું રે, સભા મંડપ માંહે,
પરમાટી લાવ્યો બહુ પેરની રે, લાવી મૂકી રે ત્યાંહે.
વિધર્મી રાજા તે સમે બોલીયો રે, બોલ્યો સદ્‌ગુરુજી સાથ,
ઉત્તમ ભોજ છે આ સમે રે, જમો સુંદર નાથ.
કપટ કર્યું અતિ કારમું રે, કેથી કળી ના શકાયે,
અંતરજામી ઉતાવળો રે, જાણી પહેલાંથી જાયે.
રૂમાલ જ્યાં ઉઘાડીયો રે, જુએ સઘળા રે ત્યાંયે,
લવિંગ સોપારીને એલચી રે, જોઈ અચરજ થાયે.
વહેંચી આપ્યું સૌ સાથમાં, કરી ગયા મુખવાસ,
વિધર્મી રાજા તો એ સમજ્યો નહિ, પડ્યો છે પૂરણ પાસ.

આટલેથી પૂરું ન થતું હોય તેમ વિધર્મી રાજાને હજી સંતોષ થયો ન હતો. તેને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની હજી પણ કસોટી કરવાનું વિચાર્યું. જમી પરવાર્યા પછી મુખવાસનો થાળ મંગાવ્યો. મુખવાસના થાળમાં મુખવાસના બદલે પરમાટી મૂકાવી ઉપર રૂમાલ ઢંકાવી દીધો હતો. સદ્‌ગુરુજી શ્રી હંસતેજજી મહારાજે દિવ્ય જ્ઞાનથી જોયું કે હજી વિધર્મી રાજા મારી કસોટી કરે છે. તેણે થાળ ઉપરનો રૂમાલ દૂર કર્યો તો નીચે લવિંગ, સોપારી, એલચીથી ભરેલો થાળ. થાળમાંની લવીંગ, સોપારી, એલચી સર્વ વસ્તુઓ સભાજનોને વહેંચી આપ્યાં. સૌને નવાઈ લાગી કે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે પરમાટીમાંથી મુખવાસ કેમ કરી નાખ્યો...!

કોપ કરીને ઊઠીયો રે, જાણે વાળવું વેર,
દૂધ લાવ્યો તે સૌ દેખતાં રે, માંહી નાખીને ઝેર.
પીવા દીધું સદ્‌ગુરુ હાથમાં રે, એ તો સુંદર સાર,
આરોગો ઉતાવળા રે, તજી મનની વાર.

વચન મીઠા મુખે બોલીયો રે, મનમાં આંટી અપાર,
પયપાન કરો પ્રેમથી રે, નવ લગાડો વાર.
બ્રહ્માંડ છે જેના મુખમાં રે, સૂઝે બાલો રે બાલ,
તેના આગળથી ક્યાં જવું રે, અનેક કરીને ટાલ.
લીધું દૂધ ત્યાં હાથમાં, જોવે જે સઘળા જન,
પ્રેમ કરીને પી ગયા, જરા ના આણ્યું મન.

આટલી આટલી કસોટી કર્યા છતાં વિધર્મી રાજાએ હજી પણ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની કસોટી કરવાનું ધાર્યું. તેણે ગુપ્ત રીતે દૂધમાં ઝેર ભેળવી સદ્‌ગુરુ શ્રી મહારાજને આપ્યું. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે બધાની સમક્ષ તે ઝેર પી પચાવી નાખ્યું.

બ્રહ્મ સ્વરૂપમાં લીન થયેલા ઉપર કોઈ પણ વસ્તુની અસર થતી નથી. કેમ કે તેઓ તો ઝેર કે અમૃત, સુખ કે દુઃખ, સ્વજન કે પરજન, સજ્જન કે દુર્જનનું ઘર વગેરે બધું જ સમાન માને છે. તેમના મનમાં જરા સરખો પણ દ્વૈત ભાવ હોતો નથી. જ્ઞાન સાહિત્યમાં સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે એક ઠેકાણે કહ્યું છે કે -

અચ્છી અચ્છી કરણી કમાઓ મોરા ભાઈ, અગ્નિ તમને ના બાળે,
પવન ના ડોલે પાણી ના બૂડે, રાજા ભી દંડ ન દીજીએ.

સત્ કર્મના લીધે માણસને અગ્નિ બાળી શકાતો નથી. પવન હલાવી શકતો નથી. પાણી ડૂબાડી શકતું નથી. તેમજ રાજા દંડી શકતો નથી. એટલું જ નહિ પણ બ્રહ્મ સ્વરૂપમાં લીન થયેલા સત્‌પુરુષોને પંચમહાભૂતો પણ તકલીફ આપી શકતાં નથી. એમના હૃદયમાં એકાત્મતાનો પ્રેમ વસે છે. તેથી ષડ્‌વિકારનો કોષ ત્યાગી તેમનો પવિત્ર આત્મા પરમાનંદમાં લીન થયેલો હોય છે, ચૈતન્ય સ્પર્શમણિથી એક રૂપ થયેલો હોય છે. આખાય જગતના ચિત્ત અથવા જડ વસ્તુમાંના ચૈતન્ય સાથે તે એકરૂપ થઈ જાય છે. ચેતનવંત પ્રવાહના કારણે તે અદ્વૈતના અનંત સાગરમાં વિલીન થયેલો હોય છે.

આ કારણને લીધે વિધર્મી રાજાએ આપેલું હળાહળ ઝેરવાળું દૂધ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે પચાવી નાખ્યું, કેમ કે ત્યાં દૂધ અને ઝેર એવો ભેદ નહોતો. તેમનું ચૈતન્ય અને પ્રાશન કરનારનું ચૈતન્ય એકરૂપ થયું હતું. 'ચેતનમાં ચેતન મળે, ત્યાં ઝેર ક્યાંથી રહે ?'

આવી સ્થિતિ થઈ. તેથી એમ જ કહો કે સિદ્ધ પુરુષના અમૃતમય હસ્ત સ્પર્શથી તે ઝેરવાળું દૂધ અમૃત સમાન થઈ ગયું.

કિંચિત માત્ર કોપ્યા નહિ રે, સત્ય-બ્રહ્મ સ્વરૂપ,
જાણ થઈ સર્વ જગતને રે, સાચા દયાનિધિ અનુપ.
વિધર્મી રાજા પડ્યો પાયમાં રે, લાગે લળી લળી પાયે,
અંતરજામી ના ઓળખ્યા રે, હવે કરોને કિરપાયે.
અનંત પ્રકારે વિનવે રે, માનો મારું મોહન,
હુકમ કરો છું હજૂરમાં રે, સાથે તન મનને ધન.
અડચણ કીધી મેં આપને રે, અતિ અપરંપાર,
ત્રિભોવનનાથ જાણ્યા નહિ રે, ચડ્યો મદની લાર.
માફ કરોને માવજી, ઝાઝી થઈ છે વાત,
કોણ દેશના નિવાસી, વિસ્તારી કહો વાત.
કંઈક માગો મારા માવજી રે, કરો મુજ પર મહેર,
ન છળે સાગર કો સમે રે, અનેક નદીયુંની લેર.
છળકી જશે કંઈ ખાબડાં રે, પડે પાણીની હેલ,
માગ મૂકી થાયે હાલતાં રે, પાણી રેલા રે રેલ.
મહા સાગર શોભતા રે, આપ સત્ય સરૂપ,
માનોને મારું માવજી રે, કરો કામ અનુપ.
નીર સાગરનું શોભતું રે, ન મળે મળ લગાર,
ખાબોચીયાં સડી પલમાં રે, દુર્ગંધ કરે રે અપાર.
ગિરધારી ગુણ સાચવી, અવગુણ ન કરજો તાજ,
જોશો જો અવગુણ માહરા, તો જરા ન રહેશે લાજ.

કાલાવાલા કરી કરગર્યો રે, કરીયા અનેક અપાર,
માફી માગું મારા માવજી રે, દયા કરો ને દાતાર !
કૃપા કરો મુજ ઉપરે રે, કંઈક કરવા સેવાનું કામ,
જશ ગાઉં હું તમ તણા રે, થાયે જુગમાં રે નામ !
દયાળજી પધારો મહેલમાં રે, આપ આવોને મારે રે ઘેર,
દયા લાવો દાસ ઉપરે રે, કરો રંક પર મહેર !
અજર અમર જાણ્યા નહિ રે, નવ જાણ્યા અરૂપ,
દગો રમ્યો હું દેવથી રે, ના ઓળખાયું રૂપ !
અનેક પ્રકારે કરગરે, સદ્‌ગુરુ માગે ન માન,
ગુણિયલ ગુણ તજે નહિ રે, ગુણ તજે રે ગુલામ.
ગુણિયલ ગુરુ ગંભીર છે રે, મહા રૂપ અનુપ,
વિધર્મી રાજા સંગાથે ઓચર્યા રે, સદ્‌ગુરુ સત્ય સ્વરૂપ.
બ્રહ્મ રૂપ છે માહરું રે, સાધના સાધનથી જાણ,
સ્થાન સ્થાપવા આવીયા રે, શ્રેષ્ઠ સદ્‌ગુરુ થકી પિછાણ.
આવન જાવન નિમિત્ત છે રે, તેમ સમજો મોઝાર,
અમે રહેવાસી વૈકુંઠના રે, આજ આવ્યા આ દ્વાર.
હંસતેજજી મહારાજ નામ છે રે, સાંભળ રાજા વાણ,
વાસી હતો તુજ શહેરમાં રે, દિવસ કંઈક જાણ.
મળી મળી અમે ચાલીયા રે, ગયા કોચરબ ગામ,
ત્યાર કેડે અમે આવીયા રે, આવ્યા આણે રે ઠામ.
શીદને મૂંઝાવો છો મનમાં રે, તમે રાજન શૂરવીર,
કસોટીએ કસ ઉપજે રે, રાખો ધારણ ધીર.

ન્યાય કરવો તુજને ઘટે રે, તે તો કરીઓ છે ન્યાય,
ઢોંગી ધૂતારા નવ ઠગે રે, લંપટ લઈ ન જાય.
કસ કસાએ હેમને, તેમ તેમ વાધે મૂલ,
તેલ રંગ તો તજે નહિ, હણે ઘણેથી હૂલ.
દુઃખ પડે નહિ દેવને રે, દેયે જો અતિ ત્રાસ,
સુખ દુઃખ ગણે સેજનાં રે, કરે તેનો રે ગ્રાસ.
માન બડાઈ માને નહિ રે, નવ ઈર્ષા અંગ,
સંગ સમે નહિ કોઈનું રે, નવ લાગે રે રંગ.
ખૂંદણ સહે જેટલું રે, ઘાટ તેટલો થાયે,
મૂલ પામે અદકું ઘણું રે, નહિ તો ધૂળમાં જાયે.
સદ્‌ગુરુ કહીને ઊઠ્યા રે, રાજાએ ઝાલ્યો રે હાથ,
સંબંધ રાખશું પ્રેમથી, હાં કહ્યું જે વાર.

આમ વિધર્મી રાજાએ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને ઘણા સતાવ્યા છતાં જરા પણ ક્રોધ કર્યા સિવાય તે તેમની સાથે આનંદથી વાતો કરતા હતા. ગુણવાન પોતાના સદ્‌ગુણ કદાપિ છોડતા નથી અને દુષ્ટ માણસો પોતાની નીચતા છોડતા નથી !!

હવે વિધર્મી રાજાને ખાત્રી થઈ કે ખરેખર આ કોઈ મહાત્મા હોવા જોઈએ. તેણે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ચરણે દંડવત્ પ્રણામ કર્યા અને બોલ્યોઃ ‘મારી ભૂલ થઈ તે બદલ ક્ષમા કરો ! મારું તન, મન, ધન આપના ચરણે અર્પણ કરું છું. હું અજ્ઞાની આપનું ખરું સ્વરૂપ ઓળખી શકયો નહીં અને જુલ્મ ગુજારવામાં મેં કંઈ બાકી રાખ્યું નહીં તેમ છતાં આપ જરા પણ ગુસ્સે થયા નહીં. ધન્ય છે આપને !!

આ પ્રમાણે માફી માગી વિધર્મી રાજાને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને પોતાની રાજસભામાં પધારવા વિનંતી કરી, ત્યાં તેણે ઘણો સત્કાર કર્યો અને પ્રેમભાવથી કિંમતી ભેટો અર્પણ કરી. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે તે ભેટ ન સ્વીકારતાં પાછી આપી. સદ્‌ગુરુ મહારાજની નિઃસ્પૃહતાથી વિધર્મી રાજા આશ્ચર્યચકિત થયો. તેણે તેમની અનેક રીતે સ્તુતિ કરી !

સદ્દગુરુ શ્રી હંસતેજજી મહારાજનું જીવન વૃત્તાંત સંત શ્રી નાયાજી મહારાજના મુખારવિંદથી શ્રવણ કરી બંને ભાઈ-બહેન સંત શ્રી ભાભારામ મહારાજ અને સાધ્વી સંત શ્રી કીકીબાઈ ભાવવિભોર બની ગયાં. પછી સત્સંગમાં આગળ વાત કરતાં સાધ્વી શ્રી કીકીબાઈ સંત શ્રી નાયાજી મહારાજને કહેઃ હે શ્રી નાયાજી મહારાજ, આ સંસારમાં અનેક પ્રકારના સુખ મનુષ્યો પોતાના પુરુષાર્થ વડે મેળવી શકે છે, પણ સર્વ સુખ કરતાં શ્રેષ્ઠ સુખ આ સંસારમાં એવું કયું હશે ? કે જે મેળવવાથી મનુષ્ય ધન્ય ધન્ય અને કૃત્ય કૃત્ય થયો કહેવાય ?

સંત શ્રી નાયાજી મહારાજ (શાંત ચિત્તથી હસતા હસતા) કહેઃ બહેન ! પ્રશ્ન તો રૂડો પૂછ્યો છે ! શું કહું. તમારા હેતુથી અમારે ઊલટું કહેવું પડશે કેમકે સૌથી ઉત્તમ સુખ કયું તે બતાવું. જ્યાં મૂળ વસ્તુનો જ અભાવ હોય ત્યાં સૌથી ઉત્તમ શ્રેષ્ઠ વસ્તુ ક્યાંથી જ હોય ? જેમ વંધ્યા કોઈ કાળે પુત્રવાળી હોય જ નહિ, તો સત પુત્રવાળી તો ક્યાંથી હોય ? તેમજ આ જગતમાં સુખનો સદ્દભાવ કલ્પવો એ માયાની ધૂર્તતા જ છે.

મનુષ્ય એમ જાણે છે કે આ જગતમાં સુખ હોવું જોઈએ ! પરંતુ જગત તો મિથ્યા છે. તો મિથ્યામાંથી સત્ય પદાર્થની પ્રાપ્તિ કેમ થઈ શકે ? સત્યમાંથી સત્ય પ્રાપ્ત થાય છે, પણ અસત્યમાંથી સત્ય પ્રાપ્ત ન થાય. ગુલાબમાંથી જ ગુલાબ પ્રાપ્ત થશે. પરંતુ મનુષ્ય લીમડાના ફૂલમાંથી ગુલાબને પ્રાપ્ત કરવા ઇચ્છે છે તે માત્ર અવિદ્યાનું જ કાર્ય છે. જે પ્રારંભમાં નથી, મધ્યમાં નથી તે વળી અંતે ક્યાંથી હોય ? એમ જગતના સુખ માટે જાણવું જોઈએ. ઈંદ્રને પણ સુખ નથી, તેમ ચક્રવર્તી રાજાને પણ સુખ નથી, પણ જ્ઞાનીજનો **"સંતોષમાં જ સુખ અનુભવે છે."** આ જગતમાં સુખ છે જ ક્યાં ? કે તમને દેખાડું. સુખ મેળવવા જ્ઞાનીજનો પ્રયત્ન કરે છે. જગતમાં સઘળે દુઃખ જ છે. પણ તે જે જે ઉપાયોથી જેટલું ઓછું થઈ શકે છે, તેટલાને જગતમાં સુખ માનવામાં આવે છે. છતાં તેવા ઉપાયો પણ અવિદ્યામાં ઘેરાયેલા અજ્ઞાની મનુષ્યો ધારે છે તેમ દુઃખને ઓછું કરનાર નહિ પરંતુ ઊલટા વધારનારા જ છે. આ માયામય સંસારમાં સુખ મેળવવાની ઇચ્છા કરવી એ જ પ્રથમ દુઃખનાં કે મહાદુઃખોનાં બીજાં તેનાં ક્રૂર રૂપ છે સંસારમાં સુખ એકે ઠેકાણે નથી, તે વિષે તેનાં બે કથન કહું તે સાંભળો.

એક હૃષ્ટપુષ્ટ માણસ બીજાની જોડે આનંદથી રહેતો કરતો હતો. એટલામાં તેને કોઈ વાતની પરિસ્થિતિ આવી પડવાથી તેને અન્ન પ્રાપ્ત થયું નહિ. જેમ જેમ સમય

વીતતો ગયો તેમ તેમ તેને અધિકાધિક ક્ષુધા પીડવા લાગી. તેથી તે એટલો અકળાવા લાગ્યો કે તેને કોઈ વાતે ચેન પડે નહિ. વધારે કહેવાથી શું થાય ? ક્ષુધાનું દુઃખ કેવું છે એ કોઈથી પણ અજાણ્યું નથી. તે મનુષ્યને અતિશય ક્ષુધા લાગવાથી છેવટે મૂર્છા આવી ગઈ. આંખે અંધારા આવવા લાગ્યાં. તે શક્તિહીન થઈ ભૂમિ પર પડી ગયો.

એટલામાં તેના સહૃદયી મિત્રને જાણ થવાથી એકદમ ત્યાં આવ્યો. તેને જરાક શુદ્ધિમાં લાવી તરત જ સ્વાદિષ્ટ ભોજન કરાવ્યું. પેટ પૂરતું જમીને તે અતિ તૃપ્ત થયો. ત્યારે તેના મુખમાંથી નીકળી આવ્યું - અહો મારા પૂર્ણ સ્નેહી મિત્ર ! અહીં તેં મને આજ કેવો સુખી કર્યો છે.

જમાડનારે કહ્યુંઃ મેં તને સુખ કાંઈ દીધું નથી, પણ જે તારું દુઃખ હતું તે ગયું.

ત્યારે જમનારે કહ્યુંઃ મને અતિશય સુખ પ્રાપ્ત થયું છે. પણ તું ના કહે છે, તે તારી ભૂલ છે.

ત્યારે જમાડનારે કહ્યુંઃ સુખ તો કાંઈ દેખાતું નથી, પણ તારું ભૂખ રૂપી દુઃખ હતું તે ગયું છે.

ત્યારે જમનારે કહ્યુંઃ કેમ નહિ, તે મને ક્ષુધા સંતોષાય એટલું પેટ ભરીને શુદ્ધ ભોજન આપ્યું તે શું ?

જમાડનારે કહ્યુંઃ ભોજન તો ગમે તેવું હતું પણ જો તને ક્ષુધા ન હોત તો જરા પણ ભાવત નહિ.

જમનારે કહ્યુંઃ તું ગમે તેમ કહે પણ મારું મન કેમ માને ? તે મને ખરેખર સુખ દીધું છે.

જમાડનારે ત્યારે કહ્યુંઃ જો એમ જ હોય તો, લે આ એથી પણ સરસ મિષ્ટાન ભોજન છે તે જમી લે.

એ જોઈ તે પુરુષ પ્રથમથી જ ખૂબ ધરાયેલો હતો, તેથી મિષ્ટાનનું વાસણ જોઈ તરત કમકમી ઊઠ્યો. જમાડનારાના બોલવાનો અર્થ સમજી ગયો કે ખરે જ એમાં મને વાસ્તવિક નવું સુખ કાંઈ થવાનું નથી, પણ મારી ભૂલ હતી. ખરી વાત તો એ જ છે કે, મારું ભૂખ રૂપી દુઃખ ગયું. તેથી મને સુખ થયું છે એમ લાગ્યું. પણ હવે જો ખાઉં તો આ પચે નહિ અને ઉલટું દુઃખ થાય. આ સંસારમાં અનેક જાતનાં સાધનો છે, પરંતુ તે ભોગવવાથી અંતે તે દુઃખ રૂપ થઈ પડે છે. તેથી હે બેની ! આ સંસારમાં રહીને સુખ શોધવું એ નરી મૂર્ખતા છે.

જુઓ કે મોટા મોટા રાજાઓને પણ શત્રુનો ભય રહે છે. ટૂંકમાં કહેતાં સત્તા માત્રમાં વેરીનો ભય રહેલો છે, તે ઓચિંતાનો આવી પડે છે. તેથી નિશ્ચિત સુખે સુવાનો પણ તેમને સમય મળતો નથી. અનેક જાતના તર્ક વિતર્ક થયા કરે છે. દિવસ-રાત ખેપીયા વગેરે આજુબાજુથી ખબરો લાવ્યા જ કરે છે કે ફલાણો રાજા કે ફલાણો શત્રુ મોટા લશ્કરથી ચડી આવવાની તૈયારીમાં છે. ફલાણો દુશ્મન ચડી આવે છે. તે વખતે જાન, માલ અને આબરૂ સાચવવાના ભયથી કેટલીક ખુંવારી વેઠવી પડે છે.

વળી ફલાણો અમલદાર વેરભાવ રાખે છે તેથી પગાર કે આબરૂને નુકશાન લાગશે. કાં તો બદલી કરશે, કાં તો માથે ખોટી આળ મૂકશે. એવી ખબરો સત્તાધિશોને થયા જ કરે છે. તેમાં જ તેઓ બિચારા હેરાન રહ્યા કરે છે. તેથી તેમાં પણ કશું સુખ જેવું નથી માટે આવી પરતંત્રતા એ તો મોટામાં મોટું જ દુઃખ છે.

તેમજ વળી મોટા મોટા ગૃહસ્થોને પણ અનેક જાતની વિંટબણાઓએ ઘેર્યા હોય છે. તેમને જોઈ પ્રત્યક્ષ પ્રજાને દેખીતું સુખ લાગે છે ખરું, પણ તેઓને અંદરથી ઘણું જ દુઃખ રહેલું છે. જેમ કે કોઈ પેઢીનો ગુમાસ્તો ખોટી ચાલનો નીકળ્યો, વહાણ ડૂબ્યું, ચોરનો ભય, દેવાળું કાઢવાથી દેવાદારોનું મુશ્કેલ પરિસ્થિતિમાં આવી જવું, અગ્નિથી સર્વ સંપત્તિનો નાશ થવો એવી એવી રીતે અનેક પ્રકારના વિઘ્નો આવી પડવાથી હિસાબ, નામાં, લેણ, દેણ, આબરૂ વગેરે જાનમાલના બચાવ સારું અનેક જાતનાં કષ્ટો વેઠવાં પડે છે. તેથી પણ ગૃહસ્થોને તે વિષેની ખટપટ, જોખમદારીને લીધે અસ્વસ્થતા એ કાંઈ ઓછું દુઃખ નથી. તેને લઈ બિચારા ગૃહસ્થોને રાત્રે નિરાંતે નિશ્ચિત થઈ સૂવાનો પણ સમય નથી મળતો અને તેમ તેમ તેઓ માયાના બંધનમાં વધારેને વધારે ફસાયેલા જોવામાં આવે છે. જેમ માયા વધારે તેમ દુઃખ પણ વધારે હોય છે. તેથી તેઓમાં પણ સુખ નથી.

પરણેલાઓને પણ પીડા ઓછી નથી. કોઈની સ્ત્રી કુભારજા, કોઈનાં સંતતિ વ્યભિચારી, કોઈને સંતાન નહિ, કોઈની સંતતિ અતિ ઘણી, તો કોઈને ખાવાના પણ સાંસા, કોઈને પુત્ર પરણાવવાના, કોઈનો વેવાઈ સારો નહિ, કોઈની વેવાણ નઠારી, કોઈની પુત્રવધૂ ખરાબ, તો કોઈ પુત્રીને પરણાવવાની ચિંતામાં પડેલા દેખાય છે.

કોઈનો જમાઈ કુસંગતનો, પુત્રીનો સાસરો મિજાજી, કોઈની સાસુની રીત ખોટી છે, કોઈની દેરાણી વઢકણી, કોઈને જેઠાણીનો ભય, કોઈને નણંદ દુઃખદાઈ, કોઈ પુત્રના દુઃખે

દુઃખી, કોઈ પુત્રીના દુઃખે દુઃખી એવી એવી પરિસ્થિતિમાં બિચારા રહે છે. વળી કોઈને રંડાપાનો ભય તો માથે ઊભો જ છે. હજારો રૂપિયા ખર્ચીને પરણ્યો કે પરણાવ્યો હોય તેને બીજી સ્ત્રી મળવાનો સંભવ ના હોય અને તેવામાં વિધૂર બને તો પછી બળાપાનો પાર જ નહીં ! કોઈની પુત્રી કે ભગિની એકાદ રંડાય અને પુનઃ લગ્ન કરવાનો રિવાજ ન હોય તો તેવાઓની પુત્રીઓને તો આખોએ જન્મારો દુઃખ જ. એટલે તેનાં મા-બાપને ચિંતાનો પાર જ નહીં ? તેથી પણ ખોટું એ કે કોઈની પુત્રી વ્યભિચારીણી નીકળે તો તેના દુઃખની સીમા જ ન હોય ? કાં પુત્ર, પુત્રી કુસંગતે ચડ્યા હોય (જુગારી, વ્યસની, વ્યભિચારી વગેરે) તો પણ દુઃખ જ દુઃખ. અંતરમાં રાત દિવસ બળાપો રહે. તેને કાંઈ સુખ કહેવાશે ખરું ? નહિ જ કહેવાય.

તેથી કેટલાક તો બિચારા બોલ્યા જ કરે છે કે; હાય-હાય શું કરીયે શાસ્ત્રની આજ્ઞાને માન આપવું પડે છે. નહિતર આ સઘળો પ્રપંચ (ઘરબાર, સ્ત્રી, પુત્રાદિક સર્વ) ને એકદમ છોડી દઈ ત્યાગી થઈ જાત ! એ દુઃખ નહિ તો બીજું શું ?

કુંવારાઓ પણ એવી રીતે મનમાં ને મનમાં મૂંઝાયા જ કરે છે, કે સુંદર સ્ત્રી સંગાથે પરણી રતિ સુખ ભોગવવા, પુત્ર-પુત્રીઓને બાળપણમાં રમાડવા, લાડ લડાવવા, વળી તેમને પરણાવવા, મોજમજા કરી આનંદ કરવો. એવા સુખના વિચારોમાં હાય હાય ક્યાં સુધી એમને એમ વાંઢા ફર્યા ફરશું ? તે જ ચિંતામાં બિચારા આમ તેમ રખડ્યા જ કરે છે. તેને રાત્રે નિદ્રા પણ આવતી નથી. શું એ દુઃખ નહિ ? કુંવારાઓ પરણવાની જ ઝંખનામાં જ પૂરા રચીપચી રહ્યા હોય છે. એ જ દુઃખનું મૂળ છે. લો કહો કે હવે પરણેલા સુખી છે કે કુંવારા સુખી ? બેમાંથી એકેયને સુખી નહિ. આ તો લાકડાના લાડુ- ''ખાય એ પસ્તાય અને ના ખાય તે પણ પસ્તાય'' એવું છે.

આ એક તરફ નજર કરીએ તો સંન્યાસમાં કે સાધુપણામાં પણ સુખ ક્યાંથી હોય ? પ્રથમ તો નિત ઊઠીને પહેલી પારકી આશા. રોજ સવારે વહેલા ઊઠી ઘરઘર ભિક્ષા અર્થે ભટકવાની પીડા. તે પણ ચિંતા સાથે કે રખે મોડું થઈ જશે તો લોકો ઘર બંધ કરી બહાર જતા રહેશે તો ભિક્ષા નહિ મળે, તો આખો દહાડો ભૂખ્યા રહેવું પડશે. વળી ઘરઘરના કોઈના સૂકા, કોઈના વાસી, કોઈના મોળા, કોઈના મીઠા, કોઈના એંઠા, તો કોઈના બગડેલા રોટલાના ટુકડા લેવા. એ તો ઠીક પણ કોઈને દ્વારે જઈને ઊભા રહે તો કાંઈ બધાની સરખી પ્રકૃતિ હોતી નથી. તેઓના મેણાં,

તુંકારા, કડવાં અને કઠણ વચનો સાંભળવાં એ જ મોટું દુઃખ છે. કહેવત છે કે; "પારકી આશ સદા નિરાશ". તો કહો કે દરરોજ દહાડે પેટની પીડા. વળી પારકી આશા, ઘરઘર ભટકવું, લોકોનાં મેણાંટોણાં ખાવાં. એથી બીજું દુઃખ શું હોય ? વળી કહ્યું છે કે ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ટ ચાકરી, નાદાન ભીખ. તેથી ઉપરોક્ત બધી વિગત માયાની ભ્રમણામાં નાખનારી છે. માટે સંતોનો અભિપ્રાય નીચે મુજબ છે.

સ્ત્રી વર્ગ તરફ જોતાં તેમાં પણ કોઈ સુખી દેખાતું નથી. હમેશાં તેમના પતિ તેમને કમાવી ખવરાવતા હોય તો પણ તેઓ દરેકને ગર્ભને સમયે મરણ તુલ્ય મહા પીડા ભોગવવી પડે છે. એ તો એક વાત છે પણ જો સહેલાઈથી બાળક અવતર્યું હોય તો જ સારું. પણ કોઈને અધૂરા દિવસોમાં ગર્ભ ભંગ થાય છે, તો કોઈને બાળક આડું આવે છે, વળી કોઈને ગર્ભ સ્થિર થતાં જ મંદવાડ આવે છે, કોઈક તો તે જ મંદવાડથી મરણને શરણ થાય છે અથવા એવી મુશ્કેલીથી બાળક થાય છે કે તેઓ જીવતાં નથી અને તેની બળતરામાં તે રાત દહાડો ઊભી જ હોય છે.

કોઈ સ્ત્રીને ગર્ભ રહેતો જ નથી એટલે તેને વંધ્યાનું મેણું કાયમ તેને માથે રહે છે. તે બિચારી એવા જ દુઃખમાં આખી જિંદગી ડૂબેલી રહે છે. બીજી તરફ કોઈને સ્વામીનું સુખ નહિ, તો કોઈનો પતિ મારકણો, કોઈનો પતિ કુસંગતનો, કોઈનો પતિ દુઃખદાયી. એ સ્ત્રી પણ બિચારી જન્મ પર્યંત દુઃખમાં જ દબાયેલી રહે છે. તેણે બહાર નીકળવાનો માર્ગ દેખાતો જ નથી.

આવી રીતે અનેકાનેક પ્રકારનાં ગૃહસ્થનાં પણ દુઃખો હોય છે. સ્ત્રીને શાસ્ત્ર પ્રમાણે પુરુષની આજ્ઞામાં જરૂર રહેવું જ જોઈએ. એ સિવાયનાં અનેક પ્રકારનાં ઘરનાં કામકાજ, બાળકોનો ઉછેર વગેરે વગેરે દુઃખોમાં તો સ્ત્રી ડૂબેલી જ હોય છે. તેમાં પણ સુખની આશા રાખવી એ મિથ્યા જ છે.

બાળ વર્ગમાં સુખ દેખાય છે ખરું, પણ અંદરથી જોતાં તેમાં પણ દુઃખના ડુંગરે ડુંગરા પડ્યા હોય છે. જેમ કે કોઈ બાળકને માતા હંમેશાં વઢતી જ રહે છે અથવા તેના બાપ પણ મારે છે. કોઈને શાળામાં શિક્ષકની ચિંતા. પોતાની મનગમતી રમત ગમતમાં પડેલા હોયને તેવામાં તેઓના મા કે બાપ બોલાવે તો તરત જ તે રમત મૂકી વીલે મોઢે દુઃખી મનથી નિરાશ થઈ પાછું જવું પડે છે. એવા બિચારા નિર્દોષ બાળકના

જીવને પણ શાંતિથી બેસવા જેટલું કે પોતાની મરજી માફક આનંદ-કિલ્લોલ કરવા જેટલું પણ સુખ નથી. ત્યારે સુખ ક્યાં ક્યાં છે એ પણ વિચારવા જેવું છે.

કુંવારિકાઓને પણ સુખનું ઠેકાણું નથી દેખાતું, કેમકે કેટલીક બાલિકાઓ સુંદર વસ્ત્રલંકારથી સજ્જ થઈ રમવા કે ફરવા જતી હોય, દેવકન્યા જેવી સુશોભિત હોય પણ તેઓને માથે પણ મા-બાપની બીક, કામ-ધંધાની ચિંતા એક તરફ ઊભી જ હોય છે.

તેઓ તે ચિંતાઓને લીધે પરસ્પર વાતો એવી જ કર્યા કરે છે. કોઈ કહેશે કેઃ બેન ! હજુ તો મારે વાસીદું કાઢવાનું છે, વાસણ ઉટકવાનાં બાકી છે, ચૂલા પણ હજુ અબોટ કર્યા નથી.

કોઈ કહેશે કેઃ બેન ! શું કરું હજુ તો મારે લીપવું છે, રસોઈ કરવી છે. કોઈ કહેશેઃ મને તો મારા નાનકડા ભાઈને રમાડવો છે, રસોઈ કરતાં આવડતું નથી તેથી મારી મા મને વઢે છે, પણ બેન ! શું કરું ઘરનાં બીજા કેટલાં કામ કરવાનાં વળી તે ઉપરાંત નાનાભાઈને પણ રમાડવો, બેન ! નવરાશ શેની મળે કે હું રાંધતાં શીખું. પણ મારી મા રાંધશે ત્યાં સુધી હું ભાઈને રમાડીશ, પછી બીજા કામ પણ હું કરીશ, એટલે મારી મા ખેતીનાં કામ કરવા જશે.

એટલામાં બીજી બાલિકા બોલીઃ બેન ! હજુ તો મારે પાણી ભરવાનું છે, ઘરમાં ઢોરઢાંખર તેમજ નાનાં મોટાં માણસ ઘણાં છે, તેથી મારે તો નિત્ય આઠ નવ બેડાં પાણી લાવવાનાં હોય છે, વળી કૂવો છેટો છે અને તે ઊંડો પણ ઘણો છે. શું કરું ! મારી માને તો બિચારીને મરવાની પણ નવરાશ નથી. પાણી ભર્યા પછી પાછું ભરત ભરવાનું શીખવાનું છે. એવી રીતે ઘરનું કામ કરી પાછું ખેતરમાં બાજરી નીંદવા જવું પડશે. તે તો ઠીક પણ કામ કરતાં જરા પણ વાકું ચૂકું કંઈ થાય તો મારો મોટો ભાઈ વઢ્યા વિના રહેતો નથી તેની બીક પણ ઘણી છે. મારે તો શું કરવું ?

કોઈ કહેશે કેઃ બેન ! મારા માથે પણ કાંઈ તારાથી ઓછી પીડા નથી ! પહેલાં તો સવારમાં ઊઠીને મારે વાસીદું કાઢવું, પાણી લાવવું, ચૂલો સળગાવવો અને પછી તરત શાળામાં જવું પડે છે. ત્યાંથી બપોરે ઘેર આવું તો સીવણનું કામ કરવું પડે છે. તેમ છતાં પણ મારી મા મને તોરણ વગેરે ગૂંથવાનું શીખવાડે છે, તે કામ તો મને બહુ ભારે લાગે છે, પણ શું કરું ? ના કહું તો મારી મા મને મારે છે. આટલાં બધાં

કામ કરતાં પણ મને રમવા જવાની ના કહે છે. આજ ગોકુલાષ્ટમીના લીધે જ તમારી સાથે આવવાનું મળ્યું છે.

કોઈ કહેશે કેઃ મારે તો હજુ દળવું છે, છાણ એકઠું કરવા જવું છે, લૂગડાં ધોવાનાં છે. કોઈ કહેશે કેઃ મારે ખેતરમાં શળો કરવા, કાપણી કરવા, લાકડાં લેવા, ઘાસ કે મોલ વાઢવા-લણવા જવું છે, માટી ઉપાડવી છે વગેરે વગેરે અનેક પ્રકારની વિટંબણાઓમાં તે બિચારી નિર્દોષ બાલિકાઓને પણ ઘડીવાર કામ કરી બેસવાનું પણ સુખ નથી.

તો પછી સંસારમાં સુખનું નામ ક્યાં છે ? તેવા સંસારી સુખને શોધવા કરતાં હરિ સ્મરણમાં વળગી સાચા સદ્‌ગુરુને તથા આધ અવતારી નારાયણને ગોતી તેમના મહાપદના સુખને શોધો કે જેથી ફરી જન્મ-મરણ રૂપી ભવાટવીનું દુઃખ ટળી જાય અને સંસારનું સુખ-દુઃખ મટી જાય. એ જ પરમ સુખનું સાધન છે. એ વગર એકે ઠેકાણે સુખ નથી. જેમ કે સસલાને શિંગડું હોય જ નહિ, તેમ બીજે કદી સુખ પણ હોય જ નહિ. જેમ અગ્નિમાં શીતળતા હોય ? સમુદ્ર નીર વિનાનો હોય ? જગત અમર હોય ? ગુણિકા સતી હોય ? જો આ બધું હોય તો જ સંસારમાં સુખ હોય.

સંત સાધ્વી શ્રી કીકીબાઈ કહેઃ હે મહારાજ ! હે મુનિવર ! હે તીર્થ સ્વરૂપ નીતિ જ્ઞાન ભરપૂર હે ગુરુદેવ ! આ જગતમાં ઘણા ઠેકાણે એવું જોવામાં આવે છે કે, જેઓ અઘિટત કાર્યોમાં પ્રવૃત્ત રહે છે. તેઓ કપટમાં કુશળ હોય છે. હજારોનાં ગળાં રહેંસતાં ક્ષણભર પણ વિચાર કરતા નથી. ઈશ્વરના દંડનો જેને જરા પણ ભય નથી. એવા મનુષ્યો નિત્ય સુખો ભોગવે છે. હજારો સેવકો તેની હાજરીમાં રહી ખમ્મા ખમ્મા કરે છે.

અને જેઓએ ધર્મને જ પોતાના તન-મન-ધન સર્વ સમર્પિત કરેલાં છે, જેઓ પાપનો સંકલ્પ પણ કરતા નથી, જેઓના જીવ પ્રાણી માત્ર પર કરુણા જ વરસાવતા રહે છે અને જેઓ એમ જ માને છે કે અંધારામાં રહીને પણ જે કૃત્ય કરવામાં આવે છે તેને જોનારો પરમાત્મા છે. પુણ્ય-પાપ એ સર્વ કૃત્યોનો બદલો આપનારો કોઈક છે. હરિ સ્મરણ ક્ષણભર પણ જેના હૃદયમાંથી ખસતું નથી, એવા પરમ ભક્ત હંમેશાં દુઃખી જોવામાં આવે છે. તેનો વ્યવહાર પણ ઘણો બગડેલો જોવામાં આવે છે. તેઓ વન વન ભટકે છે અને કોઈપણ મનુષ્ય તેના પ્રતિ પ્રેમ ભાવથી જોતું નથી, તો એ સર્વનું કારણ શું હશે ? તે આપ કૃપા કરીને કહો. કેમ કે એ સંબંધે રહેલો મોટો સંશય મને નિત્ય વ્યથિત કરે છે.

સંત શ્રી નાયાજી મહારાજ કહેઃ એ કાંઈ મોટો આશ્ચર્યજનક કે નહિ સમજાય એવો પ્રશ્ન નથી. કેમ કે એવી રીત તો અનાદિ કાળથી ચાલતી આવે છે. પુણ્યાત્મા પીડિત જણાય છે અને પાપાત્મા સુખી જણાય છે. એનો હેતુ મનુષ્ય જાણતો નથી. તેનું કારણ એટલું જ છે કે તે અવિદ્યામાં ઘેરાયેલો અજ્ઞાનમાં ડૂબેલો છે. એ તો નિશ્ચિત છે કે ધર્માત્મા પુરુષ ધર્માત્મા જ છે અને તે જગતને તેવો જ દેખાય છે.

પણ તેના અંતરમાંના પૃષ્ઠ ભાગમાં દૃષ્ટિ નાખીશું તો જણાશે કે પરમાત્માનો પ્રેમ જે સર્વ સુખનું સર્વ કલ્યાણનું પરમ કારણ છે તે પ્રેમ તેના હૃદયમાં લાગ્યો નથી. તેની શ્રદ્ધા ડગુમગુ છે અને તેની ટેકમાં મોળાપણું છે. એ જ દુઃખનું પરમ કારણ છે. લૌકિક દૃષ્ટિથી જણાતાં એ ધર્મવીરના હૃદયમાં હજી એવો વૈરાગ્ય વ્યાપ્યો નથી. તે ભાવિના ચિંતાગ્નિમાં નિત્ય વ્યર્થ તપ્યા કરે છે. જો આ ચિંતામાં શાંતિનું ઔષધ એ પીએ તો એ સર્વ રીતે સુખી થાય. સાથે સાથે વ્યવહારિક સર્વ સુખો પણ સાંપડે. જે જીવાત્માએ ઘણાં ઘણાં શાસ્ત્રો વાંચ્યાં-વિચાર્યાં હોય, ધર્મમાં પૂર્ણ પ્રેમ દાખવ્યો હોય, પરસ્પરમાં તેનો બોધ પણ સારી રીતે કરાવ્યો હોય પણ વાસના કે જે સર્વ દુઃખનું મૂળ છે, તેના ત્યાગ વિના ઉત્તમપદ, ઉત્તમ સ્થિતિ તે જીવને કેમ પ્રાપ્ત થાય ? આ સંબંધે એક મહાભારતની કથા છે તે તમને કહું છું તે સાંભળો.

વિવેકી, વિરક્ત, સર્વ ગુણ સંપન્ન, સત્યવાદી ભક્ત રાજા યુધિષ્ઠિર વનવાસ ભોગવતા હતા. ત્યારે એક સમયે ત્યાં શ્રીકૃષ્ણ પરમાત્મા પધાર્યા. અનેક ઋષિમુનિઓની વચમાં પરમાત્મા બિરાજ્યા છે. તે સમયે પાંચે પાંડવમાં જયેષ્ઠ બંધુ યુધિષ્ઠરે પરમાત્મા ભગવાન શ્રીકૃષ્ણને પૂછ્યુંઃ "હે મહારાજ ! હું સર્વ રીતે ધર્મયુક્ત છું, કદી પણ પાપાચરણ કરતો નથી, કદી અસત્ય વદતો નથી, ગૌ-બ્રાહ્મણનું પ્રતિપાલન કરનારો છું, પરમાત્માના ચરણ કમળમાં સદા ચિત્ત સ્થિર રાખું છું અને મેં ગુરુજનોને માન આપી સંસારના સર્વ વિષયોને તજ્યા છે, તેમ છતાં મારે વનવગડામાં રઝળવું પડે છે. આ ભાઈઓ પણ મારા લીધે વિપત્તિ વેઠે છે. દ્રુપદ રાજાની સુકુમારી કન્યા જે રાજ્યાસનને યોગ્ય છે તે આ દર્ભની સાદડી ઉપર પોઢે છે.

અને કૌરવો જે અધર્મથી વર્તે છે, ઈશ્વરનો પણ ડર રાખતા નથી, જેઓએ કપટ કરી અમને વનમાં મોકલ્યા છે તેઓ રાજ્યાસન ભોગવે છે. તેનું કારણ શું ? ધર્મ સંબંધમાં

મને નથી સમજાતું કે અમારી તરફની કાંઈ પણ કચાશ રહી જાય છે કેમ - કે અમે સંકટ વેઠીએ છીએ ! તેનું કારણ હે મહારાજ ! શું છે ? તે આપ મને કૃપા કરી સમજાવો."

જરા સ્મિત કરી શ્રીકૃષ્ણ બોલ્યાઃ "જ્ઞાનીને પોતાના સ્વરૂપમાં પ્રમાદ કરવા કરતાં બીજું કાંઈ પણ અનર્થકારક નથી. કેમકે પ્રમાદથી મોહ, મોહથી અહંવૃત્તિ, અહંવૃત્તિથી અજ્ઞાન અને અજ્ઞાનથી દુઃખ થાય છે. દુઃખનું કારણ ટેકનું મોળાપણું છે. જો મનુષ્ય ટેક રાખે તો દુઃખ આવતું નથી, પણ જ્યારે ટેકમાં ઊણપ હોય છે ત્યારે જ મનુષ્ય દુઃખ ભોગવે છે. પોતાની ભૂલ મનુષ્ય જોઈ જાણી શકતો નથી. કેમ કે જો તે જાણતો હોય તો અન્યને દોષિત કરે નહિ, પણ પોતાના જ દોષને જુએ." આ સાંભળી રાજા યુધિષ્ઠિર તો મૌન જ રહી ગયા.

પણ અર્જુને કહ્યું: "પણ ભાઈ ! મારી ટેકમાં તો કાંઈ પણ ખામી નથી તે છતાં પણ મારી સૌના જેવી જ દુઃખી અવસ્થા છે."

શ્રીકૃષ્ણએ કહ્યું: "તારી ટેક યથાર્થ નહિ હોય, જો હોય તો પ્રભુ દુઃખ પડવા દે નહિ."

તે સાંભળી અર્જુન બોલ્યોઃ "મારી ટેકમાં સહેજ પણ ઊણપ નથી. આપ જો એમ ધારતા હો તો ભલે ધારો, પણ મેં તો મારો ધર્મ યથાર્થ પાળ્યો છે. હું મારી ટેક કદી પણ ચૂક્યો નથી." શ્રી કૃષ્ણને અર્જુનનાં વચન રુચ્યાં નહિ, પણ તેમણે તે વાત એટલેથી જ અટકાવી. એમ વિચારીને કે અર્જુનને તેની ટેકનું મોળાપણું બતાવ્યા વિના કદી પણ સત્ય શું છે તે સમજનાર નથી. તે પછી કેટલોક સમય વીત્યા પછી એક દિવસ અર્જુનને શ્રીકૃષ્ણ ગંગા તટ પર ફરવા લઈ ગયા.

માર્ગમાં શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું: "આ તારા ગળામાં માળા છે તે મને આપ."

અર્જુને કહ્યું: આ માળા તો મારા જીવ બરાબર છે, પ્રાણ જાય તો ભલે જાય પણ માળા હું કોઈને આપું નહિ. ઈંદ્રએ જ્યારે મને આ માળા ભેટ આપી ત્યારે કહ્યું હતું કે; "તારે આ માળા કોઈને આપવી નહિ, તેથી આ માળા તો મારા જીવને સાટે છે."

શ્રીકૃષ્ણે કહ્યું: "અર્જુન ! તારી એવી ટેક છે એથી મને ઘણો આનંદ થાય છે, પણ મિત્ર જ્યારે પ્રાણ સંકટમાં આવે ત્યારે એ ટેક રહે નહિ. નીતિ પણ કહે છે કે જ્યારે સંકટ આવે ત્યારે દ્રવ્યથી કુટુંબનું રક્ષણ કરવું અને પ્રાણ સંકટ આવે ત્યારે કુટુંબનો

ત્યાગ કરી પ્રાણનું રક્ષણ કરવું. પ્રાણ ગયા પછી આ માળા તારે શા ઉપયોગની છે ? ગમે તે એનો ભોક્તા થશે, માટે ભાઈ ! પ્રાણ સંકટની વાત રહેવા દે. પ્રાણ જતો હોય ત્યારે આ માળા તો શું પણ દ્રવ્ય, પુત્ર, સ્ત્રી સર્વનો ત્યાગ કરીને પણ મનુષ્ય પ્રાણનું રક્ષણ કરે છે અને તે વખતે બધી ટેક ભૂલી જાય છે. પ્રત્યેક પ્રાણીને પ્રથમ જીવવાની અને પછી સુખ ભોગવવાની તૃષ્ણા રહે છે. એ તૃષ્ણાનો ઉન્માદ થોડી ક્ષણમાં દૂર થઈ જાય છે અને તે જ તૃષ્ણા ક્ષણમાં દોડતી દોડતી આવી સોડમાં ભરાય છે. એમ સદા જ તે કાર્ય કર્યા કરે છે. એ થોડી ક્ષણનો નાશ થયો ન હોય ત્યાં સુધી પ્રાણની ઈચ્છા સતેજ રહે છે અને ત્યાં સુધી ગમે તે ઉપાયથી સર્વ મનુષ્યો પ્રાણનું રક્ષણ કરે છે જ.''

અર્જુને કહ્યું: ''એ તો ગમે તેમ હશે, પણ મારી ટેક અટલ છે. ગમે તે થાય, ગમે તેટલું સંકટ આવે, તો પણ આ માળા હું તજું નહિ. મારી પ્રતિજ્ઞા છે કે જો આ માળા હું તજું તો મને રામ દુહાઈ છે.''

આ પ્રમાણે કૃષ્ણ અને તેમના પ્રિય સખાની ગોષ્ટિ ચાલતી હતી તેવામાં સંધ્યા સમય થયો. અર્જુનનો નિત્ય નિયમ હતો કે ગમે ત્યાં હોય તો પણ પોતાની સંધ્યા તો કરવી જ. તે નિયમ પ્રમાણે વસ્ત્ર ઉતારી નદી પરના પાસેના ઘાટ પર સ્નાન કરવા ગયો. ઈશ્વર કળા અકળિત છે તેથી જેવો પાણીમાંથી ડૂબકી મારીને બહાર નીકળ્યો અને સામી દૃષ્ટિ કરે છે તો ત્યાં એક મોટો વિકરાળ સિંહ ઘુંઊંઊં ગર્જના કરતો અર્જુન તરફ કરડી નજર ઘૂમાવતો ઊભેલો જણાયો. આ સમયે તો અર્જુન પાસે અસ્ત્ર શસ્ત્ર તો દૂર રહ્યાં પણ એક ન્હાવાના વસ્ત્ર સિવાય બીજું વસ્ત્ર પણ મળે નહિ. તે સિંહ તો ગર્જના કરી રહ્યો છે અને અર્જુન પર કૂદવાને તત્પર થયો. તે સમયે અર્જુન પાસે કોઈ શસ્ત્ર નહિ હોવાથી તેણે પ્રાણ રક્ષણ માટે પોતાના ગળામાંથી માળા કાઢી મંત્રીને સિંહ પર ફેંકી. તરત તે માળા સિંહ ગળામાં ધારણ કરીને અલોપ થઈ ગયો. અર્જુન તો દિગ્મૂઢ થઈને જોઈ જ રહ્યો કે આ શું થયું ?

પછી અર્જુન સંધ્યા કરીને જ્યાં શ્રીકૃષ્ણ બેઠા હતા ત્યાં જઈને સિંહ સંબંધી જે વૃત્તાંત બન્યો હતો તે અથથી ઈતિ સુધી કહી સંભળાવ્યો, પણ માળા ગયાની વાત ગુપ્ત રાખી. પછી જ્યારે અર્જુન વસ્ત્ર લેવા ગયો ત્યારે તેણે પોતાના વસ્ત્ર ઉપર તે માળા પડેલી જોઈ. તે સમયે શ્રીકૃષ્ણે સ્મિત કરી કહ્યું કે: ''કેમ અર્જુન ! આજ તારી

ટેક અને આજ તારી રામ દુહાઈ કે ? પણ હોય, જ્યારે પ્રાણનું રક્ષણ કરવું પડે ત્યારે સર્વનો ત્યાગ કરવો પડે એવો જે મહાત્માઓનો આદેશ છે તે યોગ્ય જ છે કેમ કે પ્રાણ વડે જ સર્વ છે.” એ સાંભળી અર્જુન ઘણો શરમાઈ ગયો અને પોતાની ટેક મોળી છે એમ તેને ભાસ્યું. પણ મનમાં નિશ્ચય કર્યો કે ભવિષ્યમાં તો મારી ટેકમાં ખામી આવવા નહિ દઉં. પરમાત્મા સર્વના હૃદયમાં રમણ થતા વિચારોના જાણનારા છે. તેમણે અર્જુનનો આ સંકલ્પ જાણ્યો અને વિચાર્યું કે અર્જુનને પોતાની ટેકનું હજુએ અભિમાન છે તો ક્યારેક તેની પરીક્ષા લઈશું.

આ પ્રસંગને થોડો સમય વ્યતિત થયા પછી એક દિવસે કોઈ કામ પ્રસંગે શ્રીકૃષ્ણ અને અર્જુન ફરતા ફરતા ઘણે બહુ દૂર નીકળી ગયા. તાપ એવો તો સખત પડે કે જાણે પ્રલય કાળનો અગ્નિ જ વરસતો હોય. તે તાપ કાળજુ બાળી નાખે તેવો હતો. બંને જણા લાંબો પંથ કાપવાથી લોથપોથ થઈ ગયા હતા. પેટમાં ભૂખ પણ ખૂબ જ લાગી હતી, તેમાંય વળી માર્ગમાં એકે વૃક્ષ મળે નહિ કે જેની છાયામાં બેસે તો જરાક શાંતિ મળે, તેમજ કોઈ જળાશય પણ નહોતું દેખાતું કે તેમાંથી જળપાન કરીને વિશ્રાંતિ લે.

થાક લાગવાથી અર્જુનના પગ લથડીયાં ખાવા લાગ્યા. તેમણે શ્રી કૃષ્ણને કહ્યું કેઃ “મહારાજ ! હવે મારાથી એક ડગલું પણ ચલાય તેમ નથી. જરાક જળ મળે તો મારાથી ચલાશે.” એમ કહી અર્જુન ત્યાં જ બેસી ગયો.

શ્રીકૃષ્ણે કહ્યુંઃ “જરાક આગળ ચાલ, આગળ જઈ આપણે પાણીની શોધ કરીએ.” એમ સમજાવી અર્જુનને થોડોક આગળ ચલાવ્યો.

તેવામાં એક વૃક્ષ નજરે પડ્યું એટલે અર્જુન ત્યાં બેસી ગયો અને પરમાત્માને કહ્યુંઃ “મને કાંઈ ખાવાનું લાવી આપો.”

ત્યારે શ્રીકૃષ્ણે કહ્યુંઃ “તું અહીંયાં બેસ, હું ગામમાં જઈને કાંઈક ખાવાનું લઈ આવું, પણ તું અહીંયાંથી ક્યાંય આઘો-પાછો થાય તો મારે તને ક્યાં શોધવો ?”

અર્જુન બોલ્યોઃ “અરે રામ રામ કહો, ખાત્રીથી કહું છું કે હું એક ડગલું અહીંથી દૂર જવાનો નથી. જ્યાં એક ડગલું ભરવાની હિંમત નથી ત્યાં આઘો-પાછો ક્યાં જવાનો હતો ? જો આ વૃક્ષની છાયાથી દૂર એક ડગલું પણ મૂકું તો મને રામ દુહાઈ છે.” તૂર્ત શ્રીકૃષ્ણ ભગવાન પાસેના ગામમાંથી ભોજન લાવવાને કાજે ચાલતા થયા.

જરાક ભગવાન આગળ ચાલ્યાને પાછા વળી અર્જુનને સંબોધી કહેવા લાગ્યા કેઃ જો જે ભાઈ ! તું અહીંથી ક્યાંય જતો નહિ. તું ક્યાંય જાય તો હું તમે ક્યાં શોધું ?

ત્યારે અર્જુને ઊઠીને કહ્યું કેઃ ચાલવાની તો હામ મારામાંથી હણાઈ ગઈ છે પછી દૂર જવાની વાત કેવી ? એમ કહીને ધનુષ્ય લઈ પોતાના ફરતા લીટાની આણ કરી અને કહ્યું કેઃ આ લીટાની આણ બહાર જાઉં તો મને રામદુહાઈ છે. એટલું કહ્યું એટલે શ્રીકૃષ્ણે ફરીથી કહ્યુંઃ જો જે ભાઈ ! ક્યાંય જતો નહીં એટલું કહી પાણી અને ભોજન લેવા ચાલતા થયા.

આ તરફ ભગવાનના ગયા પછી સૂર્ય એવો તપવા માંડ્યો કે જાણે એક સામટા બારે આદિત્ય પ્રલય કરવા માટે તપવા માંડ્યા હોય. અર્જુનનું પાણી વગર ગળું સુકાવા માંડ્યું. તેના ગળામાંથી થૂંક પણ નીકળતી નહોતી. તેનો જીવ આકુળ વ્યાકુળ થઈ ગયો અને થોડીવારમાં તો પાણી પાણી કરતો મૂર્છા ખાઈ બેભાન થઈ ગયો. થોડીવાર પછી કળ વળી અને તે જરા સાવધ થયો. તેવામાં એક ભિખારીનું ટોળું એક ગૃહસ્થને વીંટળાઈ વળી ગામની દિશા તરફથી આવતું દેખાયું. તે ગૃહસ્થ ભિખારીઓને પૌંઆ અને દાળીયા વહેંચતો હતો. પૌંઆ અને દાળીયા વહેંચાતા જોઈ અર્જુન પોતાની લીધેલી પ્રતિજ્ઞા વિસરી જઈ વૃક્ષની છાયાથી બહાર ગયો અને જે માણસ પૌંઆ-દાળીયા આપતો હતો તેને પૈસા આપી તેની પાસેથી દાળીયા-પૌંઆ વેચાતા લીધા અને તેમાંના થોડાક ત્યાં જ ઊભા રહી ખાધા પછી બાકીના દાળીયા-પૌંઆ ખાતો ખાતો વૃક્ષ તરફ આવવા લાગ્યો.

એટલામાં શ્રીકૃષ્ણ ત્યાં આવી પહોંચ્યા અને બોલ્યા કેઃ "પણ તેં તો પ્રતિજ્ઞા લીધી હતી કે જો અહીંથી જરા પણ ખસું તો મને રામદુહાઈ છે તો પછી તું દૂર કેમ ગયો ?'

એ સાંભળી અર્જુન પાછો શરમીંદો પડી ગયો અને મૌન ધરી રહ્યો.

પછી શ્રીકૃષ્ણે કહ્યુંઃ અર્જુન ! તારી ટેક આવી જ કે ? જો તારાથી થોડોક સમય પણ આહાર વગર રહેવાયું નહિ અને તેમાં જ તારી પ્રતિજ્ઞાનો ભંગ થયો, તો પછી બીજા મહત્ત્વના કાર્યમાં તારી ટેક આવી જ જાળવીશને ? પણ એમાં તારો દોષ નથી, એ તો મનુષ્યની સ્વાભાવિક પ્રકૃતિ છે. હવે તને નક્કી જણાયું હશે કે તારી ટેક તદ્દન મોળી છે અને એ પ્રમાણે ટેકનું મોળાપણું જ દુઃખનું કારણ છે.

જ્ઞાની મનુષ્ય પોતાની ટેકમાં સુદૃઢ રહેવામાં તત્પર રહે અને પરમાત્મા પર સંપૂર્ણ વિશ્વાસ રાખે તો દુઃખના બંધનથી કેમ મુક્ત થઈ શકે નહિ ? વિશ્વ રચના કાળે મેં જ સર્વ વિધિ એવો રચ્યો છે કે, જો શ્રદ્ધાપૂર્વક સર્વ પ્રાણીઓ મારો આશ્રય કરે તો તેમની કોઈ પણ ઈચ્છા-વાંચ્છનાઓ અપૂર્ણ રહે નહિ. પણ પ્રાણીઓની વૃત્તિ તેવી નથી હોતી. તેઓના વિશ્વાસ-દઢતા-શ્રદ્ધા કેવળ મોળાં જ હોય છે અને તેથી જ તેઓ કલેશ અને દુઃખને પામે છે. જે મનુષ્ય એવો જ સંકલ્પ કરી દઢતાથી જગતમાં વિચરે છે, કે મારી નિંદા કરે એથી તો તે મારા પર મોટો અનુગ્રહ કરે છે અને મારી સ્તુતિ કરે તો એનો પણ મને જરાએ હર્ષ નથી. જે પુરુષો સૌનું કલ્યાણ ઈચ્છે છે તેઓ બહુ દુઃખથી પ્રાપ્ત કરેલું ધન પણ પારકાની પ્રીતિ માટે તજી દઈને આનંદમાં રહે છે. એમ પ્રાણી માત્રની ઈચ્છાને અનુસરીને તેની પ્રીતિમાં તત્પર રહેલા મનુષ્યો પોતાની ટેકમાં સુદઢ રહી શકે છે. પણ સ્વ પ્રીતિ માટે વલખાં મારનાર આ સુખ હીન સંસારમાં ક્યાંથી ટેક જાળવી શકે ?

તું અને ધર્મ રાજા સર્વ પ્રતિ સમાન વૃત્તિને પામ્યા નથી એથી જ તમે દુઃખ પામો છો. જેમનાં મન વચન કર્મ એવાં છે કે સર્વ સુખી થાઓ, સર્વ નિરોગી રહો, સર્વનું કલ્યાણ થાઓ, કોઈને દુઃખ થાઓ નહિ, આવા સમદષ્ટિવાળાઓને કદી દુઃખ થતું નથી. તું હજી તેવો બન્યો નથી, તે જ સંકટનું કારણ છે. જો તને રામદુહાઈ પર વિશ્વાસ હોત તો તું એમ જાણે કે તારી સહાય પરમાત્મા કરત નહિ ? કરત જ, પણ એ તારી રામદુહાઈ અને ટેક મોળી હતી. જે મેં યથાર્થ દર્શાવ્યું છે એટલે તારા મનનું સમાધાન થશે કે તમારા સર્વના દુઃખનું કારણ તમે પોતે જ છો."

ક્ષણભર વિચાર શૂન્ય થયા પછી સાવધ થઈને અર્જુને પૂછ્યું : "મહારાજ ! ત્યારે ખરો ટેકી કેવો હોય છે તે મને આપ બતાવશો ?"

શ્રીકૃષ્ણે કહ્યુંઃ ઠીક છે, પછી ત્યાંથી શ્રીકૃષ્ણ અને અર્જુન આગળ ચાલ્યા. માર્ગમાં શ્રીકૃષ્ણે કહ્યુંઃ અર્જુન, આ વેશ બદલી નાખીને તું સંત પુરુષ બની જા તથા કંઠમાં માળા પહેરી કંથા ધારણ કર અને ભિક્ષાન્ન દેહી કરતાં શીખ." પછી બંને જણાએ સાધુનો વેશ ધરી લીધો અને પડોશમાં આવેલા નગરમાં પ્રવેશ કર્યો.

એ નગરમાં એક ધર્મનિષ્ઠ સાધુ-સંતોનો પ્રીતિપૂર્વક આદર સત્કાર કરનાર સર્વ ધર્મને યથાર્થપણે પાળનાર, પોતાના નિત્ય નિયમમાં પરિપૂર્ણ એવો એક મહાવૈષ્ણવ બ્રાહ્મણ રહેતો હતો. તેને ત્યાં જઈ બંને જણા 'ભિક્ષાન્ન દેહી' કહીને ઊભા રહ્યા.

બ્રાહ્મણે પ્રણામ કરી પધારેલ સંતોને ભોજન માટે પ્રાર્થના કરી. બંને સંતોએ તેમનું નિમંત્રણ માન્ય રાખ્યું, તે પણ એક શરતે કે તે વૈષ્ણવની સ્ત્રી જ ભોજન તૈયાર કરીને જમાડે. પછી તે બ્રાહ્મણે પોતાની બંને સ્ત્રીઓને આજ્ઞા કરી કે તમે આ મહાત્માઓને માટે સ્વચ્છ, શુદ્ધ અને પવિત્ર ભોજન તૈયાર કરીને ભોજન જમાડો. પતિ આજ્ઞાએ સર્વાંશે અનુસરનારી તે બ્રાહ્મણની બંને સ્ત્રીઓ સંતોની સેવામાં તત્પર થઈ ગઈ અને ઘણી ત્વરાથી ભોજન તૈયાર કરી સંતોને આસન પર જમવા માટે બેસાડ્યા.

આ સમયે શ્રીકૃષ્ણે અર્જુનને કહ્યું: "હે અર્જુન ! જે ટેકને પ્રતિપાલનથી મનુષ્ય દુઃખનાં કલેશને પામતો નથી તે ટેક તને હમણાં જ જણાશે કે ખાત્રીપૂર્વક જેમને ટેક ગયા પછી કાંઈ જ રહેતું નથી. જેમ વય ગયા પછી કામ વિકાર નથી, જળ સુકાઈ ગયા પછી સરોવર નકામું છે, વિત્ત ગયા પછી જીવન નકામું છે તે કડવું ઝેર જેવું લાગે છે, તેમ તત્ત્વજ્ઞાન થયા પછી સંસાર ખાવા ધાય છે. ટેક લીધા પછી જેને પરમ શ્રદ્ધા છે, તે ગમે તેવા સંકટમાં પણ શ્રદ્ધાને ચલાયમાન થવા દેતો નથી, પરંતુ તેને ધીરતાથી વહન કરે જ જાય છે, તે જ પરમ સિદ્ધિને પામે છે. આ ગૃહનો સ્વામી પૂર્ણ ટેકી છે. ઈશ્વર પર શ્રદ્ધાવાન છે. પ્રાણ જાય તો ભલે જાય પણ ટેક જવા દેતો નથી તેની પ્રતીતિ તને આજ ક્ષણે થશે તે તું જોજે." એટલા સમયમાં તે બ્રાહ્મણની સ્ત્રીઓએ સુવર્ણથાળમાં ભોજન પીરસીને તેઓના સન્મુખ મૂક્યાં અને લજ્જા તથા વિનયથી બંને મહાત્માઓને ભોજન લેવા પ્રાર્થના કરી.

ત્યારે શ્રીકૃષ્ણે પૂછ્યું: આપના પતિદેવ ક્યાં છે ?

એક સ્ત્રીએ કહ્યું: "મહારાજ ! તેઓ પેઢીએ પધાર્યા છે."

શ્રીકૃષ્ણ બોલ્યાઃ તેઓને બોલાવો, તેમના વિના અમે ભોજન કરીશું નહિ. અમે બંને તેઓની સાથે જ ભોજન કરીશું.

આવી હઠ લઈ બંને સાધુઓને બેઠેલા જોઈને તે બ્રાહ્મણની એક સ્ત્રી તેમના પતિદેવને બોલાવવા પેઢી ઉપર ગઈ અને ત્યાં તેને સર્વ વૃત્તાંતથી પોતાના સ્વામીને માહિતગાર કર્યા એટલે તે બ્રાહ્મણ ધર્મસંકટમાં સપડાયો. ઘણા ઘણા વિચાર કર્યા પછી ઘેર આવ્યો અને તેમણે મહાત્માઓને પ્રણામ કરી કહ્યું: મહારાજ ! મેં ભોજન લીધું છે, માટે આપ આ પવિત્ર ભોજન આરોગવાની કૃપા કરો. જો આપના જમ્યા પહેલાં મારાથી ભોજન લેવાયું છે તે

અપરાધ જણાતો હોય તો મને ક્ષમા કરો. પરંતુ હે સંતો ! મારો આ નિયમ છે કે મારે એકલાએ જ ભોજન કરવું. તેથી જ મેં જાુદું ભોજન લીધું છે.

શ્રીકૃષ્ણે કહ્યું: "હશે, પણ જો આજે તમે અમારી સાથે ભોજન લેશો નહિ તો અમે ભોજન ગ્રહણ કર્યા વગર ચાલ્યા જઈશું."

તે સંત ભક્તને આ વાતથી મોટું ધર્મસંકટ આવી પડ્યું. શુદ્ધ પવિત્ર મહાત્મા સંતો ભોજનના થાળ પરથી ઊઠીને ચાલ્યા જાય એનાથી બીજું કષ્ટકારક એક પવિત્ર પુરુષ માટે શું હોય ? નિરાશ થઈને તે બ્રાહ્મણે ત્રીજો એક પાટલો મૂકાવ્યો, એટલે ઘણા ખેદ યુક્ત થઈ ધ્રૂજતાં ધ્રૂજતાં સ્ત્રીએ થાળ મૂક્યો. બ્રાહ્મણની ટેક જવાનો ખરેખરો સમય હતો પણ તે ટેક જવા દે તેવો નહોતો.

તેને થાળ સમક્ષ દૃષ્ટિ કરી પછી અકસ્માતે બોલ્યોઃ "આ થાળમાં પેલી નવી કેરીનું અથાણું કેમ મૂક્યું નથી ? હું ઉપર માળિયા પરથી કાઢી લાવું." એટલું કહીને તે ગૃહસ્થ બ્રાહ્મણ માળિયા ઉપર ગયો. ઘણીવાર થઈ પણ જ્યારે તે પાછો આવ્યો નહિ ત્યારે એક સ્ત્રી તેને બોલાવવા માળિયા ઉપર ગઈ, તે તથા તેનો પતિ ઘણો સમય થયો છતાં ન આવવાથી બીજી સ્ત્રી પણ ઉપર ગઈ. ત્રણે ઉપર ગયાં. ઘણીવાર થઈ ત્રણેમાંથી કોઈ પાછું વળ્યું નહિ તે જોઈ શ્રીકૃષ્ણને અર્જુને પૂછ્યું: "મહારાજ આનું કારણ શું ? કે ત્રણ માણસ અથાણું લેવા ગયાં તેમાંથી એકે પાછું આવ્યું નહિ. મહારાજ ! મને તો આમાં કાંઈક ભેદ જણાય છે."

શ્રીકૃષ્ણ બોલ્યા: "અર્જુન ? એ જ ટેક, એ જ પ્રભુ પરની દૃઢ શ્રદ્ધા. ચાલ હું તને ટેક કેવી છે તે બતાવું." એમ કહી બંને જણા આસન પરથી ઊઠી માળિયા ઉપર ગયા તો એક ઓરડામાં બે સ્ત્રી અને એક પુરુષ મૃત્યુ પામેલાં પડ્યાં હતાં. તેમના અંતરાત્મા પરમાત્માને પામ્યા હતા...!

આ સર્વ વૃતાંતનો હેતુ અર્જુન કાંઈ પણ સમજી શક્યો નહિ. એ તો એ ત્રણે મનુષ્યોને પ્રાણ રહિત જોઈને ચિત્ત ભ્રમ થઈ ગયો હતો. પછી તે શ્રીકૃષ્ણ પ્રત્યે બોલ્યોઃ "મહારાજ ! હું આનું કશું પણ કારણ સમજી શકતો નથી, માટે તમે મને સમજાવો કે આ ત્રણે કોણ છે ? અને તેઓને આ પ્રમાણે આત્મઘાત કરવાનું કારણ શું છે ?

શ્રીકૃષ્ણ બોલ્યા: હે અર્જુન ! ટેક જ આ સર્વનું કારણ છે. તને આનો ભેદ સમજાતો નથી તો હું તને સમજાવીશ. એમ કહી શ્રીકૃષ્ણએ પોતાની ગુણમયી દૈવી

માયાને દૂર કરી કે તત્કાલ તે ત્રણે મનુષ્ય પ્રાણી જીવનભાવને પામીને બેઠાં થયાં. આ ક્ષણે શ્રી કૃષ્ણ તથા અર્જુને પણ પોતાનું મૂળ સ્વરૂપ ધારણ કરીને તેઓને દર્શન દીધાં. એટલે તે બ્રાહ્મણ તેની પત્નીઓ સાથે કર જોડી પ્રણામ કરી સામો ઊભો રહીને અપરાધની ક્ષમા માગવા લાગ્યો.

શ્રીકૃષ્ણે તેમને આશીર્વાદ આપતાં કહ્યું: "મારા પરમ ભક્ત ! તારે આ પ્રમાણે વર્તવાનું શું પ્રયોજન હતું તે કહે ?"

બ્રાહ્મણ બોલ્યો: હે પરમનિયંતા ! આપથી શું અજાણ્યું છે કે તે હું આપને કહું. પરંતુ આપની આજ્ઞા છે તો મારા અપરાધનું ચરિત્ર સાંભળો.

મારા પિતા મને બાળ વયમાં મૂકીને મૃત્યુ પામ્યા હતા. તેઓએ મારાં લગ્ન આ બંને સ્ત્રીઓમાંથી જે મોટી સ્ત્રી છે તેમની સાથે કર્યાં હતાં, તેથી જ્યારે હું અને મારી પ્રથમ પત્ની વયમાં આવ્યાં ત્યારે મારાં માતૃશ્રીની આજ્ઞાથી હું મારી આ સ્ત્રીને તેડવા માટે તેમના પિયરમાં ગયો હતો.

આકાશમાં જેમ પક્ષીઓનાં અને જળમાં જેમ જળચરોનાં પગલાં દેખાતાં નથી, તેમ ભાવિની ગતિ પણ એક પરમાત્મા સિવાય બીજું કોઈ જાણી શકતું નથી. મારા સાસરીના ગામની નજીક પહોંચ્યો ત્યાં એક પ્રસંગ બન્યો. ગામની ઘણી કન્યાઓ ગોબર લેવા ગામના પાદરમાં આવી હતી. મારી પ્રથમ પત્ની પણ તેમાં સામેલ હતી. તેણે પણ પોતાના ટોપલામાં પુષ્કળ છાણ ભર્યું હતું. બીજી કન્યાઓ ત્યાંથી ચાલી ગઈ હતી. તે સમયે હું અશ્વ પર બેસીને જતો હતો. તેણે મને બોલાવીને કહ્યું: 'ઓ ઘોડેસવાર ! આ ટોપલો મારા માથા ઉપર ચડાવશો ? મેં હા કહી.'

ઘોડા ઉપરથી ઉતરી છાણનો ટોપલો હાથમાં લીધો કે એ બાળા તરત બોલી: 'તમે ટોપલો અદ્ધરથી મારા માથે મૂકજો, જો તમે મારા શરીરને જરા પણ હાથ લગાડો તો તમને 'રામદુહાઈ' છે.

મેં કહ્યું: બાળા ? તું જરા પણ ચિંતા કરીશ નહિ. હું તારા શરીરનો જરા પણ સ્પર્શ નહિ કરું. કરું તો મને 'રામદુહાઈ' છે.

પછી છાણનો ટોપલો એને માથે મૂકાવી હું ઘોડે ચડી ગામમાં આવ્યો અને સાસરાંને ઘેર પહોંચ્યો. હું મારા સસરાની સાથે વાતો કરતો હતો તેવામાં આ કન્યા મારી પ્રથમ

પત્ની છાણનો ટોપલો લઈને આવી ઊભી રહી. તે વખતે મેં જાણ્યું કે જે કન્યાને મેં છાણનો ટોપલો ચઢાવ્યો હતો તે મારી પોતાની પત્ની છે.

બનવા કાળ બની ગયું. એણે મને પ્રતિજ્ઞા આપી હતી કે જો મારા શરીરને સ્પર્શ કરો તો તમને 'રામદુહાઈ' છે. મેં તો હવે હરિ ઇચ્છા અનુસાર વર્તવું એમ મનમાં નિશ્ચય કર્યો. એની સત્‌ની પ્રતિજ્ઞા છે એટલે મેં પણ પ્રતિજ્ઞા લીધી કે હવે સંસારમાં ધર્મથી જ વર્તવું એ જ ઉત્તમ છે. મનુષ્યે પ્રતિજ્ઞા પાળવી એ તેનો ધર્મ છે. મહારાજ ! મેં મનમાં નિશ્ચય કર્યો જે ભાવિ છે તે કદી મટતું નથી અને જે ભાવિમાં નથી તે થવાનું નથી. આવા વિચારથી મેં મનથી હંમેશને માટે મારી પત્નીને સ્પર્શ ન કરવાનો નિશ્ચય કર્યો. મનોમન ભગવાનને પ્રાર્થના કરી કે મારી 'રામદુહાઈ' સત્યથી પૂર્ણ કરવાનું બળ ઈશ્વર મને આપો.

પછી મારી પત્નીને તેડી હું મારે ઘેર આવ્યો. પ્રથમ દિવસે જ રાત્રિના જ્યારે એ શયનગૃહમાં આવી ત્યારે મેં પૂછ્યું કેઃ કંઈ સ્મરણ થાય છે ? એણે ના પાડવાથી સર્વ વૃત્તાંત મેં મારી પત્નીને કહી સંભળાવ્યો અને કહ્યું કેઃ હવે તમે તમારી રામદુહાઈની ટેક જાળવીને ધર્મ પ્રમાણે વર્તો અને મને પણ વર્તવા દો. સંસારમાં સુખનો ત્યાગ કરોને ધર્મ પર પ્રીતિ કરો. **"શ્રેય સંસારથી નથી પણ શ્રેય ધર્મથી જ છે."** પૂર્વ જન્મના એમનામાં સંસ્કાર હતા તેથી એણે પણ 'રામદુહાઈ' યથાર્થ સ્વરૂપમાં પાળી છે અને તે નિત્ય ઈશ્વર ધ્યાન પરાયણ રહે છે.

પરંતુ આ ઐશ્વર્ય વગેરે જોઈ આ મારી પ્રથમ સ્ત્રીના મનમાં એવો સંકલ્પ થયો કે હું સંતાન ઉત્પન્ન કરી વંશનું નામ રાખું એ કારણથી મને આગ્રહ કરી આ તેની નાની બહેન સાથે મને પરણાવ્યો છે. ઈશ્વરીય ગતિ બળવાન છે, તેથી મારા સસરાએ શિખામણ આપતાં મને કહ્યુંઃ "જમાઈરાજ ! જેવું તમે મારી મોટી પુત્રીને સુખ આપ્યું છે તેવી જ રીતે આ મારી બીજી પુત્રીને પણ સુખ આપજો અને બંનેમાં તમે જરા પણ ભિન્નભાવ ગણો તો તમને 'રામદુહાઈ' છે."

હે દેવ ! જુઓ આ ભાવિ કેવું બળવાન છે. હવે મારે શું કરવું ? એક 'રામદુહાઈ' ઈશ્વરે ટકાવી રાખી છે તો આ બીજી 'રામદુહાઈ' પણ ટકાવવાનું મને બળ આપો એટલી મેં તે સમયે ભગવાનને પ્રાર્થના કરી અને સાથે આ સ્ત્રી પણ મને માતા તુલ્ય છે એવો મનમાં સંકલ્પ કરી તેની સાથે હું વિદાય થયો. ઘેર આવી આ મારી પ્રથમ પત્નીને

હકીકત જણાવી તે દિવસથી એ બંને બહેનો ઈશ્વર સેવા પરાયણ રહે છે અને સ્વધર્મનું યથા યોગ્ય રીતે પાલન કરે છે.

"અનિચ્છાથી અને અજ્ઞાનપણાથી પ્રાપ્ત થયેલી ઈશ્વરેચ્છાને અનુસરીને હું સંસારના સર્વ વહેવારથી દૂર રહ્યો છું. મારી ટેક પ્રાણાંતે પાળવાનો મારો નિશ્ચય છે. તેથી આ દેહે આ સ્ત્રીઓ સાથેનો સર્વ સંબંધ તજ્યો છે. **"શબ્દ જે પોતે પરમાત્માનું સ્વરૂપ છે, તેના સ્પર્શ સિવાય બીજા સર્વ વ્યવહારનો ત્યાગ કર્યો છે"** અર્થાત્ મારી બંને પત્નીઓથી દૂર ઊભા રહી વાણી સિવાય બીજા જે વ્યવહાર જેમ કે એમના હાથનું ભોજન લેવું, પાણી લેવું, એકાંતમાં મળવું, વિચાર કરવો વગેરે વ્યવહારનો પણ ત્યાગ કર્યો છે. કારણ કે એનાથી પણ કોઈ કાળે સ્પર્શ થઈ જાય. નિત્ય સહવાસથી મન જે સદા ચંચળ રહેનારું છે તે અતિ કષ્ટપણે સ્વાધીન કર્યું હોય, તો પણ જેમ પાંજરામાં પૂરાયેલો સિંહ છુટો થઈ જાય અને મહા અનર્થ કરે છે. તેમ મારી ટેકને પણ બહુ સહવાસથી વિચલિત થવાનો ભય હોવાથી, ધીરજથી બુદ્ધિથી ધીમે ધીમે મેં મનને સર્વાંશે વશ કર્યું છે. સાંસારિક વિષયોનું ચિંતન જ કરવાની તક ન મળે તેવો માર્ગ ગ્રહણ કર્યો છે. ચંચળ મનને સ્થિર રાખી ગમે ત્યાંથી છટકી ન જાય તે કરતાં અતિ કષ્ટે પણ તેને નિયમમાં રાખીને સ્થિર રાખવા માટે સર્વાંગે ત્યાગ કર્યો છે અને માત્ર ભક્તિ વૈરાગ્યમાં મારો કાળ નિર્ગમન કરું છું."

"આજ આપ મહાત્માઓ મારા આંગણે પધાર્યા અને આ રંક પર કૃપા કરી ભોજન લેવાની ઈચ્છા દર્શાવી. આપની આજ્ઞા પ્રમાણે આ બંને સ્ત્રીઓએ મળી ભોજન તૈયાર કર્યું, પણ આપ કૃપાનાથે કરુણા કરી આ પાપી જીવને પણ એક પંક્તિમાં બેસાડી ભોજન કરવા આજ્ઞા કરી. હવે હું આપની સાથે ભોજન કરું છું તો મારી રામદુહાઈની ટેક તૂટે છે, મારી પ્રતિજ્ઞા ભંગ થાય છે, કેમ કે મારી સ્ત્રીઓના હાથનું ભોજન કરવું એ પણ એક રીતનો સ્પર્શ જ છે. મારાથી આપને ના પડાતી નહોતી અને એ ભોજન કરવાથી એ રીતનો સ્પર્શ થાય છે અને મારી પ્રતિજ્ઞા તૂટે છે. તેથી મહા ખેદથી અથાણાનું નિમિત્ત કરી માળીયા પર જઈ પરમાત્માને પ્રાર્થના કરી કે, હે પ્રભુ ! આ સંકટમાંથી મુક્ત કરો અને એમ ઈચ્છા કરતાં જ પ્રભુએ દયા કરી મારા પ્રાણને આ દેહમાંથી મુક્ત કરી મારી ટેક જળવાવી છે. જેમ મોક્ષ, તૃપ્તિ, ચિંતા, આરોગ્ય અને ક્ષુધાનાં સુખ-દુઃખનો અનુભવ જેઓ ભોગવે છે તેને જ તે જણાય છે, તેમ ટેકમાં મોળાપણાનું દુઃખ જે ભોગવે છે તે જ તે જાણે છે."

તે બ્રાહ્મણની આ દૃઢતા જોઈ અર્જુન તો આશ્ચર્યચકિત જ થઈ ગયો. પછી શ્રીકૃષ્ણ બોલ્યાઃ "આ સ્ત્રીઓએ દેહ તજ્યો છે તે તો ભયથી જ ત્યજ્યો છે, કેમ કે પોતાના પતિના પ્રાણ ગયા માટે રખેને લોકોપવાદ આવે પરંતુ એ બંને મહાસતીઓ છે. પતિની ધર્મ પ્રતિજ્ઞા સફળ કરવાવાળી છે. સ્ત્રીનો નિત્ય ધર્મ એવો છે કે, પતિની આજ્ઞાને શિરોમાન્ય ગણવી. પતિ જ કામ અને અર્થનો દાતા છે, તેમજ ધર્મ અને મોક્ષનો દાતા છે તેમ માની તેમાં પરાયણ રહેવું. આ નિત્ય ધર્મને અનુસરનારી આ સત્ય વ્રતવાળી સ્ત્રીઓનું જીવિત ધન્ય છે. એ જ યોગીનીઓ છે, કેમ કે સંકલ્પનો સંન્યાય કર્યા વગર કોઈ પણ યોગી થઈ શકતું નથી અને ઓ બ્રહ્મદેવ ! તમે પરમ છો. આપ મને જાણો કે હું કૃષ્ણ છું અને આ મારો સખો અર્જુન છે.મારી આજ્ઞા માનો અને આજથી તમે સંસાર સુખ ભોગવો. આ તમારા ત્રણેનો નવો જન્મ છે અને તેથી પૂર્વ જન્મની તમારી 'રામદુહાઈ' તમને ત્રણેને બંધનકર્તા નથી."

પછી શ્રીકૃષ્ણ અને અર્જુન તે બ્રાહ્મણ પરિવારને આશીર્વાદ આપી ત્યાંથી વિદાય થયા. અનેક જન્મના સુકૃતના યોગે પરમાત્માની જ્ઞાન-ભક્તિપૂર્વક સેવા કરતાં કરતાં સંસારનાં અલૌકિક સુખ ભોગવી તે ગૃહસ્થ બ્રાહ્મણ સ્ત્રી સહિત પરમ ગતિને પામ્યો.

માર્ગે જતાં શ્રીકૃષ્ણને અર્જુને કહ્યુંઃ 'હે મહારાજ ! એ બ્રહ્મદેવના આગળ મારી ટેક કોઈ જ વિસાતમાં નથી'.

શ્રીકૃષ્ણ બોલ્યાઃ કામ, ક્રોધ અને લોભ મનુષ્યને સર્વ સંકટ ઉપજાવે છે. અહંકાર વૃત્તિ મનુષ્યને ગમે તેવી ટેકમાં મોળાપણું દર્શાવી દે છે અરે...ગમે તેવા બળવાનને પણ શિથિલ કરી દે છે. ઈશ્વર શ્રદ્ધાને પણ કાળે કરીને મોળી કરી દે છે તેથી જ મનુષ્ય મોળો રહે છે. જે મનુષ્ય ઈશ્વર જ મારી લજ્યા રાખશે અને મારી રક્ષા કરશે એવી શ્રદ્ધાથી વર્તે છે તેની જ કામના ઈશ્વર પૂર્ણ કરે છે. તેનું જ સર્વ સંકટમાં રક્ષણ કરે છે. પણ જે ઈશ્વરીય શ્રદ્ધામાં મોળો પડે છે, તેની ઈશ્વર ટેક કેમ જાળવે ? સિંહ તારી સન્મુખ આવ્યો તે સમયે તારી ટેક સબળ હોત તો તે પાણીમાં તને શું કરી શકત અને ક્ષણભર આહાર મોડો મળત તો કાંઈ તારો પ્રાણ જાત નહિ. એ સર્વ માયા તારી ટેકમાં મોળાપણું કેટલું છે તે તને જણાવવાને જ મેં રચી હતી. હે અર્જુન ! જે મનુષ્ય પોતાની ટેક જાળવે છે તેને ત્રણ બ્રહ્માંડ એક થઈ જાય તો પણ દુઃખ દેખાતું નથી. દુઃખનું કારણ પોતાની ટેક, વિશ્વાસ, શ્રદ્ધામાં અનિશ્ચિતપણું અને હરિ ભક્તિ પરાયણતામાં મોળાપણું જ મુખ્ય છે.

આ કથા કહીને સંત નાયાજી મહારાજ બોલ્યાઃ "જ્યારે જ્યારે કોઈ માણસ પર સંકટ આવે ત્યારે ત્યારે તેમણે નિશ્ચિતપણાથી જાણવું કે તેની ઈશ્વર પ્રતિની આસ્થામાં કચાસ છે. વ્યવહારમાં રચ્યા પચ્યા મનુષ્યો નિત્ય દેવ દર્શન કરે છે, ઘરમાં કે બહાર જઈને ઈશ્વર સેવન કરે છે, રાતને દિવસ હરિભજન કરે છે, તાળીઓ પાડી હરિનું કીર્તન કરે છે પણ જ્યારે તેના પર સંકટ આવે છે ત્યારે તે પોતે અને બીજા અન્ય મનુષ્યો એમ માને છે કે ઓહો આ મોટો સાધુ છે અને આના પર આ સંકટ કેમ ? તેના પ્રત્યક્ષ જીવનમાં સાધુનાં સર્વ લક્ષણ છે પણ તેની ઈશ્વરી ટેક શિથિલ હોવાથી જ તે દુઃખનો ભોગી થાય છે, તે કોણ જાણી શકે છે ? તે જાતે જ જાણતો નથી તો બીજો ક્યાંથી જાણે.

હે બહેન કીકીબાઈ ! જેઓને શ્રી વિષ્ણુ પરમાત્માના શ્રી કલ્કિ-નિષ્કલંકી નારાયણ અવતાર પાત્રમાં પૂર્ણ શ્રદ્ધા નથી. તેનું જ આદિ સ્વરૂપ જે બ્રહ્મ નિર્વિકાર રૂપે છે અને તે સંસારમાં મનુષ્ય દેહે પધારે છે, તેનું જેઓને જ્ઞાન નથી તેવા મનુષ્યો તો મહાસંકટમાં પડી અતિ દુઃખના દરિયામાં ડૂબ્યા જ રહે છે. 'જે કામ કરવાથી શરમાઈને લોકોમાં મોઢું દેખાડવું પણ ગમે નહિ તે કામ પ્રથમથી જ કરવું નહિ. માણસોમાં ભૂલ આવ્યા વિના રહે નહિ એ સ્વાભાવિક છે, પરંતુ પાછળથી ભૂલને સુધારી નાખવી એ બુદ્ધિમાનનું કામ છે. હિતને ઈચ્છનારા ધીર પુરુષોના વચનોમાં વિચાર કરીને માણસ કાર્ય કરવા નિશ્ચય કરે તે માણસ લાંબા કાળ સુધી કીર્તિ ભોગવે છે. જેમ રાખમાં હોમેલું વ્યર્થ જાય છે તેમ લોભી માણસોને આપેલો ઉપદેશ પણ વ્યર્થ જાય છે.

ઉત્તમ કુળનો અથવા નીચ કુળનો પણ જે માણસ મર્યાદાઓનાં ઉલ્લંઘન ન કરે, ધર્મ ઉપર પ્રેમ રાખે અને મર્યાદાવાળો હોય તે સેંકડો કુલીનો કરતાં પણ શ્રેષ્ઠ સમજવો જોઈએ. જે લોકો અભિમાની, મૂર્ખ અને અધર્મી હોય તેઓની સાથે મૈત્રી રાખવી જ નહિ. જે પુરુષ બગડી ગયેલી વાતને સુનીતિથી પાછી સુધારી શકે તે બુદ્ધિમાન કહેવાય છે.

જે સુખનું સેવન કરતાં ધર્મનો કે અર્થનો નાશ થાય નહિ તેવા સુખનું સેવન કરવું. વૈભવી કહેવાય એવા સુખનું સેવન પણ કરવું નહિ. અધર્મથી મેળવેલા ધનથી ખર્ચીત જે કોઈ યજ્ઞ દાન કે શ્રદ્ધાદિક કરવામાં આવે તેનું કંઈ લભ્ય ફળ મળતું નથી. દારિદ્રય કે તેવું બીજું જે કાંઈ પોતાને ખરાબ લાગે તે બીજાઓને તેવું જ થાય એવો વિચાર રાખીને કોઈનું પણ અનીતિથી અનિષ્ટ કરવું નહિ.

જે ધન અત્યંત દ્વેષ ભોગવવાથી અથવા ધર્મનું ઉલ્લંઘન કરવાથી અથવા નીચ લોકોને પ્રણામ કરવાથી મળતું હોય તેવા ધનની ઈચ્છા જ કરવી નહિ. જેની પાસે હજાર હોય તે પણ જીવે છે અને જેની પાસે સો હોય તે પણ જીવે છે, માટે અન્યાયથી ધન મેળવવાની ઈચ્છા જ ન રાખવી. ઝાઝું ધન હોય તો જ જીવાય એમ નથી. પૃથ્વીમાં જેટલું ધન અને ધાન્ય છે તેટલું જો એક જ જણને મળે તો પણ તૃષ્ણા શાંત થાય તેમ નથી. એવો વિચાર કરવામાં આવે તો કોઈ પ્રકારની ભૂલ થાય નહિ. તે પુરુષ સઘળા દુઃખોથી રહિત થઈને સુખથી સુઈ શકે છે.

જેમ આશા ધીરજને હણી નાખે છે, કાળ પ્રબળતાને હણી નાખે છે અને ક્રોધ લક્ષ્મીને હણી નાખે છે, તેમ અતિ લોભ કીર્તિને હણી નાખે છે. પૃથ્વી અને ધન કોઈની સાથે ગયાં નથી અને જશે પણ નહિ. મરણ પછી તો પુણ્ય અને પાપ એ જ જીવની સાથે જાય છે. મહાપ્રતાપી મોટા મોટા રાજાઓ પણ રાજ્યો અને વૈભવોને છોડીને મૃત્યુને વશ થયેલા છે.

સંત શ્રી નાયાજી મહારાજ ફરી સંત શ્રી ભાભારામ મહારાજને સંબોધીને બોલ્યા; 'હે ભાભારામ ! જેઓ આધ વિષ્ણુ શ્રી કલ્કિ-નિષ્કલંકી નારાયણ પરમાત્માની સાથે સ્નેહે રહે તેને શાની ખોટ હોય ? જે જીવ જળમાં રહેતો હોય તેને પાણીની તરસ કેમ રહે ? જે મનુષ્યે અમૃતપાન કર્યું હોય તેને વ્યાધિ શું કરી શકે ? જેણે સદ્‌ગુરુનાં ચરણ સેવ્યાં હોય તેને માયાનું આવરણ કેમ રહે ? માટે આપણે સદ્‌ગુરુના શરણમાં રહેવું જોઈએ. જેનું મન શ્રી નિષ્કલંકીનાથના દર્શનમાં સદાય સ્થિર રહે છે, એ ચૌદ લોકનો નાથ છે, મહા કૃપાનિધાન છે, સર્વ શરીરોમાં પ્રવેશ કરી તે તે ઉપાધિઓથી ભિન્ન ભિન્ન જણાતા જીવોના નિયંતા પણ એ જ પુરુષ પુરાણ જ છે."

• સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો સંત શ્રી ભાભારામ મહારાજને ઉપદેશ •

સંત શ્રી ભાભારામ મહારાજ બોલ્યાઃ હે નાયાજી મહારાજ ! આપને જે સદ્‌ગુરુ શ્રી મહારાજનો મેળાપ થયો તે પાવન પુરુષનાં દર્શનની અભિલાષા છે તેથી એક વખત એ સંત પુરુષનાં દર્શન થાય એવો યોગ ફળીભૂત થાય તેમ કરો.

સંત શ્રી નાયાજી મહારાજ કહેઃ 'ભાભારામ મહારાજ ! આપની અભિલાષા વહેલામાં વહેલી તકે સિદ્ધ થશે. એક દિવસ આપના આ સ્થાનમાં સદ્‌ગુરુ શ્રી મહારાજનું જરૂર પદાર્પણ થશે. તે દિવસે આપના હૃદયમાં ખરેખર અદ્‌ભુત પરમાનંદ પ્રકટ થશે.' એવું કહી સંત શ્રી નાયાજી મહારાજ સંત શ્રી ભાભારામના આશ્રમમાંથી પ્રયાણ કરવાની તૈયારી કરી રહ્યા હતા ત્યાં જ પોતાના પરમ સેવક ચંદનવીર સાથે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો રથ ત્યાં દાખલ થયો. ત્રિકાળદર્શી મહાકૃપાળુ, પ્રેમાળ, અંતર્યામી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ આવતા દેખાયા. તે જોઈ સંત શ્રી નાયાજી મહારાજ અતિ હર્ષથી દોડી જઈ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજને ચરણે નમી પડ્યા. ત્યારબાદ સંત શ્રી ભાભારામ મહારાજ તથા સાધ્વી શ્રી કીકીબાઈએ પણ સદ્‌ગુરુ મહારાજને ચરણે નમન કર્યા. સદ્‌ગુરુ મહારાજે તેમના હાથ પકડી અતિ પ્રેમથી પોતાના હૃદય સાથે ચાંપ્યાં. સદ્‌ગુરુ મહારાજની સાથે સેવામાં ચંદનવીર પણ હતા. પછી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ, સંત શ્રી નાયાજી મહારાજ, સંત શ્રી ભાભારામ તથા સાધ્વી કીકીબાઈ બધાં અતિથિગૃહ તરફ વળ્યાં.

જ્યારે સંત શ્રી ભાભારામ અને સાધ્વી શ્રી કીકીબાઈએ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનું મુખ જોયું ત્યારથી અતિ જ હર્ષઘેલાં થઈ ગયાં. જેમ કોઈ અપંગને પગ, આંધળાને આંખ મળે, રોગીને સુખ મળે અને મૃતને જીવન મળે એમ તેમના હર્ષની કાંઈ સીમા રહી નહોતી.

અચાનક રીતે આ ત્રણે યોગીઓનો સમાગમ થવાથી સર્વને અતિ આનંદ થયો. સંત શ્રી નાયાજી મહારાજ અને સંત શ્રી ભાભારામ મહારાજ બંને સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ચરણમાં નમી પડયા. બંનેને પોતાના હાથે ઉઠાડી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પોતાના હૃદય સરસા લગાડયા.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે આપણને યોગી તરીકે સંબોધ્યા, આ સાંભળી સંત શ્રી ભાભારામ મહારાજ બોલ્યાઃ સદ્‌ગુરુ દેવ ! મને આશ્ચર્ય લાગે છે કે હું યોગી ન હોવા છતાં આપ મને યોગી કહો છો એ કેવું ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી કહે કેઃ 'ભાભારામ ! સંત પુરુષના મુખેથી અસત્ય વચન ક્યારેય નીકળતું નથી. તું યોગી હતો અને આ જન્મે પણ યોગી જ છો. આ વાતનો જરા પણ સંશય નથી.'

સંત શ્રી ભાભારામ મહારાજ બોલ્યાઃ 'સદ્‌ગુરુ નાથ ! આપની વાણી શ્રવણ કરતાંની સાથે જ મારું હૃદય આનંદ વિભોર બન્યું છે અને રોમરોમમાં આપના શબ્દો રમી રહ્યા છે.'

યોગી પુરુષ સાથે યોગી પુરુષને જ આનંદ થાય છે. તે પ્રમાણે મહાપુરુષ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પણ યોગ સિદ્ધ પુરુષ હતા, તેથી સંત શ્રી ભાભારામ મહારાજને પાસે બેસાડી તેની સાથે જ્ઞાનની વાતો કરી. અત્યંત આનંદમય સાથે અર્થ સભર એવી પરમાત્મા પ્રાપ્તિ માટેની યોગ ધર્મની ગોષ્ઠિ કરી.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ અથર્વવેદના જ્ઞાતા હતા. અથર્વવેદયોગ, સમાધિયોગ, રાજયોગ, ભક્તિયોગ, જ્ઞાનયોગ, ધ્યાન, બ્રહ્મવિદ્યા, આત્મશોધન વગેરે સંબંધી ઘણી જ્ઞાન ચર્ચા થઈ. યુગધર્માનુસાર પ્રચલિત ધ્યેય પુરુષની ઉપાસના, ઉપાસનાનું માધ્યમ કળશપૂજા-વારિયજ્ઞ, જ્યોતિ સ્વરૂપ આત્માનું ધ્યાન ચિંતન અને લયયોગની ચર્ચા થઈ અને કાળની અપરિમિત ગતિ, માયાનું સ્વરૂપ, માયાપતિનું રહસ્ય વગેરે બાબતોની

યોગવાસિષ્ઠયમાંની જ્ઞાનચર્ચા વગેરેના સત્સંગથી સર્વનું મન તૃપ્ત થયું. સંત શ્રી ભાભારામ મહારાજ, સંત શ્રી નાયાજી મહારાજ, સંત સાધ્વી શ્રી કીકીબાઈ એમના હૃદયમાં અખંડ આનંદ થયો. ઘણા દિવસો પર્યંત સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનો નિવાસ ત્યાં ચંપકવનમાં રહ્યો. આજુબાજુના પંથકોમાંથી અનેકાનેક વિદ્વાન લોકો આ જ્ઞાનચર્ચા સાંભળવા માટે આવતા. સંત શ્રી ભાભારામ મહારાજના આશ્રમને યાત્રાનું સ્વરૂપ મળ્યું. સંત શ્રી ભાભારામ મહારાજનું મન વારંવાર ગુરુ પ્રેમથી અને તેમના પ્રભાવથી મોહિત થઈ જતું. તેમના જીવનનો આ અદ્‌ભુત આનંદ અપૂર્વ હતો.

બીજે દિવસે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સાયંકાળે પરવારી કરી સત્સંગ મંડપમાં બેઠા. તે સમયે સર્વ મંડળે પણ સદ્‌ગુરુ મહારાજ સમક્ષ આવી આસન લીધાં. ત્યાં સત્સંગ મંડપમાં સંત શ્રી નાયાજી મહારાજ, સંત શ્રી ભાભારામ મહારાજ તથા સાધ્વી શ્રી કીકીબાઈ વગેરે તેમજ ઘણા ભક્તજનો ગામ પરગામથી આવેલાં હતાં. પ્રશ્નોત્તરી અને સંત સમાગમ થઈ રહ્યો હતો. તેવામાં સંત શ્રી ભાભારામ મહારાજે શ્રી સદ્‌ગુરુ મહારાજને પ્રશ્ન પૂછ્યો-

ભક્ત ભાભારામ કહેઃ હે સદ્‌ગુરુ મહારાજ ! મનુષ્ય માત્રને ઓછું વધતું વિષય સુખ પ્રાપ્ત હોય છે, પણ તેથી એ કાંઈ સર્વ પ્રકારનો સંતોષ થતો હોય એમ જોવામાં આવતું નથી. અતિશય દોષવાળા મનુષ્યો એમ ઇચ્છે કે, અમને સ્થાયી સુખ મળે અને તેમાં કોઈ પણ વિઘ્ન ના આવે તો સારું, તો એવું સુખ શામાં ? અને તે કયું હશે ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ ભાઈ ! આવું સુખ તો કેવળ બ્રહ્મમાં જ છે અન્યત્ર નથી. માટે જ બ્રહ્મ અથવા મોક્ષ મેળવવા સારું જ મનુષ્યો ઈશ્વરની ભક્તિરૂપ સત્ય સાધનમાં અવલંબિત રહે છે. શ્રી નિષ્કલંકી નારાયણના શરણમાં રહી અતિ અનુભવ કરી, વિષ્ણુ નારાયણ સ્વરૂપમાં ચિત્તને જોડવું. એવી રીતે મનનો નિગ્રહ કરી શ્રી નિષ્કલંકી નારાયણના સ્વરૂપ વિષે ચિત્ત રાખવાથી પરમ સુખ અને મોક્ષ પ્રાપ્ત થાય છે.

મોક્ષ એટલે વારંવાર જન્મ મરણ રૂપી ઉપાધિથી મુક્ત થવું તે. એટલે કે ત્રણ પ્રકારનાં દુઃખ (ત્રિવિધ તાપ)ની નિવૃત્તિ અને પરમાનંદની નિત્ય પ્રાપ્તિ કરવી એ જ મોક્ષ છે.

મનુષ્ય વગેરે કેટલાંક પ્રાણીઓમાં બે પ્રકારનું જ્ઞાન જોવામાં આવે છે. એક **સામાન્ય અથવા સ્વાભાવિક જ્ઞાન** અને બીજું **વિશેષ અથવા નૈમિત્તિક જ્ઞાન**. સામાન્ય જ્ઞાન પ્રાણીને જન્મની સાથે સ્વભાવથી મળેલું હોય છે. જેમ કે ખાવું, પીવું, હરવું, ફરવું, ભય તથા મૈથુન ઇત્યાદિ. વિશેષ જ્ઞાન બીજાના શીખવવાથી જ પ્રાપ્ત થઈ શકે છે. જેવું કે બોલવું, લખવું, વાંચવું ઇત્યાદિ. એક નાના બાળકને જન્મથી જંગલમાં મૂક્યો હોય અને તેને માત્ર ખોરાક આદિ પૂરું પાડી કંઈ પણ શિક્ષણ આપ્યા વગર ઉછેરવામાં આવે તો તેનામાં સામાન્ય જ્ઞાન સિવાય વિશેષ જ્ઞાન કાંઈ પણ જોવામાં આવશે નહિ. જંગલનાં પ્રાણીઓના જે અવાજ કે રીતભાત તેના સાંભળવામાં કે જોવામાં આવી હશે તેટલું જ તે કરી બતાવશે. એ ઉપરથી સિદ્ધ થાય છે કે વિશેષ જ્ઞાન શીખવ્યા સિવાય મળી શકતું નથી.

કેટલાકનું કહેવું એવું છે કે પરસ્પરના સંબંધથી ઘણા મનુષ્યોની અલ્પજ્ઞતાનું સામાન્ય જ્ઞાન ભેગું થઈને બહુજ્ઞતાયી થવા વિશેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે, પરંતુ તત્ત્વ દૃષ્ટિથી વિચાર કરતાં એ વાત સત્ય જણાતી નથી. ચકમક પથ્થરમાં સામાન્ય અગ્નિ રહેલો છે. તેને લોઢાના ખૂંટ વતી ઘસવાથી વિશેષ અગ્નિ પ્રગટ થાય છે. તેમાં ઘસવું એ ક્રિયા નિમિત્ત છે, પરંતુ ડુંગરમાં જે અનેકાનેક પથ્થરો ભેગા પડી રહેલા હોય છે. તેના પરસ્પર યોગથી વિશેષ અગ્નિ પ્રગટ થાય છે ત્યારે તે ઘણી વસ્તુઓને શક્તિ આપી શકે છે. તે પ્રમાણે આકાશમાં ઉડતાં કબૂતરોનાં ટોળાંની સામાન્ય જ્ઞાનથી પત્ર આદિ લઈ જવાનું વિશેષ જ્ઞાન તેનામાં આવેલું નથી, પરંતુ મનુષ્યની શિક્ષાથી જ તેઓ એક સ્થળેથી બીજે સ્થળે પત્ર લઈ જાય છે. મનુષ્યનું શિક્ષણ એ સ્થળ નિમિત્ત છે.

મનુષ્યનો જ દાખલો લ્યો, પ્રથમ જ આર્યાવર્તમાં વસેલા અનાર્ય જંગલી લોકોનું સામાન્ય જ્ઞાન હજારો વર્ષો સુધી એકઠું મળ્યા છતાં તેમનામાં વિશેષ જ્ઞાન આવ્યું નહોતું, પરંતુ જ્યારે તેમને આર્ય લોકોનો સંસર્ગ થયો ત્યારે જ તેમની પાસેથી તેમણે વિશેષ જ્ઞાન મેળવ્યું હતું. આવાં બીજા અનેક દૃષ્ટાંતો ઉપરથી સિદ્ધ થાય છે કે મનુષ્યને વિશેષ જ્ઞાનનું શિક્ષણ પ્રથમ કોઈકની પાસેથી મળેલું જ હોવું જોઈએ. હાલ આપણામાં જે વિશેષ જ્ઞાન છે અથવા આપણે જે કંઈ જાણીએ છીએ તે સર્વ વિશેષ જ્ઞાન આપણને મા-બાપ, ગુરુ, ભાઈ, બહેન, મિત્ર કે ગ્રંથાદિ કોઈને કોઈની તરફથી મળ્યું છે અને આપણને

જેમના તરફથી તે મળ્યું છે તેમને તેમના વડીલો તરફથી મળ્યું છે. તે વડીલોને તેમના પૂર્વજો તરફથી મળ્યું છે. એ પ્રમાણે અનંત કાળથી આજ સુધી વિશેષ જ્ઞાન પ્રાપ્ત થતું આવ્યું છે.

તે જ પ્રમાણે સામાન્ય સાંસારિક જ્ઞાન પણ શુદ્ધ નીતિમાન પવિત્ર શિક્ષક વગર મળી શકતું નથી. શિક્ષકની પવિત્રતા જાણવી જોઈએ. શિક્ષક એટલે 'ગુરુ'. વેદોક્ત આચાર તે જ ઉત્તમ ધર્મ છે. માટે પોતાનું હિત ઇચ્છનારે તેમાં સર્વદા પ્રયત્નવાન રહેવું જોઈએ. જો ઉત્તમ કુળનો કદી પણ આચારથી ભ્રષ્ટ થાય તો વેદ જ્ઞાન જાણ્યું હોય તો પણ તેનું ફળ તેને મળે નહિ. જે આચારયુક્ત હોય તે જ સંપૂર્ણ ફળ ભોગવે છે.

સદાચારથી ધર્મની પ્રાપ્તિ થાય છે. એવું જાણીને મહાત્માજનોએ સર્વ તપનું મૂળ કારણ જે આચાર ક્રિયા છે તે તેમણે ગ્રહણ કરી છે. માટે સત્ય, ધર્મ, સદાચાર અને પવિત્રતામાં સદા પ્રીતિ રાખવી. શિક્ષા માટે પુત્ર-શિષ્ય વગેરેને યોગ્યતા જોઈને બોધ કરવો. તેમને વાણીનો, હાથનો અને ઉદરનો સંયમ કરવો.

જેઓએ ધર્મપૂર્વક નિયમ પાળીને ધર્મશાસ્ત્રો, પુરાણો વગેરે સહિત વેદોનું અધ્યયન કર્યું હોય, જે વેદોનો સ્પષ્ટભાવ કહી શકે તેમને શિષ્ટ (ઉત્તમ) જાણવા. ટૂંકમાં માત્ર ગાયત્રી જાણતો હોય તેના કરતા શાસ્ત્રોના નિયમથી ચાલનાર કુળવાન સારો કહેવાય, પણ શાસ્ત્રોના નિયમ પ્રમાણે ચાલતો ન હોય અને ચારે વેદ જાણે તો પણ તેને શ્રેષ્ઠ જાણવો નહિ. જે માણસ આચાર ભ્રષ્ટ છે તે તપ, વેદ, અગ્નિહોત્ર કે દક્ષપણું તારવાને સમર્થ નથી. "જેમ આંધળાને રૂપવતી સ્ત્રીનાં દર્શનનું સુખ થતું નથી, તેમ જે આચાર વગરના છે તેમને વેદો અને તેનાં છ અંગોનો અભ્યાસ કરવાથી કે યજ્ઞો પણ કોઈ ફળ આપી શકતા નથી."

"આચારથી ધર્મ પ્રાપ્ત થાય છે, આચારથી ધન મળે છે, આચારથી તેજ મળે છે અને આચાર કુલક્ષણ તેમજ કુકર્મનો નાશ કરે છે."

માટે જેને કામ ક્રોધાદિ અંદરના શત્રુઓને વશ રાખ્યા છે, જે વેદોને સંપૂર્ણ જાણે છે, જ્ઞાનેંદ્રિય અને કર્મેંદ્રિય જેમણે વશ રાખી છે, કોઈ પણ પ્રાણીની હિંસા કરતો નથી, દાન લેતો નથી એવા આચારવાળો ઉત્તમ કુળવાન ગુરુમુખી જાતે ઉદ્ધાર કરવા સમર્થ છે અને એવા લક્ષણને લીધે જ ગુરુમુખીથી ગુરુ ઠર્યા છે. કેમ કે 'ગુ' શબ્દ અંધકારનો

વાચક છે અને 'રુ' શબ્દ તેનો અટકાવ કરવો એવો અર્થ થાય છે. એટલે તે અંધકાર-અજ્ઞાનનો નાશ કરનાર છે માટે 'ગુરુ' કહેવાય છે. આ પ્રમાણે અજ્ઞાનનો નાશ કરવાને ઉપર પ્રમાણેનાં શુદ્ધ વર્તનની અત્યંત આવશ્યકતા છે. શમ, દમ (બહાર અને અંદરની ઇંદ્રિયોનો નિગ્રહ), તપ, પવિત્રતા, ક્ષમા, અકુટિલતા, સરલતા જ સર્વ શાખાનું જ્ઞાન, વિજ્ઞાન (અનુભવ રૂપ જ્ઞાન) અને આસ્તિકતા (વેદોક્ત કર્મોમાં નિશ્ચય, પરલોક છે એ માનવું તે) એ ભક્તનો સ્વાભાવિક ધર્મ છે. આવાં લક્ષણો જે ભક્તોમાં હોય તે આ પરમ અમૃત સમાન મહાપદ છે તેને પામે છે. આવો અલભ્ય લાભ જે મેળવવાનો છે તે પાખંડી ધૂતારાઓની પાસેથી કેમ મેળવી શકાય ? તેના માટે ગુરુ તો ઉપર દર્શાવેલા પ્રમાણે પૂર્ણ નીતિમાન અને વિદ્વાન જ હોવા જોઈએ. તે વગર એ જ્ઞાન બીજા જનો પાસેથી મળવું બહુ જ મુશ્કેલ ભરેલું હોય છે. કારણ કે તે ઇચ્છિત જ્ઞાન છે, તે તો તેઓના જ ઋષિજનોની પેઢી દર પેઢીથી જ ચાલતું આવેલું છે અને એના વગરના જે બીજા લોકો જે ખોટા જ્ઞાની હોવાનું ધરાવે છે એ વ્યર્થ છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ જેમ સૂર્ય અંધકારનો વિરોધી છે તેમ જ્ઞાન અજ્ઞાનનું વિરોધી છે, એ હેતુથી જ્યારે જ્ઞાન આત્મજ્ઞાન સ્વરૂપ છે ત્યારે તેમાં અજ્ઞાન કેમ કહેવાય ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભાભારામ, જ્ઞાન બે પ્રકારનું છે તે આગળ બતાવી ગયા. છતાં પણ ફરી કહું છું. સામાન્ય જ્ઞાન અજ્ઞાનનું વિરોધી નથી પણ ઉલટું અજ્ઞાનને પ્રકાશ કરે છે. અર્થાત્ અજ્ઞાનને દેખાડી આપે છે.

જેમ સૂર્યનો પ્રકાશ (તડકો) કાષ્ટ તથા ઘાસ વગેરે પદાર્થો ઉપર પડે છે તે તડકામાં સામાન્ય અગ્નિ રહેલો છે. તથાપિ કાષ્ટ, તૃણ, આદિને તે બાળતો નથી પણ ઉલટો તેમને દેખાડી આપે છે. પરંતુ એ જ તડકામાં જ્યારે આગીઓ કાચ ધરવામાં આવે છે ત્યારે તેમાં રહેલો વિશેષ અગ્નિ પ્રગટે છે અને કાષ્ટ વગેરેને બાળે છે. તે જ પ્રમાણે સામાન્ય જ્ઞાન સર્વ મનુષ્યોમાં છે પણ હું અજ્ઞાની છું, હું મને જાણતો નથી અને હું કર્તા ભોક્તા સુખી-દુઃખી છું. ઇત્યાદી અજ્ઞાન તથા તેનું કાર્ય ભૂત દેહાધ્યાસ તેનું નિષેધ નથી. આત્મા પણ સામાન્ય જ્ઞાન રૂપ છે તેમાં અજ્ઞાને કરીને કલ્પિત નામ રૂપ ભાસે છે, પરંતુ જ્યારે બ્રહ્મનિષ્ઠ સદ્‌ગુરુ દ્વારા જ્ઞાન શાસ્ત્રના ઉપદેશથી ''હું એક જ સત્ય સ્વરૂપ આત્મા

બ્રહ્મ છું." એવું બુદ્ધિની અંદર વિશેષ જ્ઞાન ઉપન્ન થાય છે, તે જ વખતે 'હું અજ્ઞાની છું' એવું જે અજ્ઞાન તથા તેનું ઉત્પન્ન કાર્ય કે હું કર્તા, ભોક્તા, સુખી, દુઃખી ઈત્યાદિ વિપરીત અધ્યાસ તે સર્વની નિવૃત્તિ થાય છે.

વળી જેમ કાષ્ટમાં સામાન્ય રૂપે અગ્નિ છે પણ તે અગ્નિ કોઈને દેખાતો નથી અને કાષ્ટનો વિરોધી નથી એટલે તે બાળતો નથી પણ જ્યારે બીજું કાષ્ટ તેના સાથે ઘસાય તો તેમાંથી વિશેષ અગ્નિ ઉત્પન્ન થઈ કાષ્ટને બાળે છે. જ્ઞાનને નિવૃત્ત કરવું નથી, પણ જ્યારે ગુરુ શાસ્ત્રના ઉપદેશથી વિચાર રૂપી મંથનથી 'હું' એ જ સાચો બ્રહ્મ છું એવું વિશેષ જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે જ અજ્ઞાન તથા તેના કાર્યભૂત જે દેહાધ્યાસ છે તેની નિવૃત્તિ થાય છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે મહારાજ ! આ ઠેકાણે એવી શંકા રહે છે કે સામાન્ય અને વિશેષ એ બે પ્રકારનાં જ્ઞાન કહ્યાથી દ્વૈત થશે અને આગળ આપ એમ કહો છો કે એક આત્મા કહ્યો છે માટે તેનો બાધ આવશે.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભક્ત ભાભારામ ! અદ્વિતીય સામાન્ય જ્ઞાન રૂપ આત્મા એક સત્ય છે અને વિશેષ જ્ઞાન જે ગુરુ શાસ્ત્રના ઉપદેશથી વૃત્તિત રાહે મળે છે તે અજ્ઞાનને તથા તેનું કાર્ય જે દેહાદિકમાં અધ્યાસ છે તેને મટાડી પાછું પોતે પણ નિવૃત્ત થઈ જાય છે. જુદું રહેતું નથી માટે દ્વૈત કહેવાય નહિ. જેમ ચોમાસામાં નદીનું પાણી માટીથી મલિન થાય છે, તેને નિર્મળ કરવા એક વાસણમાં લઈને તેમાં નિર્મળી (કતક)*ના પાનનો ભૂકો કરીને નાખીએ તો કતક પાણીના મેલને નીચે બેસાડીને પોતે પણ તેની જ સાથે નીચે બેસી જાય છે અને પાણીને નિર્મળ કરે છે. તેમ ગુરુ તથા શાસ્ત્રના ઉપદેશથી ઉત્પન્ન થયેલું વિશેષ જ્ઞાન, અજ્ઞાનને મટાડીને પોતે પણ નિવૃત્ત થાય છે એટલે એક સામાન્ય જ્ઞાન રૂપ આત્મા અવશેષ રહે છે, માટે દ્વૈત થતું નથી.

વળી બીજી રીતે એમ છે કે જડ ચેતન ઉભયાત્મક પદાર્થ માત્ર છે. જડ પદાર્થનું આપણને કાંઈ પણ જ્ઞાન સંભવતું નથી એટલે તેનો વિવેક કરવાનો પ્રયત્ન જ મિથ્યા છે. આપણે પદાર્થોને જોઈએ છીએ તે વખતે આપણા મનમાં શું થાય છે ? આ કંઈક છે - એટલો ભાસ થાય છે. પણ તે છે એ ભાસ પણ આપણું મન હોય ત્યાં સુધી

* કતક - એ નામનું ઝાડ, નિર્મળીનું ઝાડ.

સંભવે છે પછી નહિ. જેમ એક પદાર્થ જોયો પણ તે જોનાર જે મન તેનાથી જુદું છે જ નહિ, કાંઈક છે એમ લાગ્યું, પણ તે શું છે ? વસ્તુતઃ તેનું તત્ત્વ શું છે એ જણાયું નહિ.

ઘટ (ઘડો) એવું નામ છે. તેનું ગોળ, કાળું, લાલ, ઇત્યાદિ રૂપ જાણ્યું, પણ વસ્તુ તત્ત્વ તો અંધારામાં જ રહ્યું. શાથી એમ થયું ? એથી એમ થયું કે આપણી જ્ઞાન પામવાની જે શક્તિ છે તેનો સ્વભાવ એવો છે. આપણે કોઈ વસ્તુને આપણા પોતાનાથી જુદા પાડીને સમજી શકવાને જે સમર્થ જ નથી. જ્ઞાન અને અજ્ઞાન જાણેલી વસ્તુ બે જુદી થઈ શકે. એક એકનું સ્વરૂપ સમજી શકાય પણ તેમ કદાપી થતું નથી અને થનાર પણ નથી. ત્યારે એ જ સિદ્ધ થયું કે જે આપણે ઘણામાં ઘણું જાણી શકીએ તે જ્ઞાન છે. જ્ઞાનથી જુદું કાંઈ છે જ નહિ. આપણામાં જ્ઞાન રૂપ જે ધર્મ છે તે ઇંદ્રિયો દ્વારા બહાર નીકળીને વસ્તુઓમાં મળે છે અને તે વસ્તુ રૂપ થઈ જાય છે. પાછો આપણા મનમાં અમુક ભાસ પ્રેરે છે. અર્થાત્ જ્ઞાન પોતે પોતાને જ જુવે છે એમ થઈ રહ્યું. જ્ઞાનને જુદા જુદા રૂપે આ પ્રમાણે પ્રકાશવાવું તેને વૃત્તિ કહે છે, આ ઘટ, આ પેટ, આ ઘર, આ ઘોડો, આ દુઃખ, આ સુખ, આ મારું ઇત્યાદિ જે જે જ્ઞાન આપણને છે તે સર્વ વૃત્તિ રૂપ છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે મહારાજ ! જ્યારે વસ્તુઓ વસ્તુતઃ શું છે ? તે કેવળ અગમ્ય જ છે ત્યારે એ જ્ઞાન વૃત્તિ રૂપ કેમ ના કહેવાય ?

સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ યોગી ભાભારામ ! એમ કદાપી હોય જ નહિ. કારણ કે જો એમ હોય તો તે જ્ઞાન કહેવાય જ નહિ, વૃત્તિ રૂપ જ્ઞાન તે ખરું જ્ઞાન નથી. પણ વૃત્તિ રહિત જ્ઞાન તે જ ખરું જ્ઞાન છે. ત્યારે જ્ઞાનીની એકરૂપતા કેવી રીતે સમજાય તે આપણે તપાસીયે. આપણે જાગતા હોઈએ કે ઊંઘતા હોઈએ તો પણ જ્ઞાન ધર્મ જાગતો નથી અને ઊંઘતો નથી. તે તો છે છે ને છે. તેથી આપણને એવું જ્ઞાન સંભવે છે, કે હું જે સૂતો હતો, સારું ઊંઘ્યો. જો જ્ઞાન એક રૂપ ન હોય તો સૂતો હતો, સારું ઊંઘ્યો અને તેનો તે જ હાલ જાગું છું. એ ત્રણેનો અનુસંધાન કદી પણ થાય નહિ. તે જ પ્રમાણે આજ, કાલ, દશ દિવસ, માસ, વર્ષ અને કલ્પ સુધી પણ જ્ઞાનની એક રૂપતા જ છે. તેમાં વૃત્તિપણું કે ફેરફાર થવાપણું છે જ નહિ. જે આવું એક રૂપ છે તે અર્થાત નિત્યપણું હોવું જ જોઈએ. જે નિત્ય ન હોય તે એક રૂપ પણ ન હોય એવો જ નિયમ છે. એ જ્ઞાનને પણ ગ્રહણ કરનારો કોણ ? આ

પ્રશ્ન નકામો છે. આ જ્ઞાનને ગ્રહણ કરનારો પોતે જ છે. જ્ઞાન સ્વયંપ્રકાશ છે. કેમ કે વૃત્તિ રૂપ નથી. જેમ કે ચક્ષુથી રૂપ વગેરે જોતાં ચક્ષુ સ્થિર રહે છે અને રૂપાદિ વિકારને પામે છે, માટે ચક્ષુ એ સ્વયંપ્રકાશ હોય પણ મનના સંબંધે ચક્ષુ વિકાર રૂપે પરિણામ પામે છે. કાળું, અંધારું, લાંબુ ઈત્યાદિ જણાય છે. માટે જ્ઞાન સ્વયંપ્રકાશ હોય નહિ, પણ છે જ. કેમ કે જ્ઞાનથી અધિક જ્ઞાન સંભવે જ નહિ. પોતાનાથી પોતાના ખભા ઉપર બેસાય નહિ. જ્ઞાન તે જ્ઞાન જ છે, એ જ સ્વયંપ્રકાશ છે. સંશય, વિપર્યય, ભ્રાંતિ, ઈત્યાદિ તો વૃત્તિ જ્ઞાન છે, એ સામાન્ય જ્ઞાન કહેવાય. ખરું જ્ઞાન નથી. જ્ઞાન તો અવિકૃત, નિત્ય અને વસ્તુ ધર્મ છે કે જે વડે વસ્તુ માત્ર 'યાવત્ જ્ઞેય' વસ્તુત્વ પામે છે.

જ્ઞાન અને વસ્તુ વિચાર જુદાં પડે જ નહિ, જ્ઞાનને જ્ઞાન એ જ સિદ્ધ છે. એ જ આપણે જાણી તથા અનુભવી શકીએ છીએ. બાકી વસ્તુ સ્વરૂપ વિષે કાંઈ પણ ખબર પડતી નથી. ત્યારે વસ્તુ માત્ર જે રૂપ છે તે રૂપ આપણને સમજાય છે તે જ્ઞાનથી જ. માટે જ્ઞાનનું સામાન્ય સ્વરૂપ સત્, ચિત્ત એવું બાંધી શકાય. વળી જે આવું એકરૂપ નિત્ય જ્ઞાન તેમાં દુઃખનો વિકૃતિનો સંભવ જ ક્યાં રહ્યો ? અર્થાત્ તે જ્ઞાન આનંદ રૂપ જ છે.

"એવી રીતે પૂર્ણ દિવસ સત્સંગ કરતાં કરતાં નિત્ય નિયમ મુજબ સંધ્યા સમય થવાથી સભા વિસર્જન થઈ."

ત્રીજા દિવસે સવાર થતાંની સાથે જ સર્વ જન નિત્ય કર્મ કરી સર્વ કામ આટોપી રહ્યા પછી તરત જ પોતપોતાને આસને આવી બેઠાં. સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજની રાહ જોવા લાગ્યાં. એટલામાં ચંદનવીર મહારાજે આવી સર્વ સભાને જાણ કરી કે, સદ્ગુરુ શ્રી મહારાજ પધારે છે. એટલામાં તો સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સ્વયં પધારી આસન આગળ આવ્યા કે સર્વ સભાજનોએ ઊભા થઈને માનપૂર્વક આવકારના શબ્દોથી વધાવી લીધા. પછી દરેક હરિભક્તોએ લાવેલી ભેટો સદ્ગુરુના ચરણમાં મૂકી નમન કરી પોતાના આસને આવી બેઠા. પછી સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ગઈકાલની અધૂરી રહેલી વાતને ચલાવવા આજ્ઞા કરી.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે મહારાજ ! આપ ગઈ કાલે જ્ઞાન સંબંધી જે વિવેચન કરતા હતા, પણ જ્ઞાન તે શું છે ? અને કેવી રીતે મનુષ્ય જ્ઞાન પામી શકે ? તે કૃપા કરી જણાવો.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે યોગી ભાભારામ ! જ્ઞાન વસ્તુ નિરાળી છે. તે વિગતથી વિસ્તારી કહેવાય તેમ છે. તો પણ હું તમને સંક્ષેપ ભાગ પાડી કહું છું તે સાંભળો. જ્ઞાન સાત પગથિયાં દ્વારા તે જુદા જુદા આલેખાયેલું છે. તે પ્રત્યેકને ભૂમિકા કહેવી. તેમનાં નામ : **(૧) શુભેચ્છા. (૨) વિચારણા. (૩) તનુમાનસા. (૪) સત્ત્વાપત્તિ. (૫) અસંસક્તિ. (૬) પદાર્થ ભાવિની અને (૭) તુર્યગા અથવા સંપ્રજ્ઞાત.**

(૧) જ્ઞાનને માટે મોક્ષને માટે ઈચ્છા થવી તેને **શુભેચ્છા** કહે છે. શુભેચ્છાને સાધન ચતુષ્ટથી પણ કહે છે. ચાર સાધનનો સમુદાય તે **સાધન ચતુષ્ટથી**. તે ચાર સાધનના નામ. **૧. વૈરાગ્ય, ૨. વિવેક, ૩. શમાદિ-ષડ્‌સંપત્તિ, ૪. મુમુક્ષુતા.**

૧. વૈરાગ્ય - એટલે સંસાર છોડીને કિંવા ઘરબારનો ત્યાગ કરી જવું એમ નહિ, પણ સંસારના રૂપાત્મક પદાર્થોની નિઃસારતા જાણી અનુભવીએ તેમાં બંધાવવું નહિ, તેમને વશ થવું નહિ, તેમજ ઇંદ્ર સ્વર્ગાદિ પર્યંતને પણ તુચ્છ જાણવા. એવી મનની ઉગ્ર સમતા છે તે વૈરાગ્ય. એક જ વસ્તુ ઉપર બંધાઈ રહેલી વૃત્તિ તે રાગ, તે તૂટીને સર્વમય વૃત્તિ થઈ જવી, કોઈ પણ ઇચ્છવાનું ન રહેવું અને બધું વિશ્વ 'હું' મય આત્મવત્‌ થઈ જવું તે વૈરાગ્ય. બધા મારા ભાઈ છે એ સમાનતા જાણવી તે પ્રેમનું લક્ષણ નથી. પ્રેમ તો સર્વ આત્મવત્‌ કેવળ અત્યંત અભેદ એ જ છે. વૈરાગ્ય એ જ મહા પ્રેમ છે.

કર્મ કરવાનું મૂકી દઈને ભગવાં વસ્ત્ર પહેરી રખડતા ફરવું એ વૈરાગ્ય નથી. એથી ઉલટા તેઓ વૈરાગી તે જ રાગી છે, અપ્રેમી તે જ મહાપ્રેમી છે, ત્યાગી તે અત્યાગી છે. પરિચ્છિન્નત્વ (અસ્તિત્વની સંપૂર્ણ શૂન્યતા, અમુક દ્રવ્યથી વિરુદ્ધ ગુણ કરનારું બીજાું દ્રવ્ય, હરીફ.) ભાંગવો એ જ વૈરાગ્યનું રહસ્ય છે. પરિચ્છિન્નત્વથી રાગદ્વેષ થાય છે અને કામના જન્મે છે. તેથી અપરિચ્છિન્નત્વને તજવો. સર્વ સમતા ગ્રહણ કરવી અને કામના તજવી, એ જ વૈરાગ્યનું લક્ષણ છે. બાકી એક ક્ષણ પણ કામના વિના કોણ રહી શકે છે ? કર્મમાં તો ત્યાગી કે સંસારી સર્વ પ્રવૃત્ત થાય છે જ. પણ કર્મમાં કામના બાંધી બંધાય નહિ તે જ વૈરાગ્ય. એવો વૈરાગી તે જ ખરો વૈરાગી. ભગવાં વસ્ત્ર ધારણ કરવાથી કે ઘર મૂકી ભાગી જવાથી ખરા વૈરાગી થવાતું નથી. એમ કર્યાથી કામના તજવા રૂપી વૈરાગ્યમાં સહાય મળે ખરી પણ તે વૈરાગ્યનું રૂપ ન સમજવું. સંસારમાં રહીને પોતાના પ્રાપ્ત કર્તવ્ય યથાર્થ કરવાં અને તેમાં કામના તજી મંડ્યા જ રહેવું એટલું જ વૈરાગ્યનું તત્ત્વ છે. આળસ રૂપી ધર્મ પકડવો તે વૈરાગ્ય નથી. વૈરાગ્ય વૃત્તિ ન થવા દેનાર જ આળસ

છે. વૈરાગ્ય વડે જે પ્રાપ્ત થાય છે તે સૂક્ષ્મ સમાધિ. તે **લય, વિક્ષેપ, કષાય (કામના) અને રસા (સ્વાદ)** એ ચારથી ભંગ થાય છે.

લય એટલે નિદ્રાદિ આળસ. **વિક્ષેપ** એટલે ચિત્તની ચંચળતા થાય. **કષાય** એટલે વિષયોમાં રસ લાવવો અને **રસા સ્વાદ** એટલે મધુર, અમ્લ, પટુ, કટુ, તીખો એ રસોનો સ્વાદ તથા વિષય ભોગ. એ બધાથી મુક્ત થવું એ જ પરમ વૈરાગ્ય છે. કામના એટલા શબ્દોમાં એ ચારેનો સમાવેશ છે. એ કામના તજવી એટલે વૈરાગ્ય થયો છે. બાકી કર્મ તો પોતપોતાને પ્રાપ્ત હોય તે કર્યાં જ જવાં. એ તો કદાપી છુટનારાં જ નથી.

કેટલાક એવું માને છે કે કામના તજી એટલે ઇંદ્રિયોના વિષયોને વશ કરવા. ઇંદ્રિયોના વિષય ભોગવે તેમાં જ્ઞાની અને વૈરાગીને શું છે ? પરંતુ એ મિથ્યાવાદ છે. વિષયોનું ધ્યાન કરવાથી કામના થાય છે. કામના સંતોષ ન પામવાથી ક્રોધ થાય છે, ક્રોધથી મોહ થાય છે, મોહથી વિવેક નાશ પામે છે અને વિવેકનો નાશ થતાં મનુષ્યનો પોતાનો જ નાશ થાય છે. માટે મૂળથી જ વિષયનું ધ્યાન કરવું એ જ ખોટું છે. જેમ સમુદ્રને હજારો નદીઓ મળે છે પણ સમુદ્ર પોતાની મર્યાદા કદી પણ તજતો નથી. એમ જેનું મન હજારો વિષયાદિમાં ફરવા છતાં સ્થિર છે તે જ ખરો વૈરાગી છે. મનની ચંચળતા દૂર થાય તે જ યોગી, તે જ વૈરાગી અને તે જ સમાધિ. વાયુ વિનાના સ્થાનમાં દીવાની જ્યોતિની જેમ જ્યારે મન સ્થિર રહે ત્યારે જ સમાધિ થાય. આ પ્રમાણે વિચાર કરી વૈરાગ્ય પ્રાપ્ત કરવો જોઈએ.

૨. આ પછી બીજું સાધન **વિવેક.** જે ઉદય પામે છે. વૈરાગીને સહેજમાં જ્ઞાન થવા માંડે છે. તેના મનમાં જ્ઞાનનું જ નિરંતર પ્રતિબિંબ પડે છે. જેમ સ્વચ્છ દર્પણમાં એની જ મેળે શુદ્ધ પ્રતિબિંબ પડ્યા કરે છે, તેમ વૈરાગી જ્ઞાનમય થતો જાય છે એટલે આ નિત્ય, આ અનિત્ય, આ સત્ય, આ મિથ્યા એવો વિવેક સહેજમાં બને છે. વૈરાગી અને વિવેકી એ બે સાધનો સિદ્ધ થયા પછી ત્રીજું સાધન શમાદિ ષટ્‌સંપત્તિ છે તે આવે છે.

૩. **શમાદિ ષટ્‌સંપત્તિનાં** છ નામો છે. **૧. શમ, ૨. દમ, ૩. ઉપરામ, ૪. તિતિક્ષા, ૫. સમાધાન, ૬. શ્રદ્ધા.** બાહ્ય ઇંદ્રિયોને નિયમમાં રાખવી તેનું નામ **શમ** કહેવાય છે. આંતર ઇંદ્રિયોને નિયમમાં રાખવી અથવા વૃત્તિ રૂપ જે જ્ઞાન તેને અંતઃર્મુખ કરી દેવું એ **દમ** કહેવાય છે. જ્યારે બાહ્ય તથા આંતર એમ ઉભય ઇંદ્રિયો શાંત થાય અને કામના

માત્ર ટળી, એકરૂપતા થવા માંડે ત્યારે તેનું નામ **ઉપરામ** કહેવાય છે. આ હું અને આ મારું, આ મારો ધર્મ અને આ તારો ધર્મ, એ વાત ઉપરામ પામેલા યોગીને ઘટે નહિ. જેના ચિત્તમાંથી અહંકાર ટળી જાય તે જ **ઉપરામ**. સુખ-દુઃખ રૂપ જે જે વિરુદ્ધ ભાવના છે તે મિથ્યા છે એમ યથાર્થ સમજી પ્રારબ્ધવશાત્ પ્રાપ્ત થતાં કર્તવ્ય કર્મમાંથી પાછા ન હઠતાં નિષ્કામ રહી શાંતિથી પ્રવર્તવું તેનું નામ **તિતિક્ષા** કહેવાય છે. પોતે જે જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે યથાર્થ છે એમ પોતાના ઉપર વિશ્વાસ, તેમ ગુરુ શાસ્ત્રાદિ ઉપર વિશ્વાસ તેનું નામ **શ્રદ્ધા** કહેવાય છે. નિર્ભય સ્થાનમાં દીપ જ્યોતિની પેઠે મનનું સ્થિર થવું, તેથી આનંદનો ઉદય થવો તેનું નામ **સમાધાન** કહેવાય છે. આત્મા આનંદ રૂપ જ છે પણ તેની પ્રતીતિ થતી નથી. એ જ આપણું અજ્ઞાન છે. જુઓ કોઈ આત્મા જીવ એમ નથી ઇચ્છતો કે હું નહોઉં તો ઠીક, પણ સર્વ એમ જ ઇચ્છે છે કે હું વધારે રહું અને વધારે ભોગવું તો ઠીક. ત્યારે આત્મા ઉપર બધો પ્રેમ છે, એ આત્માને લીધે જ બધું પ્રિય લાગે છે. તે ન હોય તો કશું વહાલું લાગે નહિ. જ્યારે આવી રીતે એક એક જીવ પ્રિયતા રૂપ, પ્રેમ રૂપ, આનંદ રૂપ જ છે. આત્મા એટલે પરમાત્મા અથવા બ્રહ્મ. તે જ્ઞાન રૂપ જ છે, તે જ જ્ઞાન છે, તે જ સત્ રૂપ જ છે. જ્ઞાન છે તો સત્ય છે, સત્ય છે તો જ્ઞાન છે. એ બે તો જુદા છે જ નહિ. એ જ સચ્ચિદાનંદ. સમજાઈ જાય તે સમાધાન !

૪. ઉપરના ત્રણ સાધનો થાય ત્યારે ચોથું સાધન મુમુક્ષુતા સિદ્ધિ થઈ કહેવાય. પરંતુ મોક્ષ થયો તો ન જ કહેવાય પણ મોક્ષની ઇચ્છા થઈ કહેવાય. એ ચતુર્થ સાધન મોક્ષની ઇચ્છાથી જ્ઞાન માટે તીવ્ર કર્મ તે **મુમુક્ષુતા**.

(૧) એ રીતે **સાધન ચતુષ્ટ** નામે **શુભેચ્છા** રૂપ જ્ઞાનની પ્રથમ ભૂમિકા જાણવી.

(૨) હવે જ્ઞાન મેળવવાની શક્તિ રૂપ **વિચારણા** એ જ્ઞાનની બીજી ભૂમિકા કહેવાય છે. તે શ્રવણ તથા મનનથી સિદ્ધ કરી શકાય છે. શાસ્ત્ર વાંચીને કે ગુરુ વગેરેની પાસેથી સાંભળીને જ્ઞાન ગ્રહણ કરવું તે શ્રવણ અને ગ્રહણ કરેલા જ્ઞાનને વિચારી તથા અનુભવીને મનમાં દૃઢ કરવું તે મનન કહેવાય છે.

(૩) મનની એકાગ્ર સૂક્ષ્મ તન્મયતા રૂપ **તનુમાનસા** એ જ્ઞાનથી ત્રીજી ભૂમિકા છે. તે નિદિધ્યાસન વડે સિદ્ધ થઈ શકે છે. શ્રવણ તથા મનન ઉપરથી નિશ્ચય થવામાં જે કાંઈ અંતરાય હોય તે દૂર કરી કિટક ભ્રમર ન્યાયે જ્ઞાન સાથે એકતા થવી તેને નિદિધ્યાસન કહે છે.

(૪) બ્રહ્મથી જીવ જુદો નથી અને વ્યક્તિરૂપ પરિચ્છેદ રૂપ મિથ્યા છે, એમ દઢ નિશ્ચય થાય તે જ્ઞાનની ચતુર્થ ભૂમિકા **સત્ત્વાપતિ** કહેવાય છે.

(૫) સત્ત્વાપત્તિ તે મોક્ષ નથી. કોઈ પણ રીતની સંસક્તિ ન હોવી, કેવળ એકતા જ થવી તે સમાધિનું નામ **અસંસક્તિ**. તે જ્ઞાનની પાંચમી ભૂમિકા કહેવાય છે.

(૬) બ્રહ્મમયતા, એક રસતા, પ્રેમ પ્રેમ અને પ્રેમ, અભેદ અભેદ અને અભેદ, એ જ નિરંતર જ્ઞાન, સ્વપણાનો નાશ એ **પદાર્થ ભાવિની** નામે જ્ઞાનની છઠ્ઠી ભૂમિકા કહેવાય છે.

(૭) કીટક ભ્રમરવત્ જ્ઞાનરૂપતા, બ્રહ્મપણું, બ્રહ્મ તે જ મોક્ષ, એ જ તુર્યા, પરમ સમાધિ, જીવન મુક્તિ જે કહીએ તે. એને જ જ્ઞાનની સપ્ત ભૂમિકા **તુર્યગા અથવા સંપ્રજ્ઞાત** કહે છે.

એ જ રીતે જેમને જ્ઞાન પામવાનું છે, જેની અવસ્થામાં ફેરફાર થઈ તદ્રુપ થવાનો જેમને સંકલ્પ છે, તેઓને અર્થે આ સપ્તભૂમિકા જ્ઞાનનો પૂર્ણ માર્ગ દેખાડનાર જ છે.

વળી સાધ્વી શ્રી કીકીબાઈને સંબોધી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ હે સાધ્વી કીકીબાઈ ! જે જ્ઞાની છે તેઓ તો કદીએ ભૂલવણીમાં પડી શકતા નથી. તેમ તું પણ જ્ઞાની જ છે વળી અધિક જ્ઞાની એટલે કે વિશેષ જ્ઞાન પણ તમે મેળવવા સદ્‌ભાગી થાઓ એવા મારા આશીર્વાદ છે. પણ તમારામાં કેટલીક રહેલી ખામીઓનો પૂર્ણ વિચાર કરો કે જેથી તમને પૂર્ણ જ્ઞાની થવામાં ભય રહે નહીં. તમે તમારા પૂર્વજન્મની માહિતી મેળવ્યા છતાં પણ મનમાં જે ભિન્નતા રાખી બેઠાં છો, તે તમને અંતે અતિશય દુઃખદાયક થઈ પડશે. જેવી રીતે તમે જે હમણાં પસ્તાવો વ્યક્ત કર્યો છે, તેવી જ રીતે ફરી પણ એથી વિશેષ ચિંતન કરી મનમાં જે શંકાઓ રહેલી છે તે દૂર કરવાનો વિચાર કરો. સત્વરે યોગનો સ્વીકાર કરો.

ધાર્મિક મનુષ્યો તો જે અવસ્થામાં રહે તેમાં તે શોભે છે. ગુણવાન માણસ ગમે તેવાં કુશનાં જ કપડાં પહેરે, ગમે તેવા ફાટેલા ધાબળા ઓઢે, કદાચ તેમનાં શરીરનો રંગ કાળો જ હોય તો પણ પોતાના તેજથી તે શોભે છે. ધર્મથી જ માણસ શોભે છે. ધર્મ માણસનો પોષાક છે. ધર્મ જ મનુષ્યનું સૌંદર્ય છે. જો નાના પ્રકારના અલંકારથી આભૂષિત બાળક કદાચ પાપાનુસારી હોય તો તેનું લાવણ્ય કંઈ રહેતું નથી. જેનું હૃદય પાપનો જ ભંડાર છે તેને બહારનો પોશાક શોભાવી શકે ? તે તો અમૃત મુખમાં ઝેરના કુંભ જેવો દેખાય.

શારીરિક દોષ જેનામાં લેશ પણ નથી, જેમની વાણી સંયમિત છે, જેમની ઈંદ્રિયો વશીભૂત છે, જેની ચિત્તવૃત્તિ નિર્મળ છે અને જેનું મન પ્રસન્ન છે તેમને મુખ ઉપર આંચળો ઓઢવાની શું જરૂર છે ? જેને લજ્જા નથી, આબરૂ નથી, ચિત્ત જેને વશીભૂત નથી અને જેની ઈંદ્રિયો દુર્દમનીય* છે, તે સેંકડો ઘૂમટાથી ઢંકાય તો પણ તેની રક્ષા લઈ શકાતી નથી. જેનું ચિત્ત પોતાને જ વશ છે, જેનો મહાપતિ ઉપર જ પ્રાણ રહેલો છે. તે ચંદ્ર સૂર્યની સમાન સર્વ જનની સામે પ્રકાશિત થાય તો પણ તેને કોઈ હાનિ થતી નથી. જે પોતાની રક્ષા કરી શકે તે જ સુરક્ષિત છે. નહિતર ઘૂમટો કાઢી ઘરમાં બેસી રહ્યા છતાં સ્ત્રી જેમ અરક્ષિતા જ છે તેમ તે છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ મહારાજ ! આ સૃષ્ટિમાં રહેલા કેટલાક પદાર્થો છે તે માંહેના કેટલાકને સર્વ મનુષ્ય ઓળખી શકે છે અને કેટલાકનું તો બિલકુલ જ્ઞાન પણ હોતું નથી. વિષ્ણુમય જગતનું એવું ધોરણ જે કહેવાય છે તે વિષે મને શંકા ઉત્પન્ન થાય છે કે જો વિષ્ણુમય જગત છે, ત્યારે એક જ વિષ્ણુ એક એકથી અજાણ્યા કેમ રહે ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભક્ત ભાભારામ ! આ સૃષ્ટિમાં રહેલા પદાર્થોના ચાર ભાગ થઈ શકે છે. **સ્થૂલ, સૂક્ષ્મ, કારણ અને અધિષ્ટાન (મહાકારણ).** સ્થૂલ પદાર્થો આપણા જોવામાં આવે છે. તેઓનું તોલ માપ થઈ શકે છે. તેમાં રહેલા ગુણોનું શોધન થઈ શકે છે. પણ સૂક્ષ્મ, કારણ, અધિષ્ટાનનું સ્વરૂપ આપણી દૃષ્ટિએ પડતું નથી. તેનું તોલ કે માપ થઈ શકતું નથી. તેઓના ગુણનું સાધન પણ કઠિનતાથી થઈ શકે છે. અંતઃકરણની નિર્મળતા, એકાગ્રતા, ધૈર્ય અને વિવેચન કુશળતા હોય તો જ સૂક્ષ્મ પદાર્થોનું યોગ્ય જ્ઞાન થઈ શકે છે. કેમ કે જ્યાં સુધી આપણા મન પર આવરણ રૂપી પડદા પડેલા છે, ત્યાં સુધી વિષ્ણુમય જગત હોવા છતાં આપણા મનના અજ્ઞાનના અંધારાના લીધે શુદ્ધ સ્વરૂપ સમજાતું નથી. જેમ કાટ ભરેલી આરસીમાં આપણું મુખ શુદ્ધ દેખાતું નથી તેમ જ જાણવું.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે સદ્‌ગુરુદેવ ! પરમાત્માએ જે સૃષ્ટિમાં બતાવેલા નિયમો છે તે જીવને લાગુ પડી શકે કે નહિ ?

*** દુર્દમનીય - પ્રબળ, મુશ્કેલીથી કાબૂમાં રાખી શકાય એવું.**

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભક્ત ભાભારામ ! સૃષ્ટિ કાર્ય કરનાર ત્રણ ગુણવાળી પ્રકૃતિ માયા છે અને તે કાર્યનો દૃષ્ટા સાક્ષી પુરુષ આત્મા છે. પ્રકૃતિથી બંધાયેલા આત્માને જીવ કહે છે. એ જીવને ચાર પ્રકારનાં શરીર છે. તેના નામ **૧. સ્થૂલ, ૨. સૂક્ષ્મ, ૩. કારણ ૪. મહાકારણ.**

આકાશ, વાયુ, તેજ, પાણી અને પૃથ્વી, એ પંચમહાભૂતો મળીને સ્થૂલ દેહ થયો છે. આપણા શરીરમાં જેટલો ભાગ કઠિન છે તે **પૃથ્વીનો** છે અને રસ રૂપ જેટલો ભાગ છે તે **જળનો** છે. જેટલો ઉષ્ણ ભાગ છે તે **તેજનો** છે. ચાલવું, હાલવું, વાયુથી થાય છે, માટે તે ક્રિયા માત્ર **વાયુનો** ભાગ છે અને શરીરમાં જે પોલાણનો ભાગ છે તે **આકાશનો** સમજવો. એ પંચ મહાભૂતના પણ વિભાગ છે. જેમ કે **આકાશનાં પાંચ તત્ત્વ છે :** કામ, ક્રોધ, શોક, મોહ અને ભય. **વાયુનાં પાંચ તત્ત્વ છે :** વલન, ચલન (ઉત્ક્રમણ), ધાવન (દોડવું), પ્રસારણ, આકુંચન (સંકોચન). **તેજનાં પાંચ તત્ત્વ છેઃ** ક્ષુધા, તૃષા, આલસ્ય, નિદ્રા, કાંતિ. **પાણીનાં પાંચ તત્ત્વ છે :** શુક્ર (વીર્ય), શોણિત (લોહી), લાલા(લાળ), મૂત્ર, સ્વેદ (પસીનો). **પૃથ્વીનાં પાંચ તત્ત્વ છે :** અસ્થિ (હાડકાં), માંસ, ત્વચા (ચામડી), નાડી અને રોમ. એવી રીતે પચીસ તત્ત્વોનો આ સ્થૂલ દેહ થયો છે અને તે પંચીકૃત પંચમહાભૂતનું કાર્ય છે, પંચીકૃત પંચમહાભૂત એટલે ઈશ્વર ઈચ્છાથી પ્રત્યેક ભૂતના બબ્બે ભાગ થઈને, તેમાંથી સર્વ ભૂતોનો એક એક (અર્ધ) ભાગ જુદો રહીને, પોતાનો એક એક (અર્ધ ભાગ) રહ્યો, તે દરેકના ચાર ચાર ભાગ થઈને, પોતાના સિવાયના બીજા ચાર તત્ત્વના અર્ધ ભાગ સાથે મિશ્રણ પામે છે એમ પચીસ મિશ્ર તત્ત્વ પેદા થાય છે, તેને પંચીકરણ કહે છે. "તે આ પ્રમાણે છે"

● સ્થૂલ દેહના પંચીકૃત પચીસ તત્ત્વો ●

-તત્ત્વને સમજવાનું કોષ્ટક-

પંચભૂત	પૃથ્વીના	જળના	તેજના	વાયુના	આકાશના
પૃથ્વી	અસ્થિ	શોણિત	આલસ્ય	સંકોચન	કટ્યાકાશ
જળ	માંસ	શુક્ર	કાંતિ	ચલન	ઉદરાકાશ
તેજ	નાડી	મૂત્ર	ક્ષુધા	ઉત્ક્રમણ	હૃદયાકાશ
વાયુ	ત્વચા	સ્વેદ	તૃષા	ધાવન	કંઠ્યાકાશ
આકાશ	રોમ	લાળ	નિદ્રા	પ્રસારણ	શિરયાકાશ

"આ ઉપરના કોષ્ટકનો અર્થ સમજવા સારું અત્રે પૃથ્વી તત્ત્વની સમજ છે. પૃથ્વીનો મુખ્ય ભાગ અસ્થિ (હાડકાં) છે. કેમ કે તે પૃથ્વીની જેમ કઠિન છે, તેથી તે પૃથ્વીનો અર્ધો ભાગ

આકાશ = કામ, ક્રોધ, શોક, મોહ અને ભય એ પાંચ છે. પરંતુ અત્રે પાંચ ભાગ પાડીને તેના તત્ત્વ પ્રમાણે વ્યવસ્થા કરેલી છે.

જાણવો. બાકીના ભાગના ચાર ભાગ થયા. જેવા કે શોણિત, આલસ્ય, સંકોચન અને કટ્યાકાશ. તે જલ આદિ બીજા ચાર ભૂતમાં મળ્યા. તે એવી રીતે કે શોણિત (રૂધિર)નો રંગ લાલ છે તેથી તે પૃથ્વીનો ભાગ છે તે જળમાં મળ્યો, તેથી તે જળના તત્ત્વો સાથે કહેવાય છે. પૃથ્વીની પેઠે આલસ્યમાં જડતા છે, તેથી તે પૃથ્વીનો ભાગ છે, તે તેજમાં મળ્યો, તેથી તે તેજના તત્ત્વો સાથે કહેવાય છે. સંકોચન એ પણ પૃથ્વીની પેઠે જડતાના હેતુવાળું છે, માટે પૃથ્વીનો ભાગ છે, પણ તે વાયુમાં મળ્યો તેથી તે વાયુના તત્ત્વો સાથે ગણાય છે. પૃથ્વીનો ભાગ જે મળે, તેને કટ્યાકાશ રાખે છે. માટે તે પણ પૃથ્વીનો ભાગ છે, પણ આકાશને મળ્યો તેથી તે આકાશનાં તત્ત્વો સાથે ગણાય છે. એ જ પ્રમાણે જળ, વાયુ, તેજ, આકાશ એ તત્ત્વોની વ્યવસ્થા સમજી લેવી.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ જેમ સ્થૂલ દેહને પચીસ તત્ત્વો છે તેમ સૂક્ષ્મ દેહને છે કે નહિ ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ સૂક્ષ્મ અથવા લિંગ દેહના તત્ત્વો પણ એવી જ રીતથી છે. જેવાં કે **અંતઃકરણ પંચક, પ્રાણ પંચક, જ્ઞાનેદ્રિય પંચક, કર્મેદ્રિય પંચક અને વિષય પંચક** એ રીતેથી પચીસ છે અને તે પંચમહાભૂતથી થયાં છે.

સંત શ્રી ભાભારામ મહારાજ : સૂક્ષ્મ દેહ કોને કહેવાય ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ **પાંચ જ્ઞાનેંદ્રિય, પાંચ કર્મેદ્રિય, પાંચ પ્રાણ, મન, બુદ્ધિ એ સત્તર તત્ત્વોને સૂક્ષ્મ દેહ** કહ્યો છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહે; **અંતઃકરણ પંચક** કોને કહે છે ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ અંતઃકરણ પંચકમાં અંતઃકરણ, મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર એ આકાશના ભાગથી છે. અંતઃકરણથી કામની સ્ફુરણા થાય છે. મનથી

જે કામ સ્ફુરણ થયું તે કામ કરવું અથવા ના કરવું એવો સંકલ્પ વિકલ્પ થાય છે. બુદ્ધિથી ધારેલા કામનો નિશ્ચય થાય છે. ચિત્તથી એ કામ કેવી રીતે કરીએ તો સારું થાય ? એવું ચિંતન થાય છે. તેનું નામ **અંતઃકરણ પંચક** કહેવાય છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ મહારાજ ! **પ્રાણપંચક** કેવી રીતે સમજવાં ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ માણસના શરીરમાં જે શ્વાસોચ્છ્વાસ ક્રિયા થાય છે અને જેનાથી જીવન ક્રિયા બને છે તે **વાયુનું નામ પ્રાણ** છે. એ ઘણો જ સૂક્ષ્મ અને ઈંદ્રિયોથી ગ્રહણ ન થઈ શકે એવો પ્રવાહી પદાર્થ છે. સચરાચર સર્વ પદાર્થોમાં તે રહેલો છે. તેનો મુખ્ય આધાર સૂર્ય છે. સર્વ પ્રાણીઓના શરીરમાં જે ગરમી રહેલી છે તેનો નિર્વાહ આ પ્રાણતત્ત્વ વડે થાય છે. શરીરના અવયવોને યથાર્થ કામ કરાવવાં, રુધિરને શરીરમાં ઉચિત સ્થાને પહોંચાડવા અને તે બધી ક્રિયાઓ દ્વારા અંતઃકરણ તથા ઈંદ્રિયોને સ્વચ્છ રાખવાં એ પ્રાણનું કામ છે. માટે પ્રાણની શુદ્ધિ ઉપર શરીર સંપત્તિનો આધાર છે. સૂક્ષ્મ શરીરમાં પ્રાણતત્ત્વ પ્રધાન છે. સ્નાન દ્વારા જળથી અને ઉપાસના દ્વારા સૂર્ય તથા અગ્નિથી પ્રાણની શુદ્ધિ થાય છે સદ્‌ગુરુના સંગમથી પ્રાણથી શુદ્ધિ શીઘ્ર થાય છે. ચિત્ત વૃત્તિને વિષયોમાં પ્રવૃત્ત કરનાર પ્રાણ છે. પ્રાણનું શરીર બહાર જવું આવવું થાય છે, તે પ્રમાણે ચિત્ત પણ જાવ આવ કરે છે. માટે જ પ્રાણને રૂંધ્યો હોય તો જ ચિત્ત પણ સ્થિર થાય છે.

સ્થાન ભેદથી તેનાં મુખ્ય પાંચ નામ આપેલાં છે. પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન. એ સિવાય નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત અને ધનંજય એ પાંચ ઉપપ્રાણ છે.

આ દરેક પ્રાણ શરીરમાં રહીને શું શું કામ કરે એ વિષે કહું છું. પ્રાણ મનુષ્યને જ છે એમ નથી પણ પદાર્થ માત્રને છે. તેમ બધા વિશ્વને છે અને સર્વ વ્યાપી છે. એનું મહાન સ્થાન સૂર્ય છે. તેમાંથી પ્રાણનો પ્રવાહ બધે પ્રસરે છે અને ચંદ્ર દ્વારા પોષાય છે. ચંદ્રની ગતિ પ્રમાણે માણસના દેહનો પ્રાણ પણ બાર ગતિ કરે છે. રાત દિવસના ચોવીસ કલાકમાં માણસનો પ્રાણ બાર વાર બદલાય છે. તેને **પ્રાણ પંચક** કહે છે.

પ્રાણ, અપાન, ઉદાન, સમાન અને વ્યાન એ તત્ત્વો વાયુનાં છે. પ્રાણ તે હૃદય સ્થાનમાં રહીને ક્ષુધા પિપાસાની ક્રિયા કરે છે. અપાન ગુદાસ્થાનમાં રહીને મળ, મૂત્રનો

ત્યાગ કરે છે. ઉદાન કંઠસ્થાનમાં રહીને શ્વાસ ક્રિયા તથા વાણીનું તંત્ર બરાબર ચલાવે છે. સમાન નાભિસ્થાનમાં રહીને અન્ન જળનું પાચન યોગ્ય સમયે કરે છે. વ્યાન શરીરમાં રહીને રસ મેલની ક્રિયા તથા શરીરની સ્ફૂર્તિ, ગતિનું કાર્ય કરે છે. સિવાય નાગ, કૂર્મ, કૃકલ, દેવદત્ત, ધનંજય એ પાંચ ઉપપ્રાણ છે. નાગ વાયુથી ઓડકાર આવે છે, કૂર્મથી આંખ ઉઘડે છે - મીંચાય છે, કૃકલથી છીંક આવે છે, દેવદત્તથી બગાસું આવે છે, ધનંજય મૃત શરીરને ફૂલાવે છે. એ કર્મ પ્રાણ પંચક કરે છે. એ પાંચે પ્રાણ અથવા વાયુનાં નામ છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ **જ્ઞાનેંદ્રિય પંચક** તે કેવી રીતે કહેવાય છે ? તે મહારાજ ! દયા કરી દાસને સમજાવો તો બહુ સારું.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભક્ત ભાભારામ ! જ્ઞાનેંદ્રિય પંચકનો વિસ્તાર એવી રીતથી થાય છે, કે તેમાં કાન, ત્વચા, આંખ, જીભ, નાક એ ભાગ તેજનો છે. કાનથી શબ્દ સંભળાય છે. ત્વચાથી ઠંડુ, ગરમ, કોમળ કે કઠિનનો સ્પર્શ જણાય છે. આંખથી નાના-મોટા પ્રકારનાં રૂપ દેખાય છે. નાકથી સુગંધ અથવા દુર્ગંધ વગેરે સમજાય છે. એવું જ્ઞાન થવું તેને **જ્ઞાનેંદ્રિય પંચક** કહે છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે મહારાજ ! **કર્મેંદ્રિય પંચક**નો વિસ્તાર કેવી રીતથી થયેલો છે ? તે કહેવા કૃપા કરશો ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ ભાભારામ ! કર્મેંદ્રિય પંચક એવી રીતથી છે કેઃ **વાચા, હાથ, પગ, ઉપસ્થ અને ગુદા એ પાણી તત્ત્વનો ભાગ છે.** વાચા (મુખ)થી શબ્દ બોલાય છે. હાથથી પદાર્થની આપ લે કરાય છે. પગથી જવા આવવા(ચાલવા)ની ક્રિયા થાય છે. ઉપસ્થથી મૂત્ર તથા રતિ ભોગ થાય છે. ગુદાથી મળનો ત્યાગ થાય છે. એટલો વિસ્તાર **કર્મેંદ્રિય પંચકનો** છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ મહારાજ ! આપે જે **વિષય પંચક** કહ્યા છે, તેને સવિસ્તાર સમજાવવા કૃપા કરો ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભાભારામ ! **શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધ** એને પૃથ્વીનાં તત્ત્વો કહે છે. આ પાંચ વિષયમાં જે મનુષ્ય આસક્ત થાય છે તેને બંધન થાય છે. જેમ **શબ્દ** અથવા રાગ સાંભળીને હરણ પારધીની પાસે આવીને મૃત્યુના મુખમાં પડે છે. હાથી કૃત્રિમ હાથણીની પાસે **સ્પર્શ** કરવા જતાં ખાડામાં પડી પકડાય

છે. દીવાનું **રૂપ** (પ્રકાશ) જોઈ પતંગિયું દીવાની અંદર પડી મરણ પામે છે. ખાવાના **રસ**ની લાલચે માછીમારનો લોઢાનો કાંટો મોંમાં લેવા જતાં માછલું પકડાઈ જાય છે, **ગંધની** આસક્તિથી કમળમાં ભરાઈ રહેલો ભમરો કમળ બિડાઈ જતાં અંદર રહી જાય છે અને જ્યારે તે કમળનો હાથી ચારો કરે છે ત્યારે તે કમળની સાથે મરણ પામે છે. તેવી જ રીતે વિષયાસક્ત જીવ પણ હંમેશને માટે રૂંધાઈને (મોહમાં ફસાઈ) અંતે મૃત્યુને પામે છે.

સંત શ્રી ભક્ત ભાભારામ મહારાજ કહેઃ હે દીન વત્સ દયાળુ ! હવે આટલી શંકા મુજ પામરમાં રહેલી છે, તો તેને સમજાવવા કૃપા કરો. સ્થૂલ શરીરનાં જે પચીસ તત્ત્વો છે તે પંચમહાભૂતમાંથી ઉત્પન્ન થયાં છે, તો આ સૂક્ષ્મ દેહનાં પચીસ તત્ત્વ શેમાંથી થયાં હશે ? અને એ કેવા નિમિત્તે ઉપજાવ્યાં હશે ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ હે ભાભારામ ! સૂક્ષ્મ શરીરનાં ઉપરનાં પચીસ તત્ત્વો પંચમહાભૂતનાં **સાત્ત્વિક, રાજસિક અને તામસિક** ભાગમાંથી થયાં છે. તે એવી રીતે કે અંતઃકરણ પંચકથી સુખ-દુઃખનું જ્ઞાન થાય છે અને પંચ જ્ઞાનેંદ્રિયથી વિષયનું જ્ઞાન થાય છે, માટે તે દશ સાત્ત્વિક ભાગમાંથી થયેલાં છે. પ્રાણ પંચકથી ક્રિયા થાય છે. તેમજ પંચ કર્મેંદ્રિયોથી પણ ક્રિયા થાય છે માટે તે દશ રાજસ ભાગમાંથી થયેલાં છે. હવે પાંચ વિષય રહ્યા તેમાં કાંઈ જ્ઞાન નથી તે કેવળ જડ રૂપ છે, તેથી તે તામસ ભાગમાંથી થયેલા છે.

સ્થૂળ તથા સૂક્ષ્મ દેહની અપેક્ષાથી કારણ દેહ સમજાય છે. અજ્ઞાનનું નામ **કારણ દેહ** છે. કારણ કે અજ્ઞાનમાંથી તે બે દેહનું કારણ છે માટે જ તેનું નામ **કારણ દેહ** પડ્યું છે. સ્થૂળ દેહનાં સર્વ તત્ત્વો પ્રસિદ્ધ દેખાવમાં આવે છે. તેવી રીતે કારણ દેહ રૂપ જે અજ્ઞાન તે પ્રત્યક્ષ દેખાતું નથી. તેમ અનુમાને પણ જણાતું નથી, તો પણ આપણે તેને જાણી શકીએ છીએ. આપણે કહીએ છીએ કે, "સ્થૂળ તથા સૂક્ષ્મ દેહને આપણે જાણીએ છીએ પણ કારણ દેહને જાણતા નથી" એનું નામ અજ્ઞાન. તે અજ્ઞાનના આપણે દૃષ્ટા છીએ. કેમ કે 'કારણ દેહને આપણે જાણતા નથી.' એવું કહેવું તે જ્ઞાન વિના બને જ કેમ ? અને 'આપણે કારણ દેહને નથી જાણતા એવું જેમણે જાણ્યું તે જ આપણે જ્ઞાન રૂપ છીએ. જ્ઞાન વિના એવું જાણવું તથા કહેવું સંભવે જ નહિ.

તેવી જ રીતે શરીરની પણ ચાર અવસ્થા છે. **૧. જાગ્રત, ૨. સ્વપ્ન, ૩. સુષુપ્ત, ૪. તુર્યા.** ઇંદ્રિયોથી શબ્દાદિ વિષયોનું પ્રસિદ્ધ જ્ઞાન થાય છે તે **જાગૃત અવસ્થા છે**. આ અવસ્થા સ્થૂળ દેહની છે અને તેનું સ્થાન નેત્ર છે. જાગૃત અવસ્થામાં જે વિષય દીઠા હોય અથવા સાંભળ્યા હોય તેનો જ સંસ્કાર અંતઃકરણમાં રહ્યો હોય, તેને કરી નિદ્રા અવસ્થામાં પ્રત્યક્ષની જેમ દેખાય છે, તેનું નામ **સ્વપ્નાવસ્થા** છે. આ અવસ્થા સૂક્ષ્મ દેહની છે અને તેનું સ્થાન કંઠ છે. ઇંદ્રિયાદિની સર્વ વૃત્તિ તેમજ સંયુક્ત બુદ્ધિમાં જે વખતે ભિન્ન ભિન્ન વ્યવહાર જરા પણ પ્રતીત થતો નથી એવી જે ગાઢ નિદ્રા તેનું નામ **સુષુપ્તાવસ્થા** છે અને તેનું સ્થાન હૃદય છે.

એ સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ કહ્યા છે. ત્રણ દેહની અપેક્ષાથી તે મહાકારણ દેહ કહેવાય છે. અવિદ્યા અને દેહાદિક પ્રપંચની અત્યંત નિવૃત્તિનું મોટું કારણ હોવાથી, દેહ મહાકારણ રૂપ કહેવાયો. આ ચોથો દેહ તે અજ્ઞાન સ્વરૂપ છે. અર્થાત્ 'હું દષ્ટા-સાક્ષી છું' એવું જે વિશેષ જ્ઞાન મનની વૃત્તિમાં થયું છે તેનું જ નામ ચોથો **મહાકારણ દેહ** કહેવાય છે. તેનો પણ પ્રકાશક આત્મા નિત્ય અને શુદ્ધ રૂપ છે.

તુર્યાવસ્થા ચોથી અવસ્થા કહેવાય છે અને તે મહાકારણ દેહની છે. તુરીયા એવું અવિકારી શુદ્ધ આત્માનું નામ છે અને તે તુર્યાતિત કહેવાય છે. કેમ કે જાગ્રત, સ્વપ્ન તથા સુષુપ્તિ એ ત્રણ અવસ્થાને જાણવાવાળો એક રસ આત્માની ત્રણ અવસ્થાથી જુદો છે. એ ત્રણ અવસ્થાની અપેક્ષાથી જ તુરીય એટલે ચોથો એમ કહેવાય છે. પણ તે અવસ્થાનો નાશ થયાથી તુરીય (ચોથો) એવું નામ કહેવાય નહિ માટે તુર્યાતિત છે. એટલે તુરીય એવા નામથી રહિત છે પણ તુર્યાતીત કહેતાં તુરીયથી જુદો પાંચમો આત્મા છે એમ કહેવાનો અભિપ્રાય નથી. જેમ કોઈ પુરુષ પુત્રની અપેક્ષાથી "પિતા" એવું નામ પડ્યું, પણ પુત્રના અભાવથી પછી પિતા એવું નામ કહેવાતું નથી, પણ પુરુષ તો છે જ. તેમજ તુર્યાતીત છે.

નિત્ય નિયમનો સમય નજદીક આવવાથી સર્વ સભા વિસર્જન કરવાનો સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે આદેશ આપ્યો એટલે સર્વ જન સર્વ સર્વને નિજ સ્થાને ગયા અને પોતપોતાનાં નિત્ય કર્મ કરવા લાગ્યાં.

ચોથા દિવસે સમય થતાં સર્વ જન સભામાં એકઠાં મળ્યાં અને સૌ પોતપોતાની જગ્યાએ આસન લઈ સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજની રાહ જોતાં બેઠાં છે. તેવામાં સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના ખાસ સેવક શ્રી ચંદનવીરે આવી સૌને ખબર આપી કે સદ્‌ગુરુ શ્રી મહારાજ પધારે છે. તે સાંભળતાંની સાથે જ તરત જ સભાના સર્વ જન ઊભા થઈ હર્ષ આનંદે આવકારના શબ્દોથી વધાવી લીધા. સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ સભામંડપમાં મુખ્ય સ્થાને બિરાજ્યા કે તરત સર્વ સભાજન દંડવત્ પ્રણામ કરી સ્વ આસને બેઠાં. એટલામાં સંત શ્રી ભાભારામે ઊભા થઈ શ્રી સદ્‌ગુરુ મહારાજને ચરણે નમન કરી નમ્રતાથી પ્રશ્ન પૂછવાનો વિચાર દર્શાવ્યો. તરત જ સદ્‌ગુરુશ્રીએ અતિ વિનોદથી કહ્યુંઃ ભાઈ ! કોઈ પણ વાતની ગ્લાની ન રાખતાં જે કાંઈ મનમાં સંશય રહેતો હોય તો ભલે ખુશીથી પૂછી તેનું નિરાકરણ કરી લો.

સંત શ્રી ભાભારામ મહારાજ બોલ્યાઃ આપે જે ગઈ કાલે પ્રાણ પંચકનું આગળ વિવેચન કરી અમારા મનને સંતોષ ઉપજાવ્યો છે, પરંતુ તે પાંચ પ્રાણના શરીર વિશે પણ ભાગ હોય છે કે કેમ ? તેમજ મનુષ્યમાં ગુણ કેટલા પ્રકારના છે ? અને બીજું પણ ગુહ્યભેદ સમજાવવા કૃપા કરશો !

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ જીવને આચ્છાદન રૂપે પાંચ કોષ છે. **૧. અન્નમય કોષ, ૨. પ્રાણમય કોષ, ૩. મનોમય કોષ, ૪. વિજ્ઞાનમય કોષ, ૫. આનંદમય કોષ.** જેમ રેશમના કીડાને કોશેટો ઢાંકે છે, તલવારને મ્યાન ઢાંકે છે તેમ એ પાંચ કોષ છે તે આત્માના શુદ્ધ સ્વરૂપને ઢાંકે છે. સ્થૂળ દેહને **અન્નમય કોષ** કહે છે. કારણ કે માતા પિતાએ ખાધેલા અન્નના પરિણામમાંથી રુધિર અને વીર્ય થાય છે. રુધિર અને વીર્યના સંબંધથી સ્થૂળ શરીર પેદા થાય છે. સૂક્ષ્મ દેહમાં પ્રાણમય, મનોમય અને વિજ્ઞાનમય એ ત્રણ કોષ છે. પાંચ પ્રાણ અને પાંચ ઉપપ્રાણ મળીને પ્રાણમય કહેવાય છે. પ્રાણમય કોષની અંદર **મનોમયકોષ** છે અને તે પાંચ જ્ઞાનેંદ્રિયો તથા મન એ છ મળીને કહેવાય છે. મનોમય કોષની અંદર **વિજ્ઞાનમય** કોષ છે. તે પાંચ જ્ઞાનેંદ્રિયો તથા બુદ્ધિ એ છ મળીને કહેવાય છે.

તેમજ પ્રકૃતિથી ઉત્પન્ન થયેલા ત્રણ ગુણ પ્રાણી માત્રમાં જોવામાં આવે છે. તેનાં નામ છે. **૧. સત્ત્વ, ૨. રાજસ, ૩. તામસ.** એ ત્રણ ગુણોમાં સત્ત્વ ગુણ સ્ફટીક મણિના જેવો નિર્મળ છે. માટે તે પ્રકાશમાન તથા ઉપદ્રવ રહિત શાંત છે, તેથી તે પોતાના

કાર્ય રૂપ સુખ તથા જ્ઞાનમાં જીવને આસક્તિ કરાવે છે. રાજસ ગુણ પ્રેમ ઉત્પન્ન કરે છે તથા તૃષ્ણાથી મળેલી વસ્તુની ઈચ્છા અને પ્રાપ્ત થયેલી વસ્તુ પર વિશેષ આસક્તિ કરાવે છે. તામસ ગુણ તો અજ્ઞાનથી એટલે જેમાં આવરણ શક્તિ મુખ્ય છે. એવી પ્રકૃતિના એક અંશમાંથી ઉત્પન્ન થયો છે, તેથી તે સર્વને ભ્રમ ઉત્પન્ન કરાવે છે અને પ્રમાદ આળસ તથા નિદ્રાથી દેહના અભિમાની જીવને બંધન કરે છે.

શરીરમાં નાડીઓ :-

માણસના શરીરમાં નાડીઓ ઘણી છે પણ તેઓમાં મુખ્ય ઈડા, પિંગળા, સુષુમ્ણા છે. કુહૂ, સરસ્વતી (મધ્યમા), ગાંધારી, હસ્તિ (જિહ્વા), વારણા (વામનેત્ર), યશસ્વિની, વિશ્વોદરા, શંખિની, પૂષા, પયસ્વિની, અલંબુષા આ નાડીઓ ગૌણ છે.આમ ચૌદ મુખ્ય છે. ઈડા ડાબા નસકોરામાં, પિંગલા-જમણા નસકોરામાં, સુષુમ્ણા-કપાળમાં, ગાંધારી-ડાબી આંખમાં, હસ્તિ (જિહ્વા)-જમણી આંખમાં, પૂષા-જમણા કાનમાં, અપૂષા (યશસ્વિની) ડાબા કાનમાં, અલંબુષા- મુખમાં, કુહૂ-લિંગમાં અને શંખિનીનો વાસ ગુદામાં છે.

હે ભક્ત ભાભારામ ! નાભિથી નીચે ઉપસ્થથી ઉપર કંદ નામનું સ્થાન છે. એ કંદમાંથી સુષુમ્ણા નાડી નીકળીને પીઠની કરોડમાં થઈને કંઠ પ્રદેશ આગળ આવે છે. ત્યાંથી એ નાડી બે શાખા થઈને એક પાછળના ભાગના માર્ગે સીધી દશમા દ્વારમાં ચાલી જાય છે અને બીજી શાખા ત્રિકુટીમાં થઈ દશમા દ્વારમાં જાય છે. તે સુષુમ્ણા નાડીમાં મુખ્ય સાત ચક્ર છે તેનાં નામ, **૧.આધાર ચક્ર, ૨. સ્વાધિષ્ઠાન ચક્ર, ૩. મણિપૂર ચક્ર, ૪. અનાહતચક્ર, ૫. પરમવિશુદ્ધ ચક્ર, ૬. આજ્ઞાચક્ર, ૭. બ્રહ્મરંધ્રચક્ર.** આધાર ચક્રનું સ્થાન મેરુદંડના નીચે ગુદા સ્થાનમાં, સ્વાધિષ્ઠાન ચક્રનું સ્થાન લિંગના મૂળમાં, મણીપૂર ચક્રનું સ્થાન નાભિમાં, અનાહત ચક્રનું સ્થાન હૃદયમાં, પરમ વિશુદ્ધચક્રનું સ્થાન કંઠમાં, આજ્ઞાચક્રનું સ્થાન ત્રિકુટીમાં અને બ્રહ્મરંધ્રચક્રનું સ્થાન મસ્તકમાં ખોપરી ઉપર વચ્ચે છે જે દશમું દ્વાર કહેવાય છે.

સંત શ્રી ભાભારામ કહેઃ હે મહારાજ ! પરમ પૂજ્ય ગુરુવર ! જ્યાં મનુષ્ય વિશે આવી હકીકત કહેવાયેલી છે, તો પછી તો તેની કર્મ વ્યવસ્થા કેવી રીતે થવી જોઈએ ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યાઃ મનુષ્યને કર્મ ત્રણ પ્રકારનાં ભોગવવાં પડે છે. **૧. સંચિત કર્મ, ૨. ક્રિયમાણ કર્મ, ૩. પ્રારબ્ધ કર્મ.**

પ્રથમ અનેક જન્મોના કરેલાં પુણ્ય કર્મો તેમજ પાપાદિ કર્મો ભોગવ્યા વિના સંસ્કાર રૂપ અજ્ઞાન સહિત સૂક્ષ્મ શરીરમાં રહ્યાં છે તેને **સંચિત કર્મ** કહે છે. આ વર્તમાન દેહે કરીને જે કાંઈ નિત્ય નૈમિતિક વગેરે કર્મ કરવામાં આવે છે તેને **ક્રિયમાણ કર્મ** કહે છે અને પૂર્વે અનેક જન્મોનાં કરેલાં જે સંચિત કર્મો છે તેઓમાંથી ફળ દેવામાં પ્રવૃત્ત થયેલાં જે કર્મોમાંથી આ વર્તમાન દેહ થયો છે અને આજ દેહમાં જે કર્મોથી સુખ-દુઃખ આદિનો ભોગ થાય છે તેને **પ્રારબ્ધ કર્મ** કહે છે. એ રીતે ત્રણ પ્રકારનાં કર્મો છે.

તેમાં સંચિત કર્મનો આત્માના અપરોક્ષ જ્ઞાનાગ્નિએ કરીને નાશ થાય છે અને જેમ કમળના પત્રને જળનો લેપ થતો નથી તેમ અપરોક્ષ જ્ઞાનવાનને ક્રિયમાણ કર્મનો લેપ થતો નથી. કેમ કે કાયિક, વાચિક અને માનસિક જે કર્મ થાય છે, તેમાં 'હું કર્તા' એવું અભિમાન જ્ઞાનવાનને થતું નથી. તેથી તે ક્રિયમાણ કર્મનો પણ જ્ઞાનાગ્નિથી નાશ થાય છે. પ્રારબ્ધ કર્મ દેહને માથે છે એટલે પ્રારબ્ધે કરીને દેહ જ્યાં સુધી રહે છે ત્યાં સુધી પ્રારબ્ધ કર્મનાં ફળ રૂપ જે સુખ-દુઃખ તેને સ્થૂળ દેહ દ્વારા સૂક્ષ્મ દેહ રૂપ જે અંતઃકરણ છે તે ભોગવે છે. અર્થાત્ પ્રારબ્ધ રૂપ કર્મ ભોગવ્યા વિના નિવૃત્ત થવાતું નથી. ભોગવીને તેનો નાશ થાય છે.

રાજસ અવસ્થામાં થતો અહંકાર. તે જ્યારે સૂક્ષ્મ શરીરમાં અભિમાન રાખનારો થાય છે ત્યારે તે તૈજસ કહેવાય છે. તેમજ બીજા અર્થમાં વ્યષ્ટિ સૂક્ષ્મ શરીરનું અભિમાની ચૈતન્યને 'હિરણ્યગર્ભ' કહે છે.

તૈજસ તથા હિરણ્યગર્ભનું સ્વરૂપ સમજવા માટે જીવ તથા ઈશ્વરનાં ઉપાધિ ભેદે થતાં ચાર સ્વરૂપો જાણવાની અગત્ય છે. જેમ સૂર્યના પ્રતિબિંબનું શુદ્ધ કાચ ઉપર, શુદ્ધ કાચ ઉપરનાં તે પ્રતિબિંબનું પરાવર્તન કોઈ ધાતુના ચળકતા પતરા ઉપર અને તેનું પુનઃ પરિવર્તન ચૂનો દીધેલી લીસી ભીંત ઉપર થાય છે, તેમ બ્રહ્મનું પ્રતિબિંબ માયામાં પડે છે, તે માયોપાહિત બ્રહ્મનું પરાવર્તન સમષ્ટિ સ્થૂલ ઉપાધિમાં થાય છે. માયોપાહિત ચૈતન્યને ઈશ્વર, સમષ્ટિ સૂક્ષ્મ શરીરના અભિમાની ચૈતન્યને **હિરણ્યગર્ભ** અને સમષ્ટિ સ્થૂલોપાધિના અભિમાની ચૈતન્યને **વિરાષ્ટ** કહે છે. પ્રત્યક્ષ ચૈતન્યનું પ્રતિબિંબ અવિદ્યામાં પડે છે તે પ્રાજ્ઞ, પ્રાજ્ઞનું વ્યષ્ટિ સૂક્ષ્મોપાધિમાં પરાવર્તન તે તૈજસ, અને તૈજસનું પુનઃ

પરાવર્તન વ્યષ્ટિ સ્થૂલોપાધિમાં થાય તે વિશ્વ કહેવાય છે. આ વાત દર્શાવનારો સાંકેતિક અક્ષર ૐ છે, તેથી જ તેને **'શબ્દ બ્રહ્મ'** કહે છે. એવી રીતે કર્મ થયા કરે છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે દયા સિંધુ ! આ સંસારમાં યોગી મહાત્માજનો અતિશય તપશ્ચર્યા કરી શરીરને સંકટ આપી દેહને દમે છે. સંસાર વહેવાર છોડી ચાલ્યા જાય છે. સર્વજનો તપાદિ કર્મ ભિન્ન ભિન્ન રીતે કરે છે, પણ તે સર્વમાં ખરું કર્મ અને ખરો યોગ ધર્મ કયો છે ? તે કૃપા કરી સમજાવશો ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભાભારામ ! એ વિષે પ્રથમ કેટલુંક કહ્યું છે, પણ તમારા પ્રશ્નના લીધે મારે પુનઃ કેટલુંક કહેવું જોઈએ તેથી કહું છું તે સાંભળો. ચિત્ત વૃત્તિના નિરોધને યોગ કહેલો છે. ચિત્ત વૃત્તિનો નિરોધ થયા પછી સારી રીતે સ્થિરતા થાય, ઈશ્વર (શ્રી નિષ્કલંકી) પ્રમાદ પમાય, પ્રકૃતિના બંધનમાંથી છુટવા રૂપ મોક્ષ મળે એ જ યોગ અને એવી સાચી રહેણી પ્રમાણે ચાલનાર તે જ યોગી છે. નહિ તો અવર જે ગમે તેટલા શાસ્ત્ર વિરુદ્ધ વર્તનારાઓને ઢોંગી જાણવા.

મોક્ષ ઈશ્વર કૃપાથી થાય છે અને તે પ્રાપ્ત કરવા માટે પુરુષને યોગ કરવાની જરૂર છે. યોગ ચાર પ્રકારના છે. **હઠયોગ, લયયોગ, મંત્રયોગ અને રાજયોગ.** એમ અવતાર ભેદથી યોગને ચાર પ્રકારે કહે છે. જમણી નાસિકામાં પ્રાણનું વહેવું તેને સૂર્ય અથવા પિંગલા કહે છે. ડાબી નાસિકામાંથી પ્રાણનું વહેવું તેને ચંદ્ર અથવા ઇડા કહે છે અને ઉભયમાંથી વહેવું તેને સુષુમ્ણા કહે છે. પ્રાણાયામના અભ્યાસ વડે કુંડલીનું ઉત્થાન થઈ સૂર્ય ચંદ્રનો પ્રવાહ શિથિલ થઈ પ્રાણવાયુનો સુષુમ્ણામાં પ્રવેશ થાય છે. એવી રીતે સૂર્ય ચંદ્રને એકત્ર કરવાની કળાને **'હઠયોગ'** કહે છે. જે ઉપાયથી વિષયની કિંવાધ્યેયાકારની વિસ્મૃતિ થાય તે ઉપાય રૂપ યોગને **'લયયોગ'** કહે છે. પ્રાણાયામાદિક કર્મ વિના જ શાંભવી મુદ્રાના અભ્યાસથી લયયોગની પ્રાપ્તિ થાય છે. શ્વાસ 'स'કારથી પ્રવેશ કરે છે, અને 'ह' કારથી બહાર આવે છે. **'સોહં'** - તે હું એવો નાદ, શ્વાસ લેતાં અને મૂક્તાં અંદર થતો ધ્વનિ. એવી રીતે જીવ સર્વદા અહોરાત્રિ-દિનમાં ૨૧૬૦૦ (એકવીસ હજાર છસો) વખત સ્વાભાવિક ઉચ્ચારણ કર્યા કરે છે. શ્રી ગુરુ વાક્યથી સુષુમ્ણામાં એ શબ્દોથી મળતો ચાલુ જમાનાના સ્વરૂપને અનુસરતો વેદાદિ નીતિને પ્રાપ્ત થયેલો 'જાપ'નો જપ થાય છે, તે **મંત્રયોગ** કહેવાય છે. ચિત્તના અનાત્માકાર વૃત્તિઓના નિયોગને **રાજયોગ** કહે છે. હઠયોગ અને રાજયોગની

ટૂંકી વ્યાખ્યા આમ છે. પ્રાણમંથન યોગ તે હઠયોગ અને ચિત્ત મંત્રને જ મથવાથી પિંડ બ્રહ્માંડના પ્રાણની એકતા તે રાજયોગ.

ચિત્ત :-

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ આગળ કહે છેઃ પ્રમાણ, વિપર્યય, વિકલ્પ, નિદ્રા, સ્મૃતિ, ઇત્યાદિ પાંચ વૃત્તિઓ મળીને ચિત્ત થાય છે. એ વૃત્તિઓ ઉપર અંકુશ રાખવો તેને જ ચિત્ત વૃત્તિનો નિરોધ કહે છે. પુરુષ (જીવ) તો કેવળ અવિકૃત ચૈતન્ય છે. તેને ચિત્ત વૃત્તિએ કરીને મોહ થાય છે તથા વૃત્તિ નિરોધ થાય છે એટલે પુરુષને સ્વરૂપ જ્ઞાન થઈ સત્ત્વાપત્તિ થાય તે જ મોક્ષ (આત્મ સાક્ષાત્કાર).

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ મહારાજ ! આ વિશે તો ચિત્ત નિરોધથી જ્ઞાનનો જ અસંભવ થઈ જાય છે, માટે તેનું કેમ ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ ભાઈ ! એમ ન સમજવું. કારણ કે ચિત્તનો સ્વભાવ તો પરિણામ પામવાનો છે. પુરુષ (જીવ)નો તેમ નથી. પરિણામ રૂપ ચિત્તવૃત્તિને અવરોધવી તે જ યોગ છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ મહારાજ ! નિદ્રામાં પણ વૃત્તિઓ અવરોધાય છે, તો તેને પણ યોગ કહેવો ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ બોલ્યા; ચિત્તની ત્રણ અવસ્થા છે. **ક્ષિપ્ત, મૂઢ, વિક્ષિપ્ત.** વિષયોમાં ભ્રમણ કરતા ચિત્તને ક્ષિપ્ત, નિદ્રામાં પડેલાને મૂઢ, વિષયોમાં વિશેષ રોકાયેલું છતાં સમાધિસ્થ થઈ શકે છે તે વિક્ષિપ્ત. એ ત્રણ સ્થિતિમાં ક્લેશાદિનું નિદાન નિર્મૂળ થતું નથી. માટે યોગ થયો કહેવાય નહિ. તેથી ભટકતા વિષયાસક્ત પેટને માટે માથા કૂટતા અને ઘેરઘેર ભેખના નામે ભીખ માગતા, જટા વધારી રોફ દેખાડી અનેક કેટલીક જાતના વેશ કરી ધતિંગ કરવાથી યોગી થવાતું નથી. પણ વૃત્તિ નિરોધમાં અંતરાય રૂપ એવા નવ પ્રકારનાં ચિત્ત વિક્ષેપ છે, તેને દૂર કરીને વૃત્તિનો કેવળ નિરોધ કરવો તેને જ યોગ કહે છે. વૃત્તિ નિરોધ એટલે કેવળ શૂન્યતા એમ નહિ પણ **ક્લેશ, કર્મ, વિપાક અને આશય** એટલાનો નાશ થાય છે. એવી જે વૃત્તિ નિરોધ તે જ યોગ છે.

હે ભક્ત ભાભારામ ! **ક્લેશ પાંચ પ્રકારના છે. ૧. અવિદ્યા, ૨. અસ્મિતા, ૩. રાગ, ૪. દ્વેષ, ૫. અભિનિવેશ.** દેહાદિક અનાત્મામાં આત્મ બુદ્ધિ, આકાશાદિ અનિત્ય પદાર્થોમાં

નિત્ય બુદ્ધિ, શબ્દાદિ દુઃખ વિષયોમાં સુખ બુદ્ધિ અને સ્ત્રી પુત્રાદિકના અપવિત્ર શરીરોમાં પવિત્ર બુદ્ધિ તેમાંથી ઉપજે તેનું નામ **અવિદ્યા**. દૃષ્ટા અથવા સાક્ષી રૂપી અકર્તાને પુરુષ (આત્મા) છે, તેણે જે જે દર્શન થાય તેને પોતાનું માનવું તેને **અસ્મિતા** કહે છે. અનિત્ય સુખમાં તૃષ્ણા અથવા પ્રીતિ રહે, કિંવા અનુકૂળપણાના જ્ઞાનથી ઉપજેલી બુદ્ધિ (વૃત્તિ)ને **રાગ** કહે છે. પૂર્વે અનુભવ કરેલા દુઃખના સ્મરણથી વિશેષ વૃત્તિ થાય, કિંવા પ્રતિકૂળપણાના જ્ઞાનથી ઉપજેલી બુદ્ધિ (વૃત્તિ)ને **દ્વેષ** કહે છે. મૃત્યુના ભયથી શરીરની રક્ષા કે આગ્રહ કિંવા ભોગ્ય અથવા એવા જે વિષય તેનો તથા આ શરીરનો વિયોગ ન થવો, એવી સહજમાં આસક્તિ થાય જાય છે તેને **અભિનિવેશ** કહે છે.

શાસ્ત્રોક્ત ગ્રંથોમાં સારાં, તેમજ બ્રહ્મહત્યાદિ નઠારાં કામ કરવાં તેને **કર્મ** કહે છે. કર્મનું ફળ તેને **વિપાક** કહે છે. કરેલાં કર્મના સંસ્કાર જે ફળ આપતાં સુધી ચિત્તમાં રહે છે તેને **આશય** કહે છે. એ રીતે ક્લેશ, કર્મ, વિપાક અને આશયનો નાશ કરનાર ચિત્ત વૃત્તિ નિરોધ **તે યોગ. તે જ સમાધિ** અર્થાત દુઃખથી, કર્મવાસનાથી, વિષયાસક્તિથી છુટા થઈ જવું તે.

ચિત્તવૃત્તિનો નિરોધ :-

આ પ્રમાણે ક્લેશ આદિનો નાશ કરનાર, ચિત્તવૃત્તિનો નિરોધ પ્રાપ્ત કરવા સારું જે અંતરાય કહ્યા છે તે દૂર કરી અભ્યાસ તથા વૈરાગ્ય સાધવા ચિત્તને જુદા જુદા પરિણામ પામતાં અટકાવી પોતાના સ્થાનમાં સ્થિર કરવાના હેતુથી વારંવાર પ્રયત્ન કરવો તે **અભ્યાસ** અને ગૃહસ્થાશ્રમી છતાં પણ આલોક તથા પરલોકના વિષય ભોગોમાં ઉદાસીનતા રાખવી તે **વૈરાગ્ય**.

યોગ રૂપ સમાધિ પ્રાપ્ત કરવા અભ્યાસ વગેરેની અપેક્ષા કહી તે યથાર્થ બને માટે તેને પ્રથમ ક્રિયા યોગ કહેલો છે. **તપ, સ્વાધ્યાય અને ઈશ્વર પ્રણિધાન** એ ક્રિયાયોગનું લક્ષણ છે. વૈશાખી બીજ, ચંદ્રાયણ, ગુરુવાર વગેરે વ્રત આચરણથી શરીરને દમવું **તે તપ**. ગાયત્રી, શ્રી નિષ્કલંકીના નામ જપ વગેરે શાસ્ત્રાનુસારે યથાર્થ રીતે જપ કરવા **તે સ્વાધ્યાય**. શારીરિક અને માનસિક ઇત્યાદિ ક્રિયા માત્રનાં ફળની અપેક્ષા તજી કેવળ શાણપણ **તે ઈશ્વર પ્રણિધાન**.

એ પ્રમાણે જ્યારે ક્રિયા યોગથી સર્વથા યોગ્યતા પ્રાપ્ત થાય ત્યારે અષ્ટાંગ યોગ

કરવાના છે એટલે **યોગનાં આઠ અંગ છે. તેમનાં નામ, ૧. યમ, ૨. નિયમ, ૩. આસન, ૪. પ્રાણાયામ, ૫. પ્રત્યાહાર, ૬. ધારણા, ૭. ધ્યાન, ૮. સમાધિ.**

૧. યમ : યમ પાંચ પ્રકારના છે. ૧. અહિંસા, ૨. સત્ય, ૩. અસ્તેય, ૪. બ્રહ્મચર્ય, ૫. અપરિગ્રહ.

કોઈ પણ પ્રાણીને કોઈ પણ સમયમાં મારવાનો વિચાર ન કરવો, અર્થાત્ મન, વાણી શરીર દ્વારા કોઈ પણ પ્રાણીની ઘાત ન કરવી. તેમજ પીડા પણ કદી ન આપવી તે **અહિંસા** કહેવાય છે.

પ્રત્યક્ષ, અનુમાન અને શબ્દ પ્રમાણેથી જે જે વાતનો જે જે પ્રમાણે પોતે નિશ્ચય કરેલો હોય તે તે વાતોને તે નિશ્ચય પ્રમાણે શ્રોતાને અનુદ્વેગ (ચિંતા વિનાની સ્થિતિ) કરનારા, વર્તમાનમાં પ્રિય જણાતા, પરિણામે હિત કરનારા, કપટ રહિત ! નિવૃત્ત વચનો તે **સત્ય** કહેવાય છે. અર્થાત્ મન અથવા વાણીને સમાન રાખવાં તે સત્ય.

નિષિદ્ધ રીતે બીજાનું તેના માલિકની અનુમતિ વિના ન લેવું તે **અસ્તેય** કહેવાય છે. અર્થાત્ મન, વાણી, કર્મ વડે પરદ્રવ્યમાં જે નિઃસ્પૃહતા છે તે અસ્તેય.

ઉપસ્થેંદ્રિય (જનેનેંદ્રિય)ના યથાર્થ સંયમને **બ્રહ્મચર્ય** કહે છે. અર્થાત્ ગ્રહસ્થોએ સ્વકીયા (પોતાની સ્ત્રી) સિવાયની સર્વ સ્ત્રીઓ સાથે આઠે પ્રકારના મૈથુનનો ત્યાગ કરવો જોઈએ. તેવી જ રીતે સ્ત્રીઓએ પણ પોતાના પતિ સિવાય આ આઠે પ્રકારના મૈથુનનો ત્યાગ કરવો જોઈએ. આઠ પ્રકારના મૈથુનનાં નામ, (૧) પુરુષે પરસ્ત્રીનું કે સ્ત્રીએ પરપુરુષનું મનમાં સ્મરણ કરવું (૨) તે સંબંધે મોઢેથી વાણીવિલાસ કરવો (૩) તેની સાથે હાસ્ય વિલાસ કરવો (૪) તેનું દર્શન કરવું. (૫) તેની સાથે એકાંતમાં વાતો કરવી. (૬) તેના ભોગનો મનમાં સંકલ્પ કરવો. (૭) તેના ભોગનો નિશ્ચય કરવો, (૮) તેના સાથે ભોગ કરવો. એવા ભોગ સાધનોના સંગ્રહનો પરિત્યાગ કરવો તે **અપરિગ્રહ** કહેવાય છે.

૨. નિયમ પાંચ પ્રકારના છે. ૧. શૌચ, ૨. સંતોષ, ૩. તપ, ૪. સ્વાધ્યાય, ૫. ઈશ્વર પ્રણિધાન.

માટી કે સાબુ અને જળ વડે બહારથી સ્થૂળ શરીરને પવિત્ર રાખવું એ બહારનો શૌચ અને સુખી પ્રાણીઓમાં મૈત્રી, દુઃખી પ્રાણીઓમાં દયા, પુણ્યવાનમાં પ્રસન્નતા

અને પાપીઓમાં ઉપદેશ રાખી, રાગ-દ્વેષ દૂર કરાવવાની વૃત્તિ રાખવી. પ્રાણાયામ કરી હૃદયને પવિત્ર રાખવું અથવા શાસ્ત્રોક્ત ક્રિયાઓ વડે મનને અંદરથી શુદ્ધ રાખવું. એ અભ્યંતર **શૌચ** કહેવાય. મનની પવિત્રતા, કુળની પવિત્રતા, શરીરની પવિત્રતા અને વાણીની પવિત્રતા એ સર્વનો બાહ્ય તથા અંતર શૌચમાં સમાવેશ થાય છે.

પ્રારબ્ધ કર્માનુસાર જે અન્ન, વસ્ત્રાદિક રૂપ શાસ્ત્રોક્ત ઉપભોગ આવીને પ્રાપ્ત થાય, તેમાં જે તૃપ્તિ રાખવી તે **સંતોષ** કહેવાય છે.

ધર્મ શાસ્ત્રમાં કહેલા વિધિ પ્રમાણે ઉપવાસ-વ્રતો કરીને શરીરનું શોષણ કરવું તે **તપ** કહેવાય છે.

યથાવિધિ શ્રી કલ્કિ-નિષ્કલંકી નારાયણ ભગવાનના નામનો જપ કરવો તેમજ શાસ્ત્રોએ કહેલા જે ગાયત્રી મંત્રો આદિનો નિત્ય પાઠ કરવો તે **સ્વાધ્યાય** કહેવાય છે. મનને બીજા વિષયોમાંથી દૂર કરી પરમાત્માના નામ સ્મરણમાં એકાગ્ર કરવું તે **'પ્રણિધાન'** કહેવાય છે.

૩. આસન : શરીરને સ્થિરતા અને મનને સુખ પ્રાપ્ત થાય તેને **આસન** કહેવાય છે. યમ, નિયમ, સિદ્ધ થાય ત્યારે આસનોનો અભ્યાસ કરવાનો છે. આસન ચોર્યાશી કહેલાં છે પણ આપણને તો માત્ર સિદ્ધાસનની જરૂર છે. મુખ્ય આસનો દશ છે. તેનો વિસ્તાર કરી મહાત્માજનોએ તેને ચોર્યાશી બનાવી નાખ્યાં છે. આ સિદ્ધાસને બેસવાથી શ્વાસોચ્છ્વાસ સીધો ચાલી તેની ગતિ મંદ પડવા માંડે છે. દેહને કષ્ટ દીધા વિના આ આસને વધારે સમય સુધી બેસી શકાય છે. વૃત્તિ અનાયાસે સ્થિર થવા માંડે છે. લોહી યોગ્ય રીતે ફરવાથી શરીર નિરોગી રહે છે અને મોક્ષના પ્રતિબંધક ખરાબ સંસ્કાર દૂર થવા માંડે છે. જેમ યમમાં અહિંસા અને નિયમમાં શૌચ મુખ્ય છે તેમ સર્વ આસનોમાં **સિદ્ધાસન** મુખ્ય છે.

૪. પ્રાણાયામ : શ્વાસોચ્છ્વાસની ગતિનો અવરોધ કરી પ્રાણને રોકવો તે **પ્રાણાયામ** કહેવાય છે. યમ, નિયમ અને આસન એ ત્રણથી જ્યારે આચાર, વિચાર, ખાવું, પીવું પછી સ્થિતિ બરાબર સ્થિર થાય ત્યારે પ્રાણાયામ કરવો જોઈએ. યમાદિ થયા છતાં પણ ચિત્તવૃત્તિનો નિરોધ ન થાય ત્યારે પ્રાણાયામની જરૂર છે. પ્રાણાયામ વિશે કેટલુંક આગળ કહ્યું હોવાથી વધારે વિસ્તારની જરૂર નથી.

યમ આદિ સાધન, **સ્વતત્ત્વ** આદિ વિવેક તથા મૂલ આદિ ત્રણ બંધનું નિશ્ચયપૂર્વક જ્ઞાન જાણ્યા વિના પૂરક, રેચક આદિ કરનારને બહુ હાનિ થાય છે. શ્વાસ, કફ, હેડકી, ચિત્તભ્રમ અને પેટનો દુઃખાવો વગેરે જેવી વ્યાધિમાં ફસાઈ પડે છે. જો યથાર્થ રીતે થાય તો સર્વ વ્યાધિને જીતી ચિત્તવૃત્તિનો નિરોધ કરી મોક્ષ સાધી શકે છે, વળી યમ, નિયમ અને આસનના અનુષ્ઠાન કાળમાં સામાન્યપણે ગુરુની બહુ જ જરૂર છે. તેથી પણ વિશેષ પ્રાણાયામના અનુષ્ઠાન કાળમાં તો વિશેષપણે ગુરુની જરૂર જ છે.

૫. પ્રત્યાહાર : પ્રાણાયામ સુધી જે સાધન કહ્યાં, તે બહિરંગ એટલે બાહ્ય શરીરને નિયમથી બાંધી મુખ્યત્વે સધાય તેવાં સાધન છે. હવે અંતરંગ સાધન એટલે શરીર સાથે ચિત્તને પણ નિયમવાનાં સાધન કહેવાનાં છે. વિષય માત્રથી ઇંદ્રિયોને પાછી હઠાવી ચિત્તમાં જ સમાવવા દેવી, એટલે કે ઇંદ્રિયોને પોતે પોતાના રાગ-દ્વેષાત્મક સ્વાભાવિક વિષયોથી દૂર રાખવી. અયોગ્ય આહાર બંધ કરી, ચિત્તને સ્થિર કરવું તે **'પ્રત્યાહાર'** કહેવાય છે. સ્ત્રીઓ તથા સુવર્ણાદિકના આભૂષણો વગેરે સંસારના મોહક પદાર્થોને જોવાની જેની ઇચ્છા નિવૃત્ત થઈ છે, તે ચક્ષુથી સામાન્ય વિષય ભોગવવા છતાં પણ નથી ભોગવતો તેને **દષ્ટિ દોષ** લાગતો નથી. અત્તર તથા પુષ્પાદિ સુગંધમય વસ્તુઓ સુંઘવાની જેને **તૃષ્ણા** નથી ! તે નાસિકાએ સામાન્ય વૃત્તિએ સુગંધ લેવા છતાં પણ નિર્દોષ રહે છે. સાંસારિક વાતો સાંભળવાની જેને લેશ પણ ઇચ્છા નથી, તે સામાન્ય વૃત્તિએ સાંભળવા છતાં પણ **નિર્બાધિત** છે. નાના પ્રકારના રસમય પદાર્થો ખાવા જેની જીભ વ્યાકુળ થતી નથી, તે પ્રાપ્ત થયેલા પદાર્થો ખાવા છતાં પણ સદા **ઉપવાસી** છે. શિતોષ્ણથી સુખ-દુઃખ ઉપજાવનારા વિષયો વિષે જેનું મન સમાન ભાવને પામ્યું છે તેને સહેજ પણ દોષ લાગતો નથી. અસત્ય, અપશબ્દ, કઠોર વચન, પરનિંદા અને અનિષ્ઠ પ્રયોજનથી બોલવું, એટલા દોષો જેની વાણીમાં નથી તે બોલવા છતાં પણ તે **મૌની** છે. અન્યાયથી પારકું દ્રવ્ય ગ્રહણ કરવું, કોઈને વિના અપરાધે મારવું, નિષ્પ્રયોજન ચેષ્ટા કરવી કે નિષિદ્ધ વસ્તુને ગ્રહણ કરવી એટલા દોષ જેના હાથમાં નથી તે હાથથી કાર્યો કરવા છતાં પણ **નિર્દોષ** છે. અન્યાયથી કોઈનું દ્રવ્ય લેવા જવું, કોઈનું કાર્ય બગાડવા જવું અને પગને નિષ્પ્રયોજન ચલાયમાન કરવા એટલા દોષો જેના ચરણ વિશે નથી તે પગથી ક્રિયાઓ કર્યા છતાં પણ **નિષ્પાપી** છે. પરદારાના સંગના દોષથી, સૃષ્ટિ તથા શાસ્ત્ર વિરુદ્ધ કર્મ કરવાના દોષથી વિમુખ છે તે સ્ત્રી સહિત વ્યવહારમાં પ્રવર્તતો હોય તો પણ **બ્રહ્મચારી**

છે. આ પ્રત્યાહાર સિદ્ધ કરવાથી દેવતાઓની પ્રસન્નતા, મનની નિર્મળતા, તપની વૃદ્ધિ, દીનપણાનો ક્ષય, શરીરનું આરોગ્ય અને સહજ સમાધિમાં પ્રવેશ કરવાની ચિત્તની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

૬. ધારણા : પ્રત્યાહાર થયા પછી પરમાત્માના સ્થૂળ સ્વરૂપમાં ચિત્તને સ્થિર કરવું એટલે કે જાણવાની વસ્તુના વિષયે ચિત્તને એકાગ્ર કરવું તે **ધારણા** કહેવાય છે. જેમ લક્ષ્યવેધ કરવાનો પ્રથમ અભ્યાસ કરનાર પ્રથમ સ્થૂળ વિષયનો લક્ષ્ય લે છે અને પછી સૂક્ષ્મને લક્ષ્ય રૂપે લે છે. તેમ ધારણાના અભ્યાસીઓએ પણ પ્રથમ બાહ્ય વિષયો અને પછી ક્રમાનુસાર આભ્યંતર (આંતરિક) વિષયો લેવા જોઈએ. મનને એક જ વિષયમાં જોડવું કઠિન છે, માટે નિરાશ થયા વિના ઉત્સાહપૂર્વક ધારણાનો અભ્યાસ કરવો, તે નિર્વિકલ્પ સહજ સમાધિની પ્રાપ્તિ દ્વારા જન્મ-મરણ તથા સુખ-દુઃખ વગેરે સર્વ ક્લેશથી મુક્ત થવાય છે.

૭. ધ્યાન : જ્યારે યોગી મનોવૃત્તિના એકત્રિકરણ વડે પોતાના ચિત્તની વૃત્તિઓ ઉપર અધિકાર મેળવી લે છે, ત્યારે તે જે વૃત્તિઓને ચારે બાજુથી પાછી ખેંચી લઈ નાભિ વગેરે સ્થાનોમાંથી કોઈ એક સ્થાને લગાડે છે આને ધારણા કહે છે. ધારણીય વસ્તુની સાથે ચિત્ત પ્રત્યયની એકતાનતા થઈ જાય એવી સ્થિતિએ ધારણા પહોંચે ત્યારે તેને **ધ્યાન** કહે છે. ધ્યાતા ધ્યાનમાં એટલો તન્મય થઈ જાય છે કે તેથી તે પોતાની સત્તાને ભૂલી જાય છે. ધ્યાન કરનારો પુરુષ ચિત્ત શુદ્ધિ થયા પછી પ્રાણાદિ કલા રહિત શ્રી પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. તે દિવ્ય વિભૂતિ છે. તે ધ્યાનના ફળના એક અંશથી થાય છે. જેવી રીતે ક્ષારાદિકે સારી રીતે શોધન કરેલું સુવર્ણ કાટ (મેલ)ને તજીને પોતાના ઉજ્જવળતાના ગુણને પામે છે. તેવી રીતે મન ધ્યાન વડે મલિન સત્ત્વગુણ, રજસગુણ તથા તમોગુણ રૂપ મલિનતાને તજીને પરમ તત્ત્વને પામે છે. જેમ અન્ય ક્રિયાઓની આસક્તિ તજી દઈને ભમરીપણાનું ધ્યાન ધરતી ઈયળ ભમરી ભાવને પામે છે. તેવી જ રીતે મનુષ્યો હરિ સ્વરૂપનું ધ્યાન ધરતાં ધરતાં તેમને વિષે એક નિષ્ઠાપણાને પામે છે.

૮. સમાધિ : જાણવાની વસ્તુના સ્વરૂપને પામેલું મન જ્યારે પોતાના મનનપણાનાં સ્વરૂપનો પરિત્યાગ કરીને અને સંકલ્પ વિકલ્પોથી રહિત થઈને કેવળ જાણવાની વસ્તુના સ્વરૂપથી સ્થિત થાય છે તેને **સમાધિ** કહે છે. જેવી રીતે સમુદ્રમાં પડેલું જળ બિંદુ સમુદ્રની

સાથે અભિન્ન થઈને સ્થિતિ પામે છે. તેવી જ રીતે જ્યારે જાણવાની જે વસ્તુ છે તેમાં લીન થયેલું મન તેવી જ રીતે અભિન્ન થાય છે, ત્યારે તે સમરૂપ સમાધિને પ્રાપ્તિ થાય છે. સમાધિ એટલે સારી રીતે સમાધાન-વૃત્તિનિરોધ. વસ્તુનું યથાર્થ સ્વરૂપ જણાયાથી પુરુષ (પરમાત્મા)ના સ્વરૂપને ઓળખવું. કેવળ ચિન્મય સ્વભાવમાં સ્થિર થવું, મોક્ષ પામવો, મોહમય દુઃખનો અભાવ થવો, આનંદનો ઉદય થવો. ધારણા, ધ્યાન અને સમાધિ જો ક્રમથી એક વિષયમાં કરવામાં આવે તો તે **સંયમ** કહેવાય છે.

પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ એ ચાર અંતરંગ સાધન કહ્યાં. સિવાય જ્ઞાન મેળવવાનાં બીજા આઠ સાધન છે, તેમનાં નામ **૧. વિવેક, ૨. વૈરાગ્ય, ૩. ષટ્સંપત્તિ, (એટલે શમ, ઉપરામ, તિતિક્ષા, દમ, સમાધાન અને શ્રદ્ધા), ૪. મુમુક્ષુતા, ૫. શ્રવણ, ૬. મનન, ૭. નિદિધ્યાસન, ૮. તત્ત્વ પદાર્થ શોધન.**

આત્મા નિત્ય છે જગત અનિત્ય છે, એવી સમજને **વિવેક** કહે છે. બ્રહ્મલોક સુધીના સુખભોગને કાકવિષ્ટા સમાન ગણીને તેમાં ઉદાસીનતા રાખવી તેને **વૈરાગ્ય** કહે છે. મનોનિગ્રહને **શમ** કહે છે. ઈંદ્રિય નિગ્રહને **દમ** કહે છે. સદ્‌ગુરુના ઉપદેશ તથા સત્‌શાસ્ત્રનું જ્ઞાન **સત્ય** છે. એવા વિશ્વાસને **શ્રદ્ધા** કહે છે. ચિત્ત વૃત્તિઓને બ્રહ્મના વિષે જોડવી તે **સમાધાન** કહેવાય છે. ત્યાગ કર્યા કરવાના જે વિષય તે પ્રાપ્ત થયેલા વિષયની ઈચ્છાના અભાવને **ઉપરામ** કહે છે. શીત-ઉષ્ણને તથા ક્ષુધા-તૃષાને સહન કરવાં તે **તિતિક્ષા** કહેવાય છે. મોક્ષની ઈચ્છાને **મુમુક્ષુતા** કહેવાય છે. યુક્તિથી શાસ્ત્રોના વાક્યનો તાત્પર્યનો નિશ્ચય કરવો તે **શ્રવણ** કહેવાય છે. જીવ બ્રહ્મના અભેદની સાધક અને ભેદની બાધક યુક્તિઓની અદ્વૈતથી બ્રહ્મનું ચિંતન કરવું તે **મનન** કહેવાય છે. અનાત્માકાર વૃત્તિના વ્યવિધાન રહિતની બ્રહ્મકાર વૃત્તિની સ્થિતિને **નિદિધ્યાસન** કહે છે અને ચેતન તથા જડનું અનુક્રમે અધિષ્ટાન અધ્યસ્તપણું દૃષ્ટા દૃશ્યપણું તથા સાક્ષી સાક્ષ્યપણું છે, તેનો શાસ્ત્રોક્ત અનેક પ્રક્રિયાથી વિચાર કરવો તે **તત્ત્વપદાર્થ શોધન** કહેવાય છે.

હે ભક્ત ભાભારામ ! કેટલાક તો એમ જ માની રહ્યા છે કે બ્રહ્મજ્ઞાનથી મોક્ષ થાય છે. બ્રહ્મજ્ઞાનથી મોક્ષ થાય છે તે વાત ખરી છે પરંતુ કથન માત્રના બ્રહ્મજ્ઞાનથી મોક્ષ થતો નથી. ચિત્તની એકાગ્રતા રાખી શ્રવણ-મનન કરે તથા પશ્ચાત્ ચિત્તનો સ્થૂલ ભાવ દૂર કરે, નિદિધ્યાસન કરે અને વર્તમાન યુગના વેદ વારાના પુરુષનું ધ્યાન ધરે ત્યારે જ બ્રહ્મનું સંશય-વિપર્યય વિનાનું અપરોક્ષ જ્ઞાન થાય છે. અન્યથા થતું નથી. જેમ ખડ્ગ વડે

જય છે પરંતુ યુદ્ધમાં પરાક્રમ વિના જય કેવી રીતે મળે ? તેમ ઉપર બતાવેલું યોગ રહિત જ્ઞાન મોક્ષને માટે ઉપયોગી નથી.

સંત શ્રી ભાભારામ કહેઃ હે જગજીવન ! સર્વ શિરોમણિ ! મને એક શંકા એવા પ્રકારથી ઉત્પન્ન થાય છે કે, ચિત્તને પ્રકૃતિનું કાર્ય હોવાથી ક્ષણે ક્ષણે પરિણામને પામનારું છે. માટે એવા અતિ ચંચળ ચિત્તને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ સંભવતી નથી. વળી જીવ પાંચ પ્રકારના ક્લેશવાળો છે અને બ્રહ્મ એક તથા વ્યાપક છે, માટે એવી બે વિરોધી વસ્તુની ઐક્યતા પણ અસંભવિત છે કે કેમ ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભક્ત ભાભારામ ! મનનો સ્વભાવ અતિ ચપળ હોવાથી તેને નિર્વિકલ્પ સમાધિની પ્રાપ્તિ પ્રયત્નથી સાધ્ય છે, પણ અસંભવિત નથી. પાછળ ચિત્ત નિરોધના જે ઉપાયો કહી ગયો છું તેનો અભ્યાસ તથા વૈરાગ્ય એ બંને સાથે રાખવાથી ચિત્ત એકાગ્ર થઈ નિરોધ ભાવને પામે છે. પાંચ પ્રકારના ક્લેશ જીવના શુદ્ધ સ્વરૂપમાં એટલે સાક્ષીમાં નથી, માત્ર અંતઃકરણમાં છે. માટે ક્લેશ રહિત સાક્ષી બ્રહ્મથી અભેદ છે. જેમ ઘટ* મઠ* આદિની ઉપાધિથી એક જ મહાકાશમાં ઘટાકાશ અને મઠાકાશાદિ* પ્રતીત થાય છે, તેમ એક જ બ્રહ્મમાં અંતઃકરણોની ઉપાધિને લીધે પણ જીવોની પ્રતીતિ થાય છે. ઉપાધિએ કરેલો ભેદ વાસ્તવિક ન હોવાથી અંતઃકરણ રહિત જીવનનું જે ચેતન સ્વરૂપ તેનો બ્રહ્મથી અભેદ છે. જીવનું એકદેશીપણું પણ અંતઃકરણ રૂપે ઉપાધિને લીધે છે, ઉપાધિનો ત્યાગ કરીએ તો તેનો બ્રહ્મથી અભેદ હોવાથી તે પણ વિભુ (વ્યાપક) છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ મહારાજ ! કદી કોઈ આવી એમ કહેશે કે બધા જીવોમાં એક જ ચૈતન્ય હોય તો જીવોને પરસ્પરનાં સુખ-દુઃખનું ભાન કેમ થતું નથી ?

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભક્ત ભાભારામ ! સુખ-દુઃખનું ભાન થવું એ અંતઃકરણનો ધર્મ છે અને અંતઃકરણ જુદા જુદા શરીરોમાં જુદું જુદું હોવાથી પરસ્પરનાં સુખ-દુઃખનું ભાન પરસ્પરને પ્રત્યક્ષ રીતે થવું સંભવતું નથી. ચૈતન્યથી વિજાતીય ચૈતન્ય અન્ય કોઈ નથી અને એક ચૈતન્યથી નિર્વાહ થતો હોય ત્યાં સજાતીય ઘણાં ચૈતન્ય કોઈ પણ પ્રકારની વાસ્તવિક્તા વિના અંગિકાર કરવાં એમાં ગૌરવ છે. માટે બધા શરીરોમાં

* ઘટ = ઘડો. મઠ = ઘર. મઠાકાશ = ઘરમાંથી દેખાતું આકાશ, ઘટાકાશ એવા જેમ એક જ સર્વવ્યાપી આકાશના ભાગ હોય છે, તેવો જ આત્મા પણ બ્રહ્મનો ભાગ છે. એવો તાત્વિક દૃષ્ટિએ તેનો અર્થ કરવો.

એક જ ચૈતન્ય છે. જ્યારે ચિત્તની બાહ્ય વૃત્તિઓનો નિરોધ થઈ જાય છે, ત્યારે જીવાત્મા સમાધિસ્થ થઈને કેવળ પોતાના જ સ્વરૂપને જુવે છે અને તેનો જ વિચાર કરે છે. કેવળ મોક્ષમાં માત્ર જ્ઞાન રહે છે. સવિકલ્પ (જીવાત્મા અને પરમાત્માના એકપણાની ભાવના કરવી તે) સમાધિમાં સોપાધિક (ઉપાધિવાળું) જ્ઞાન રહે છે. એ સ્થિતિમાં પોતાનું સ્વરૂપ એ જ જ્ઞેય છે, કારણ કે જ્યાં સુધી દૃષ્ટા બહારના વિષયને દેખે છે, ત્યાં સુધી તે પોતાના સ્વરૂપને જાણી શકતો નથી. ચિત્તની ચપળતાથી જે અનેક વૃત્તિઓ ઉપજે છે, તે સર્વથી આત્મા જુદો રહે છે. હું સુખી, હું દુઃખી ઈત્યાદિ કથનથી આત્મામાં વૃત્તિઓના ધર્મોનું જે ભાન થાય છે તે ભ્રમના લીધે છે.

સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે સદ્દગુરુ મહારાજ ! જેમ નેત્ર અન્ય પદાર્થોને જોઈ શકે છે, પણ પોતાના સ્વરૂપને જોઈ શકતાં નથી. તેમ દૃષ્ટા પણ અન્ય પદાર્થોને જોવામાં સમર્થ અને પોતાના સ્વરૂપ જોવામાં અસમર્થ કેમ નહિ હોય ?

સદ્દગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ બહારના પદાર્થોમાં નેત્ર પરતંત્ર છે, કારણ કે નેત્ર દ્વારા સર્વ પદાર્થોનો દ્રષ્ટા જીવાત્મા છે. કાળા, ધોળા અને પીળા ઈત્યાદિ રંગના તથા ગોળ, ચતુષ્ટકોણાદિ આકારના પદાર્થો જોતાં આંખ દ્રષ્ટા ઠરે છે. આંધળી, કાણી અને ટૂંકી ઈત્યાદિ રીતની આંખથી જોતાં મન દ્રષ્ટા ઠરે છે. ક્રોધ, ઈર્ષ્યા, લોભ, મોહ, ઈત્યાદિ રૂપે મનને જોનાર જીવાત્મા દ્રષ્ટા ઠરે છે. એ જીવાત્મા સ્વયં દ્રષ્ટા છે. કેમ કે તેને કોઈ જોતું હોય એવો અનુભવ નથી. વળી એ જીવાત્મામાં બે પ્રકારની દર્શન શક્તિ છે. એક સ્થૂળ દ્રષ્ટિનાં અત્યંત સહાયક જે નેત્રો છે તે દ્વારા જીવાત્મા સ્થૂળ પદાર્થોને જુએ છે અને યોગાભ્યાસથી થયેલી સૂક્ષ્મ દિવ્ય દૃષ્ટિ દ્વારા જીવાત્મા સૂક્ષ્મ પરમ તત્ત્વ (પરમાત્મા) તથા પોતાના સ્વરૂપને પણ જુએ છે. જેમ દર્પણમાં નેત્ર પોતાના સ્વરૂપને જોઈ શકે છે, તેમ સત્‌શાસ્ત્રોના દૃઢ અભ્યાસ દ્વારા કરેલા યોગાભ્યાસના આશ્રયથી જીવાત્મા પણ પોતાના સ્વરૂપને જોઈ શકે છે.

આટલો સત્સંગ થયા પછી સંત શ્રી ભાભારામ મહારાજ અતિ જ પ્રેમરૂપ બની સદ્દગુરુ શ્રી મહારાજને પૂછવા લાગ્યાઃ હે મહારાજ ! હવે મને કોઈ વાતની તૃષ્ણા પણ નથી. માટે હે દિનદયાળ ! દિન વત્સલ ! દયાળુ ! કૃપાળુ ! નોધારાના આધાર ! મને જે ખરો માર્ગ કે સત્‌શાસ્ત્રો અનુસાર છે. ભગવાન શ્રી કલ્કિ-નિષ્કલંકી નારાયણના સ્વરૂપનો સુલાભ કઈ રીતે મળે છે. તે અમૃત સમાન ઉપદેશ તથા ગાયત્રી મંત્રો વગેરેથી આવાગમન

મટી મોક્ષ પમાય, તે ઉપાયનો માર્ગ દર્શાવ્યો તે પ્રમાણે હું પૂર્ણ ઈચ્છાથી વર્તવા અત્યંત ખુશી છું. હવે મને એક જ તમારો આધાર છે. મેં મારા સ્વ મને કરી સર્વ વસ્તુઓનો ત્યાગ કર્યો છે. સર્વ ઉપરથી અભાવ થઈ ગયો છે, હું મારા ખરા અંતઃકરણથી કહું છું કે મને આપ વિના સંસારની સર્વ વસ્તુ વિષ સમાન લાગે છે તેથી હે સદ્‌ગુરુ મહારાજ ! પૂજ્ય ગુરુવર ! મને સત્ધર્મનો ઉપદેશ આપો હું આપના શરણે છું.

છેવટનો આનંદ :-

એવી રીતની સંત શ્રી ભાભારામ મહારાજની વિનંતી સાંભળી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે સમય મળતાં સંત શ્રી ભાભારામને પરમ ઉપકારી મહાવાણીનો ઉચ્ચાર, વિચાર, નિયમ, ક્રિયામણ વગેરે પૂર્ણ સુમાર્ગ દર્શાવી દીધો. અનેક રીતે સંત શ્રી ભાભારામ મહારાજ તથા સાધ્વી શ્રી કીકીબાઈનું સમાધાન કરી આપ્યું. સર્વ સભાજનોનાં મન અતિ હર્ષિત થયાં. તે સમયથી કેટલાય માણસો અતિ ઉમંગથી શ્રી સદ્‌ગુરુ મહારાજના આદેશ પ્રમાણે ધર્મ પાલન કરવા લાગ્યાં. સર્વત્ર આનંદ, આનંદ, આનંદ. સત્‌-ચિત્ત-આનંદ સચ્ચિદાનંદ વર્તાઈ રહ્યો.

સંત શ્રી ભાભારામ મહારાજને ધર્મ ઉપદેશ ગુરુ મંત્ર વગેરે જે કાંઈ કહેવા સમજાવવાનું હતું તે સર્વ પૂર્ણ થઈ રહ્યા પછીના દિવસે સંત શ્રી ભાભારામ મહારાજ કહેઃ હે મહારાજ ! આપે અમોને કહ્યું હતું કે; વિષ્ણુ પરમાત્માના સ્થૂલ સ્વરૂપની સેવા કરવી તો તે આજ (અત્યારે) યુગ અનુસાર સ્વરૂપ કયું છે ? તે કૃપા કરી કહો તો બહુ જ સારું...!

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભાભારામ ! આજ આ કલિયુગમાં શ્રી વિષ્ણુ પરમાત્માનો શ્રી કલ્કિ-નિષ્કલંકી અવતાર છે. જેમ પરંપરાથી પરમાત્માએ શ્રી મત્સ્ય, શ્રી કૂર્મ, શ્રી વરાહ, શ્રી નરસિંહ, શ્રી વામન, શ્રી પરશુરામ, શ્રી રામ, શ્રી કૃષ્ણ અને શ્રી બૌદ્ધ જેમ નિરાકાર સ્વરૂપથી સાકાર સ્વરૂપ લીધાં છે. તેમજ શ્રી બૌદ્ધ અવતારથી કેટલોક સમય જતાં કલિયુગમાં અનેક પ્રકારના અધર્મો વધવાથી પરમાત્મા શ્રી કલ્કિ-નિષ્કલંકી નારાયણ પૃથ્વીમાં સાકાર સ્વરૂપે પ્રગટ થશે. ત્યારે અધર્મનો અંત લાવી સત્‌યુગની સ્થાપના કરશે. તેવું જ મહર્ષિ વેદમવ્યાસ પ્રણિત શ્રીમદ્‌ ભાગવતના દ્વાદશ સ્કંધ અધ્યાય - બીજામાં લખ્યું છે કે; "ભગવાન કલ્કિ અધર્મીઓનો નાશ કરશે." એમ ઘણાં બધાં ભવિષ્ય વાણીનાં કલિયુગનાં

ચરિત્ર વર્ણવ્યાં છે તેમાં પણ મનુષ્યો પૂર્ણ અધર્મી થઈ જશે. પછી કલિયુગ લગભગ પૂરો થવા આવશે ત્યારે ધર્મનું રક્ષણ કરવા ભગવાન સત્ત્વગુણથી અવતાર લેશે ! સ્થાવર જંગમના ગુરુ સર્વના આત્મા અને ઈશ્વર શ્રી વિષ્ણુ ભગવાન દશમો અવતાર શ્રી કલ્કિ-નિષ્કલંકી નારાયણ ભગવાનનો ધારણ કરશે.

ધર્મનું રક્ષણ અને સંત પુરુષોને મોક્ષ આપવા માટે એ પરમાત્મા ક્યારે અને કયા વર્ણમાં, દેશમાં અને વેશમાં અવતાર લેશે તે મનુષ્યની કલ્પનાથી પર વાત છે. પરંતુ અવતારો અવતારના જે ભવિષ્યના ભેદ વેદ માર્ગના યુગગુરુઓએ સંદેશાઓ લખ્યા છે તે સત્યને આધિન છે. વ્યાસજી કહે છે કે; અનુપમ ક્રાંતિવાળા જગત્પતિ ભગવાન આઠ ઐશ્વર્ય અને સત્ય સંકલ્પ આદિ ગુણોથી યુક્ત રહી દુષ્ટોને શિક્ષા કરવા માટે દેવોએ આપેલા અને ઉતાવળી ચાલવાળા શ્વેત અશ્વ પર બેસી પૃથ્વી પર ફરશે અને રાજાઓના વેશમાં રહેલા કરોડો અધર્મીઓને તલવારથી મારશે. એ રીતે બધા પાપી, ચોર, દાનવો ત્યારે નાશ પામશે. ત્યારે વાસુદેવ (સર્વમ્ ખલ્વિદં બ્રહ્મ) સર્વના હૃદયમાં વસનારા ભગવાનના વિલેપનના અતિ સુગંધી વાયુનો સ્પર્શ થતાં દેશવાસીઓ તથા નગરવાસીઓનાં મન નિર્મળ થશે. પછી સત્ત્વ મૂર્તિ ભગવાન શ્રી વાસુદેવ તેઓનાં હૃદયમાં પ્રીતિ કરશે એટલે સર્વ પ્રજા સૃષ્ટિ અત્યંત ધાર્મિકતાવાળી થશે. એમ ધર્મ પાલક અને દુઃખો દૂર કરનારા ભગવાન શ્રી નિષ્કલંકી નારાયણ અવતાર ધારણ કરશે અને સત્યુગ સ્થપાશે.

પ્રજાઓની ઉત્પત્તિ સત્ત્વગુણી થશે. **જે સમયે ચંદ્ર, સૂર્ય તથા બૃહસ્પતિ એ ત્રણે ગ્રહો પુષ્ય નક્ષત્રમાં આવી એક જ રાશીમાં આવશે ત્યારે સત્ય યુગ આવશે.**

હે ભક્ત ભાભારામ ! જ્યારે ભગવાન શ્રી વિષ્ણુનો શ્રી કૃષ્ણ નામનો શુદ્ધ સત્ત્વગુણી દેહ વૈકુંઠ લોકમાં ગયો (અલૌકિક ગતિ પામ્યો) ત્યારથી કલિયુગે પૃથ્વીલોકમાં પ્રવેશ કર્યો. ત્યારથી મનુષ્ય પાપ કરવામાં આનંદ માણે છે. લક્ષ્મીના પતિ ભગવાન જ્યારે જ્યારે સાકાર સ્વરૂપ લઈ પોતાનાં ચરણ કમળ વડે આ પૃથ્વીને સ્પર્શ કરતા હોય ત્યાં સુધી પાપ, અધર્મ વડે કલિયુગ પૃથ્વીને હેરાન કરવા સમર્થ થઈ શકતો નથી. માટે હે ભક્ત ભાભારામ ! જ્યારે પ્રભુનાં ચરણકમળ સ્પર્શ થશે ત્યારે કલિયુગનું નામ નિશાન રહેશે નહીં. માટે તમને ધર્મ ઉપદેશ, ગુરુ મંત્ર વગેરે જે કાંઈ કહેવામાં આવ્યું છે તે પ્રમાણે શ્રી વિષ્ણુ નારાયણની ભક્તિ કરજો અને જીવનને ધન્ય બનાવજો.

વળી હે ભક્ત ભાભારામ ! ભારત ભૂમિમાં વેદોને સમજનાર અને ભેદોને જાણનાર પ્રભુના અંશા અવતારો જેવા ઋષિમુનિઓ થઈ ગયા છે. તેવા જ અથર્વવેદના રચિત અથર્વઋષિ પાસે પીપલાદ, અંગિરા અને સનતકુમારે જઈ અથર્વઋષિને પૂછ્યું કેઃ કયા મંત્ર વડે ધ્યાન ધરવું ? ધ્યાન કેવી રીતે ધરવું ? ધ્યાન કોણ ધરી શકે ? અને કોનું ધરવું ?

ત્યારે અથર્વઋષિએ તેઓને ઉત્તર આપ્યો કેઃ "ૐ" મંત્ર વડે ધ્યાન ધરવું. એ 'ૐ કાર' જ પરબ્રહ્મ છે. એના ચાર પદો જે ચાર વેદો છે. એની પહેલી માત્રા પૃથ્વી રૂપ 'અકાર' છે તે ઋગ્વેદ રૂપ છે. એના દેવ બ્રહ્મા છે, ગણદેવતા વસુઓ છે, છંદ ગાયત્રી છે, અગ્નિ ગાર્હપત્ય (સ્વામી) છે. તેની બીજી માત્રા આંતરિક્ષ રૂપ 'ઉકાર' છે, તે યજુર્વેદ રૂપ છે, તેના દેવ રુદ્ર છે, ગણદેવતા રુદ્રો છે, છંદ ત્રિષ્ટુભ છે અને દક્ષિણાગ્નિ છે. તેની ત્રીજી માત્રા સ્વર્ગલોક રૂપ 'મકાર' છે. તે સામવેદ રૂપ છે, તેના દેવ વિષ્ણુ છે, ગણદેવતા આદિત્યો છે, છંદ જગતી અને અગ્નિ આહ્‌વનીય છે. અંતમાં જે ચોથી અર્ધમાત્રા છે, તે સોમલોક રૂપ ૐકાર (અર્થાત્ બિંદુ) છે. તે અથર્વવેદ રૂપ છે, તેના દેવ સંવર્ત્તક અગ્નિ છે, ગણદેવતા મરુતો (વાયુ) છે, છંદ વિરાટ છે અને અગ્નિ એકર્ષિ છે.

પહેલી માત્રા લાલાશ પર પડતા પીળા રંગની છે અને એના દેવ બ્રહ્મા છે. બીજી માત્રા ચળકતી કાળા રંગની છે અને એના દેવ રુદ્ર છે. ત્રીજી માત્રા ધોળા રંગની છે અને તેના દેવ વિષ્ણુ છે. અંતમાં જે અર્ધમાત્રા છે તે ચળકતી સર્વરંગી છે તેના દેવ આત્મા છે. આ "ૐ" કાર અ, ઉ, મ અને અર્ધ 'માત્રા' રૂપ ચાર પદ વાળો, ચાર અક્ષરવાળો, ચાર માથાવાળો અને ચાર માત્રાવાળો છે. ચોથી અર્ધમાત્રા તે સૂક્ષ્મ ૐકાર છે અને હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત ૐકાર સ્થૂલ છે. ત્રણ વખત ૐ, ૐ, ૐ એમ બોલીને પછી ચોથી વખત તેના પ્લુત ઉચ્ચાર વડે શાંત આત્મા પ્રગટ થાય છે અને આખું વિશ્વ "ૐકાર" રૂપ જ છે એમ જણાય છે.

હે ભક્ત ભાભારામ ! અક્ષર 'ૐકાર' પરબ્રહ્મ છે. તે કદી પણ વિકાર પામતો નથી. ૐકારનો ઉચ્ચાર કરવાથી પ્રાણ ઊંચે ચડવા માંડે છે, તેને ૐકાર કહેવાય છે. ૐકારને પ્રણવ કહેવાનું કારણ એ છે કે એના જપ કરનારને બધા વેદોનું જ્ઞાન થાય છે. તે ૐકાર સર્વ વ્યાપી અને અનંત છે. સંસારનાં દુઃખોમાંથી તે તારનાર હોવાથી તારક પણ કહેવાય છે અને તે જાગ્રત હોવાથી પોતાની મેળે જ પ્રકાશે છે. ધ્યાનના આરંભમાં ૐકાર મંત્રનો પ્રયોગ કરવો.

વળી બીજું એ છે કે તું એ જ ઉત્તમ અને ઉજ્જવળ જ્ઞાન રૂપ જનોઈ ધારણ કર. એ જ્ઞાન રૂપ યજ્ઞોપવિતથી તારાં તેજ અને બળ એકરૂપ થાવ. જ્ઞાન રૂપ યજ્ઞોપવિત તે સૂત્ર જ છે તેમ સમજી તેમને હૃદયમાં ધારણ કરવી. એ જનોઈ પરબ્રહ્મને હૃદયમાં રહેલા જ સૂચવે છે, માટે તેને 'સૂત્ર' કહે છે. 'સૂત્ર' એટલે પરમ પદ. એ સૂત્રને જેણે જાણ્યું હોય તે બ્રાહ્મણ વેદનો પારગામી (પારંગત) છે. જેમ સૂતરના તાંતણામાં મણકા પરોવાયા હોય છે તેમ પરબ્રહ્મમાં આ સર્વ પરોવાયું છે, માટે તે 'સૂત્ર' છે. એ સૂત્રને તત્ત્વદૃષ્ટા અને યોગવેત્તા યોગીએ (હૃદયમાં) ધારણ કરવું. ઉત્તમ યોગનો આશ્રય કરનાર જ્ઞાની પુરુષ બહારના સૂત્ર (જનોઈ)નો ત્યાગ કરે છે. બ્રહ્મ સ્વરૂપ હોવું એ જ સૂત્ર છે. એ સૂત્રને ધારણ કરે તે જ ચૈતન્ય છે. એ સૂત્રને ધારણ કરવાથી મનુષ્ય ઉચ્છિષ્ટ (અધમ) કે અપવિત્ર થતો નથી.

જ્ઞાન રૂપ યજ્ઞોપવિત ધારણ કરનારા પુરુષોના હૃદયમાં બ્રહ્મ રૂપ સૂત્ર જ (જનોઈ રૂપે) રહ્યું હોય છે, તેઓ જ સૂત્ર (જનોઈ)ના સ્વરૂપને જાણે છે અને લોકોમાં તેઓ જ (સાચી યજ્ઞોપવિત) જનોઈ ધારણ કરનારા છે. જેઓ જ્ઞાન રૂપ શિખાવાળા, જ્ઞાનમાં જ નિષ્ઠાવાળા અને જ્ઞાન રૂપ જ યજ્ઞોપવિત ધારણ કરે છે તેમને જ્ઞાન જ પરમ પવિત્ર કરનાર કહેવાય છે.

જે પુરુષને અગ્નિની શિખા જેવી જ્ઞાનની જ શિખા હોય છે તેને માટે બીજી શિખા હોતી નથી. તેથી સાચો શિખાધારી અને જ્ઞાની તે જ કહેવાય છે. બીજાઓ કેશ (વાળરૂપી ચોટલી) ધારણ કરનારા શિખાધારી કે જ્ઞાની કહેવાય જ નહિ. જે બ્રાહ્મણ વગેરે વૈદિક કર્મના અધિકારી છે, તેમણે આ સૂત્ર (જ્ઞાન રૂપ જનોઈ) ધારણ કરવું જ જોઈએ. કેમ કે તેને ક્રિયાનું અંગ કહ્યું છે. બ્રહ્મવેત્તાઓ કહે છે કે; જેની શિખા જ્ઞાનમય છે અને યજ્ઞોપવીત પણ જ્ઞાનમય છે તેનું બ્રાહ્મણપણું સંપૂર્ણ છે. આ જ્ઞાન જ યજ્ઞોપવીત છે, એ જ પરમ પરાયણ છે માટે તેવો જ્ઞાની પુરુષ જ (સાચો) યજ્ઞોપવીતધારી છે અને તેને જ સાચો જ્ઞાની બ્રહ્મવેત્તા કહેવાય.

પરમાત્મા એક છે. સર્વ પ્રાણીઓમાં અવ્યક્ત, સર્વવ્યાપી, સર્વ ભૂતોનો અંતરાત્મા છે. બધાનાં કર્મોને નિયતમાં રાખનારો છે. સર્વ પ્રાણીઓનાં રહેઠાણ, સાક્ષી, ચૈતન્ય સ્વરૂપ, શુદ્ધ અને નિર્ગુણ છે, તેને વશ રાખનાર છે. સર્વ ભૂતોનો અંતરાત્મા છે તે પોતાના એક જ રૂપને અનેક પ્રકારે પ્રગટ કરે છે. એને જે બુદ્ધિમાન મનુષ્યો છે તે પોતાનામાં રહેલો

જુએ છે તેમને નિત્ય શાંતિ મળે છે, બીજાઓને નહિ. આત્માને નીચેની અરણિએ (માર્ગે) અને ૐકારને ઉપરની અરણિએ (માર્ગે) વાળી ધ્યાન રૂપ મંથનના અભ્યાસથી એ છુપાઈ રહેલા આત્માનો સાક્ષાત્કાર કરવો. જેમ તલમાં તેલ છે, દહીંમાં ઘી છે તેમ પરમ તત્ત્વ આપણામાં જ છુપાઈ રહેલું છે. તે પરમ તત્ત્વ સત્ય અને તપ વડે પ્રગટ થાય છે.

જેવી રીતે કરોળિયો તાંતણાને ઉત્પન્ન કરે છે અને પાછા ખેંચી લે છે, તેવી રીતે જીવાત્મા પણ જાગ્રત અને સ્વપ્નાવસ્થામાં આવે છે અને જાય છે. જાગ્રત અવસ્થાનો **વૈશ્વાનર** નામનો આત્મા નેત્રમાં રહે છે. સ્વપ્નાવસ્થાનો **તેજસ** આત્મા કંઠમાં રહે છે અને સુષુપ્તિ અવસ્થાનો **પ્રાજ્ઞ** નામનો આત્મા હૃદયમાં રહે છે, તેમ જ **તુરીય** (ચોથી, આગલી ત્રણ અવસ્થાથી પર એવી) અવસ્થાનો આત્મા બ્રહ્મરંધ્રમાં રહે છે એમ જાણવું. જ્યાં મનુષ્યની વાણી અને મન પહોંચી શકતાં નથી તે આત્માના આનંદને જાણીને જ્ઞાની મુક્ત બને છે. દૂધમાં ઘીની જેમ બધે વ્યાપી રહેલો આત્મા જ બ્રહ્મ છે. એ જ ઉપનિષદોનું પરમ પદ છે.

• • •



• બ્રહ્મોપદેશ •

હે ભક્ત ભાભારામ ! બ્રહ્માજીએ ઋષિઓને ઉપદેશ કરતાં કહ્યું કેઃ હે મુનિજનો, આ આત્મા સૂક્ષ્મ, અગ્રહ્ય અને અદશ્ય છે. તેનું નામ પુરુષ છે. પોતાના એક અંશ વડે અહીં બુદ્ધિપૂર્વક ક્રિયા કરે છે. ઊંઘતાને બુદ્ધિપૂર્વક જગાડે છે અને એનો જે અંશ છે તે જ દરેક શરીરમાં ક્ષેત્ર સ્વરૂપે રહેલો છે, તેમજ તે જ સંકલ્પ, પ્રયત્ન અને અભિમાનવાળો પ્રજાપતિ રૂપ અને સર્વને જોનારો છે. તે ચેતન વડે જ આ શરીર સચેતન બન્યું છે. તે જ શરીરને ક્રિયા કરવા પ્રેરે છે.

ત્યારે વાલ્મિકી ઋષિએ પૂછ્યુંઃ ભગવત્ ! એ આત્મા અખંડ હોવા છતાં કેવી રીતે પોતાના અંશ વડે અહીં રહ્યો છે ?

તેમને બ્રહ્માજીએ ઉત્તર આપ્યોઃ સૌથી પહેલાં પ્રજાપતિ બ્રહ્મા જ એકલા હતા. તેમને એકલાને કાંઈ ચેન પડ્યું નહિ. આથી તેમણે પોતાના જ આત્માનું ધ્યાન કરીને અનેક પ્રકારની પ્રજા ઉત્પન્ન કરેલી. પ્રજાને તેમણે પ્રાણ વિનાની અને થાંભલા જેવી જડ જોઈ તેથી તેમને ઠીક લાગ્યું નહિ. પછી એમણે વિચાર કર્યો કે, આ બધી પ્રજાને સચેતન કરવા માટે હું તેમનામાં પ્રવેશ કરું.

એમ વિચારી પોતાને વાયુ જેવા કરી તેમનામાં પ્રવેશ કર્યો. તેમણે એકરૂપે નહિ પણ પાંચ રૂપે પ્રવેશ કર્યો. આથી એક જ પ્રાણના-**પ્રાણ, અપાન, સમાન, ઉદાન, અને વ્યાન** એમ પાંચ ભેદ થયા. જે ઊંચે ગતિ કરે છે તે **પ્રાણ** છે. જે નીચે ગતિ કરે છે તે **અપાન** છે. જે અન્નધાતુ (મળ)ને ગુદાસ્થાનમાં પહોંચાડે છે અને અતિ સૂક્ષ્મ અન્ન

ધાતુને દરેક અંગમાં એક સરખી રીતે લઈ જાય છે તે **સમાન** છે. જે ખાધેલું-પીધેલું ઊંચે ગળે છે અને નીચે ગળે છે તે **ઉદાન** છે અને જેનાથી બધી નાડીઓ ભરેલી છે તે **વ્યાન** છે. જે નજીકમાં અંતર્યામી છે અને એક પ્રહરની અંદર જે પરાભવ કરી શકે છે, એ બંનેની વચ્ચે જે ગરમીના મહિના જેવી ઉષ્ણતા છે તે જ ઉષ્ણતા પુરુષ છે. જે પુરુષ છે તે જ વૈશ્વાનર નામનો અગ્નિ છે. બીજે સ્થળે પણ કહેલું છે કે આ અંદર રહેલો વૈશ્વાનર **અગ્નિ પુરુષ** છે. જેને લીધે અન્ન પચે છે. જે ખવાય છે, તેનો જ આ અવાજ થાય છે. કાન બંધ કરતાં જે અવાજ સંભળાય છે તે એનો અવાજ છે. શરીરમાંથી પ્રાણ જ્યારે નીકળી જાય છે ત્યારે એ અવાજ સંભળાતો નથી.

એ પ્રજાપતિ બ્રહ્મરૂપ આત્મા પોતાનાં પાંચ રૂપ બનાવીને હૃદય રૂપ ગુફામાં સ્થિર બન્યો છે અને તે આત્મા જ મન રૂપે, પ્રાણ રૂપે, અનેક રૂપે સત્ય સંકલ્પવાળો છે. આ પ્રમાણે હૃદયમાં રહેલો તે પોતાને અકૃતાર્થ માનવા લાગ્યો અને પોતાને કૃતાર્થ બનાવવા માટે પોતાનાં પાંચ દ્વાર ભેદીને પ્રગટ થયો. એ પાંચ દ્વારો તે પાંચ જ્ઞાનેંદ્રિયો બની. એ પાંચ જ્ઞાનેંદ્રિયો લગામ છે, પાંચ કર્મેંદ્રિયો ઘોડા છે, શરીર રથ છે, મન સારથિ છે અને સ્વભાવ (પ્રકૃતિ) ચાબખો છે. એ ચાબખા વડે પ્રેરાયેલું શરીર પૈડાંની પેઠે ગતિમાન થાય છે અને મરણ થયા પછી તે ચેતનવાળું દેખાતું નથી.

આથી આત્મા શરીરનો પ્રેરક છે. આ આત્મા જાણે કે શરીરને વશ થયો હોય અને જાણે કે શુભાશુભ કર્મના ફળ વડે બંધાઈ ગયો હોય, તેમ જુદા જુદા શરીરોમાં સંચાર કરે છે. પરંતુ ખરું જોતાં તો તે અવ્યક્ત, સૂક્ષ્મ, અદૃશ્ય, અગ્રાહ્ય અને મમતા રહિત છે. તેનામાં કર્તાપણું ન હોવા છતાં તે બધીય અવસ્થાઓથી રહિત છે તેથી તે કર્તા રૂપે રહ્યો હોય તેમ જણાય છે. એ આત્મા શુદ્ધ, સ્થિર, અચળ, આસક્તિ વિનાનો, દુઃખ વિનાનો, ઇચ્છા રહિત, દ્રષ્ટા જેવો રહેલો અને પોતાનું કર્મ ભોગવતો હોય તેવો દેખાય છે. તેમજ ત્રણ ગુણો રૂપી વસ્ત્ર વડે પોતાના સ્વરૂપને જાણે તે ઢાંકી દેતો હોય તેમ રહેલો જણાય છે.

માટે હે વત્સ ! જેટલી પ્રીતિ સંસારમાં રહે છે, તેટલી જ જો બ્રહ્મમાં આસક્ત થાય તો બંધનમાંથી કોણ મુક્ત ન થાય ? મન બે પ્રકારનું છે. શુદ્ધ અને અશુદ્ધ. કામનાઓની ઇચ્છાવાળું મન અશુદ્ધ છે અને કામનાઓ વિનાનું મન શુદ્ધ છે. જ્યારે મન લય અને વિક્ષેપ વિનાનું અને તદ્દન સ્થિર બને અને તેનું મનપણું

નીકળી જાય છે ત્યારે તે પરમ પદ રૂપ થાય છે. જ્યાં સુધી મન ઉપરનાં આવરણોનો નાશ ન થાય ત્યાં સુધી જ તેનો હૃદયમાં નિરોધ કરવો. આટલું જ માત્ર જ્ઞાન અને મોક્ષ છે. બાકીના તો ગ્રંથોના વિસ્તારો જ છે. ધ્યાન યોગ સમાધિ વડે જેનો મળ (મલિનતા) દૂર થયો છે અને જેનું ચિત્ત આત્મામાં પરોવાયું છે એવા ચિત્તને જે આનંદ થાય છે તેનું વાણી વડે વર્ણન થઈ શકતું નથી. તે તો માત્ર અંતઃકરણ વડે જ અનુભવી શકાય છે.

જેમ પાણીમાં પાણી, અગ્નિમાં અગ્નિ અથવા આકાશમાં આકાશ મળી જતાં તે પાછું જુદા રૂપે જોઈ શકાતું નથી, તેમ ચિત્તનો લય થઈ જતાં મનુષ્ય મુક્ત થાય છે. મનુષ્યોનાં બંધન અને મોક્ષનું કારણ મન જ છે. વિષયોમાં આસક્ત બનેલું મન બંધનનું કારણ બને છે અને વિષય રહિત મન મોક્ષનું કારણ બને છે.''

હે ભક્ત ભાભારામ ! એક સમયે ભગવાન મૈત્રેય કૈલાશ પર્વત પર ગયા અને ત્યાં જઈને મહાદેવને કહ્યું કેઃ 'હે ભગવાન ! પરમ તત્ત્વનું રહસ્ય મને કહો.'

મહાદેવ બોલ્યાઃ શરીર એ દેવાલય છે અને તેમાં જીવ એક કેવળ પરમાત્મા છે. આથી અજ્ઞાન રૂપ નિર્માલ્ય છોડી દેવું અને "એ પરમાત્મા હું જ છું." એમ ગણી તેની પૂજા કરવી. આત્મા અને પરમાત્મામાં ભેદ ન જોવો એ જ્ઞાન છે અને મનને વિષયોમાંથી છુટું કરવું એ ધ્યાન છે. મનના મળનો ત્યાગ કરવો એ સ્નાન છે અને ઇંદ્રિયોને કાબૂમાં રાખવી એ પવિત્રતા છે. બ્રહ્મરૂપ અમૃત પીવું અને દેહ ટકી રહે એટલા માટે ભિક્ષા માગવી. પોતે એકલા થઈ દ્વૈત રહિત એકાંત સ્થાનમાં રહેવું. બુદ્ધિમાન મનુષ્ય આ પ્રમાણે કરીને મુક્તિને પામે છે.

મા-બાપના રુધિર વડે ઘડાયેલા, જન્મ-મરણવાળા, સુખ-દુઃખના સ્થાન રૂપ અને અપવિત્ર એવા આ શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. સાત ધાતુ વડે ઘડાયેલા, મહારોગવાળા, પાપના ઘર જેવા, અસ્થિર અને વિકારોના આકારોથી ભરેલા આ શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. આંખ, કાન વગેરે નવ દરવાજામાંથી હંમેશાં મળ બહાર નીકળ્યા કરે છે તેવા અને એ મળમાંથી ઉત્પન્ન થતી દુર્ગંધથી ભરેલા આ દુષ્ટ મલિન શરીરને અડકીને સ્નાન કરવું જોઈએ. શરીર માતાના સૂતકના સંબંધવાળું હોઈ સૂતક સાથે જ જન્મે છે અને મરણ સૂતકના સંબંધવાળું છે, માટે આ શરીરને અડકીને સ્નાન

કરવું જોઈએ. મળ, મૂત્ર, દુર્ગંધ વગેરેની શુદ્ધિ તો માટી જળ વગેરેથી થાય છે, પરંતુ એ તો લૌકિક શુદ્ધિ છે.

ખરી પવિત્રતા તો "હું,મારું" વગેરેને દૂર કરવાથી જ થાય છે. આ પવિત્રતા ચિત્તની શુદ્ધિ કરનાર છે અને વાસનાઓનો નાશ કરે છે. જ્ઞાન રૂપ માટી અને વૈરાગ્ય રૂપ જળ વડે ધોવાથી જ પવિત્રતા થયેલી કહેવાય છે. તે જ ખરી પવિત્રતા છે. અદ્વૈત (જ્ઞાન, એક્તારૂપ બ્રહ્મ)ની ભાવના એ જ ખરી ભિક્ષાવૃત્તિ છે અને દ્વૈત (અજ્ઞાન, જુદાપણું)ની ભાવના એ જ અભક્ષ્ય વસ્તુ છે.

ભિક્ષુએ ગુરુ અને શાસ્ત્રના કહ્યા અનુસાર ભિક્ષા માગવી. જેમ ચોર કેદખાનામાંથી છુટીને દૂર જઈને વસે, તેમ જ્ઞાની પુરુષે સંન્યાસ લઈને પોતાનો દેશ છોડી દૂર વસવું. અહંકાર રૂપ પુત્રને, ધન રૂપ ભાઈને, મોહ રૂપ ઘરને અને આશા રૂપ પત્નીને છોડી દેનારો તરત જ મુક્ત થાય છે. એમાં લેશ માત્ર સંશય નથી. મોહ રૂપ મા મરી ગઈ છે અને જ્ઞાન રૂપ પુત્ર જન્મ્યો છે, તેથી મરણ અને જન્મનાં બે સૂતક લાગે છે.

હૃદય રૂપ આકાશમાં ચૈતન્ય રૂપી સૂર્ય હંમેશાં પ્રકાશ્યા જ કરે છે અને તે આથમતો નથી અને ઉગતોયે નથી. અહીં બધું એક જ છે અને બીજું કાંઈ છે જ નહિ. એમ ગુરુના ઉપદેશ વડે જે નિશ્ચય થયો છે તે જ એકાંત છે. મંદિર કે વનનો મધ્ય ભાગ એકાંત નથી. જેઓ સંશય વિનાના છે તેઓ જ મુક્ત થઈ શકે છે અને જેમને સંશય છે તેઓ અનેક જન્મોના અંતે પણ મુક્ત થઈ શકતા નથી. આથી ગુરુ અને શાસ્ત્રનાં વચનો પર વિશ્વાસ રાખવો. કર્મો છોડી દેવાં તે કાંઈ સંન્યાસ નથી. તેમ જે "હું સંન્યાસી છું." એમ કહેવા માત્રથી જ કંઈ સંન્યાસી થવાતું નથી. "ધ્યાનમાં જીવ અને પરમાત્માના એકપણાનું ભાન થવું એ જ સંન્યાસ કહેવાય છે." જેમને બધી ઈચ્છાઓ, વમન કરેલું પાછું ખાવા જેવું લાગે છે અને જેણે દેહની મમતા છોડી દીધી છે તેને જ સંન્યાસનો અધિકાર છે.

જો બધી વસ્તુઓ ઉપર મનમાં વૈરાગ્ય આવે તો જ વિદ્વાને સંન્યાસ લેવો, નહિ તો જરૂર પતન થશે. જે મનુષ્ય પૈસાની, અન્નની, વસ્ત્રોની અથવા નામનાની લાલચથી સંન્યાસ લે છે તે બંને બાજુથી ભ્રષ્ટ બનેલો થઈ કદી પણ મુક્તિ પામતો નથી.

તત્ત્વનો વિચાર ઉત્તમ છે, શાસ્ત્રોનો વિચાર મધ્યમ છે, મંત્રોની સાધના અધમ છે પ્રતિબિંબિત બનેલા ઝાડના ફળના સ્વાદના આનંદની જેમ ખરા અનુભવ વિના મૂઢ માણસ વ્યર્થ બ્રહ્મ વિશે આનંદ પામે છે. જે યોગી ભિક્ષા રૂપી "મા"ને, વૈરાગ્ય રૂપી "બાપ"ને, શ્રદ્ધા રૂપી "સ્ત્રી" ને અને જ્ઞાન રૂપી "પુત્ર"ને છોડતો નથી તે મુક્ત થાય છે. ધન વડે મોટા, વય વડે મોટા અને વિદ્યા વડે મોટા તે સૌ અનુભવ વડે મોટાની આગળ તો નોકર અને શિષ્ય જેવા જ છે. જેઓ માયા વડે મૂઢ ચિત્તવાળા હોઈ "હું" રૂપ આત્માને પૂર્ણપણે જાણતા નથી, તેઓ મહા બુદ્ધિમાન હોય તો પણ કાગડાઓની માફક અભાગિયું પેટ ભરવા માટે જ અહીંથી તહીં રખડ્યા કરે છે. ફરી જન્મ ન થાય તે માટે મુમુક્ષુજનોને બહારની પૂજા છોડી પોતાના હૃદયમાં જ (આત્માની) પૂજા કરવી.

ભક્ત ભાભારામ ! સંસારનાં બધાં બંધનોને કાપી યોગીઓ સર્વ કર્મને બાળી નાખી બ્રહ્મમાં લય પામે છે. પ્રાણાયામ વડે અત્યંત તિક્ષ્ણ કરેલી "ૐકાર" રૂપ ધારવાળી અને વૈરાગ્ય રૂપ પથ્થર પર ઘસેલી મન રૂપી છરી વડે સંસાર રૂપ તાંતણાને કાપી નાખી યોગવેત્તા પુરુષ ફરી તેના વડે બંધાતો નથી. તે કામનાઓથી છુટે છે અને બધી વાસનાઓથી રહીત થાય છે ત્યારે જ અમરપણાને પામે છે. હે ભક્ત ભાભારામ !! ભવસાગર તરવાના મહાપુરુષોએ કેટલા બધા જુદા જુદા માર્ગોની રચના કરી છે.

ભાભારામ કહેઃ હે ગુરુદેવ ! બંધન શું ? મોક્ષ શું ? વિદ્યા અને અવિદ્યા કોને કહેવી ? જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ અને તુરીય એ ચાર અવસ્થાઓ કઈ ? અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય - એ પાંચ કોષ કયા કયા ? કર્તા જીવ, પંચવર્ગ ક્ષેત્રજ્ઞ, સાક્ષી, કૂટસ્થ અને અંતરયામીનો અર્થ શો ? તેમજ જીવાત્મા, પરમાત્મા અને માયા એ તત્ત્વો કયાં ?

સદ્ગુરુ શ્રી હંસતેજજી મહારાજ કહેઃ હે ભક્ત ભાભારામ, આત્મા જ ઈશ્વર અને જીવ રૂપ છે. છતાં જે આત્મા નથી એવા દેહ વગેરેમાં જીવને જે અહંભાવ થાય છે, તે જીવાત્માનું બંધન છે. એ અહંભાવ નીકળી જવો તે **મોક્ષ** છે. એ અહંભાવને જે ઉપજાવે છે તે **અવિદ્યા** છે અને એ અહંભાવ જેના વડે નીકળી જાય છે તે **વિદ્યા** કહેવાય છે.

સૂર્ય વગેરે દેવતાઓની શક્તિઓ દ્વારા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર અને દશ ઇંદ્રિયો વડે જે અવસ્થામાં આત્મા શબ્દ, સ્પર્શ વગેરે સ્થૂળ વિષયોને ગ્રહણ કરે છે, તે અવસ્થા આત્માની **જાગ્રત અવસ્થા** કહેવાય છે. શબ્દ વગેરે સ્થૂળ વિષયો ન હોવા છતાં જાગ્રત અવસ્થાની રહી ગયેલી વાસનાને કારણે મન, બુદ્ધિ વગેરે ચૌદ કારણો વડે જે અવસ્થામાં શબ્દ વગેરે વાસનામય વિષયોને આત્મા ગ્રહણ કરે છે, તે અવસ્થા આત્માની **સ્વપ્ન અવસ્થા** કહેવાય છે. ચૌદ ઇંદ્રિયો શાંત બની જતાં જે અવસ્થામાં વિશેષ જ્ઞાન હોવાથી જ્યારે શબ્દ વગેરે વિષયો આત્મા ગ્રહણ કરતો નથી, ત્યારે આત્માની તે **અવસ્થા સુષુપ્તિ** કહેવાય છે. આ ત્રણે અવસ્થાથી ઉત્પત્તિ અને લયને જાણનારું અને પોતે ઉત્પત્તિ તથા લયથી નિરંતર પર એવું જે નિત્ય સાક્ષી-ચૈતન્ય છે તે **ચૈતન્ય અવસ્થા** અથવા **તુરીય અવસ્થા** કહેવાય છે.

અન્ન વડે ઘડાતા કોષોના સમૂહ રૂપ શરીર **અન્નમય કોષ** કહેવાય છે. પ્રાણ વગેરે ચૌદ પ્રકારના વાયુઓ એ અન્નમય કોષમાં સંચાર કરે છે, ત્યારે તે **પ્રાણમય કોષ** કહેવાય છે. આ બે કોષની અંદર રહેલી મન વગેરે ચૌદ ઇંદ્રિયો વડે જ્યારે આત્મા શબ્દ વગેરે વિષયોના વિચારો કરે છે, ત્યારે તે **મનોમય કોષ** કહેવાય છે. આત્મા આ ત્રણે કોષની સાથે જોડાઈને બુદ્ધિ વડે જે જાણે છે, તે તેનું બુદ્ધિમય સ્વરૂપ **વિજ્ઞાનમય કોષ** કહેવાય છે. આ ચાર કોષો સાથે આત્મા વડના બીજના વૃક્ષની જેમ પોતાના કારણ અવિદ્યા સ્વરૂપ અજ્ઞાનમાં જે રહે છે તે **આનંદમય કોષ** કહેવાય છે.

સુખ-દુઃખની નજરે અંતરમાં જે ગમતી વસ્તુની ઇચ્છા થાય છે તે **સુખ બુદ્ધિ** છે અને જે અણગમતી વસ્તુની કલ્પના છે તે **દુઃખ બુદ્ધિ** છે. સુખ મેળવવા માટે અને દુઃખ* ત્યજવા માટે જીવ જે ક્રિયાઓ કરે છે તેને લઈને તે **કર્તા** કહેવાય છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ - એ પાંચ વિષયો સુખ-દુઃખનાં કારણો છે. પુણ્ય અને પાપકર્મોને અનુસરનારો આત્મા, પ્રાપ્ત થયેલા શરીરના સંયોગને નહિ મળેલાની જેમ કરતો દેખાય છે, ત્યારે તે **ઉપાધિયુક્ત જીવ** કહેવાય છે.

મન, પ્રાણ, ઇચ્છા, સત્ત્વ અને પુણ્ય આ પાંચ સમૂહોને **પંચવર્ગ** કહેવાય છે.

*** દુઃખ = ત્રણ પ્રકારનાં દુઃખનાં નામ છે. (૧) આધ્યાત્મિક દુઃખ - સ્થૂળ અને સૂક્ષ્મ શરીરમાં વિકાર થવાથી અર્થાત્ રોગ, શોક, ખેદ, કામ, ક્રોધ આદિ વડે જે દુઃખ થાય તે (૨) આધિભૌતિક દુઃખ - વાઘ, સર્પ, ચોર વગેરે પ્રાણીઓથી જે દુઃખ થાય તે. (૩) આધિદૈવિક દુઃખ - અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ, અકસ્માત, વીજળી પડવી જેવા દૈવી કોપ તે.**

આ પાંચ વર્ગોના ધર્મવાળો થયેલો જીવાત્મા જ્ઞાન વિના તેઓમાંથી છૂટી શકતો નથી. મન વગેરે સૂક્ષ્મ તત્ત્વોની ઉપાધિ હંમેશાં આત્માને નિત્ય જેવી વળગેલી જે ભાસે છે તેને **લિંગ શરીર** કહેવાય છે અને તે જ હૃદય ગ્રંથિ છે. તેમાં જે ચૈતન્ય દેખાય છે તે **ક્ષેત્રજ્ઞ** કહેવાય છે. જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેયની ઉત્પત્તિને તથા લયને જાણનારો છતાં પોતે ઉત્પત્તિ અને લય વિનાનો સ્વયંપ્રકાશ આત્મા **સાક્ષી** કહેવાય છે. બ્રહ્માથી માંડીને સૂક્ષ્મ કિટાણું સુધીનાં બધાં પ્રાણીઓની બુદ્ધિઓમાં રહેલો અને તેઓનાં સ્થૂલ સૂક્ષ્મ વગેરે શરીરનો નાશ થતાં પણ બાકી રહેલો જે જણાય છે તે **કૂટસ્થ (બ્રહ્મજીવ)** કહેવાય છે. એ કૂટસ્થ ઉપાધિના ભેદોમાંથી મુક્ત હેતુ રૂપ સ્વરૂપ થઈને બધાં શરીરોમાં મણિઓમાં પરોવેલી દોરીની જેમ જ્યારે પ્રકાશે છે. ત્યારે તે **અંતર્યામી** કહેવાય છે.

સત્ય, જ્ઞાન, અનંત ઉપાધિ વિનાના સોના જેવો માત્ર જ્ઞાન અને ચૈતન્ય રૂપ આત્મા જ્યારે ભાસમાન (પ્રકાશમાન) થાય છે, ત્યારે તે **ત્વં** પદાર્થ કહેવાય છે. બ્રહ્મ સત્ય, જ્ઞાન રૂપ અને અનંત છે, જે અવિનાશી છે તે **સત્ય** કહેવાય છે. દેશ, કાળ વસ્તુ વગેરે નિમિત્તો થતાં પણ જેનો નાશ થતો નથી તે **અવિનાશી** કહેવાય છે અને વિનાશ વિનાનું નિત્ય ચૈતન્ય **જ્ઞાન** કહેવાય છે. માટીની બનેલી વસ્તુઓમાં માટીની જેમ, સોનાની બનેલી વસ્તુઓમાં સોનાની જેમ અને તાંતણાની બનેલી વસ્તુઓમાં તાંતણાની જેમ, આખી સૃષ્ટિમાં પૂર્ણ અને વ્યાપક બનીને રહેલું જે ચૈતન્ય છે તે **અનંત** કહેવાય છે. જે સુખમય-ચૈતન્ય સ્વરૂપ છે, અમાપ આનંદનો સમુદ્ર છે અને બાકી રહેલું સુખનું સ્વરૂપ છે તે **આનંદ** કહેવાય છે. આ ચાર (સત્ય, જ્ઞાન, અનંત અને આનંદ) વસ્તુ જેનું લક્ષણ છે અને દેશ, કાળ વસ્તુ વગેરે નિમિત્તો હોવા છતાં જેમાં કાંઈ પણ ફેર પડતો નથી એને જ **તત્** પદાર્થ અથવા **પરમાત્મા** કહે છે. આ ત્વં પદાર્થ અને તત્ પદાર્થ એ બંને ઉપાધિવાળા ભેદો કરતાં જુદા, આકાશ જેવા સૂક્ષ્મ અને કેવળ સત્ય રૂપ તત્ત્વ **પરબ્રહ્મ** કહેવાય છે. આદિ વિનાની છતાં અંતવાળી, સત નહિ, અસત નહિ અને સહસત પણ નહિ, પોતે બધાની અધિક, વિકાર રહિત જણાય અને 'છે' એમ કહેવા સિવાય બીજી કોઈ રીતે સૂચવી ન શકાય, એવા સ્વરૂપવાળી જે શક્તિ તે **માયા** કહેવાય છે. એ **માયા** અજ્ઞાન રૂપ તુચ્છ અને મિથ્યા છે, છતાં મૂઢ મનુષ્યોને તે ત્રણે કાળે ખરી લાગે છે અને એવા લોકોને તેના સાચાપણાની જ બુદ્ધિ હોય છે. તેથી આ આવું છે. એમ એનું ખરું સ્વરૂપ સમજાવી શકાતું નથી.

હું ઉત્પન્ન થતો નથી, હું દશ ઇંદ્રિયો નથી, હું બુદ્ધિ નથી, હું મન નથી અને હું નિત્ય અહંકાર નથી. હું તો હંમેશાં પ્રાણ અને મન વિનાનો શુદ્ધ છું, બુદ્ધિ વગેરેનો સાક્ષી છું તથા હંમેશાં ચિત્ત સ્વરૂપ છું. એમાં સંશય નથી. હું કર્તા નથી અને ભોક્તા નથી, પરંતુ માત્ર પ્રકૃતિનો સાક્ષી છું અને મારા સમીપપણાને લઈને જ દેહ વગેરે જાણે કે સચેતન બનતા હોય તેમ ક્રિયા કરે છે. હું તો સ્થિર, નિત્ય, હંમેશાં આનંદ સ્વરૂપ, શુદ્ધ, જ્ઞાનમય અને નિર્મળ આત્મા છું અને બધા પ્રાણીઓમાં સાક્ષી રૂપ વ્યાપી રહેલો છું એમાં સંશય નથી. હું બધા વેદાંતો વડે જાણી શકાતું **'બ્રહ્મ'** જ છું અને હું આકાશ, વાયુ વગેરે જાણીતી વસ્તુ રૂપ નથી. હું રૂપ નથી, નામ નથી અને કર્મ નથી પરંતુ માત્ર સચ્ચિદાનંદ સ્વરૂપ બ્રહ્મ જ છું. હું દેહ નથી, તો પછી મને જન્મ-મરણ ક્યાંથી હોય ? હું પ્રાણ નથી તો પછી મને ભૂખ-તરસ શાની હોય ? હું મન નથી, તો પછી મને શોક-મોહ શાના હોય અને હું કર્તા નથી તો પછી મને બંધન-મોક્ષ શાનાં હોય ?

હે ભક્ત ભાભારામ, વળી શ્રી પરમાત્માએ શુકદેવજી મહારાજને યમ નિયમ વિષે અભેદ જ્ઞાન દૃષ્ટિથી સમજાવ્યું છે તે આ પ્રમાણે છે :-

"યમ, નિયમ, ત્યાગ, મૌન, દેશ, કાળ, આસન, મૂળબંધ, દેહની સમાન સ્થિતિ, દૃષ્ટિની સ્થિરતા, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, આત્મ ધ્યાન અને સમાધિ."

બધું બ્રહ્મ છે એમ જાણતાં ઇંદ્રિયોની ઉપર જે આપમેળે જ કાબૂમાં આવી જાય છે તે **યમ** કહેવાય છે. એનો વારંવાર અભ્યાસ કરવો. નિયમપૂર્વક એક જ પ્રકારના વિચાર કરવા, પણ જુદી જુદી જાતના વિચારો ન કરવા એ પરમ આનંદ રૂપ **નિયમ** છે. વિદ્વાનો તેનો કાળજીથી અમલ કરે છે. **ત્યાગ** જ મોટા પુરુષને પણ પૂજ્ય છે અને તે તરત જ મોક્ષ આપનાર થાય છે. જ્યાં વાણી પહોંચી શકતી નથી, એવા બ્રહ્મને વાણી દ્વારા કેવી રીતે વર્ણવી શકાય ? એવા વિચારને લઈને ઉપજતું મૌન તે **મૌન** છે. એ જ મૌન યોગીઓને ગમે છે. માટે વિદ્વાને સદા તે જ સેવવું. જ્યાં વાણી પાછી ફરે છે તેને કયા સાધને કહી શકાય ? જો પ્રપંચ (ચૈતન્યથી ભિન્નપણું) કહેવો હોય તો પણ તે માટે શબ્દ જડતો નથી. આવા અભિપ્રાયથી સંપૂર્ણ મૌન રહેવું એ સહજ નામનું **મૌન** છે. બાકી વાણીનું મૌન તો અજ્ઞાનીઓનું છે. બ્રહ્મવાદીઓ માને તે યુક્ત નથી. જ્યાં આદિમાં, અંતમાં કે મધ્યમાં કોઈ લોક નથી અને જેના વડે આ બધું સતત

વ્યાપ્ત છે, એ જ (પરમાત્મા) નિર્જન **દેશ** કહેવાય છે. જેના નેત્રના એક પલકારાથી બ્રહ્માદિ સર્વ ભૂતોની કલ્પના બની જાય છે તે અખંડ, અદ્વૈત, આનંદ સ્વરૂપ (બ્રહ્મ) **'કાળ'** શબ્દથી કહેવાય છે. જ્યાં સુખપૂર્વક નિરંતર બ્રહ્મચિંતન થઈ શકે એને **આસન** જાણવું. બાકીના આસન તો સુખનો નાશ કરનારાં છે. સર્વ ભૂતોના આદિ જગતનું અધિષ્ઠાન અને અદ્વૈત બ્રહ્મ સિદ્ધિ માટે યોગ્ય છે. એમાં સિદ્ધ પુરુષો સિદ્ધિને પામ્યા છે, માટે તે **સિદ્ધાસન** કહેવાય છે. જે લોકનું મૂળ છે. જેને લીધે ચિત્તનું બંધન થઈ શકે છે, એ જ બ્રહ્મવાદીઓને સદા સેવવા યોગ્ય **મૂળબંધ** છે. સર્વ સ્વરૂપ બ્રહ્મમાં જેનાથી લીન થવાય, તેને જ **અંગોની સમાનતા-દેહની સમાન સ્થિતિ** જાણવી. નહિ તો સૂકા ઝાડ જેવી સમાનતા કે સરળતા એ સમાનતા નથી. જ્ઞાનમય દૃષ્ટિ કરીને જગતને બ્રહ્મમય જોવું, તે પરમ ઉદાર **દૃષ્ટિની સ્થિરતા છે.** બાકી નાકના ટેરવાને જોતી દૃષ્ટિ, તે દૃષ્ટિની સ્થિરતા નથી. જેમાં દૃષ્ટા, દર્શન અને દૃશ્યનો વિરામ (અભાવ) થઈ જાય છે. એ બ્રહ્મમાં જ દૃષ્ટિ સ્થિર કરવી, પણ નાકના ટેરવાને જોતી દૃષ્ટિ સ્થિર કરવા યોગ્ય ગણાતી જ નથી. ચિત્ત વગેરે બધી વસ્તુઓમાં બ્રહ્મનું દર્શન કરતાં બધી વૃત્તિનો જે નિરોધ થાય છે તે **પ્રાણાયામ** કહેવાય છે. **"જગત રૂપ પ્રપંચનો નિષેધ એ રેચક કહેવાય છે. 'હું બ્રહ્મ છું.' એવી વૃત્તિ થવી એ પૂરક કહેવાય છે અને પછી વૃત્તિની નિશ્ચિતતા થવી એ કુંભક કહેવાય છે."** આવો જ પ્રાણાયામ જ્ઞાનીઓનો હોય છે. બાકી નાક દબાવી રાખવું એ તો અજ્ઞાનીઓનો પ્રાણાયામ છે. બધા વિષયો આત્મ રૂપ જ છે. એમ ગણી મનને તેમાંથી પાછું ખેંચી લઈ ચૈતન્યથી રાજી રાખવું તે **પ્રત્યાહાર** કહેવાય છે. એનો વારંવાર અભ્યાસ કરવો. જ્યાં જ્યાં મન જાય ત્યાં બ્રહ્મનું દર્શન થવું અને તેના વડે મન સ્થિર થવું એ **ધારણા** છે." "હું બ્રહ્મ છું" એવી નિરાશ્રય ઉત્તમ વૃત્તિએ સ્થિતિ કરવી તે પરમ આનંદદાયક પ્રખ્યાત **આત્મધ્યાન** છે. વળી એ જ નિર્વિકાર બ્રહ્માકાર બની જાય અને પછી વૃત્તિનું પણ વિસ્મરણ થઈ જાય એ **ઉત્તમ સમાધિ** કહેવાય છે.

આ કૃત્રિમ આનંદનો ત્યાં સુધી સારી રીતે અભ્યાસ કરવો જોઈએ કે જ્યાં સુધી મનુષ્યનું લક્ષ્ય આપોઆપ જ પ્રત્યક્ષ સ્વરૂપ બની જાય. તે પછી સાધન રહિત થઈ એ મનુષ્ય સિદ્ધ યોગીરાજ બને છે અને તેને આત્મસ્વરૂપ જ મન તથા વાણીનો વિષય થઈ જાય છે.

એ સમાધિ જ્યારે કરાતી હોય ત્યારે બળથી આવાં વિઘ્નો આવે છે :- અનુસંધાનરહિતપણું, આળસ, ભોગોની લાલસા, લય, તમસ, વિક્ષેપ, તેજ, પરસેવો અને શૂન્યતા એવાં ઘણાં વિઘ્નો આવે છે, પણ બ્રહ્મ કુશળ પુરુષો તેઓને ત્યજી શકે છે. કોઈ પદાર્થવાળી વૃત્તિથી એ પદાર્થ સ્વરૂપ થવાય છે. શૂન્ય વૃત્તિએ રહેવાથી શૂન્યતા થાય છે અને બ્રહ્મવૃત્તિએ રહેવાથી પૂર્ણતા પ્રાપ્ત થાય છે. માટે એ વૃત્તિએ રહી પૂર્ણતાનો અભ્યાસ કરવો.

જેઓ આ અત્યંત પવિત્ર બ્રહ્મવૃત્તિનો ત્યાગ કરી જીવે છે તે મનુષ્યો વ્યર્થ જીવે છે અને પશુ જેવા છે, પણ જેઓ એ બ્રહ્મવૃત્તિને જાણે છે અને જાણીને વધારે છે તે સત્પુરુષો ધન્યવાદને પાત્ર હોઈ ત્રણે ભુવનમાં વંદનીય છે. જેઓની એ બ્રહ્મવૃત્તિ એક સરખી વધીને પરિપક્વ થઈ હોય, તેઓ શ્રેષ્ઠ બ્રહ્મપણાને પામે છે પણ બીજાઓ ખાલી શબ્દો બોલનારા બ્રહ્મપણું પામતા નથી. જેઓ બ્રહ્મની વાતો કરવામાં કુશળ હોય છે, પણ એ બ્રહ્મવૃત્તિથી રહિત અને અતિશય રાગી હોય છે. તેઓ અજ્ઞાનપણાને લીધે ફરી સંસારમાં આવે છે અને જાય છે. માટે બ્રહ્માદિ, સનકાદિ, શુક વગેરેની જેમ યોગીઓ અર્ધો નિમેષ પણ બ્રહ્મમય વૃત્તિ વિના રહેતા નથી. જેની વૃત્તિને કારણ એ જ કાર્ય બને છે. તેને તત્ત્વ સ્વરૂપે વિચાર થતાં કાર્યનો અભાવ જણાય છે અને પછી કારણ પણ નાશ પામે છે. પછી એવા શ્રેષ્ઠ ચિત્તવાળા મનુષ્યો સામે શુદ્ધ વસ્તુ જ પ્રગટે છે કે જે વાણીનો અવિષય છે પછી શ્રેષ્ઠ બ્રહ્મવૃત્તિનું જ જ્ઞાન રહે છે.

જે વસ્તુને નિશ્ચયાત્મક દૃશ્ય રૂપે તીવ્ર વેગથી પ્રથમ ચિંતવી હોય, તેને જ પછીથી અદૃશ્યાપણામાં લઈ જઈ બ્રહ્માકાર-સ્વરૂપે ચિંતવવી, જેથી તેનો જાણકાર બની મનુષ્ય ચૈતન્યરસથી પૂર્ણ બનેલી બુદ્ધિને લીધે નિત્ય સુખમાં સ્થિતિ કરે છે. વળી હે ભક્ત ભાભારામ ! ચૈતન્ય રૂપી સૂર્યનો અસ્ત કે ઉદય થતો જ નથી. તેથી તેનાં દર્શન કરનારને કોઈ કર્મ રહેતાં જ નથી.

શબ્દ અને કામનો લય થવાથી મનુષ્ય દિવસ અને રાતથી રહિત થાય છે. પછી સર્વનું પરિપૂર્ણ જ્ઞાન થવાથી **ઉન્મની** (સમાધિ)અવસ્થા પ્રાપ્ત થાય છે. તેને લીધે બ્રહ્મ સાથે એકતા થાય છે. ઉન્મની અવસ્થાથી મનરહિત સ્થિતિ થાય છે. નિશ્ચિત અવસ્થા તેનું **ધ્યાન** છે. સર્વ કર્મો દૂર કરવાં તે **આવાહન** છે. નિશ્ચિય જ્ઞાન તે **આસન** છે.

મનરહિત થવું તે **પાગ (ચરણ પખાળવાં)** છે. નિત્ય મન સહિત સ્થિતિ તે **અર્ધ્ય(હાથ પખાળવા)** છે. નિત્યનો પ્રકાશ અને અપાર અમૃત રૂપ વૃત્તિ તે **સ્નાન** છે. બ્રહ્મ એવી ભાવના તે **ચંદન** છે. દર્શન સ્વરૂપે સ્થિતિ તે **અક્ષત** છે. ચૈતન્યની પ્રાપ્તિ તે **પુષ્પ** છે. ચૈતન્ય રૂપ અગ્નિનું સ્વરૂપ તે **ધૂપ** છે. ચૈતન્ય રૂપ સૂર્યનું સ્વરૂપ તે **દીવો** છે. પરિપૂર્ણ ચંદ્રના અમૃતરસની એકતા કરવી તે **નૈવેદ્ય** છે. નિશ્ચલતા તે **પ્રદક્ષિણા** છે. "તે હું છું" એવો ભાવ તે **નમસ્કાર** છે. મૌન એ **સ્તુતિ** છે અને સર્વ પ્રકારે સંતોષ તે **વિસર્જન** છે, એમ જાણે છે તે બ્રહ્મ રૂપ થાય છે.

એમ જ્યારે જ્ઞાતા, જ્ઞેય, અને જ્ઞાન રૂપ ત્રિપુટી દૂર થાય છે ત્યારે તરંગ વિનાના સમુદ્ર જેવો અને વાયુ વિનાના પ્રદેશમાં રહેલા દીવા જેવો અચળ, સંપૂર્ણ, ભાવ-અભાવથી રહિત કેવળ જ્યોતિ રૂપ થાય છે. જાગ્રત અને નિદ્રામાં પણ જ્ઞાન રહેવાથી બ્રહ્મવેત્તા થાય છે. સુષુપ્તિ તથા સમાધિમાં મનનો લય જો કે સમાન જ હોય છે પરંતુ તે બંનેમાં મોટો તફાવત છે, કેમ કે સુષુપ્તિમાં મન અજ્ઞાનમાં લય પામ્યું હોય છે તેથી મુક્તિનું કારણ હોતું નથી.

હે ભક્ત ભાભારામ ! ઉપરોક્ત જ્ઞાન ઉપદેશ અનેક પ્રકારે ઋષિમુનિઓએ જગતના કલ્યાણ અર્થે મંગલ સંદેશા સાથે અજ્ઞાન અંધકારનો નાશ કરવા માટે વર્ણવ્યા છે. તેમાં પ્રથમ પોતાના મનને જીતવું જોઈએ. મનને જીત્યા વિના સંસાર સમુદ્રમાં પાર ઉતરવાનો બીજો કોઈ માર્ગ નથી. સંસાર એ મોટા નરકોનું સામ્રાજ્ય છે. તેમાં પાપો રૂપી મોટા હાથીઓ છે અને ઇંદ્રિયો રૂપી શત્રુઓ આશાઓ રૂપી અનેક તીક્ષ્ણ બાણોથી સજ્જ હોઈ દુર્જય છે. જેમ હેમંત ઋતુમાં કમળના છોડ નાશ પામે છે, તેમ જેના ચિત્તનો ગર્વ નાશ પામ્યો હોય અને ઇંદ્રિયો રૂપી શત્રુઓ વશ થયા હોય તેની ભોગવાસનાઓ નાશ પામે છે. એક તત્ત્વના દૃઢ અભ્યાસથી જ્યાં સુધી મન જીતાયું નથી, ત્યાં સુધી રાતમાં જેમ ભૂતડાં વસે છે તેમ હૃદયમાં વાસનાઓ રહે છે. હું માનું છું કે વિવેકીનું મન ઇચ્છિત કરનાર ચાકર છે. સર્વ વિષયોમાં સલાહ આપનાર મંત્રી છે. ઇંદ્રિયોને દબાવી દેનારો ખંડિયો રાજા છે, લાડ લડાવનારી સ્નેહાળ લલના છે, પાલક પિતા છે અને ઉત્તમ થાપણ રાખનારા મિત્ર છે. બુદ્ધિમાન જ્ઞાનીના મનને હું એવું માનું છું. મન રૂપ પિતા પોતાના પ્રકાશથી, શાસ્ત્ર રૂપ દૃષ્ટિથી, પોતાની બુદ્ધિથી અને પોતાના પ્રભાવથી પોતાનો ત્યાગ કરીને પરમ સિદ્ધિ આપે છે.

હે ભક્ત ભાભારામ ! ભક્તિ માર્ગમાં ચાર યોગ મહાપુરુષોએ બતાવેલા છે. **સહજયોગ, હઠયોગ, રાજયોગ, મંત્રયોગ.** આજ કલિયુગમાં શ્રી નિરાકારથી સાકાર સ્વરૂપ જોવું તે અતિ કઠિન છે. માટે હે ભક્ત ભાભારામ ! શ્રી વિષ્ણુ નારાયણને પામવા ભક્તિયોગ સાકાર સ્વરૂપની ઉપાસના કરવી તે ઉત્તમ યોગ છે. એને માટે શ્રી ભગવદ્ ગીતા જ્ઞાનેશ્વરી ભક્તિ યોગમાં શ્રીકૃષ્ણ સ્વમુખે અર્જુનને આ ઉપદેશ આપેલ છે :

क्लोशोऽधिकतरस्तेषामव्यक्तासत्कचेतसाम् ।
अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते ॥ ५ ॥

ગીતા. અ.-૧૨, શ્લોક-૫.

નિર્ગુણ નિરાકાર બ્રહ્મની ઉપાસના કરનારા દેહધારી પુરુષોને ઉપાસનાનું કષ્ટ થાય છે કારણકે દેહાભિમાનીઓ વડે અવ્યક્ત ગતિ મહાપ્રયાસથી પ્રાપ્ત થાય છે.

પ્રાણીમાત્ર માટે પ્રિય, આશ્રયથી રહિત અને અવ્યક્ત (દૃષ્ટિથી અગોચર) જે બ્રહ્મ છે તેને ભક્તિ સિવાય જ પ્રાપ્ત કરી લેવાની જેઓ ઇચ્છા કરે છે, તેમને માર્ગમાં લૂંટારા રૂપ ઇંદ્રિયાદિકની પદવીઓ વરમાળા પહેરાવે છે અને રિદ્ધિસિદ્ધિની જોડી બ્રહ્મ પ્રાપ્તિના માર્ગમાં આડે આવે છે. કામ-ક્રોધાદિ પુષ્કળ ઉપદ્રવો ઉત્પન્ન થાય છે અને નિરાકાર પરબ્રહ્મની પ્રાપ્તિ કરવા માટે તેમને શૂન્ય વસ્તુ (આકાશ)ની સાથે ઝઘડો કરવો પડે છે. તૃષાને તૃષાનું પાન કરીને તૃપ્ત કરવી પડે છે, ક્ષુધા લાગી હોય તો તે ક્ષુધાને ખાઈને જ ક્ષુધા શાંત કરવી પડે છે અને નિરાકારની પ્રાપ્તિ માટે રાત્રિ-દિવસ હાથોના ઝપાટાથી વાયુની જ ગણતરી કરવી પડે છે. દિવસે તડકામાં સૂવું, સ્વચ્છંદ ઇંદ્રિયોનો નિરોધ રૂપી ઉપભોગ લેવો અને વૃક્ષોની સાથે મિત્રભાવથી ખેલવું, શીતળતા રૂપી વસ્ત્ર ધારણ કરવાં, ઉષ્ણતા રૂપી વસ્ત્ર ઓઢવું અને જળ વૃષ્ટિ રૂપી ગૃહમાં નિવાસ કરવો પડે છે.

હે અર્જુન ! સતી સ્ત્રીને જેમ પતિ સિવાય જ રોજ કાષ્ટ ભક્ષણ કરીને સતી થઈ રહેવા જેવો જ આ યોગ છે. આ સ્થળે જો કે પતિની પાછળ સતી થવા માટે અગ્નિ પ્રવેશ કરવાનું કાર્ય નથી, તેમ દેવો તથા પિતૃઓ માટે બલિ આપવાનું હવ્ય-કવ્યનું નિમિત્ત પણ નથી, તો પણ મૃત્યુની સાથે નિત્ય નવી નવી લડાઈ કરવી પડે છે. શું આવા મૃત્યુ કરતાં પણ તીક્ષ્ણ અને ઊકળતું જે વિષ છે તેને કોઈ ગળી શકશે ? અરે, ડુંગરને ગળવા જતાં શું મુખ ફાટી નહિ જાય ? માટે હે મહાવીર ! આવું યોગ સાધન કરવા જે નીકળ્યા છે, તેમના નસીબમાં દુઃખ રૂપી શુષ્ક ભાગ જ લખેલો છે.

બોખા માણસને લોખંડના ચણા ખાવાનો વખત આવે, ત્યારે તેનાથી તેનું પેટ ભરાશે કે પ્રાણ જશે, એ કાંઈ સમજાતું નથી. શું કોઈ મનુષ્ય પોતાના બાહુથી સમુદ્ર તરી ગયો છે ? અથવા આકાશમાં શું કોઈ પગેથી ચાલી શક્યું છે ? સમરાંગણમાં ગયા પછી સામા ઘા ઝીલ્યા વગર સૂર્યલોકની પ્રાપ્તિ થાય છે ? એટલા માટે હે અર્જુન ! પાંગળો માણસ જેમ વાયુની સાથે દોડવાની હોડ કરી શકતો નથી, તેમ દેહાભિમાની જીવને નિરાકારની પ્રાપ્તિ થનાર નથી. આમ હોવા છતાં પણ મનમાં ઈચ્છા ધારણ કરીને અવ્યક્ત (દૃષ્ટિથી અગોચર) બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

એટલા માટે હે પાર્થ ! જેમણે ભક્તિ માર્ગનો સ્વીકાર કરેલો છે, તેમને આવાં કષ્ટ ખમવાં પડતાં નથી.

ये तु सर्वाणि कर्माणि मयि संन्यस्य मत्पराः ।
अनन्येनैव योगेन मां ध्यायन्त उपासते ।।
तेषामहं समुद्धर्ता मृत्युसंसारसागरात् ।
भवामि नचिरात्पार्थ मय्यावेशितचेतसाम् ।।

गीता अ.-१२ श्लोक - ६,७

પરંતુ જેઓ જાત પરાયણ થઈને સર્વ કર્મો મને જ અર્પણ કરી દે છે અને મારું ધ્યાન ધરીને અનન્ય ભાવથી મારી જ ઉપાસના કરે છે તથા મારામાં જ જેમણે પોતાનું ચિત્ત સમર્પણ કર્યું છે એવા મારા ભક્તોનો, હે પાર્થ ! હું જન્મ-મરણ યુક્ત સંસાર-સમુદ્રમાંથી સત્વરે જ ઉદ્ધાર કરું છું.

પોતાના વર્ણાશ્રમ ધર્મ પ્રમાણે કરવાનાં જે જે કર્મો પોતાના ભાગમાં આવેલાં હોય, તે સર્વ કર્મો કર્મેંદ્રિયો સુખથી કરે છે. સર્વ કર્મો યથાવિધિ મને અર્પણ કરીને અને નિષિદ્ધ કર્મોનો પરિત્યાગ કરીને કર્મ દ્વારા ઉત્પન્ન થનારાં ફળો જ્ઞાનથી બાળીને ભસ્મ કરી નાખે છે. આ પ્રમાણે હે અર્જુન ! સર્વ કર્મો મને અર્પણ કરીને તેમનો જેઓ નાશ કરે છે, તેમ જ કાયિક, વાચિક અને માનસિક જે જે કર્મો કરવાની ઈચ્છા જેમને હોય છે, તેમને પણ મારા વિના બીજી સગવડ જ હોતી નથી. એવા જેઓ નિરંતર મારી સેવા કરીને જાત્પરાયણ થાય છે, તેઓ મારા ધ્યાનના નિમિત્તથી મારું

નિવાસ સ્થાન જ બની રહે છે. એમની પ્રીતિ મારી સાથે વ્યવહાર કરીને મુક્ત અને ભુક્તિ(ભોગ) ને પણ ત્યાગી દે છે. એવી રીતે અનન્ય ભાવથી જેમણે મન, બુદ્ધિ અને શરીરથી પોતાનું સર્વસ્વ મને અર્પણ કરી દીધું છે, તેમની શું ઈચ્છા હું પરિપૂર્ણ નથી કરતો ? વારુ, અર્થાત્ તેમની તો સર્વ ઈચ્છાઓ ગમે તેમ કરીને પણ અવશ્ય મારે પૂર્ણ કરવી જ પડે છે.

વધારે શું કહું ? હે પાર્થ ! જે પોતાની માતાના ઉદરથી જન્મ લે છે, તે માતાને કેટલો બધો પ્રિય હોય છે. એ કહેવાની કશી પણ આવશ્યકતા નથી. તે જ પ્રમાણે મારા ભક્તો ગમે તે હોય અને ગમે તેવા હોય, છતાં તેમને હું પ્રિય છું અને મને તેઓ પ્રિય છે. તેમને જેઓ ત્રાસ આપનારા હોય તેમનો નાશ કરવાની તો મેં પ્રતિજ્ઞા જ લીધી છે. મારા ભક્તોને સંસારની ચિંતા શા માટે હોવી જોઈએ ?

શ્રીમંતની સ્ત્રીને કદી માગવાનો વારો આવે છે ખરો કે ? કદી પણ આવતો નથી. એ જ પ્રમાણે મારા ભક્તો તે મારા કુટુંબીજનો છે એમ જ હું સમજું છું. અર્થાત્ જો તેમના પર કોઈ સંકટ આવી પડે તો તેથી મને જ લજ્જા ઉપજે છે.

આ સૃષ્ટિમાં મારા ભક્તોને જન્મ-મૃત્યુના તરંગોમાં ડૂબતા જોઈ મારા મનમાં કંઈને કંઈ થઈ જાય છે. ભવસાગરના તરંગો જોઈને કોને ભય લાગતો નથી ? અર્થાત્ એ ભવસાગરના તરંગોથી મારા ભક્તજનો પણ ભયભીત બને છે અને તેથી જ હે અર્જુન ! રામ-કૃષ્ણ આદિ અવતારો ધારણ કરીને, આ મૃત્યુલોકમાં હું તેમના ઉદ્ધાર માટે જ આવ્યા કરું છું. મારાં હજારો નામ રૂપી નૌકાઓ તૈયાર કરીને, આ સંસાર રૂપી સાગરમાંથી હું તેમનો તારક થયો છું, એમ તારે નિશ્ચયપૂર્વક સમજવું. જે ઉપાધિ રહિત હોય છે તેમને હું મારું ધ્યાન ધરવાનો બોધ આપું છું અને પરિવારવાળાઓને નામ રૂપી નૌકા પર બેસાડું છું, અર્થાત્ તેમને મારા નામ સ્મરણનો ઉપદેશ કરું છું. કેટલાક ભક્તોનાં પેટ સાથે પ્રેમ રૂપી તુંબડું બાંધીને તેમને મુક્તિ રૂપી તટ પર લઈ આવું છું, પરંતુ જેમણે પોતાને મારા ભક્તના નામથી ઓળખાવ્યા હોય પછી ભલેને તેઓ ચતુષ્પાદાદિ અર્થાત્ પશુ આદિ હોય તેમને પણ મૈ વૈકુંઠના રાજ્યાસન યોગ્ય બનાવ્યા છે. એથી મારા ભક્તોના મનમાં કશી પણ ચિંતા ઉત્પન્ન થતી નથી, કારણ કે તેમને તારવા હું સદા સજ્જ ઊભો હોઉં છું અને જે વેળાએ ભક્તો પોતાની ચિત્તવૃત્તિ મારામાં અર્પણ કરે છે તે વેળાએ તેમનામાં મારો પ્રવેશ થાય છે.

હે ભાભારામ, સાંખ્ય યોગમાં, ભગવાન શ્રી કૃષ્ણએ આત્મજ્ઞાનની ગહન તત્ત્વ ભરેલી વાત કરતાં આત્માના અમરત્વ વિશે સમજાવ્યું છે. આ આત્માના અમરત્વને જાણીને હે ભાભારામ, તું પણ આ જ્ઞાન સમજી લે. હે ભાભારામ, આ આત્માના યથાર્થ રૂપને કોઈ ઓળખી શક્યું નથી. ખૂબ નજીક હોવા છતાં આપણે તેને જાણ્યા વિના દૂર રહીએ છીએ. કોઈ જાણવાનો પ્રયત્ન પણ કરતું નથી એ આપણું અજ્ઞાન છે.

नाऽसतो विद्यते भावो नाभावो विद्यते सतः ।
उभयोरपि दृष्टोऽन्तस्त्वनयोस्तत्त्वदर्शिभिः ।।
गीता : अ.२, श्लोक-१६.

જે અસત એટલે કે જે છે જ નહીં તે હોય જ નહીં અને જે સત એટલે કે જે છે એ કદી નાશ પામે નહીં આ બંનેને તત્ત્વજ્ઞાનીઓ જાણે છે.

अविनाशि तु तद्विद्धि येन सर्वमिदं ततम् ।
विनाशमव्ययस्यास्य न कश्चित्कतुमर्हति ।।
गीता : अ.२, श्लोक-१७.

જે શક્તિથી બ્રહ્માંડ ચાલે છે, તે નાશવંત નથી તે જાણવું. તે અવ્યય એટલે કે હંમેશાં અવિકૃત રહે એવું છે, તેનો કોઈ નાશ કરી શકતું નથી.

अन्तवन्त इमे देहा नित्यस्योक्ताः शरीरिणः ।
अनाशिनोऽप्रमेयस्य तस्माद्युध्यस्व भारत ।।
गीता : अ.२, श्लोक-१८.

આ દેહ નાશવંત કહેવાય છે પરંતુ તેમાં રહેલો આત્મા શાશ્વત અવિનાશી અને અપ્રમેય એટલે કે પૂર્ણપણે સમજાય નહીં એવો છે, માટે હે ભારત, તું યુદ્ધ કર, કર્મ કર.

य एनं वेत्ति हन्तारं यश्चैनं मन्यते हतम् ।
उभौ तौ न विजानीतो नायं हन्ति न हन्यते ।।
गीता : अ.२, श्लोक-१९.

જે માને છે કે આ શરીર કોઈપણને મારી શકે છે, અને જે માને છે કે કોઈ પણ તેને મારી શકે છે. તો તે બેમાંથી એકેય સત્ય સમજતા નથી.

તે કોઈને મારતું નથી અને કોઈ તેને મારતું નથી. તે ન તો જન્મે છે અને ન મૃત્યુ પામે છે. તે પહેલાં જન્મેલો કે ફરીથી જન્મશે એવું નથી. આ અજન્મા નિત્ય શાશ્વત પૂર્ણ પુરુષ (આત્મા) છે. શરીરને મારી નાખવામાં આવે તો પણ આત્માની હત્યા થતી નથી.

આ અવિનાશી, નિત્ય, અનાદિ અવ્યય એટલે કે વિકાર ન પામનાર હોય છે પુરુષ (આત્મા) આ વાત જાણે છે તેને કેવી રીતે કોઈ મારે ? અને તે કેવી રીતે કોઈને મારે ?

જેમ કોઈ માણસ પોતાનાં જૂનાં વસ્ત્રો ઉતારીને નવાં વસ્ત્રો ધારણ કરે છે, તેમ આ આત્મા તેનું જૂનું શરીર ઉતારીને નવું શરીર ધારણ કરે છે.

અસત વસ્તુ અમર નથી, અને સતનો નાશ ન હોઈ,
સત અસતના સિદ્ધાંતને, મુનિવર જ્ઞાન વિચારી જોઈ.
આત્માને તમે ઓળખો, આતમ પારસ ખાણ,
આત્માને જાણ્યા વિના, તમે ડૂબો ચોર્યાસી ખાણ.
અવિનાશી એક આત્મા, સકળ ભરપૂર છે જ,
નાશ કદી થાયે નહીં, એનું વધે ઘટે નહીં તેજ.
નાશ રહિત વખાણીએ એને, સર્વ વ્યાપક જાણ,
અવિકારીને ઓળખો, અમાપ સોહી વખાણ.
મારો મારો સૌ કોઈ કહે, એને મારી શકે નહીં કોઈ,
હણાયલો જેહી કહે, એને સાચી સમજ નહીં હોઈ.
જન્મે મરે નહીં આત્મા, હતો ન હતો નહીં ભાખ,
અજન્માને પુરાતન, શાશ્વત એને દાખ.

અવિનાશી સોહી આત્મા, અવિકારી એને જાણ,
પેખે કોઈ મુનિવરા, સોહી સંત પુરુષ નિર્વાણ.
વસ્ત્રો જૂનાં થઈ ગયાં, એનો ફિકો પડી ગયો રંગ,
નવાં વસ્ત્રો પહેરીએ, હૈયે ધરીને ઉમંગ.
જૂની કાયા પરહરી, નવી ધરે છે કાય,
દેહનો નેહ તમે શીદ કરો, એ તો છીનમાં છુટી જાય.
આતમ આતમ સૌ કહે, આતમ બૂઝે નહીં કોઈ,
સદ્‌ગુરુ એમ બોલ્યા, બૂઝે સો જ્ઞાની હોઈ.

હે ભાભારામ, આત્મા અવિનાશી, અજર અમર છે. શરીર પરનાં કપડાં ધોયા પછી મનુષ્ય શરીરનો ત્યાગ કરતો નથી, તે માત્ર ગંદાં કપડાંનો ત્યાગ કરે છે અને નવાં વસ્ત્રો પહેરે છે. એવું જ આત્માનું છે. જૂનું શરીર છોડી નવું શરીર આત્મા ધારણ કરે છે. તે શાશ્વત છે, અવિકારી છે. તે જાણીને જ સંતપુરુષો નિર્વિકાર પદે પહોંચ્યા છે. તેઓ જર્જરિત એવા શરીરની મલિન વાસનાનો ત્યાગ કરી હર્ષ, શોક, સંતાપથી દૂર રહે છે. એવા મહાપુરુષો દુનિયામાં બહુ ઓછા છે. આવા મહાપુરુષોના સાનિધ્યમાં રહેવાથી મનુષ્ય જન્મ સાર્થક થઈ શકે છે.

नैनं छिन्दन्ति शस्त्राणि, नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
गीता : अ.२, श्लोक-२३.

આત્માને શસ્ત્રો કાપતાં નથી, અગ્નિ તેને બાળતો નથી, પાણી તેને ભીંજાવતું નથી અને પવન તેને સૂકવતો નથી.

अच्छेद्योऽयमदाह्योऽयमक्लेद्योऽशोष्य एव च ।
नित्यः सर्वगतः स्थाणुरचलोऽयं सनातनः ॥
गीता : अ.२, श्लोक-२८.

આત્મા કાપી શકાય તેવો નથી, આત્મા બાળી શકાય તેવો નથી, આત્મા ભીનો કરી શકાય તેવો નથી અને આત્મા સૂકવી શકાય તેવો નથી. આ નિત્ય સર્વ વ્યાપી સ્થિર સ્વભાવનો અચલ અને સનાતન એટલે કે અનાદિ કાળથી નિત્ય પ્રવર્તમાન હોય એવો છે.

સ્વાંગ સજીને આવીયો, સુવર્ણ વસ્ત્ર અંગ,
નિરખતાં નૈના ઠરે, ચડે સવાયો રંગ.
મરતા ઘણાને નિરખીયા, એનાં મરી ગયાં છે શરીર,
આત્મા કદી મરતો નથી, તમે સુણી લ્યો ધરીને ધીર.
અમર છે તે કેમ મરી શકે, એનો નાશ કદી નહીં હોઈ,
અમર છે એક આત્મા, તમ જ્ઞાન વિચારી જોઈ.
તાતી તલવાર ચાલે નહીં ચાલે, નહીં બરછી કટ્યાર,
જેમ લાગે શરીરને, આત્મા ન્યારો નિરધાર.
દાવાનળ ચાહે બળે, પરલેકાર દેખાય,
બળી શકે નહીં આત્મા, જે અચરજ સમ લેખાય.
નદી નાળા ભરપૂર છે, વહે જ સમંદર સાત,
અલિપ્ત છે એ આત્મા, તે ભીજે નહીં દિનરાત.
પવન ફૂંકાવે જોરથી, આંધી ચડે ચોપાસ,
સૂકાય નહીં એ આત્મા, તમે માનો ખાસોખાસ.
આત્મા કદી છેદાય નહીં, અનલ બાળ્યો નહીં જાય,
પવન સૂકવી શકે નહીં, જળમાં તે નહીં ભીંજાય.
સદાકાળ અને સર્વદા, રહેનારો એને જાણ,
સ્થિર અચળ અનાદિ છે, એની કરી લેજો ઓળખાણ.
દેહ વિના નહીં આત્મા, આત્મા વિના નહીં દેહ,
સદ્‌ગુરુ એમ બોલીયા, તમે આતમશું કરો નેહ.

હે ભાભારામ, આ જીવ સંપૂર્ણ સ્વાંગ સજીને જન્મે છે. કર્મ પ્રમાણે ગતિ મેળવે છે. સુખ-દુ:ખને ભોગવે છે અને અંતે મૃત્યુ પામે છે પણ આત્મા ક્યારેય મરતો નથી. તે અમર છે. શરીરને શસ્ત્રથી વીંધીએ, કાપીએ, મારીએ તો તે નાશ પામે છે, પરંતુ

તેમાં રહેલ ચૈતન્ય સ્વરૂપ આત્માનો કદી નાશ થતો નથી. શરીર વિના આત્મા સ્વતંત્ર રીતે રહી શકે નહીં. દેહમાં રહીને તે સુખ ભોગવવા છતાં ગરમ લોખંડમાં ભરેલા અગ્નિની જેમ અલિપ્ત રહે છે.

હે ભાભારામ, સાંખ્ય યોગમાં ભગવાન શ્રી કૃષ્ણએ કહ્યું છે કે -

अव्यक्तोऽयमचिन्त्योऽयमविकार्योऽयमुच्यते ।
तस्मादेवं विदित्वैनं नानुशोचितुमर्हसि ॥

गीता : अ.२, श्लोक-२५.

આ અવ્યક્ત એટલે કે એક પ્રકારનું એવું જે વ્યક્ત ન કહી શકાય, આ અચિંત્ય એટલે કે મનથી પણ ન જાણી શકાય, આ અવિકારી એટલે કે એનામાં કોઈ પણ કંઈ પણ વિકાર ઉત્પન્ન કરી શકે નહીં એવું એ કહેવાય છે. જે સાચું છે એને જાણીને એ વિષયમાં શોક ન કરવો એ તારે માટે યોગ્ય છે.

आश्चर्यवत्पश्यति कश्चिदेनमाश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः श्रृणोति श्रुत्वाप्येनं वेद न चैव कश्चित् ॥

गीता : अ.२, श्लोक-२९.

કોઈ એક વિરલ મહાપુરુષ જ આ આત્માને આશ્ચર્યની જેમ જુએ છે, તેમજ બીજો કોઈ મહાપુરુષ જ આત્મતત્ત્વને આશ્ચર્યની જેમ વર્ણવે છે તથા બીજો કોઈ અધિકારી પુરુષ જ આત્મતત્ત્વને આશ્ચર્યની જેમ સાંભળે છે. અને કોઈ તો સાંભળીને પણ આત્માને જાણતો નથી.

આત્મા મુખથી ઓચરે, કેવો તે નહીં કહેવાય,
શુદ્ધ બુદ્ધિ પહોંચે નહીં, એ આત્મા કેમ ઓળખાય.
ઈંદ્રિયોથી જણાય નહીં, અવ્યકત એનું નામ,
કઈ પેરે એને ઓળખીએ, કહો જ્ઞાનીજન ભૂપ.
અચિંત્ય એને કહે, કહો ચિંતવી કેમ શકાય,
ચાહે તમે ચિંતન કરો, એ પૂર્ણ ચિંતવ્યા નહીં જાય.

અવિકારી એને કહ્યો, ભરે વિકારી રંગ,
આત્મા સોઉ ન્યારો, રહે વિકારી ખેલે રંગ.
સાધન-સંપન્ન કોઈ મહાત્મા, એને આત્માની થઈ ઓળખાણ,
અચરજ જેવો છે આત્મા, એને નીરખી શકે નિર્વાણ.
દર્શન લાભ જે પામીયા, થયો છે સાક્ષાત્કાર,
સોહી યોગી વર્ણવી શકે, અચરજ એનો સાર.
સાચા સાધક કોઈ સૂરમાં, આતમજ્ઞાન ભંડાર,
આશ્ચર્ય જેવો સમજી શકે, આત્માનો તત્ સાર.
શુદ્ધાત્માને સાંભળ્યો છતાં, અબુજ રહ્યા છે અનેક,
કહે સદ્‌ગુરુ સુણો મુનિવરો, તમે આતમ પેખજો વિવેક.

હે ભાભારામ, આત્માને શબ્દોથી વર્ણવી શકાતો નથી. તે બુદ્ધિની બહાર છે. જે ઇંદ્રિયોથી પણ અગોચર છે, તે અચિંત્ય છે. મન, બુદ્ધિની પણ બહારનું જેનું અવ્યક્ત સ્વરૂપ છે. વિકારોથી ભરેલા આ શરીરમાં રહીને પણ નિર્વિકારી છે. કોઠાસૂઝ ધરાવનાર કોઈ એકાદી મહાન વ્યક્તિ જ તેનો સ્વભાવ સમજી શકે છે. તેનો સ્વરૂપ સંપન્ન સાક્ષાત્કાર જેને થાય છે તે જ મહાયોગી તેને ઓળખી શકે છે. જ્ઞાની પુરુષ જ શુદ્ધાત્માને જાણે છે. બીજાઓ એ આનંદઘન આત્માના સ્વરૂપનું વર્ણન સાંભળીને સ્તબ્ધ થઈ જાય છે. તે તેને ઓળખી પણ શકતા નથી.

હે ભક્ત ભાભારામ :-

પૂજા વિધિ ભલી ભાતની, અમે ભાખી છે સાચ ઉવાચ,
શબ્દ સાચા સદ્‌ગુરુ વાચા, ફળો મંત્ર ઈશ્વરીય ઉવાચ.
ચાર જુગથી ચાલતી, આવી છે કે કલિયુગ માંહે,
શુદ્ધ વિધિ રાખી રહ્યા, એમાં ફેર કર્યો નહીં ક્યાંય.
સત્ય યુગ સીધ્યા પ્રહલાદજી, પાંચ કરોડ ઓધાર્યા એમની વાર,
ત્રેતામાં હરિશ્ચંદ્રરાયજી, સાત કરોડ ઉતાર્યા ભવ પાર.

દ્વાપરમાં રાજા યુધિષ્ઠિર, નવ કરોડ ઓધાર્યા નિર્વાણ,
પૂજા વિધિ ઘટપાટની, પેખ્યા ચતુર સુજાણ.
સિદ્ધિ બાલીનાથજી, મેઘ ધારવા સંત સુજાણ,
તુવરા પીર રામદેવજી, જેસલ જાડેજો કરે વખાણ.
પૂજાવિધિ ઘટપાટની, સદ્‌ગુરુએ આપી જગમાંય,
વિધિ આદ અનાદની, એનો અખંડ રાખ્યો છે મહિમાય.
વસમી વેળી આવી રહી, એમાં અધર્મી થાશે લોક,
પૂજાવિધિ અભડાવીને, એનો મહાત્મ્ય કરશે ફોક.
માનવીનાં મન મોળાં થશે, નહીં ધર્મમાં રહે અનુરાગ,
ખોટા સંગાથે ખોટા થઈ, માંડી દેશે ખટરાગ.
સત બૂઝા ને સતે ચાલજો, રાખજો સતની રે ટેક,
સદ્‌ગુરુએ એમ આગમ ભાખીયાં, સત્ય રહી જશે એક.

(પૂજાવિધિ)

ચંદનવીર કહે નાથજી, કરો ધર્મ ગતિનો વિચાર,
દિન આથમતા ફરી જશે, એનો અવળો કરશે પ્રચાર.
મુનિ વ્યાસ ને શુકદેવજી, કથી ગીતા કૃષ્ણ ભગવાન,
પરદેશી અજ્ઞાનીઓએ આવીને, કથીયાં અવળાં જ્ઞાન.
સત્ત્વ ગુણ ગીતા જ્ઞાન ને, બૂઝે યોગી મુનિરાજ,
ભક્તજનો ભેદી શકે, જેઓ સત્યના શિરતાજ.
અપનો ધર્મ મહાન છે, અન્ય ધર્મથી રહો દૂર,
તામસ એવા જ્ઞાનથી, અવનિ થઈ ચકચૂર.

સર્વ ધર્મ શ્રેષ્ઠ છે, તમ નાસ્તિક કોને કહો ભાઈ,
આપસમાં પડે આંતરો, એની સાથે કેવી સગાઈ.
સત્ય ધર્મ બતાવીએ, એના એંધાણો આદ ઉનાદ,
પૂજાવિધિ ઘટપાટની, તમે મુનિવર રાખજો યાદ.
અધર્મીએ આદર્યો, ભ્રષ્ટ કીધો સત્ય ધર્મ,
શુદ્ધ વિચારી મુનિવરો, એનો સમજી લેજો મર્મ.
બગડેલી બાજી સુધારવા, અમે આવી વસ્યા આ ઠાર,
કહે હંસતેજજી સુણો મુનિવરો, તમે ચેતી લેજો આ વાર.

(સ્વર્ગલોકનાં દર્શન)

સ્વર્ગલોક સોહામણાં, એવું કહે તો સહુ લોક,
ગુરુ ગતિ કહો સ્વર્ગની, તમે નજરે જોયા સોહી લોક.
સાચાને શરપાવ, છે શ્રીહરિને દરબાર,
ભોગ ભૂમિ શું કરો, તમે આવી રહો આ ઠાર.
કર્મભૂમિમાં આવીને તમે, કરણી કમાવો મારા ભાઈ,
સ્વર્ગના સુખને ભૂલી રહો, આ છે સ્વર્ગ બીજો નહીં ક્યાંય.
નજરે જોયું મુનિવરો, ભક્તિ પદારથ મહાન,
દાન દયા આધીનતા કરો, અભ્યાગતનું સન્માન.
માનવ દેહ મોંઘો મળ્યો, ફરી નહીં આવે હાથ,
કહે સદ્‌ગુરુ મુનિવરો, તમે રહેજો અમારી સંગાથ.

હે ભાભારામ, શ્રી વિષ્ણુ પુરાણમાં યમગીતા નામના ત્રીજા અંશના સાતમા અધ્યાયમાં યમરાજ એમના દૂતોને સંબોધીને ઉપદેશ આપતી વખતે પ્રભુના ભક્તોની મહાનતા અને તેમનો મહિમા સમજાવતાં કહે છે. -

हरिममरवराचिंताङ्घ्रीपद्मं, प्रणमति यः परमार्थतो हि मर्त्यः ।
तमपगतसमस्तपापबन्धं, व्रज परिहृत्य यथाग्निमाज्यसिक्तम् ॥
वि.पु.:अं.-३, अ.-७, श्लोक-१८

હે મહામુનિ, સાત દ્વીપ, સપ્ત પાતાળ અને સપ્ત ઊર્ધ્વલોક વગેરે બ્રહ્માજીના આ સર્વ સ્થાનો સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્માતિસૂક્ષ્મ તેમજ સ્થૂળ અને સ્થૂળતર જીવાત્માથી ભરેલાં છે. એક આંગળીનો આઠમો ભાગ પણ એવો ખાલી નથી કે જ્યાં કર્મબંધનથી બંધાયેલો જીવ રહેતો ન હોય, તેમ છતાં હે સ્વામી, આયુષ્યની સમાપ્તિ બાદ આ બધા જીવાત્માઓ યમરાજાને આધીન થઈ જાય છે. માટે હે નાથ, તમે મને એવાં કર્મો વિષે કહો કે જે કરવાથી મનુષ્ય યમદૂતોથી વશીભૂત (તાબે થવું તે) થાય નહીં.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે કહ્યું: "હે યોગી ભાભારામ, તને હું યમ અને તેના દૂતોમાં આ બાબતે જે સંવાદ થયો તે અત્યંત ગૂઢ, રહસ્યમય સંવાદ કહું છું તે સાંભળ."

પોતાના અનુચરના હાથમાં દોરીનો ફંદો જોઈને યમરાજાએ તેના અનુચરોને કાનમાં કહ્યું કેઃ "હે દૂત, ભગવાન મધુસુદનની શરણમાં જે જીવાત્માઓ ગયા હોય એવા જીવાત્માઓને છોડી દેવા, કારણ કે જે વિષ્ણુ ભક્ત નથી એવાં જ લોકોનો હું સ્વામી છું. દેવોનાં પણ પૂજ્ય એવાં વિધાતાએ મને યમ નામથી લોકોના પાપ-પુણ્ય પર વિચાર કરવા માટે નિયુક્ત કર્યો છે. હું મારા સ્વામી શ્રીહરિનો આજ્ઞાકારી છું, સ્વતંત્ર નથી. ભગવાન વિષ્ણુ મારું પણ નિયંત્રણ કરવા સમર્થ છે. જે ભગવાનનાં ચરણકમળને પરમાર્થ ભાવે વંદન કરે છે, તે ઘૃતાહુતિથી પ્રજવલિત અગ્નિ સમાન તેજસ્વી, સમસ્ત પાપબંધનથી મુક્ત જાણીને, તેવા જીવાત્માઓને તમારે દૂરથી જ જોઈને પ્રસ્થાન કરી જવું.

યમરાજાનાં આવાં વચનો સાંભળીને હાથમાં ફંદાની દોરી લીધેલ દૂતે પૂછ્યું : "હે પ્રભુ, ભગવાન શ્રી હરિના ભક્ત કેવા હોય તે તમે અમને કહો."

: श्लोक :

कलिकलुषमलेन यस्यनात्मा विमलमतेर्मलिनीकृतस्तमेनम् ।
मनसि कृतजनार्दनं मनुष्यं सततमवेहि हरेरतीवभक्तम् ।।

वि.पु.:अं.-३, अ.-७, श्लोक-२१

યમરાજા કહે નિજ દૂતને, તમે સાંભળોને મારી વાત,
હરિચરણમાં જે રહ્યા, એથી દૂર રહેજો ભલી ભાત.
સર્વ જીવનો સ્વામી હું છું, પ્રભુ ભક્તો પર હિતકાર,
ભક્તજનોની ઉપરે, યમરાજનો નહીં અધિકાર.
સ્વામી સ્વરૂપ આધીન રહું, વિભુથી સદા આધીન,
શિક્ષા સર્વને હું કરું, વિભુ મુજને દંડે તા દિન.
સુવર્ણા એક એના ઘાટ અનેક, વિભુ એક પણ દિશે અનેક,
દેવ-દાનવ મનુજ પશુ, સહુ આખરે થઈ જશે એક.
મુનિવરો જેના ચરણની, નિશદિન કરતા સેવ,
આત્મા સર્વનો એક છે, કહી વંદના કરે તતખેવ.
હરિ પદને જે ઓળખે, એની કરી લેજો ઓળખાણ,
અગ્નિજ્વાળા સમ પેખીને, સદા અળગા રહેજો નિર્વાણ.
યમરાયે સંભળાવીયો, રૂડો ભક્તજનનો મહિમાય,
સુણતાં સહુ થંભી ગયા, યમના દૂતો ત્યાંય.
પ્રભુભક્ત મહાન છે, પ્રભુ ભક્ત અધિક મહાન,
કહે સદ્‌ગુરુ સુણો ભાભારામ, હરિભક્ત તે હરિના જાણો જાન.

"જે પુરુષ પોતાના ધર્મ પ્રત્યે એકનિષ્ઠ રહીને વિચલિત થાય નહીં. પોતાના અને વિરોધીઓ પ્રત્યે સમાન ભાવ રાખે, બળજબરી (જબરજસ્તી)થી કોઈનું પણ ધન લઈ ના

લે અને કોઈપણ નિર્દોષ પ્રાણીની હિંસા કરે નહીં તે નિર્મળ વ્યક્તિનું ચિત્ત છળકપટથી મલિન થાય નહીં અને જે વ્યક્તિએ પોતાના હૃદયમાં શ્રી જનાર્દનને સદા માટે સ્થાન આપે છે તે મનુષ્યને ભગવાનનો પ્રિય ભક્ત જાણવો. જે એકાંતમાં પણ બીજાનું સોનું જોઈને એને તૃણ સમાન સમજે અને ભગવાનનું અનન્ય ભાવથી નિરંતર ચિંતન કરે તે નરશ્રેષ્ઠ અને વિષ્ણુનો પરમભક્ત જાણવો."

: श्लोक :

कनकमपि रहस्यवेक्ष्य बुद्धया तृणमिव यस्समवैति वै परस्वम् ।
भवति च भगवत्यनन्यचेताः पुरुषवरं तमवेहि विष्णुभक्तम् ॥

वि.पु.:अं.-३, अ.-७, श्लोक-२२

મુનિવર મોંઘા મૂલના, હરિથી સદા હજૂર,
નિજિયા ધર્મ નિભાવતા, સમદર્શી શીલ ભરપૂર.
રાગ, દ્વેષ ઉરમાં નહીં, વિમળ જેનાં મન,
કલીમલ (પાપ) કદી વ્યાપે નહીં, એવા ભક્તોજન પાવન.
નિર્જન સ્થાને ધન ભર્યું, એની ઉરમાં કરે નહીં આશ,
નિરુપાધિ થઈ હરિમાં રમે, એને કહીએ હરિના દાસ.
સ્ફટિક મણિ સમ નિર્મળ, અવિગત રૂપ અવિનાશ,
ચંદ્ર કિરણ સમ શીતળ સદા, હરિભક્ત હરિના દાસ.
મદ, મત્સર ભર્યા માનવી, રાગ દ્વેષાદિ ઉર પ્રજ્વળાય,
એવાથી ભક્તિ બને નહીં, હરિભક્ત નહીં કહેવાય.
અંતઃકરણ જેનાં શુદ્ધ છે, શાંત પવિત્ર વહેવાર,
પ્રાણી માત્રને પ્રિય ગણે, ઉત્તમ વાણી મધુર સુવિચાર.
નિરાભિમાન માયા રહિત, અસત્યથી રહે સદા દૂર,
સ્વામી મારો એની પાસે વસે, નિત્ય રહે ભરપૂર.
યમરાજા પોકારી કહે, એવા ભક્તોથી તમે ભાગી જાવ,
કહે સદ્ગુરુ સુણો ભાભારામ, હરિભક્ત તણો મહિમાય.

જે મનુષ્યનું ચિત્ત નિર્મળ, ઈર્ષ્યા રહિત, પ્રશાંત, શુદ્ધ ચરિત્ર, સમસ્ત જીવો પ્રત્યે સમભાવી, પ્રિય, હિતકારી, અભિમાન અને માયા રહિત હોય છે તેમના હૃદયમાં ભગવાન શ્રીહરિ સદાય બિરાજમાન હોય છે. એવા પુરુષના હૃદયમાં ભગવાન બિરાજમાન હોવાથી તે પુરુષ જગત માટે શાંત અને સૌમ્ય બની જાય છે. હે દૂતો, યમ અને નિયમના પાલનથી જેમનાં પાપ નષ્ટ થઈ ગયાં છે, જેમનું હૃદય નિરંતર શ્રી પરમાત્મામાં જ આસક્ત થયું છે, જેમનાં ચિત્તમાં ગર્વ, અભિમાન અને મત્સર લેશ માત્ર નથી તેવા મનુષ્યોથી તમે દૂર રહેજો ! શંખ, ખડ્ગ, ગદાધારી, અવ્યયાત્મા ભગવાન શ્રીહરિ જેમના હૃદયમાં બિરાજમાન છે, તેમનાં બધાં પાપો નષ્ટ થઈ જાય છે. સૂર્ય હોય ત્યાં અંધકાર રહી શકે જ નહીં. જે મનુષ્ય બીજાનું ધન હરિ લે છે, હિંસા કરે છે તેમજ મિથ્યા અને કડવું બોલે છે તે અશુભ કર્મો કરનારા દુષ્ટ બુદ્ધિના મનુષ્યના હૃદયમાં ભગવાન રહેતા નથી.

જે બીજાનો વૈભવ જોઈ શકે નહીં અને જે બીજાની નિંદા કરે, સાધુની નિંદા કરે, ચોરી કરે તેમજ સાધનસંપન્ન હોવા છતાં ભગવાનની પૂજન-અર્ચન કરે નહીં અને એમના ભક્તોને દાન-ધર્મ કરે નહીં એવા અધમમાં અધમ પાપીના હૃદયમાં ભગવાન ક્યારેય વસે નહીં. તે મનુષ્ય પશુ રૂપ ગણાય. જે પુરુષ શ્રેષ્ઠના હૃદયમાં અવ્યયાત્મા બિરાજમાન હોય તેની દૃષ્ટિ જ્યાં જ્યાં પડે ત્યાં સુધી ભગવાનના સુદર્શન ચક્રનો પ્રભાવ હોય. ત્યાં તમારું તો શું પણ મારું પણ કંઈ ચાલે નહીં. તેવા મહાપુરુષો વૈકુંઠલોકના અધિકારી હોય છે. તેમની પાસે તમારે જવું નહીં. એવી રીતે યમરાજાએ પોતાના દૂતોને સખત આજ્ઞા કરી.

: श्लोक :

विमलमतिरमत्सरः प्रशान्तश्शुचिचरितोऽखिलसत्त्वमित्रभूतः ।
प्रियहितवचनोऽस्तमानमायो वसति सदा हृदि तस्य वासुदेवः ॥

वि.पु.:अं.-३, अ.-७, श्लोक-२४

યમરાજ વાણી ઓચરે, યમકિંકર સુણી લીયોને આજ,
વિભુ જેના હૃદયે વસે, એવા ભક્તો સદા શિરતાજ.
અનુચર મારા સાંભળો, યમ નિયમથી પાપ ભાગી જાય,
મદ મત્સર નહિ ઉરમાં, આસક્ત રહે હરિ માય.

આવા ભક્તોને નીરખતાં, તમે ભાગી જાણો નિઃશંક,
પતિત પાવન એવા ભક્તનાં, દર્શનથી ટળે ભવબંધ.
સૂરજ ઊગ્યા અને અજવાળાં થયાં, મટી ગઈ અંધારી રાત,
સાચું કહું હરિ ભક્તજન, હરિ રૂપ નિરખો સાક્ષાત્.
પરમ પુરુષ એક છે, એના સરખો બીજો નહીં કોઈ,
વસુદેવમાં વસી રહે, જગત હરિમય જોઈ.
રક્ષા કરો હરિ માહરા, હરિ હરિ સાદ સંભળાય,
યમના દૂત અળગા રહે, એનું પરાક્રમ નષ્ટ થઈ જાય.
હરિ જેના હિરદે વસે, હરિ દૃષ્ટિ કરે જે સ્થાન,
જોર નહીં ત્યાં યમદૂતનું, એના ઉતરી ગયાં અભિમાન.
વારી વારી વિનવું તમને, નહીં જાઓ પુણ્યશાળી પાસ,
કહે સદ્‌ગુરુ સુણો ભાભારામ, એવા ભક્તોના વૈકુંઠમાં વાસ.

યમરાજ કહેઃ હે દૂતો, ભગવાન જેમના હૃદયમાં, રોમેરોમમાં વસેલા છે તેને ભગવાનનો અત્યંત પ્રિય ભક્ત જાણવો. ભગવાન એનાથી અને તે ભગવાનથી અલગ નથી. યમ-નિયમના પાલનથી જન્મ મૃત્યુનાં સંપૂર્ણ પાપ નાશ પામે છે. તેના ચિત્તમાં મદ-મત્સરનો અંશ સુદ્ધાં રહેતો નથી. તેની કોઈનામાં પણ આસક્તિ ન હોવાથી, પરોપકાર માટે, પરહિત માટે તેણે સંપૂર્ણ જીવન અર્પણ કર્યું છે એવા મહાભાગ્યશાળી મહાપુરુષોનાં દર્શનથી તમે પણ પાવન થઈ જાઓ ! સૂર્ય ઊગવાથી અંધકારનો સંપૂર્ણપણે નાશ થાય. એવી રીતે મહાપુરુષ તો આ જગતના આધાર સ્તંભ છે. તેમના રસ્તે ન જતાં આપણે એમનાં દર્શન કરીને, તેમના આશીર્વાદ લઈને પાછા ફરવું. આવા મહાપુરુષોની આગળ આપણું કંઈ ચાલે નહીં. શ્રી હરિ, શ્રી હરિ કરતાં કરતાં જેમની દૃષ્ટિ નિર્મળ થઈ ગઈ છે, તેઓ તો આ ભવસાગર પાર કરી ગયા છે ત્યાં આપણું બળ શું ચાલવાનું ? આ બધું જાણીને તમે જગતમાં વિચરણ કરો અને તેવા મહાપુરુષોના દર્શનથી પરમ પાવન થાઓ !

વળી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ આગળ કહે છે કેઃ એ જ કારણથી હે ભક્ત ભાભારામ ! જો ભક્તિ માર્ગ ગ્રહણ કરવાની તારી ઇચ્છા હોય તો સર્વ ચિત્તવૃત્તિ

પરમાત્માને અર્પણ કરવાની શીખી લો. અર્થાત્ મેં તમને 'ભક્તિમાર્ગમાં સંચરણ' એ મંત્રનો ઉપદેશ આપ્યો છે.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે કૃપાવંત થઈ આ જ્ઞાન સ્વરૂપી અમૃતનો વરસાદ વરસાવ્યો. જેથી ભક્ત સંત શ્રી ભાભારામ મહારાજ, સાધ્વી સંત શ્રી કીકીબાઈ, સંત શ્રી નાયાજી મહારાજ વગેરે ખૂબ આનંદીત થયાં. અતિ હર્ષિત થયાં. તેમના મનનું જે નિરાકરણ થયું તેથી અતિ આનંદ મગ્ન બની નાચવા લાગ્યાં. પ્રેમ મસ્ત બની આનંદના પોકાર કરી સર્વ એ સભામંડપ ગજવી દીધો. હવે પછીનું આયુષ્ય શ્રી સદ્‌ગુરુ મહારાજની સેવામાં જ રહી તેના ચરણમાં જ રહી પૂરું કરવું એવો નિશ્ચય કરી બંને ભાઈ-બહેન ભક્તિ ભાવે કરી આનંદમગ્ન રહેતાં હતાં. સંત શ્રી ભાભારામ મહારાજ અતિ જ પ્રતાપી પુરુષ હતા. તેમણે એવાં અદ્‌ભૂત કાર્યો કર્યાં છે તે સાંભળતાં બુદ્ધિ, મન પહોંચી શકતાં નથી. એ સંત શ્રી ભાભારામ મહારાજને લાખો લાખો ધન્યવાદ. એમ સંત શ્રી નાયાજી મહારાજે અને સાધ્વી શ્રી કીકીબાઈએ પણ વિશેષ અદ્‌ભૂત કાર્યો કર્યાં છે. એવા મહાન સંતોને કોટિ કોટિ પ્રણામ.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજનું સાચું સ્વરૂપ યોગી સંત શ્રી ભાભારામ મહારાજ અને સાધ્વી શ્રી કીકીબાઈએ જાણી લીધું. તેઓ વારંવાર સદ્‌ગુરુ શ્રી મહારાજના ચરણોમાં પ્રણામ કરવા લાગ્યા. જ્યારે સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજે ચંપકવનમાંથી પ્રયાણ કરવાની તૈયારી કરી તે સમયે સંત શ્રી ભાભારામ મહારાજે તેમના ચરણોમાં દીનતાથી પ્રણામ કર્યા. તેમના વિનય અને નમ્રતાથી સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજ પ્રસન્ન થયા અને શુભાશિષ આપી ત્યાંથી પ્રસ્થાન કર્યું. તે મહાપુરુષના આશીર્વાદથી સંત શ્રી ભાભારામ મહારાજે જગતને સમજાવ્યું કે: તમે પ્રકટ બ્રહ્મને જાણો. બ્રહ્મ સ્વરૂપ મહાપુરુષને જાણો તો જ તમને જીવનમાં સાચી શાંતિ પ્રાપ્ત થશે. તમને ખરેખર શાંતિ જોઈતી હોય તો, એટલે કે જન્મ મરણમાંથી નિવૃત્ત થવાનું હોય તો એવા બ્રહ્મ રૂપ સદ્‌ગુરુને જરૂરથી ઓળખી લો. તેમના શરણે જાઓ. તેમના જ ચરણની પૂજા કરો.

પ્રત્યેક પાત્ર પરખીને, પ્રેમે પૂજો પાયે,
ચૌદ ભુવનનો ધણી, પ્રગટ છે જુગ માંહે.

સંત શ્રી ભાભારામ મહારાજના આ શબ્દો હૃદયમાં અંકિત રાખવા જેવા છે.

સાધુ સંત સંસારમે, આયે પરહિતકાર,
જ્ઞાની મુહ મત મોડીયે, દેખત કીજે જુહાર.

સદ્‌ગુરુ શ્રી હંસતેજજી મહારાજના સમાગમ બાદ બ્રહ્મમય થયેલા સંત શ્રી ભાભારામ મહારાજ અને સાધ્વી શ્રી કીકીબાઈના જીવનમાં ઘણું પરિવર્તન આવી ગયું. તેમની કીર્તિ રૂપી સુગંધ દશે દિશામાં કસ્તૂરીની જેમ પ્રસરવા લાગી. સંપૂર્ણ માનવ માત્ર સાથે જ નહીં પણ સંપૂર્ણ ભૂત પ્રાણીમાત્રના ચૈતન્ય સ્વરૂપ સાથે તે સમરૂપ બની ગયાં. તેમના આશ્રમમાંથી વેરભાવ, રાગદ્વેષ, મોહ, ક્રોધ, તિરસ્કાર વગેરે વિકારો નષ્ટ થયા અને સમતા, શાંતિ અને આનંદના સામ્રાજ્યનો પ્રચાર-પ્રસાર થયો. અનેકાનેક સંત મહાત્માઓ, સાધુ-યોગીઓ, વિદુષી-સાધ્વીઓ તેમની પાસે આવવા લાગ્યાં. દરેકે તે લોકોત્તર વિભૂતિ પાસે હૃદયપૂર્વક જ્ઞાનચર્ચા કરી પોતાનું મન શુદ્ધ, પવિત્ર, પાવન કરી લીધું. પારસમણિના સંપર્કમાં આવેલ કટાયેલું લોખંડ પણ પોતાનો સ્થાઈ ભાવ છોડી સુવર્ણમય બની જાય છે ત્યારે આ ચૈતન્ય સ્પર્શમણિના સાનિધ્યમાં આવ્યા પછી કોણ અતૃપ્ત રહી જાય ?

સાધ્વી કીકીબાઈ પણ શક્ય બને એટલી સેવા ચાકરી કરી આવતાં જતાં દર્શનાર્થીઓનાં સ્વાગત-સત્કાર કરતાં. ભૂખથી પીડિતોનો પોતે ખ્યાલ રાખી બધાને જમાડતાં અને તૃપ્ત કરતાં. સૌને જ્ઞાનબોધ આપી સંત શ્રી ભાભારામ મહારાજ તૃપ્ત કરતા અને ભૂખ્યાને ભોજન આપી સાધ્વી કીકીબાઈ તૃપ્ત કરતાં. આ પ્રકારનું આશ્રમ જીવન અત્યંત સુખમય ચાલતું હતું.

● સંપૂર્ણ ●

● ● ●

-: છુટક પદો :-

થાળ : ૧ - બેસો બેસોને બ્રહ્મ ભરથાર.

(રાગ) "જમો જમોને જુગના આધાર, જુગતે જમાડું."

બેસો બેસોને બ્રહ્મ ભરથાર, ભોજનીયાં લેવા,
સુખના સાગર શ્યામ, નકળંકી દેવા.
આવો આવોને મારે દેશ, દર્શન તે દેવા,
અમે કરશું તારી સેવ, મોરારી દેવા.
પાથરી શું આ ઠામ, સોના બાજઠડી,
ભરગચ્છીની સેજ, હીરલા બાંકડલી.
ફૂલડાં અપરંપાર, શેરીયે પથરાવું,
અંતર સુગંધી સાર, વિધવિધની લાવું.
ચંદન કર્યું તૈયાર, તંબોલ લાવી છું,
પૂજન સામગ્રી સાથ, લઈને આવી છું.
ભોજન વિધવિધ પેરનાં કરી રાખ્યાં છે,
સેવ સુંવાળી સાથ, શિખંડ બાંધ્યા છે.
પેંડા કર્યા તૈયાર, બાસુંદી લાવી છું,
દાસી તારી નાથ, છું મનથી કાવી છું.
શીરો સાકર સાથ, ચૂરમું રાંધ્યું છે,
ખીર રોટલી નાથ, આંધણ માંડ્યું છે.
લાપસી લાડુ આજ, માતીચૂરના કરવા,
ઢેબર જલેબી સાથ, તુજ આગળ ધરવા.
દહીંથરાને સંગ, મેવા પૂરી છે,
ખારી ખાટી સાથ, ફીકી મોળી છે.

પૂરી માવાની આજ, પ્રીતે પાડી છે,
વેડમી કરી તૈયાર, ઘીની વાઢી છે.
સૂતર ફેણી સાથ, લાવું તુંજ સારું,
રોટલી બાટી સાથ, ઘી સાકર લાવું.
ખાંડ ગોળ અપાર, લાવું હું વાલા,
કંસાર કરીઓ આજ, જમો સુંવાળા.
રાંધીશ ખીચડી ભાત, આગળ ધરવાને,
જમો જમોને સુંદર શ્યામ, રંગમાં રમવાને.
રોટલા વણીયા આજ, બાજરનો ઘઉંના,
શાક કર્યાં તૈયાર, થોક પાપડના.
કોળા દૂધીના, લાવી તુજ સારું,
મીઠાં ખારાં શાક, તુજ આગળ ધરું.
કારેલાં કંટોળાં સાથ, પરવળ હું લાવું,
જમી કંદની સૌ જાત, એકે એક હું લાવું.
બટાકા શુભ જાત, સાકરીયા ગાજર,
રતાળુ અડવી સાથ, કરીશ હું હાજર.
ફળીયો તુવેર ગવાર, ચોળાની રાંધી,
સરગવાનાં ફળી ફૂલ, એ પણ છે સાથી.
કર્યાં ભાજીનાં શાક, નથી કંઈ ખામી,
ચોળા મેથી નાથ, ભાજી સુવાની.
રાંધી છે દાળ આજ, તુવેરનો મગની,
ચણા અડદની દાળ, ભેળી મસુરની.
કોરા ખાટાં શાક, કર્યાં રસીલાં,
સુકવણીનાં અપાર, જમો રંગીલા.

વડા વડી કચોળ, પુડાં તે તળીયાં,
દહીં દૂધ અપાર, માખણના પડીયાં.
જમો જમોને નકળંકનાથ, રસ રંગમાં ભેળી,
મુખવાસ અપરંપાર, મેવાની થેલી.
પવન પ્રાણાધાર, વિંઝણાથી ઢોળું,
જોયું મેં તારું મુખ, બીજે કેમ બોલું.
નર નારાયણ દાતાર, આવ્યા સુખ દેવા,
કલિજુગના ભરથાર, નકળંકી દેવા.
સેવક થયો રસબસ, રસીયાની સંગે,
રમતાં સંતની સંગ, રજની જાય રંગે.

-: થાળ : ૨ - મારા સ્વામી રે :-

શીશ નમું શ્રી હરિને, મારા સ્વામી રે,
હું તો કરું અલખની સેવ, મારા અંતર્યામી રે,
શિવ શક્તિ બ્રહ્મા, વિષ્ણુ મારા સ્વામી રે,
આરાધું અનંત દેવ, મારા અંતર્યામી રે.
પાટ માંડ્યો મેં તો પરબ્રહ્મનો મારા સ્વામી રે,
ઉપર રેશમીયા ઓછાડ, મારા અંતર્યામી રે.
કંચન દીપક જળહળે, મારા સ્વામી રે,
માંહે ગરથ પૂર્યો, જલધારા અંતર્યામી રે.
ફૂલ ચંદન અગરબત્તી, મારા સ્વામી રે,
માંહે અત્તર ગુલાલ, મારા અંતર્યામી રે.
અગર ચંદન મહેંકે ઘણાં, મારા સ્વામી રે,
માંહે કેશર કસ્તૂરી સાર, મારા સ્વામી રે.

ચંપા ચમેલી મોગરા, મારા સ્વામી રે,
પારિજાતનાં ફૂલ, મારાં અંતર્યામી રે.
નાનાં વિધવિધનાં, ફૂલડા મારા સ્વામી રે,
તમ કાજે કર્યા છે તૈયાર, મારા અંતર્યામી રે.
સુવર્ણ કુંભ જળે ભર્યો, મારા સ્વામી રે,
આવો નાવણ કરવા નાથ, મારા અંતર્યામી રે.
અમો રંક ઉપર કૃપા કરી, મારા સ્વામી રે,
જમો નિષ્કલંકી નાથ, મારા અંતર્યામી રે.
તમો કાજે કર્યા માલપુવા, મારા સ્વામી રે,
બીજો સાકરીયો કંસાર, મારા અંતર્યામી રે.
સેવ ઓસાવી છે શોભતી, મારા સ્વામી રે,
પૂરણ પૂળી કંસાર, મારા અંતર્યામી રે.
લાડુ પતાસા લાપસી, મારા સ્વામી રે,
રોટલીઓ પૂરી સાર, મારા અંતર્યામી રે.
બુંદી તણા મેં તો લાડુ કર્યા, મારા સ્વામી રે,
મોહનથાળને મોતીચૂર, મારા અંતર્યામી રે.
સુંદર શીરો સ્વાદે ભર્યો, મારા સ્વામી રે,
માંહે વસાણાં અપરંપાર, મારા અંતર્યામી રે.
ખીર બનાવી ખંત ધરી, મારા સ્વામી રે,
વળી ગેબર ચૂરમા સાર, મારા અંતર્યામી રે.
પેડાને બરફી સ્વાદે ભરી, મારા સ્વામી રે,
જલેબી બાસુદી સાર, મારા અંતર્યામી રે.
સુંદર ભજીયાં પુડલા, મારા સ્વામી રે,
દહીં થરા રાયતાં સાર, મારા અંતર્યામી રે.

બનાવ્યા સુંદર શાકને, મારા સ્વામી રે,
માંહે દીધો છે ગ્રથનો વઘાર, મારા અંતર્યામી રે.
ગવાર ગીલોડાં ચોળાફળી, મારા સ્વામી રે,
જેમાં પરવળ ભીંડા સાર, મારા અંતર્યામી રે.
ચટણી બનાવી ચતુરાઈથી, મારા સ્વામી રે,
સૂકા મેવા અપરંપાર, મારા અંતર્યામી રે.
મીઠાં મીઠાં વનફળ, ધર્યા મારા સ્વામી રે,
શાક પાકને પકવાન, મારા અંતર્યામી રે.
મુખવાસ આપીશ એલચી, મારા સ્વામી રે,
લવીંગ સોપારી ધાણાદાળ, મારા અંતર્યામી રે.
કર જોડી કરું વિનંતી, મારા સ્વામી રે,
તમે આરોગો નિષ્કલંકી નાથ, મારા અંતર્યામી રે.
ખાટું ખારું ખોળે ધરો, મારા સ્વામી રે,
કહું છું તમને કર જોડી, મારા અંતર્યામી રે.
શીશ નમાવી તમારો દાસ, કહે મારા સ્વામી રે,
છે શ્રી નિષ્કલંકી તમારો આધાર, મારા અંતર્યામી રે.

-: ધ્રોળ : ૧ - લગ્નપત્રિકા લખવાને :-

કંકુને કેશર ઘોળીયાં, લગનપત્રિકા લખવાને કાજ,
લગન મારે આવીયાં. (ટેક)

મુહૂર્ત જોષ દેખાડીયા, દેખ્યા ગુરુજીએ હાથ. લગન.
જોષી તેડ્યા સહુ દેશના, મારું લગન લખવા કાજ. લગન.
તેડાવો ગુણવંત સંતને, પત્ર લખશે તે શુદ્ધ હાથ. લગન.
એ રે મુહૂર્ત મારે આવીયું, ત્રિભ નક્ષત્ર મોઝાર. લગન.

શુદ્ધ ઘડી શુભ પળની, રખે પળમાં એ વિલંબ થાયે. લગન.
એ રે લગનની રચના ઘણી, સરવે સતીયું તે મંગળ ગાયે. લગન.
તેત્રીશ કરોડ દેવ આવીયા, મારા સાક્ષીતે પુરુષ પુરાણ. લગન.
વર તો વરીશ હું શોભતી, રૂડો સોળ કળાનો ભાણ. લગન.
ગુરુનાં વચને હું વરી, મારો ટાળ્યો તે ઘોર અંધાર. લગન.
તિમિર સર્વે ટળી ગયાં, મારે ઉગ્યો તે શશિયર ભાણ. લગન.
ભવની સાંકળ ભાંગીને, ઉઘડ્યાં વ્રજ કમાડ. લગન.
રૂપ સરૂપને ઓળખ્યો, મને માર્યા તે રમતાં બાણ. લગન.
સદ્‌ગુરુ બ્રહ્મા મને મળ્યા, મારા ગુરુ થયા સરદાર. લગન.
સુંદર શિરોમણિ શોભતા, સાચા સદ્‌ગુરુ મહારાજ સાર. લગન.
સેવક સેવકે રે સેવીયા, હવે રાખજો શરણ માંયે. લગન.

-: ધ્રોળ : ૨ - આજ માંડવો નકલંકનો છાયો :-

(રાગ ધોળ)

આજ માંડવો નકલંકનો છાયો. અનંત રંગે રચાયો.
માંડવો નકલંકનો છાયો. (ટેક)
વેદ ચારેના થંભ રચ્યા છે, સદ્‌ગુણ રૂપે સંવાર્યો. માંડવો.
સત્‌ના ટેકા માંહે કર્યા છે, નિર્ગુણ બ્રહ્મ પૂજાયો. માંડવો.
જ્ઞાન ગરીબીની આડુ રે બાંધી, સમતાની દોરડીયે છાયો. માંડવો.
ચતુર કમાનો ચોડાવી છે માંહે, વાણી વિચારથી ગાયો. માંડવો.
છત છવાઈ છે સત્સંગ કેરી, પાથરણા પ્રેમ પથરાયો. માંડવો.
ધરમ સિંહાસન મેલ્યું છે વચમાં, પરમેશ્વર વસાવ્યો. માંડવો.

ધરણી કુંવારીને સ્વામી રાજા પરણે, આનંદમંગળ ગાયો. માંડવો.
ચરણ પખાળી ચરણામૃત કીધું, તેત્રીસ કરોડને પાયો. માંડવો.
સેવક છે દાસ સદાનો તાહરો, આનંદે માંડવો ગાયો. માંડવો.

-: ધ્રોળ : ૩ - આજ માંડવો નકલંકનો ગાવો :-

(રાગ ધોળ)

આજ માંડવો નકલંકનો ગાવો, સતીયું મળીને વધાવો,
માંડવો નકલંકનો ગાવો.(ટેક)
નયને જુઓ નરનારાયણ આજે, મનથી માંડવે આવો. માંડવો.
એ રે માંડવે કીયા સદ્‌ગુરુ આવે ? વિચાર તે મન લાવો. માંડવો.
પ્રથમ સદ્‌ગુરુ બ્રહ્માજી રે આવ્યા, બીજે વસિષ્ઠ સદ્‌ગુરુ કહાવો. માંડવો.
ત્રીજે તે વેદ વ્યાસ રે બોલ્યા, ચોથે શ્રી હંસતેજજી કહાવો. માંડવો.
ગુણ અખંડિત એ હંસતેજજીએ ભરીયા, તે ગુણ હરખે ગાવો. માંડવો.
જેવી રીતે સદ્‌ગુરુ યુગોયુગ આવ્યા, આજ શ્રી હંસતેજજી કહાવો. માંડવો.
હોંશ ધરી મારી સાહેલી ચાલો, નકલંકને જાઈ વધાવો. માંડવો.
ભૂલ્યો તે તો ભવોભવ ડૂબ્યો, આપે ઉમંગ ધરી ધાવો. માંડવો.
અવસર આવો ફરી નહિ આવે, લેજો ઉમંગથી લાહવો. માંડવો.
નકલંક આપે પધાર્યા, મુનિવર હોંશિયાર થાવો. માંડવો.
સેવકના સ્વામી નિરંતર નિશ દિન, નરનારાયણ મન ભાવો. માંડવો.

-: ધ્રોળ : ૪ - આજ સામૈયાં નકલંકનાં કરીએ-૧ :-

આજ સામૈયાં નકલંકનાં કરીયે, અભંગ વરને વરીયે,
આજ સામૈયાં નકલંકનાં કરીએ.
પાછળ બુદ્ધિથી બહુ પસ્તાયા, પગ પાછો નવ ભરીયે. આજ.
આગમથી રૂપ જેણે ના જાણ્યું, તે તો કુટાયા છે ખરીયે. આજ.
પહેલાંના ફેરે ઘણીવાર ભૂલ્યા, હવે તે શાને વિસરીયે. આજ.
લોભ લાલચથી રૂપને ભૂલ્યા, જાણીને શાને ઓસરીયે. આજ.
અનેક ચરિત્ર એ સ્વામી કેરાં, તે સ્વામીને હવે વરીયે. આજ.
એ સ્વામીને સાહેલી રે વરતાં, ફરીથી નવ મરીયે. આજ.
અનંત યુગમાં એ સ્વામી રમીયા, સેવીને ભવસાગર તરીયે. આજ.
'સેવક' ને સેવા સ્વામીજી કેરી, નારાયણ ચિત્ત ધરીયે. આજ.

-: ધ્રોળ : ૫ - આજ સામૈયાં કરીએ-૨ :-

આજ સામૈયાં નકલંકનાં કરીયે, સહેજે તે ભવસાગર તરીયે;
આજ સામૈયાં નકલંકનાં કરીયે. (ટેક)
ગુરુ વિનાના છે જે જન નુગરા, સંગ તેનો પરહરીયે. આજ.
આદિ અનાદિ રૂપ સ્વામીનું, રૂપથી તે ઓધરીયે. આજ.
નકલંકનું તારામાં જે તેજ આવ્યું, તે નકલંક સમરીયે. આજ.
કલિયુગના સદ્‌ગુરુ હંસતેજજી, તેના વચને વરીયે રે. આજ.
તે જ રૂપે નારાયણ આવ્યા, ધ્યાન તેનું ધરીયે. આજ.
બ્રહ્મા વિષ્ણુને શક્તિ મળી, એ ત્રણેને સમરીયે. આજ.
તેની રે સેવા જે કરે, હરિ અંશ તે ખરો કહીયે. આજ.
હરિ અંશમાં હરિ આપે રહ્યા છે, તેથી કરી તેને વરીયે. આજ.
હરિ અંશ વિના જે સદ્‌ગુરુ કહાવે, ધૂતારો જાણી પરહરીયે. આજ.
શ્રી હરિનો સેવક 'ભક્ત', શીશ ચરણમાં ધરીયે. આજ.

-: ધ્રોળ : ૬ - પસ ભક્તો ભરશે :-

પૂરણ બ્રહ્મ જેને મળશે, નર નકળંકને વરશે રે,
પસ ભક્તો ભરશે.(ટેક)
પહેલાં ભરી પસ અમરિષ કેરી, બીજે ધ્રુવજીની ભરશે રે. પસ.
વળી ભરી રૂખ્માગત કેરી, તે જીવ આજે તરશે રે. પસ.
પ્રહલાદે પસ પૂરી ભરાવી, પાંચ કરોડ તરશે રે. પસ.
હરિશ્ચંદ્રની પસ આપે ભરી છે, સાત કરોડ તરશે રે. પસ.
યુધિષ્ઠિરની પસ તે પૂરણ, શ્રી કૃષ્ણ પૂરણ કરશે રે. પસ.
આજ કલિયુગમાં આપે પધાર્યા, હંસતેજજી પસ ભરશે રે. પસ.
મુખી તે કમળા કુંવર કેરી, નર નારાયણ પસ ભરશે રે. પસ.
પસ ભરી જેની સદ્‌ગુરુએ, નરકથી તે નવ ડરશે. પસ.
પસ ભરી સર્વ સેવકે, પ્રભુથી કારજ સર્વે સરશે રે. પસ.
સેવક સદ્‌ગુરુના બાળકો, પ્રેરણા હંસતેજજીની ધરશે રે. પસ.
'ભક્ત' સેવક તારો સદાનો, દ્વેત હવે કેમ કરશે રે. પસ.

-: ગીત : ૧ - સાહેલી મારી :-

હીંચ રમત મને વાલી, સાહેલી મારી હીંચ રમત મને વાલી.
પ્રેમેથી રમવા ચાલી, સાહેલી મારી હીંચ રમત મને વાલી. (ટેક)
ગુરુ શબ્દની મેં નથની રે પેરી, વાળી વિવેકમાં રોળી. સાહેલી.
જ્ઞાનનાં કડલાં પગમાં રે પેર્યાં, કાંબી તે ધર્મમાં ભળી. સાહેલી.
અણવટ વીંછુવા સત સંતોકનાં, દામણી તે દયામાં મેલી. સાહેલી.
કંઠી તે શુભકામની રે, મોહન માળા માયામાં મેલી. સાહેલી.
ચિંતાની ચૂડી હાથમાં રે પેરી, કાંકણ દીનતાના પેરી. સાહેલી.

પટોળી મેં તો પ્રેમની રે પેરી, સાડી શીતળતાની પેરી. સાહેલી.
કંચવો તે તો કશણીનો પેર્યો, ચણીયો પંચભૂત મારી. સાહેલી.
ટીલડી ચોડી મેં સુરતાની બાંધી, લાજનો અંજનસારી. સાહેલી.
ગુરુ મળ્યા મને સદ્ગુરુ સ્વામી, 'સેવક' તણા છે વાલી. સાહેલી.

-: ગીત : ૨ - અનંતનો સ્વામી :-

(રાગ-કચ્છમાં વિવાહમાં ગવાતી ચુંદડીનો.)

અનંતનો સ્વામી આજ મારે ઘેર આવે,
મારે ઘેર આવે બહોળી લક્ષ્મી આવે...અનંતનો.
તોરણ બંધાવીને ચોક પૂરાવો, આજ સ્વામી રાજા મારે ઘેર આવે,
સોનાનો થાળ સાચે મોતીએ ભરાવો, સાત સાહેલી મળી
સ્વામીને વધાવે. અનંતનો.
ચાલોને સાહેલી આજ સ્વામીને વધાવા, સરખી સાહેલી મળી
મંગળ ગાવે. અનંતનો.
સ્વામીજી આવેને કંઈ કંઈ લાવે, વર કન્યાની આવરદા વધરાવે. અનંતનો.
સાજા નરવા રાખેને સુખ દેવડાવે, ભાઈની હોંશ પૂરી કરાવે.અનંતનો.
સુખ સંપત સર્વ લાવે, છેવટે સ્વામી મોક્ષ દેવરાવે.અનંતનો.
બેની જે કામના હો, સ્વામી તેમની પૂરી કરાવે.અનંતનો.
ગાતાં વાતાં ગીત માંડવે આવે. મારા રુદિયામાં આનંદ દેવરાવે. અનંતનો.
મારે ઘેર સાજન નકળંક શોભે, હું ઈચ્છું સ્વામી તારા દર્શન લોભે.અનંતનો.
સાજન શોભે હંસતેજજી જેવા, આવ્યા સેવકને શરણમાં લેવા.અનંતનો.
નરનારાયણ નકળંકી દેવા, જગતમાં નથી કોઈ બીજા એવા.અનંતનો.
સેવકના સ્વામી તારે શરણે આવે, તન મન ધન તુજ ચરણે લાવે.અનંતનો.

-: ભજન-૧ : જ્ઞાનીના શણગાર :-

રાગ ગરબી (ધોળ)

ધીરે ધીરે ઉમંગે રે, સાહેલી રમવા ચાલો,
દેહ દર્શન કરીને રે, આનંદમાં મહાલો.
છે પંથ આ સાચો રે, ભિન્ન નવ આણો,
આદ્ય અંતના સ્વામી રે, નારાયણ જાણો.
સત્‌પંથ છે સાચો રે, સત્‌ વેદ સુકાની,
સુકાન તેનાં રે, નારાયણ છે નામી.
યુગ તારણ આવ્યા રે, ૠષિવરને કાજે,
છેવટના દાડે રે, દેવરાવશે રાજે.
સજો શણગાર સારા રે, મહાપદને પાવા,
પ્રેમ પટકુળ પહેરો રે, હરિ મંદિર જાવા.
ચિંતાની ચોળી રે, ચતુરાઈનો ચણિયો,
વિવેકની વાળી રે, સત શણગાર રે બનીયો.
માળા મોહનની પેરો રે, કંઠી કરતાની,
દાણીયો ધીરજનો રે, ટીલડી સમતાની.
બાજુ બાંધો સુક્રિતનાં રે, વેઢ દશવંતનાં,
કર્ણ ફૂલ લો કાનમાં રે, જ્ઞાન શ્રવણનાં.
આ દીનતાની ચૂડી રે, કંકણ કીર્તનનાં,
અંજન અદ્વૈતનું રે, દામણી બાંધ વૃત્તિનાં.
એવો શણગાર પહેરો રે, મોહન વર વરવા,
જીભ આપી કિરતારે રે, અજંપો જપવા.
એવા રંગે સાહેલી રે, નર નકળંક મળશે,
નહિ તો અવસર જાશે રે, ફેરો ફોગટ પડશે.,
'સેવક' ત્રિગુણ તજજે રે, શ્રી હરિ ચરણ,
સદ્‌ગુરુ મહેર કરે તો રે, ટળે જન્મને મરણ.

-: ભજન-૨ : મનની કલ્પના વિષે :-

(રાગ : લાવણી પદની)

(મન તું શીદને કલ્પના કરે, રામને કરવું હોય તે કરે !)

મન તું શીદને ભવમાં ભમે, પ્રભુને ગમતું હોય તેમ કરે. (ટેક)

કોટિક કરે કલ્પાંત કદી કોઈ, હરિ કરે સો હોય,
કદી મમતામાં મથી મરે જન, મળે ના કોડી તોય.
પાતાળે પેસે નભમાં બેસે, ભમે ભૂતળ બહુ વાર,
અખંડ સ્વામી નજર કરે તો, બેડો ઝટ થાયે પાર.
મહા બળવંતો, એ ગુણવંતો, સદા શિરોમણી આપ,
તરણ તારણ ત્રિલોકીનો અસંખ્ય આપ અમાપ.
ભાવિ પ્રબળ સદા નિરંતર, કળી શકે નહિ કોય,
મહેર કરે મહારાજ પલકમાં, જળમાં થળ તો હોય.
અવળે પંથે વળે કદી કોઈ, દોડે સઘળી જમાર,
દોડી દોડી મથી મરે પણ, પામે ના પેલો પાર.
સંતોષ સમતા સદાનાં સંગી, સમજે વિવેક વિચાર,
જ્ઞાન વૈરાગે વળી રહેતો, સુખનો નહિ કંઈ પાર.
સત્યંતી છે સદા ઉમંગી, સુખીયાના શિરતાજ,
જેને મળીયા છે આ જુગમાં, નિષ્કલંકી મહારાજ.
આ કલિયુગમાં આપ પધારી, કરોડ કર્યાં ઉપકાર,
કરતા હરતા આપ નિરંતર, અલબેલા દાતાર.
સ્વામી સ્વરૂપે રચ્યો તમાશો, અનંત ના શિરતાજ,
'સેવક' દાસ સદાનો જાણી, જતી રાખો લાજ.


ક્ષમાયાચના -

ગુણ અગણિત એ સદ્‌ગુરુના, ગાતા ના આવે પાર,
વિસ્તારીને વર્ણવ્યું, જેમ વસ્ત્ર માંહે તાર.
ભણ્યા ગણ્યા અમે તો નથી રે, નહિ પિંગળ પાઠ,
વ્યાકરણ ભાષા જાણીએ નહિ રે. જેમ તેમ રચીયો ઠાઠ.
એક જાણીએ અંતરથી, સદ્‌ગુરુ મહારાજ નામ,
એ રે વિના જુગમાં જેટલા રે, છે ધૂતારાનાં ધામ.
માન્યું છે મેં મનથી કરી રે, તેવા રાખો ખેવણહાર,
ભૂલ ચૂક અમારી નવ ગણો રે, બક્ષો બક્ષણહાર.
દાસ સદાના લેખીને રે, કરજો કૃપા રંક પર એમ,
દાસ તમારા એમ વિનવે રે, બીજે યાચું હું કેમ.
અવસર આવ્યો માવજી, રાખજો અમારી લાજ,
શરણે આવ્યા સમજીને, તારો સેવકને આજ.
દીન વત્સલ અમે ભાળીયા રે, ભાળ્યા જુગના મહારાજ,
શરણે સેવક આવીયા રે, રાખો તેની રે લાજ.
ગુણ અગણિત છે આપના રે, કેવી રીતે રે ગાઉ,
રસના તે તો રસે નહિ રે, આકુળ વ્યાકુળ થાઉ.
એક કહેતાંની સાથમાં રે, ઉપજે અનેક અપાર,
ગુણ ગણાયે નહિ આપના રે, નવ આવે રે પાર.
મન મૂંઝાય તે થકી રે, ગુણ અપરંપાર,
છેહ ના લેવાએ તેહનો રે, ત્રિલોકથી સાર.
મૂડા માંહેથી મુઠ્ઠી છે, મણ માંહેથી કણ,
પૂંજ માંહેથી ત્રાખલું, ગંજ માંહેથી તૃણ.

સરોવરે જે ચડે રે, તૃષા તેની રે જાય,
વિશ્વાસ ફળે છે સર્વના રે, દેવ સાચા રે થાય.
દયાને વળી દીનતા રે, ખમ્યા જેમાં રે હોય,
બહાર જો ભમે નહિ રે, સાથે કરે રે તોય.
વસાવશે રે વેશમાં રે, જેમાં હોય અવતાર,
સદ્ગુરુ સમરે ભાવથી રે, રાખી દઢ આધાર.
હેત રાખે સૌ સાથમાં રે, નાના મોટાની સાથ,
બડાઈ બહુ ના કરે રે, ભજે એક જ નાથ.
ભવતારણ અમે ભાળીયા, છેડો ઝાલ્યો આજ,
સેવક દાસ છે આપના, રાખજો તેની લાજ.
કથન કથી કોઈ નવ શકે રે, સદ્ગુરુનાં ગુણગાન,
અનેક મૂડા હોય ધાનના રે, ઢગ મેરુ સમાન.
કણ ખણે એક તે થકી રે, તેવો કહ્યો વિસ્તાર,
નજરેથી નિહાળતાં રે, થાએ આનંદ અપાર.
સેવક દાસ છે આપના રે, દયા કરોને તારણહાર,
દાસ જાણીને ઓધારજો રે, શરણે તારે કિરતાર.
અવગુણ જોશો ના અમારા રે, અમે તો કરીયાં વખાણ,
ભૂલ ના જો જો અમારી રે, ગાઈએ સદ્ગુરુનાં ગાન.
અરજી સુણજો તાતજી, સેવક કહે કરજોડ,
વેરી જુગમાં જેટલા, મુખ તો તેનાં તોડ.

• • •

realpatidar.com


realpatidar.com
भगवान
विष्णु के दशावतार
मत्स्य अवतार
कुर्मा अवतार
वराह अवतार
नरसिंह अवतार
वामन अवतार
परशुराम
अवतार
राम अवतार
कृष्ण अवतार
बुद्ध अवतार
कल्कि अवतार
यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदाऽत्मानं सृजाम्यहम् ॥
realpatidar.com


दशम् कल्कि अवतार श्री निष्कलंकीनारायण भगवान मंदिर

જ્યાં સુધી જીવાત્મા પ્રકૃતિના તત્ત્વમાં ફસાયેલો છે, તેની વિવિધ કામનાઓની પૂર્તિમાં વ્યસ્ત છે ત્યાં સુધી કોઈપણ પ્રકારની શાંતિ પ્રાપ્ત થઈ શકશે નહીં. દુનિયામાં આધુનિક વૈજ્ઞાનિક કે વિદ્વાન વિચારવંતોએ ગમે તેટલો પ્રયત્ન કર્યો તેમ છતાં ભૌતિક તત્ત્વોને જ પ્રસન્ન કરી અથવા માયામય આજ્ઞાનું પાલન કરી અને અનાત્મ વસ્તુઓને એકત્ર લાવી તેઓ દુ:ખ વધારી શકે પણ માણસને આત્મિક શાંતિ ઉપલબ્ધ કરાવી શકે નહીં. આ કાર્ય ધર્મ, સંત પુરુષો અને મહાત્મા પુરુષો જ કરાવી શકે. તેમની અનુભૂતિમાંથી એ જ પુરવાર થાય છે કે સુખ પ્રવૃતિમાં નથી પણ નિવૃતિમાં જ છે. એ જ બે માર્ગ સૃષ્ટિના લોકો માટે ખૂલે છે. એક પ્રેય અને બીજો શ્રેય. આ માર્ગોથી જ એક માર્ગે આસુરી સંપતિ સંગ્રહીત થાય છે અને બીજા માર્ગે દૈવી સંપદા. તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરનારા દૈવી સંપદા પ્રતિ ચાલે છે. તત્ત્વજ્ઞાન ન જાણતા હોય તેવા લોકો જ આસુરી સંપદાના આધીને મૃગજળ સમાન તૃષ્ણાની આસક્તિથી દુ:ખ સાગરમાં જઈ પડે છે.

॥ सनातन सत्पंथ ॥

:પ્રકાશક:
સત્પંથ પ્રકાશન સમિતિ

શ્રી નિષ્કલંકી નારાયણ તીર્થધામ - પ્રેરણાપીઠ
તા. દસક્રોઈ, જી.અમદાવાદ, ગુજરાત